સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા

# સ્વ. વકીલ ધનાભાઈ પટેલ

## સ્મૃતિગ્રંથ



સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ
અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા

# સ્વ. વકીલ ધનાભાઈ પટેલ

## સ્મૃતિગ્રંથ

સંપાદકો
મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ
ડૉ. સોમભાઈ સી. પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી 2023

Sarva Vidyalayana Gauravpurush
ane
Samajik Samarastana Puraskarta
Sva. Dhanabhai Patel Smrutigranth
Edited by Manibhai Prajapati, Dr. Urjita Patel, Dr. Sombhai C. Patel
Published By Vallabhbhai M. Patel, Chairman,
Sarva Vidyalay Kelavani Mandal, Kadi-382715

પ્રથમ આવૃત્તિ : જુલાઈ, 2023

પૃષ્ઠ : 36 + 228

પ્રકાશક
**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશન સામે,
કડી, જિ. મહેસાણા, ગુજરાત - 382715

લે-આઉટ-ટાઇપસેટિંગ
**શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 26564279 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

મુદ્રક
**ભગવતી ઑફસેટ**
સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
M. 9825326202 email : bhagwatioffset@yahoo.com

# પ્રાક્કથન

પૂજ્ય ધનાફુઆ એટલે કે વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલની સ્મૃતિમાં પ્રકાશિત **'સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા : સ્વ. વકીલ ધનાભાઈ પટેલ સ્મૃતિગ્રંથ'**ના પ્રકાશન ટાણે તેને આવકારતાં ગૌરવ અને પ્રસન્નતાની લાગણી અનુભવું છું. અમારા કુટુંબનો તેમની સાથે કૌટુંબિક નાતો રહ્યો છે, જેનું અમારે મન ભારે ગૌરવ છે. સદ્‌ગત વકીલ ધનાભાઈ સાહેબે સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરીને અને વિદ્યાર્થી આશ્રમમાં નિવાસ કરીને મૅટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. એલએલ.બી. થયા બાદ વકીલની સનદ મેળવીને કડીને કર્મભૂમિ બનાવીને કડીપંથક અને મહેસાણા જિલ્લાના અદના જનસેવક બની રહ્યા હતા. વકીલાતને માત્ર વ્યવસાય તરીકે ન જોતાં અસીલોના સાચા માર્ગદર્શક બની રહી કૉર્ટ-કચેરીના સ્થાને બંને પક્ષોને સમજાવીને સમસ્યાઓનો નીવેડો લાવી દઈને ખોટા ખર્ચથી બચાવવા તેમજ સમાજમાં સમરસતાપૂર્ણ વાતાવરણ જાળવી રાખવામાં પોતાનો ધર્મ માનતા રહ્યા હતા.

વકીલાતની સાથે જ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહી તેમણે સમયાન્તરે મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅન સુધીના હોદ્દાઓ પર ૫૧ વર્ષ સુધી સેવાઓ આપી હતી. આ સંદર્ભે ગર્વ સાથે જણાવું છું કે આ સંસ્થાના સ્થાપનાકાળથી આજદિન સુધીના સેવકો પૈકી તેઓશ્રી સૌથી લાંબા સમય સુધી સેવાઓ આપવાના શ્રેયના અધિકારી બની રહ્યા હતા. મંડળમાં વહીવટીય સેવાઓની સાથે જ છાત્રોને પીરસાતા ભોજન, છાત્રાવાસ વગેરેની કાળજી લેવાની સાથે પ્રસંગોપાત્ત સાંધ્યપ્રાર્થનાવેળાએ છાત્રોને ઉદ્‌બોધન કરીને છાત્રોના સંસ્કારઘડતર માટે પણ ક્રિયાશીલ રહેતા હતા. આ ઉપરાંત દાતાશ્રીઓ પાસેથી દાન મેળવી આપીને મંડળને આર્થિક રીતે તેમણે સમૃદ્ધ કર્યું હતું. તેમણે અને પૂજ્ય આચાર્યશ્રી મોહનભાઈ સાહેબે સંયુક્ત રીતે અમેરિકાની દાનયાત્રા કરીને અપેક્ષાથી ઘણું અધિક દાન મેળવી આપ્યું હતું. પ્રવર્તમાન સમયમાં આપણા મંડળના ગૌરવશીલ પ્રમુખ અને તેમના જ્યેષ્ઠ પુત્ર ડૉ. કનુભાઈ પટેલ પણ પિતાશ્રીના પગલે-પગલે જરૂરિયાત મુજબ કરોડો રૂપિયાનાં દાન મેળવી આપતા રહે છે. પિતા-પુત્રની આ જોડી આપણા વંદનની અધિકારિણી છે.

પરમ શ્રદ્ધેય ડૉ. કનુભાઈ પટેલસાહેબે તેમના પિતાશ્રી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પરમશ્રદ્ધેય સેવક પૂજ્ય વકીલ ધનાભાઈ પટેલસાહેબ વિશેનો સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાની અનુમતિ પ્રદાન કરી તે માટે તેમનો આભારી છું. એ હકીકત છે કે આપણા મંડળના આર્ષદૃષ્ટા ધુરીણોના ઋણમાંથી મુક્ત થવું અસંભવ છે. આમ છતાં, તેમની સ્મૃતિ જાળવી રાખવાનો આ એક નાનેરો પ્રયાસ આવકાર્ય બની રહેશે. આપણે આપણા સંસ્થાપકો અને સંવર્ધકોના આદર્શો અને ઉચ્ચતમ ધ્યેયોને પરિપૂર્ણ કરવા કૃતસંકલ્પ થઈ ક્રિયાશીલ બની રહીએ એ જ તેમને સાચી નિવાપાંજલિ છે એવું મારું વિનમ્ર મંતવ્ય છે. સર્વ વિદ્યાલયની સ્થાપનાના હાર્દને રજૂ કરતા આપણા ધ્યેયમંત્રો – પૂ. છગનભા પ્રદત્ત **'કર ભલા હોગા ભલા'** અને પૂ. માણેકલાલ પટેલસાહેબ પ્રદત્ત **'શિક્ષણ એ જ સાચી સેવા'** તેમજ ઋગ્વેદની પ્રાર્થના **'સ્વસ્તિ પન્થામનુચરેમ'** અર્થાત્ આપણે કલ્યાણ માર્ગના યાત્રી બની રહીએ, એ આપણા જીવનપાથેય બની રહે તેવી અભિલાષાસહ. અસ્તુ.

**વલ્લભભાઈ એમ. પટેલ**
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

# સંપાદકીય

'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના મંત્રીશ્રીથી ચૅરમૅનશ્રી સુધીના હોદ્દાઓ પર ૫૧ વર્ષ સુધી કર્મઠ સેવાઓ આપનાર સ્વ. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (૧૯૨૧-૨૦૦૬) મૂઠી ઊંચેરા આજીવન મૂલ્યનિષ્ઠ કર્મયોગી હતા. તેઓશ્રી શિક્ષણહિતચિંતક તેમજ કડી પ્રદેશના અદના લોકસેવક અને સમાજહિતચિંતક વકીલ તરીકે લોકહૈયામાં સ્થાન પામ્યા હતા. આ ઉપરાંત એક સારા વાચક અને લેખક-પત્રલેખક પણ હતા, જેની પ્રતીતિ 'ઉમિયા દર્શન', 'સર્વ પ્રિય', વગેરેમાં પ્રસંગોપાત્ત પ્રગટ થતા તેમના લેખો અને પ્રતિભાવો, અઢળક પત્રવ્યવહાર, તેમજ અપ્રકાશિત 'આત્મવૃત્ત' અને 'ડાયરી-લેખન' થકી થાય છે. રાજકારણને પણ તેમણે વહાલું કર્યું અને ખેડૂતોના હિતકાજે સ્વ. દાસકાકાની સાથે રહીને ઝઝૂમ્યા પણ ખરા! સમયાન્તરે રાજકારણની રીતિનીતિઓથી ઉદ્વિગ્ન થતાં ખુમારી સાથે તેને રામ-રામ કરીને સર્વ વિદ્યાલયને જિંદગીપર્યંત સમર્પિત બની રહ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સાલસ પ્રકૃતિના ગરવા સેવક સ્વ. વકીલ ધનાભાઈ પટેલસાહેબનાં યશોદાયી તથા ઉદાહરણસ્વરૂપ સેવાકાર્યો અને ઉમદા જીવનપ્રણાલીની સ્મૃતિ જાળવી રાખી તેમનો ઋણસ્વીકાર કરવા હેતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાનો કૃતસંકલ્પ કરવામાં આવતાં તેમના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આ હેતુ સ્વ. વકીલ ધનાભાઈ સાહેબનાં કુટુંબીજનો, સ્નેહીજનો ઉપરાંત સર્વ વિદ્યાલય પરિવારજનો વગેરે કે જેઓ સાહેબશ્રીના સીધા સંપર્કમાં આવ્યાં હોય તેમની પાસેથી લેખો મોકલી આપવા વિનંતી કરતાં પ્રાપ્ત લેખો સંપાદિત કરીને અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ સ્મૃતિગ્રંથ તૈયાર કરવા માટે સ્વ. વકીલ ધનાભાઈ સાહેબના સુપુત્ર ડૉ. કનુભાઈ પટેલસાહેબ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી), પુત્રવધૂ પત્ની શ્રીમતી સવિતાબહેન પટેલ અને પૌત્ર ચિ. મૌલિકકુમાર કનુભાઈ પટેલનો ભારે ઉષ્માપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે, જેની નોંધ લેતાં હૈયું હરખાય છે. ખાસ તો આ દંપતીએ પૂ. બાપુજી સંબંધિત સઘળું દસ્તાવેજી સાહિત્ય મહામૂલા ઘરેણાંની

જેમ સાચવીને રાખ્યું છે, તેમજ ચિ. મૌલિકે દાદાજીના ગણેશ બનીને આત્મવૃત્તને શબ્દબદ્ધ કરવામાં લહિયાનું કામ કર્યું છે, જેની નોંધ લેતાં આ સૌ પ્રતિ સ્વતઃ નતમસ્તક થઈ જવાય છે.

પ્રસ્તુત ગ્રંથ હેતુ અમારા નિમંત્રણને આત્મસાત કરીને લેખો મોકલી આપનાર સૌ વિદ્યાપ્રેમી ઋત્વિજોનો પણ આભાર માનું છું. આ ઉપરાંત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કુલસચિવશ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાએ પ્રસન્નવદને પ્રસંગોપાત્તની આવશ્યકતાઓની પૂર્તિ કરીને સંપાદનનું કામ સરળ બનાવ્યું છે, તે બદલ તેમનો અંગત રીતે આભારી છું. સંપાદિત-લેખો સમયસર ટાઇપ કરી આપવા માટે શ્રી અનોપસિંહ ચાવડાનો, તેમજ સુઘડતાપૂર્વકના મુદ્રણ અને સાજસજ્જા માટે શારદા મુદ્રણાલય, અમદાવાદના શ્રી મનીષ ગજ્જર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું. શ્રદ્ધા છે કે અમારો આ પ્રયાસ આપ સૌને ગમશે. અસ્તુ.

મણિભાઈ પ્રજાપતિ

# અનુક્રમ


✳ પ્રાક્કથન વલ્લભભાઈ એમ. પટેલ............૩

✳ સંપાદકીય મણિભાઈ પ્રજાપતિ............૫

✳ અનુક્રમ ............૭

● **વકીલ ધનાભાઈ પટેલ : ચિત્રવીથિકા** .........૧૩

**૧ : વકીલ ધનાભાઈ પટેલ : આત્મવૃત્ત અને લેખન-પ્રવૃત્તિ**

૧. મારું જીવનવૃત્ત વકીલ ધનાભાઈ હ. પટેલ..............૧

૨. પસંદગીના પત્રો : વકીલ ધનાભાઈ પટેલે લખેલા પત્રો/પ્રત્યુત્તરો ............૨૨

  ૧. રાજકારણ............ ............૨૨

  ૨. પ્રજાલક્ષીકાર્યો ............૩૫

  ૩. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ............૪૨

  ૪. ડૉ. કનુભાઈ અને પુત્રવધૂ અ.સૌ. સવિતાને સુભાશિષ ............૫૫

૩. ડાયરી-લેખન ............૫૬

  ૧. વકીલ ધનાભાઈ સાહેબની ડાયરીના કેટલાક અંશો
  સંપા. ડૉ. ઊર્જિતા પટેલ............૫૬

૪. લેખન પ્રવૃત્તિ......... ............૬૨

  ૧. આપણા જ્યોતિર્ધર સ્વ. પૂ. છગનભા આપણને જોઈ રહ્યા છે ............૬૨

  ૨. પુરોવચન : ‘પ્રજ્ઞાદીપ છગનભા’ ............૬૪

  ૩. મુ. શ્રી દાસભાઈ એટલે? ............૬૫

  ૪. એ સૌ પાયાના સેવકો હતા ............૭૧

  ૫. શ્રીમદ્ ભગવદ્ગીતા માનવતાવાદનો ગ્રંથ છે ............૭૩

૬. દેશને આર્થિક નાદારીમાં ઘસડાઈ જતો અટકાવવા સંદર્ભે ............૭૫
૭. સાચાં દર્શન ............૭૬
૮. 'તમારું સારું થજો' ............૭૮
૯. ભાવ-પ્રતિભાવ ............૮૦
– બાપુભાઈ ગામી ............૮૦
– ઉમિયાદર્શન ............૮૦
૧૦. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડીની અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી તરીકેનું નિવેદન ............૮૨
૫. સન્માનનો પ્રતિભાવ ............૯૪

## ૨ : સન્માન સમારોહ પ્રસંગે મહાનુભાવોના ઉદ્‌ગારો

૧. ધનાઢ્ય થઈ શક્યા હોત, પરંતુ સંસ્થાની સેવા કરવાનું પસંદ કર્યું
ડૉ. એ. કે. પટેલ ............૯૮
૨. સલામ ! ધનાભાઈ વકીલ — શંકરલાલ ગુરુ .........૧૦૧
૩. પ્રેરણાદાયી જીવન — શ્રીમતી આનંદીબહેન પટેલ .........૧૦૩

## ૩ : કુટુંબીજનોનાં શ્રદ્ધા-સુમન

૧. અમારું ગોકુળિયું ગામ ગણેશપુરા — ડૉ. કનુભાઈ ડી. પટેલ .........૧૦૪
૨. પૂ. બાપુજી — ડૉ. કનુભાઈ ડી. પટેલ .........૧૦૪
૩. સવાયા બાપુજી — શ્રીમતી સવિતાબહેન કનુભાઈ પટેલ .........૧૧૬
૪. ખાદીધારી સફેદ વસ્ત્રોમાં ભેખધારી સમાજસેવક
શ્રીમતી પ્રભાવતી ભરતકુમાર પટેલ .........૧૧૮
૫. નેકદિલ બાપુજી — વિજયકુમાર ડી. પટેલ .........૧૨૨
૬. બાપુજી સાંભરશે તમારો સથવારો — શ્રીમતી તારાબહેન રસિકલાલ પટેલ .........૧૨૬
૭. કબીરવડ — ઘનશ્યામ ડી. પટેલ .........૧૨૮
૮. સસરા નહીં પપ્પા મળ્યા — શ્રીમતી હિના ઘનશ્યામ પટેલ .........૧૩૦
૯. કડીની સંસ્થા તેમના માટે બીજું ઘર — શ્રીમતી દીપિકા અનિલકુમાર પટેલ .........૧૩૪
૧૦. સૌમ્ય અને સેવાભાવી દાદાજી — શ્રીમતી પારુલ સંજયકુમાર પટેલ .........૧૩૫

૧૧. મારા વહાલા પૂ. દાદાજી — મૌલિક કનુભાઈ પટેલ ........ ૧૩૮
૧૨. Source of Value — Gaurav G. Patel ........ ૧૪૦
૧૩. Wonderful Storyteller — Deval Saurin Patel ........ ૧૪૩

## ૪ : સર્વ વિદ્યાલય પરિવારનાં શ્રદ્ધા-સુમન

૧. ધનાભાઈ : સંસ્થાના ઇતિહાસનું ઉજ્જ્વળ પ્રકરણ — મોહનલાલ પટેલ ........ ૧૪૪
૨. સંવાદ, સમર્પણ અને લોકશિક્ષણના સાચા શિલ્પી — મનુભાઈ જે. પટેલ ........ ૧૪૭
૩. પૂજ્ય ધનાફુઆ — વલ્લભભાઈ એમ. પટેલ ........ ૧૫૧
૪. કર્મનિષ્ઠ સમાજસેવક : કેળવણીના ભેખધારી — ડૉ. મણિભાઈ એસ. પટેલ ........ ૧૫૫
૫. સજ્જનતાની મૂર્તિ અને કર્મયોગી શ્રી ધનાભાઈ સાહેબ — ડૉ. રમણભાઈ પટેલ ........ ૧૬૦
૬. સમાજસેવાના ભેખધારી — ડૉ. જયંતીભાઈ એમ. પટેલ ........ ૧૬૪
૭. સાલસ અને મળતાવડા સ્વભાવના સ્વ. ધનાકાકા — લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ પટેલ ........ ૧૬૭
૮. સર્વ વિદ્યાલયના સંત — કિરીટકુમાર રામભાઈ પટેલ ........ ૧૭૦
૯. સર્વ વિદ્યાલયને સમર્પિત સેવક — ડૉ. મયંક પટેલ ........ ૧૭૨
૧૦. જવાંમર્દ ખેડૂત નેતા, સમાજસેવક અને જ્ઞાનયોગી — ડૉ. મંગુભાઈ પટેલ ........ ૧૭૪
૧૧. કર્મયોગી સ્વ. ધનાભાઈ વકીલ — કાન્તિભાઈ ના. પટેલ ........ ૧૭૭
૧૨. આદર્શ વહીવટકર્તા — પ્રિ. ડાહ્યાભાઈ પટેલ ........ ૧૮૦
૧૩. વડલાની મજબૂત વડવાઈ — ગણેશભાઈ કા. પટેલ ........ ૧૮૪
૧૪. સમાજસેવી કેળવણીકાર — ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ ........ ૧૮૭
૧૫. પૂજ્ય ધનાકાકા — ઈશ્વરભાઈ સોમનાથ પટેલ ........ ૧૯૧
૧૬. 'સેવાની મૂર્તિ' – 'સમાજઘડવૈયા' — જયંતીભાઈ માધવલાલ પટેલ ........ ૧૯૨
૧૭. પ્રેરણામૂર્તિ — ગં. સ્વ. કૌશલ્યાબહેન પટેલ ........ ૧૯૪
૧૮. કન્યા કેળવણીના પ્રખર હિમાયતી — ડૉ. સોમભાઈ સી. પટેલ ........ ૧૯૬
૧૯. સર્વ વિદ્યાલય અને જનસમાજના ગૌરવપુરુષ — મણિભાઈ પ્રજાપતિ ........ ૧૯૮

५ : प्रजापिता ब्रह्माकुमारी केन्द्र की संचालिका दीदी की स्वानुभूति .........२०८

૬ : શ્રદ્ધાંજલિ-પત્રો

૧. શ્રી માણેકલાલ એમ. પટેલ .........૨૦૯
૨. શ્રી તનસુખભાઈ પટેલ .........૨૧૦
૩. શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ .........૨૧૧
૪. ડૉ. મંગુભાઈ પટેલ .........૨૧૧
૫. ધરતી પરિવાર .........૨૧૩
૬. શ્રી કડી નાગરિક સહકારી બેંક .........૨૧૫
૭. કડવા પાટીદાર બેતાલીસ સમાજ ..........૨૧૬
૮. કરુણા ટ્રસ્ટ, ધરતી વિકાસ મંડળ ..........૨૧૬
૯. કડવા પાટીદાર વિદ્યાર્થીભવન .........૨૧૭
૧૦. જસ્ટિસ ડી. ટી. સોની, એડિશનલ સેશન જજ .........૨૧૭
૧૧. શ્રી મયૂર શાહ (રાજકોટ) .........૨૧૯
૧૨. ચિ. ભારવી.............................. .........૨૧૯

૭ : સન્માનપત્ર અને સર્ટિફિકેટ્સ .........૨૨૦

૮ : મંછીમા : અમારાં સ્વજન પ્રભાબહેન .........૨૨૭

પરિશિષ્ટ : ૧ પિતાનાં ફૂલ ઉમાશંકર જોશી........૨૨૮

સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ
અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા


# સ્વ. વકીલ ધનાભાઈ પટેલ

(સ્મૃતિગ્રંથ)

* કોઈ રાષ્ટ્રનાયકે પોતાનું જીવન નીચોવી નાંખીને ઊંચી પરંપરાઓ પ્રસ્થાપિત કરી હોય ત્યારે એ રાષ્ટ્રનાયકની અનુપસ્થિતિમાં પણ એ રાષ્ટ્રમાં નેતૃત્વનો અવકાશ ઊભો થતો નથી.
* માણસે સારા થવું જોઈએ. જો માણસ સારો થાય તો કોઈને દુઃખ ના પડે અને પોતે સુખી થવા માટે બીજાને દુઃખી ના કરવું જોઈએ.
* ''ધર્મશાસ્ત્ર તરીકે મનુસ્મૃતિ અજોડ છે. હિંદુ ધર્મ અજોડ છે. પણ ખોટા વ્યવહારથી જ્ઞાતિઓ ઊભી થઈ.''
* ''ઇસ્લામ ધર્મમાં સુન્નતની વાત પણ વૈજ્ઞાનિક છે. વિચારમાં લેવા જેવી છે.''
* ''આઝાદીની પ્રાપ્તિનો દિવસ. અન્ય તહેવારોમાં પ્રજામાં જે ઉમંગ જણાય છે તેવો આજના દિવસનો આનંદ કેમ જણાતો નથી. સરકારી તહેવાર જાણે કે થઈ ગયો હોય તેવું લાગે છે.''
* વર્ષાન્તે જે વ્યક્તિ હિસાબ નથી કરતો તે ક્યાં છે ને કેટલે છે તેનો કશો જ ખ્યાલ આવતો નથી.
* હિસાબ લેવાનું ચુકાય અને હિસાબ આપવામાં બેદરકારી દર્શાવાય તો વેપારને પક્ષઘાત થાય. વડીલોએ હિસાબ લેવાનું અને હિસાબનીસે હિસાબ આપવાનું કામ બરાબર બજાવવું જ પડે, એમાં જ એ પ્રવૃત્તિ અને પ્રવૃત્તિકર્તાનું શ્રેય છે.

**– વકીલ ધનાભાઈ પટેલ**

# પૂ. વકીલ ધનાભાઈ પટેલસાહેબ : ચિત્રવીથિકા



વકીલ ધનાભાઈ પટેલ
(૧૯૨૧-૨૦૦૬)

પૂ. વકીલ ધનાભાઈ પટેલસાહેબની સુદીર્ઘકાલીન યશસ્વી સેવાઓના ઉપલક્ષ્યમાં
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરમાં વર્ષ 2004માં આયોજિત સન્માન સમારોહનાં દૃશ્યો.



દીપ પ્રાગટ્ય કરતાં શિક્ષણમંત્રી
શ્રીમતી આનંદીબહેન પટેલ અને અન્ય મહાનુભાવો



ચેરમૅનશ્રી માણેકલાલ પટેલસાહેબ સ્વાગત-પ્રવચન કરી રહ્યા છે.



ડૉ. કનુભાઈ પટેલ શિક્ષણમંત્રીશ્રીમતી આનંદીબહેનને
સન્માનિત કરી રહ્યા છે.



પૂર્વ ધારાસભ્યશ્રી શંકરલાલ ગુરુ
ગણપતિદાદાની મૂર્તિ અર્પણ કરી રહ્યા છે.



મંડળના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ અને કાલુપુર બેંકના
ચેરમૅનશ્રી ગોપાળભાઈ પટેલ સન્માનપત્ર અર્પણ કરી રહ્યા છે.



ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલસાહેબ સન્માનિત કરી રહ્યા છે.



હાયર-એજ્યુકેશન ચૅરમૅન
શ્રી નરસિંહભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.



મંત્રીશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ
મહેમાન શ્રી શંકરલાલ ગુરુને સન્માનિત કરી રહ્યા છે.



કાલુપુર કૉ. કો. ઓ. બૅંક લિ. ના ચૅરમૅનશ્રી ગોપાળભાઈ પટેલ
સન્માનિત કરી રહ્યા છે.



પૂર્વ મંત્રીશ્રી અરવિંદભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.



પૂર્વ મંત્રીશ્રી વાડીભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.



મંડળનાં મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.



મંડળનાં મંત્રીશ્રી ડૉ. મંગુભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.



સાયન્સ કૉલેજના પ્રિ. ડાહ્યાભાઈ પટેલ સન્માનિત કરી રહ્યા છે.




પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. એ. કે. પટેલ
પ્રાસંગિક ઉદ્‌બોધન કરી રહ્યા છે.



મંડળના મંત્રીશ્રી મનુભાઈ પટેલ સન્માનપત્રનું વાંચન કરી રહ્યા છે.



વકીલ ધનાભાઈ પટેલ સન્માનનો પ્રતિભાવ આપી રહ્યા છે.



સર્વ વિદ્યાલય માટે 1982માં અમેરિકાની દાનયાત્રાએથી પરત થતાં મંડળના મંત્રીશ્રી વકીલ ધનાભાઈ પટેલ અને આચાર્યશ્રી મોહનલાલ પટેલનો મંડળ દ્વારા આયોજિત સન્માન સમારોહનું દશ્ય



મંડળના મંત્રીશ્રી વકીલ ધનાભાઈ પટેલ અમેરિકાની દાનયાત્રાનાં સંસ્મરણો અને સન્માનનો પ્રતિભાવ આપી રહ્યા છે.



1982માં સર્વ વિદ્યાલય માટે અમેરિકાની
દાનયાત્રા દરમિયાન મંડળના
મંત્રીશ્રી વકીલ ધનાભાઈ પટેલ અને
આચાર્યશ્રી મોહનલાલ પટેલ
વ્હાઈટહાઉસની મુલાકાતે



અમેરિકા દાનયાત્રા પ્રસંગે મંડળના
મંત્રીશ્રી વકીલ ધનાભાઈ પટેલ, શ્રી ભરતકુમાર
અને એમનાં બાળકો હેતલ અને ભારવિ સાથે



અમેરિકા દાનયાત્રા પ્રસંગે મંડળના
મંત્રીશ્રી વકીલ ધનાભાઈ પટેલ,
પ્રભાવતી બહેન અને એમની પુત્રીઓ તથા
શ્રી ડેવિડ અને શ્રી પીટર વગેરે સાથે




ફાર્મસી કૉલેજના ખાતમુહૂર્ત પ્રસંગે ડાબેથી
શ્રી વકીલ ધનાભાઈ પટેલ, શ્રી નટુભાઈ ભાણાભાઈ પટેલ અને
શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ



એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર
સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા આયોજિત સમારોહ પ્રસંગે
ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, ડાબેથીથી ડૉ. મંગુભાઈ પટેલ, શ્રી
વકીલ ધનાભાઈ પટેલ, શ્રી નરસિંહભાઈ પટેલ
અને શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ



આર. જી. પટેલ હાઈસ્કૂલનું
ખાતમુહૂર્ત કરતાં દાતા
શ્રીમતી રાઈબહેન તથા
શ્રી ગોપાળદાસ પટેલ. આ
પ્રસંગે વકીલ શ્રી ધનાભાઈ
પટેલ વગેરે મંડળના મોવડીઓ
દૃશ્યમાન થાય છે.



ખાતમુહૂર્ત પ્રસંગે વકીલ શ્રી ધનાભાઈ પટેલનું
સન્માન કરતા શ્રી અરવિંદભાઈ પટેલ




સ્વ. દાસકાકા પારિતોષિક એનાયત સમારોહ પ્રસંગે
વકીલ શ્રી ધનાભાઈ પટેલ સાહેબનું સન્માન...



પૂ. સ્વ. દાસકાકા પારિતોષિક એનાયત પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી
મંડળના અગ્રણીઓ સર્વ શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ,
વકીલ ધનાભાઈ પટેલસાહેબ વગેરે...



શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં આયોજિત સમારોહ પ્રસંગે
વકીલ શ્રી ધનાભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે.




પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,
કડીના પ્રાંગણમાં ઉપસ્થિત દાતા શ્રી પ્રભાવતીબહેન, તેમની પાછળ
શ્રી ભરતકુમાર પટેલ, શ્રી નીતિભાઈ પટેલ, પ્રિ. ડાહ્યાભાઈ પટેલ
અને શ્રી વલ્લભભાઈ એમ. પટેલ વગેરે...



ખેડૂત કાર્યકરો સાથે શ્રી દાસકાકા, પ્રો. એન. જી. રંગા અને
શ્રી શર્માજી, વચ્ચે ઊભેલા વકીલ શ્રી ધનાભાઈ પટેલ અને
અન્ય ખેડૂત આગેવાનો.



કડી તાલુકા ખેડૂતમંડળ કાર્યાલયનું કડીમાં પ્રો. એન. જી., રંગાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે પ્રસંગની તસવીર. પ્રથમ હરોળમાં ઉપસ્થિત બે બાળકો : ચિ. કનુ અને ચિ. લીલા, પાછલી હરોળમાં વકીલ ધનાભાઈ પટેલ દશ્યમાન થાય છે






ખેડૂત કાર્યકરો સાથે વકીલ શ્રી ધનાભાઈ પટેલ



સર્વ વિદ્યાલય કડી કૅમ્પસમાં પધારેલા ખેડૂત અગ્રણીઓ, વકીલ ધનાભાઈ પટેલ,
જમણી બાજુથી ચોથા ક્રમે દશ્યમાન થાય છે.

# પૂ. વકીલ ધનાભાઈ પટેલસાહેબ પરિવાર



શ્રીમતી રામકોરબા હરગોવિંદદાસ પટેલ



શ્રી હરગોવિંદદાસ ઉમેદદાસ પટેલ



ભ્રાતૃસ્મૃતિ : ડાબેથી શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી શિવાભાઈ,
શ્રી વકીલ ધનાભાઈ અને શ્રી રમણભાઈ પટેલ



વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ



શ્રીમતી મંગળાબહેન ધનાભાઈ પટેલ



ડૉ. કનુભાઈ, શ્રી લીલાબહેન, શ્રી પ્રભાબહેન,
શ્રી વિજયભાઈ, શ્રી તારાબહેન અને શ્રી ઘનશ્યામભાઈ



ડૉ. કનુભાઈ પટેલનો પરિવાર



શ્રીમતી દીપીકા અનિલકુમાર, પ્રકૃતિ-ગોરાંગ, નિસર્ગ



શ્રીમતી પારુલ સંજયકુમાર,
ધ્રુવીશા-વરુણ-મિલા, ધ્રુવન-કાનન





સ્વ. લીલાબહેન માણેકલાલ પટેલ

સ્વ. માણેકલાલ પટેલ



સ્વ. લીલાબહેન માણેકલાલ પટેલનાં પુત્ર-પુત્રવધૂ અને પૌત્રી




શ્રીમતી પ્રભાવતીબહેન ભરતકુમાર પટેલનો પરિવાર



શ્રીમતી તારાબહેન રસિકલાલ પટેલનો પરિવાર



શ્રી ઘનશ્યામભાઈ અને
શ્રીમતી હિનાબહેન પટેલનો પરિવાર



શ્રી ઘનશ્યામભાઈ અને
શ્રીમતી હિનાબહેન પટેલની પુત્રી, જમાઈ અને
દોહિત્રીઓ

પ. પૂજ્ય શ્રી સદ્‌ગુરુ જમનાનંદ સ્વામીજી
(સરસ્વતી)



વસઈ સન્યાસ આશ્રમ (ગુરુગાદી)
વસઈ તા. વિજાપુર



ડાબેથી શ્રી ઘનશ્યામભાઈ, ડૉ. કનુભાઈ અને
શ્રી વિજયભાઈ ધનાભાઈ પટેલ



પૂ. વકીલ ધનાભાઈ પટેલ સહપરિવાર વસઈ આશ્રમની મૂલાકાતે






વકીલ ધનાભાઈ પટેલ પરિવારજનો સાથે



પૂ. વકીલ ધનાભાઈ પટેલ પરિવારજનો સાથે





પૂ. દાદાજી સાથે પૌત્ર-પૌત્રીઓ વગેરે



દાદાજીના ખોળામાં પૌત્ર ચિ. મૌલિક



ડાબેથી શ્રી વલ્લભભાઈ એમ. પટેસ, શ્રી મોહનલાલ પટેલ,
શ્રી રઘુવીર ચૌધરી અને ડૉ. કનુભાઈ પટેલ





વકીલ ધનાભાઈ પટેલ ચિ. પુત્રી પ્રભાબહેન સાથે કડીમાં
શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની ગણેશ જીનીંગ એન્ડ પ્રેસિંગ ફેક્ટરીની મુલકાતે



સર્વ વિદ્યાલય, કડીનું હરિયાળું પરિસર



વકીલ ધનાભાઈ પટેલ અને શ્રી મગનભાઈ પટેલ
દિલ્હીમાં બિરલા મંદિરની મુલાકાતે



વકીલ ધનાભાઈ પટેલ



વકીલ ધનાભાઈ પટેલ અમેરિકામાં દાનયાત્રા પ્રસંગે *(1982)*

# મારું જીવનવૃત્ત

**■ વકીલ ધનાભાઈ હ. પટેલ**

મારો જન્મ ભૂતપૂર્વ વડોદરા રાજ્યના તે વખતના કડી પ્રાંતના કડી તાલુકાના ગણેશપુરા ગામે તા. ૨૮-૧૦-૧૯૨૧ના રોજ થયેલો. મારા પિતાશ્રી હરગોવિંદદાસ ઉમેદદાસ અને માતુશ્રી રામબાઈ. દાદા ઉમેદદાસ લખુદાસ અને દાદી સંતોકમા. દાદા બે ચોપડી ગુજરાતી ભણેલા, બાંધી દડીના શરીરવાળા સહેજ શ્યામળા અને ખૂબ જ માયાળુ અને પ્રેમી હતા. દાદી સંતોકમા ઘઉંવર્ણાં અને હેતાળ હતાં. પિતાશ્રી પાંચ ચોપડી ગુજરાતી ભણેલા. દાદી અને માતુશ્રીના ભણતરનો ખ્યાલ નથી, પણ તે બન્ને ખૂબ જ ધર્મપ્રેમી અને વહેવારુ જ્ઞાનવાળાં હતાં. કુટુંબનો ધંધો ખેતીનો હતો. ગામ નાનકડું હતું. મૂળ ગામ કૈયલ હતું, પરંતુ અમારા વડવાઓએ ગણેશપુરા ગામ વસાવેલું. ગામની વસ્તીમાં પાટીદારો ઉપરાંત પ્રજાપતિ, રબારી, ઠાકોર અને હરિજનો એ રીતે આશરે કુલ ૧૦૦ ઘરની વસ્તી તે વખતે હતી.

**અભ્યાસ :**

દાદા અને પિતાશ્રી બંને કેળવણીપ્રેમી હતા. પરંતુ ગામમાં શાળા ન હતી. જેથી ગામના બહેચરદાસ ઊજમદાસ પટેલ જે સાત ચોપડી ગુજરાતી ભણેલા હતા તેમની પાસે તે વખતની બાળપોથીનું મને શિક્ષણ અપાવ્યું. મારી સાથે મારા નાનાભાઈ શિવાભાઈએ પણ તે શિક્ષણ લીધું. તે પછી મહેસાણા તાલુકાના ટુંડાલી ગામે પરીક્ષા લઈ મને પહેલા ધોરણમાં અને શિવાભાઈને બાળપોથીમાં દાખલ કરેલા. એક વર્ષ પછી કિઓલ (કૈયલ) ગામની ગુજરાતી શાળામાં આગળના અભ્યાસ માટે દાખલ કરાવેલા. ગુજરાતી પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કરી બંને ભાઈને કડીમાં રેલવે-સ્ટેશન સામે આવેલા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના છાત્રાલયમાં અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની અંગ્રેજી શિક્ષણ આપતી શાળામાં દાખલ કરાવેલા. સને ૧૯૩૨થી ૧૯૩૯ સુધી આ રાષ્ટ્રીય સંસ્થાઓમાં રહી તે વખતની મૅટ્રિક પરીક્ષા બંને ભાઈઓએ સાથે પાસ કરેલી. વિદ્યાર્થી અવસ્થા દરમિયાન ઇતર વાંચન, ચર્ચાસભાઓ, રમતો વગેરેમાં અભ્યાસ ઉપરાંત રસ લીધેલો અને ચર્ચાસભા, હસ્તલિખિત માસિકોમાં મંત્રી તરીકે ફરજ બજાવેલી. ગામડે ટુકડીઓ લઈને પ્રવાસ માટે મોકલતા અને તેમાં ટુકડીની જવાબદારી મને સોંપતા.

મૅટ્રિક પાસ કર્યા પછી હું અમદાવાદની નવરંગપુરામાં આવેલી H. L. College of Commerceમાં મારા બીજા સાથીદાર મિત્ર વિદ્યાર્થીઓ શ્રી ગોપાળભાઈ ત્રિભોવનદાસ પટેલ, રહેવાસી ભટાસણ તાલુકે કડીના તથા હરગોવિંદભાઈ ધનાભાઈ, રહેવાસી બલોલ, તાલુકે મહેસાણા મારી સાથે આ જ કૉમર્સ કૉલેજમાં દાખલ થયેલા અને ચોથા છગનલાલ કાળીદાસ પટેલ, રહેવાસી મોખાસણ, તાલુકે કલોલના એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થયેલા. અમે ચારેય કડીની સંસ્થામાં અને છાત્રાલયમાં સાથે રહી અભ્યાસ કરેલો. થોડો સમય ભાડાના મકાનમાં સાથે રહેલા પછી અનુકૂળતા ન પડવાથી 'શ્રી પુરુષોત્તમદાસ જમનાદાસ અમીન કડવા પાટીદાર વિદ્યાર્થીભવન' એલિસબ્રિજ, અમદાવાદ (K. P. Bhavan)માં સાથે રહેવા ગયેલા. ગોપાળભાઈએ કૉમર્સનું એક વર્ષ કરીને આગળ અભ્યાસ કરવાનું છોડી દીધેલું. છગનભાઈ, હરગોવિંદભાઈ અને મેં આગળ અભ્યાસ ચાલુ રાખેલો. તે વખતના ઇન્ટર કૉમર્સમાંથી હું લૉ કૉલેજમાં દાખલ થયેલો. સને ૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખે પૂ. મહાત્મા ગાંધીજીએ 'ક્વિટ ઇંડિયા'ની હાકલ કરી અંગ્રેજશાસન સામે લડત ઉપાડી અને સરદાર વલ્લભભાઈએ આ લડતને ટેકો આપવા તે પહેલાં હાકલ કરેલી એટલે અત્રે કૉલેજ છોડી દીધેલી અને થોડો વખત છાત્રાલયમાં રહી તે વખતના કૉંગ્રેસના આગેવાનો ગુલામ રસુલ કુરેશી, પુરાતન બૂચ, બાબુભાઈ વગેરેની દોરવણી નીચે પત્રિકાઓ વગેરે વહેંચવાનું કામ કરતા હતા, પરંતુ છાત્રાલયને હરકત ન થાય તે કારણે છાત્રાલય બંધ થવાથી અમે પોતપોતાના ગામ ગયેલા અને ત્યાંથી શક્ય તેટલો આઝાદીની લડતનો પ્રચાર ગામડે કરતા હતા. કડી તાલુકાના ડાંગરવા ગામે અંગ્રેજ રાજ્ય અને વડોદરા રાજ્યને વફાદાર રહેવા માટેની સભા પોલીસપટેલો, મતાદારો અને ગામ આગેવાનોની તે વખતના કડી તાલુકાના વહીવટદારે બોલાવેલી. આવી વફાદારી સામે વિરોધ કરતું અને ભારતમાતાને વફાદાર રહેવાનું પહેલ-વહેલું જાહેરપ્રવચન મેં કરેલું. મને પકડવામાં આવશે તેવી દહેશત મારા પિતાશ્રી અને અન્યને હતી, પરંતુ તે વખતના વડોદરા રાજ્યની નીતિના કારણે મને લાગે છે કે મારી ધરપકડ કરાઈ નહીં હોય. અમદાવાદ વિદ્યાર્થીભવનમાં રહેતા મારા સાથીદારો સાથે રેલવે ગાડી થોભાવવા(ફીશ પ્લૅટ કાઢીને) પ્રયત્ન કરવા ગયેલા, પરંતુ રેલવેના ચોકીદારોને ખ્યાલ આવવાથી અમારી પાછળ પડેલા. અમે નાસીને ખેતરોમાં થઈ દોડતા-દોડતા છાત્રાલય તરફનો રસ્તો પૂછતા. અમારી પાછળ પડેલા ચોકીદારો, ચોર છે, ચોર છે, એવી બૂમો પાડતા લાકડી, ધારિયું અમારી પાછળ લઈ પડેલા. ખેતરોમાંથી ખેડૂતો અમારાં ખાદીનાં કપડાં જોઈ ગાંધીવાળા છો ? એવું પૂછતા, અમે હા કહેતા જેથી અમને છીંડાં બતાવી દોડી જવાની સગવડ આપતા અને પાછળ પડેલાઓને બીજે રસ્તે ચડાવી દીધેલા અને એમ અમે પાંજરાપોળને લક્ષમાં રાખી ત્યાંથી વિદ્યાર્થીભવન પહોંચી ગયેલા. અમારી ટુકડીમાં સાણંદના અમરસિંહ અને દોલતસિંહ તથા કડીના રામલાલ અમીનના બે દીકરા હતા.

આ રીતે દોઢેક વર્ષ કૉલેજનો અભ્યાસ છોડી ગામડે રહી શક્ય પ્રચાર કરતા

હતા. તેવામાં મોટી દેઉ, તાલુકે મહેસાણાના મારા મિત્ર શંકરભાઈ શિવાભાઈ પટેલ ગણેશપુરા આવેલા અને મને જણાવ્યું કે ૩૨ દિવસ કૉલેજમાં ભરેલા હોય તેવા વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાંટ થઈ છે. મિલો વગેરે ચાલુ થઈ ગયું છે તો પછી આપણે પણ કૉલેજનો અભ્યાસ જઈને ચાલુ કરીએ અને ત્યાં રહી આઝાદીની લડતની પ્રવૃત્તિમાં સહકાર કરી શકાશે એમ વિચારી હું પણ સાથે અમદાવાદ ગયો અને એમ LL.B.ની ડિગ્રી મેળવી.

મારા નાનાભાઈ શિવાભાઈ આગળ અભ્યાસ માટે વડોદરા સાયન્સ કૉલેજમાં દાખલ થયેલા તેમણે આઝાદીની લડતની હાકલના કારણે કૉલેજ છોડી દીધેલી અને પછી આગળ કૉલેજ ચાલુ નહીં કરેલી. બીજા બે ભાઈઓ વિઠ્ઠલભાઈ અને રમણભાઈએ પણ અભ્યાસ કરવાનું છોડી દીધેલું.

**લગ્ન અને વકીલાત :**

કડવા પાટીદાર જ્ઞાતિમાં ૧૨ વર્ષે એકીસાથે નાના-મોટા જે દીકરો કે દીકરી હોય તેમને પરણાવી દેવાનો રિવાજ ચાલતો હતો. એટલે છેલ્લો આવો ૧૨ વાર્ષિક લગ્ન-પ્રસંગ થયો. તેમાં મારી ઉંમર છ મહિનાની હતી તોપણ મારું લગ્ન વડુ તાલુકે કડી ગામના પટેલ બેચરદાસ કામરાજદાસની દીકરી સાથે કરી દેવામાં આવેલું. વડોદરારાજના બાળલગ્ન પ્રતિબંધક કાયદાના કારણે અને સુધારક મતવાળા આગેવાનોના પ્રચારને કારણે આ પ્રથા બંધ થઈ. હું મૅટ્રિક પાસ થયો તે પછી મારાં પત્ની શાંતાને અને તેનાં નાનીબેન પુરી કે જેનો સંબંધ મારા નાના ભાઈ શિવાભાઈ સાથે પાછળથી કરેલો. એટલે શિવાભાઈનું લગ્ન લેવાનું અને મારું લગ્ન છ માસની ઉંમરે થઈ ગયેલું એટલે મારાં પત્ની શાંતાને તેડવાનું એ રીતે સાથે ગોઠવાયેલું. મારાં માતા-પિતાને અને કુટુંબને આ પ્રસંગનો ઉત્સાહ ઘણો હતો. આ પ્રસંગ પતી ગયા પછી મેં કૉલેજનો અભ્યાસ ચાલુ રાખેલો અને મારા સસરા પટેલ બેચરદાસ કામરાજદાસ કેળવણીપ્રિય હોવાના કારણે કૉલેજનો અભ્યાસ કરવામાં કંઈ હરકત થયેલી નહીં. ગામડામાં દીકરીઓને ભણાવવાની બાબતમાં ઘણો જ પછાત મત રહેતો. એટલે મારાં પત્ની અને શિવાભાઈનાં પત્નીએ ફક્ત ગુજરાતી અભ્યાસ કરેલો. છતાં ધંધાના કારણે તેમના પિતાશ્રીનો વસવાટ અમદાવાદ, ટીંબાપોળમાં બકરીપોળ પાસે થયેલો. એટલે રહેણીકરણી, ભાષા અને વિચારો ઉચ્ચકક્ષાવાળા હોવાથી કોઈ અસમાનતા લાગેલી નહીં. કૉલેજનો અભ્યાસ પૂરો થતાં પહેલાં મારાં પત્નીએ પુત્રરત્નનો જન્મ આપેલો. જેનું નામ જન્માક્ષર પ્રમાણે કેશવ (કેશુ) પાડવામાં આવેલું. કમભાગ્યે મારાં પત્ની શાંતા સામાજિક રિવાજ પ્રમાણે પહેલી પ્રસૂતિ પિયરમાં કરવામાં આવતી તે અન્વયે તેમના પિયર ગયેલાં અને પ્રસૂતિ દરમિયાન અને પછી બીમારીનો ભોગ બનેલાં. બનતાં સુધી તેમના ભાઈને ટી.બી. જેવો રોગ હતો અને તેનો ચેપ તેમને લાગેલાનું પાછળથી જણાઈ આવેલું. દવા ઘણી કરી પણ છેવટે તેમની જીવન-દોરી ટૂંકી થઈ

ગઈ અને કેશવની ઉંમર લગભગ અઢી વર્ષ આસપાસની હશે ત્યારે તેની માતાનો સ્વર્ગવાસ થયો. પરિણામે મારાં માતાપિતાની ઇચ્છા અનુસાર અને કેશુની સાર-સંભાળ લેનારની જરૂરિયાત લાગવાથી મારાં બીજાં લગ્ન ઉંટવા, તાલુકે કડી ગામના આગળ પડતા પટેલ શંકરદાસ હરિદાસનાં દીકરી મંગળા સાથે થયાં. વકીલાતની ડિગ્રી લીધા પછી કૌટુંબિક કારણોના લીધે મુંબઈના બદલે વકીલાત કડીમાં કરવાનો નિર્ણય કરવો પડ્યો. ચિ. કેશુને ત્રણ વર્ષ પૂરાં થયાં પછી પેટનું દર્દ (જળોદર) થયેલું. જેની પણ મારાં બા તથા અમે સૌએ ઘણી સારવાર કર્યા છતાં આરામ ન થયો અને ચોથું વર્ષ પૂરું થતાં પહેલાં તેનું અકાળે અવસાન થઈ ગયું. મારાં બા અને મારાં પત્ની મંગળાએ ખૂબ પ્રયત્નો આ બાળકને બચાવવા કરેલા. કડીમાં ભાડાના મકાનમાં રહી વકીલાત શરૂ કરેલી તેની સાથે આગળ જણાવ્યું છે તે પ્રમાણે અન્ય પ્રવૃત્તિઓ પણ શરૂ થયેલી. મારાં બીજાં પત્ની મંગળાએ તા. ૮-૪-૪૭ના રોજ પુત્રરત્નનો જન્મ આપ્યો જેમનું નામ તેમના મામા નારણલાલની ઇચ્છા અનુસાર કનૈયાલાલ પાડવામાં આવ્યું. તે પછી તા. ૮-૧૧-૪૮ના રોજ દીકરીનો જન્મ થયેલો જેનું નામ જશુમતી (લીલા) રાખવામાં આવેલું, પણ લીલાબેન નામ ચાલુ થયેલું જે નામથી હજુ પણ તે ઓળખાય છે. તેના પછી તા. ૨૨-૭-૫૦ના રોજ દીકરીનો જન્મ થયો, જેનું પ્રભાવતી નામ રાખેલું. તા. ૯-૬-૫૨ના રોજ દીકરાનો જન્મ થયો જેનું નામ વિજયકુમાર પાડવામાં આવેલું. તા. ૨૪-૩-૫૪ના રોજ દીકરીનો જન્મ થયો તેનું નામ તારા રાખવામાં આવ્યું. તા. ૯-૯-૫૮ના રોજ દીકરાનો જન્મ થયો, જેનું નામ ઘનશ્યામ પાડવામાં આવ્યું.

કડીમાં અમે બધાં રહેતાં અને ત્રણ ભાડાનાં મકાન બદલી છેવટે સ્વામિનારાયણ મંદિર પાસેના મહોલ્લામાં કાચું મકાન રાખેલું. જેને અંદરના ગાળે બે મકાન હતાં તે પાડી એકત્ર કરી એક મકાન બનાવેલું. આ મકાનની બંને બાજુનાં કાચાં મકાનો સ્વામિનારાયણ મંદિરનાં હતાં અને આ અરસામાં સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય શ્રી મુક્તજીવનદાસજી (જે અમદાવાદ-મણિનગરમાં જુદો સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપી મંદિર બનાવેલું તેના કર્તા-હર્તા હતા તે) આવેલા અને બાજુના મકાનના કરા કાચા હોવાથી નવા કરવા માટે વાત કરેલી એટલે મકાન જોવા માટે આવેલા અને મેં રાખેલા મકાનમાં પણ પગલાં પાડેલાં. તેમનો વિચાર તાત્કાલિક મકાન નહિ કરવાનો હતો. મારા મકાનના બાંધકામ બાબત સલાહ-સૂચન આપનાર મિસ્ત્રી મોહનલાલ હતા. તેમણે દીવાલોમાં બૉક્સિંગના થાંભલા ભરી મકાન બનાવી દઈએ અને બાજુનું મકાન પડી જાય તોપણ આપણા મકાનને કોઈ જાતનું નુકસાન થશે નહિ તે રીતે હું બાંધકામ કરાવીશ એટલે તેમની સલાહ પ્રમાણે કાચું મકાન ઉકેલી નાખી વચ્ચેનો ભાગ કાઢી નાખી નવેસરથી મિસ્ત્રી મોહનલાલની દેખરેખ અને સૂચના પ્રમાણે માલસમાન અમારો અને મજૂરીથી ખૂબ સરળતાથી મકાનનો નીચેનો ભોંયતળિયાનો ભાગ બનાવ્યો. ત્યાર પછી સ્વતંત્ર પક્ષની પહેલી ચૂંટણી સને ૧૯૬૧-૬૨ના અરસામાં થતાં પહેલાં ઉપરના ભાગનું બાંધકામ કરેલું. આ રીતે અમારું સ્વતંત્ર માલિકીકબજા-ભોગવટાનું સગવડવાળું

મકાન થવાથી ઘણી જ રાહત અને ભાડાનાં મકાન વારેઘડીએ બદલવાની ઝંઝટમાંથી મુક્ત થયા. આ મકાનની સામે સ્વામિનારાયણ મંદિરનું મકાન હોવાથી અને બાઈઓનું મંદિર હોવાથી કાયમ ધાર્મિક વાતાવરણ રહેતું અને અમે પણ સવારની આરતીમાં બને ત્યાં સુધી અચૂક જતાં. મારાં પત્ની મંગળા અને અમે ભાડાના મકાનમાં રહેતાં ત્યારે કેટલીક અનુકૂળતાઓ રહેતી ન હતી, તે મનથી પરમાત્માને પ્રાર્થના કરતાં કે હે પ્રભુ મને એવા મકાનમાં રહેવાની સગવડ કરી આપો કે જેમાંથી અમારે બહાર નીકળવું ન પડે. જાણે કે તેની પ્રાર્થનાના ફળસ્વરૂપે અને મારા પિતાજીની હૂંફથી તેની ઇચ્છા પ્રમાણેનું આ મકાન બન્યું અને તેના સ્વભાવ પ્રમાણેનો ધાર્મિક વાતાવરણવાળો મહોલ્લો મળ્યો. નજીકમાં ચૌતેશ્વર મહાદેવજીનું મંદિર હતું. એટલે અવાર-નવાર ત્યાં પણ દર્શને અમે સૌ જતાં. બીજું એક મહાદેવજીનું મંદિર બ્રાહ્મણની વાડીમાં હતું. ત્યાં પણ મેળો ભરાતો. ત્યાં અને સ્ટેશન તરફના રસ્તે દલોકુંડ મહાદેવનો મેળો ભરાતો અને ભાવપુરા બાજુમાં ભીમનાથ મહાદેવનો મેળો ભરાતો. કુંડાળ ગામે નાગ-પંચમીનો મેળો ભરાતો, ત્યાં પણ દર્શને જવાનું બનતું. મારા મોટા દીકરા ડૉ. કનુભાઈનો કૉલેજનો અભ્યાસ ચાલતો હતો અને મારાં પત્ની મંગળાની તબિયત પણ ઉધરસના દરદથી નરમ રહેવા માંડેલી. મારા સાઢુ ભોગીલાલ જે અઘાર ગામે રહેતા હતા. તેઓ બીમાર થવાથી મારા સાળા પ્રહ્લાદજી તેમની સેવા-ચાકરી કરવા ગયેલા. તેમાંથી તેમને બીમારી લાગુ પડી અને તેમનું અવસાન થયું. મારા નાના સાળા નારણદાસ પણ એવી બીમારીમાં સપડાયેલા અને આ બીમારીના કારણે કે ગમે તે કારણ હોય, પરંતુ મારાં પત્ની મંગળા પણ બીમાર રહેતાં હોવાથી તેમની ઇચ્છા કનુભાઈનું લગ્ન લેવાની થઈ. અને તે દરમિયાન જાસલપુરના શ્રી મણિલાલ ગોકળદાસ પટેલ જે અમદાવાદ રહેતા હતા તેઓ ખરણાના રહીશ મારા બનેવી માધવલાલને લઈને કડી આવેલા. હું અને મંગળા અમદાવાદ ગયાં. અ.સૌ. સવિતાને અમે અમદાવાદ જોવા ગયેલા ત્યારે સફેદ ફ્રૉક પહેરેલું અને મારાં પત્ની મંગળા દાદર ચઢી શકે તેમ નહિ હોવાથી ગાડીમાં પાણી પિવડાવવા સવિતા નીચે ગયેલાં અને મારી દીકરી લીલા પણ ત્યાં (દરિયાપુર) ઊભેલી એટલે દૂરથી લગભગ લીલા અને સવિતા સરખાં (દેખાવે) જણાયેલાં. સવિતાના પિતાશ્રી અને દાદાનું કુટુંબ જાસલપુરનું આગેવાન કુટુંબ હતું અને શ્રી ગોકળદાસ (સવિતાના દાદા) પંચાયતની ચૂંટણીમાં પણ ઊભા રહેલા. એટલે પસંદગી ઉતારવામાં આ બધાં કારણો અને સવિતાનાં માતા-પિતાનો ઉમદા સ્વભાવ વગેરેનું ખાસ આકર્ષણ થયેલું અને આ પસંદગી સર્વ રીતે ઉત્તમ નીવડી. શ્રી મણિલાલ ગો. તથા અ.સૌ. શાંતાબેનનાં દીકરી ચિ. સવિતા (જ. તા. ૨.૪.૪૮) ની મંગળાએ પસંદગી કરી અને દીકરા કનુભાઈની અનુમતિ મળી. પરિણામે તેમનું લગ્ન મંગળાની ઇચ્છા પ્રમાણે તા. ૨૫-૪-૬૬ના રોજ જાસલપુર મુકામે કરવામાં આવ્યું. છેવટે તા. ૩-૨-૬૭ના રોજ ત્રણેક વર્ષની બીમારી વેઠીને મારાં પત્નીએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. આમ કુટુંબનો ભાર અ.સૌ. સવિતાના માથે આવી પડ્યો.

મારાં પત્નીનો સ્વર્ગવાસ થયો ત્યારે મારી ઉંમર ૪૫ વર્ષની હતી. મારાં પત્ની ગણેશપુરા ગામે જતાં ત્યારે રબારીવાસની રબારણ બહેનો સાથે વાત કરેલી હશે તે વાત મને નીચે પ્રમાણે જાણવા મળેલી. મારા પત્નીના સ્વર્ગવાસ પછી રબારણ બાઈએ મને કહ્યું કે મંગળાબા ચિંતા કરતાં કે વકીલ તો હજુ બીજું લગ્ન કરે એવા છે, પણ મને કંઈ હા-ના થાય તો મારાં બાળકોનું કોણ? વકીલાતના ધંધામાં પણ મને કેટલાક અનુભવો થયેલા કે ઓરમાન મા બાળકોને જોઈતો પ્રેમ આપી શકતી નથી તેમજ ઈશ્વરે પ્રથમનાં પત્ની શાંતાને અને બીજા પત્ની મંગળાને આ રીતે મારી પાસેથી બોલાવી લીધી એટલે મેં હવે ત્રીજું લગ્ન નહિ કરવાનો સંકલ્પ કર્યો. મારા પિતાશ્રીએ અમારા પડોશી ગામ કૈયલના સ્નેહી શાહ રવચંદભાઈ વાડીલાલને મારી પાસે મોકલ્યા અને દલીલ કરાવી કે ઘડપણનો વિચાર કરી હું લગ્ન કરી લઉં તો સારું.

કડીથી હું અમદાવાદ વસંતવિહારવાળા મકાને આવેલો. જેમાં કનુભાઈ અને અ.સૌ. સવિતા ઇન્ટર્નશિપ શરૂ થઈ ત્યારથી વાસ્તુ કરી રહેવાનું શરૂ કરેલું. સવારનો સમય હતો. અ.સૌ. સવિતા બહાર ચોકડીમાં કપડાં ધોતાં હતાં. ડૉક્ટર દવાખાનામાં અને ચિ. દીપિકા ઘોડિયામાં સૂતેલી રડતી હતી. આ જોઈને મને લાગ્યું કે દીપિકાની દાદી ને દાદા તરીકેની બંને ફરજ બજાવવાની જરૂર છે અને આમેય મારા વિચારો મનુસ્મૃતિ પ્રમાણે ૫૦ વર્ષની ઉંમર પછી નિવૃત્તિ સ્વીકારવી જોઈએ તેવા હતા એટલે મારી ૫૨ વર્ષની ઉમંરે મેં નિવૃત્તિ સ્વીકારી અને અમદાવાદ રહેવાનું શરૂ કરેલું.

કડીના ચાલુ વકીલાતના કેસો હતા તે પૈકીના જે અસીલો સંમત થયા તે કેસો ત્યાંના વકીલ મિત્રો પૈકી જે વકીલ અસીલ પસંદ કરે તેને ચલાવવા માટે આપેલા અને મેં લીધેલી ફી પણ જે-તે વકીલને આપી દીધેલી જેથી અસીલ અને વકીલ બંનેને સંતોષ રહે. જે અસીલોનો આગ્રહ હતો કે મારે કેસ ચલાવી પૂરા કરી આપવા તે કેસોની મુદત કૉર્ટ મને આપતી તે તારીખે બે-ત્રણ દિવસ કડીવાળા મકાને હું રહેવા જતો અને કડીવાળા મકાને રહેતો. મારા મુરબ્બી ડૉ. માણેકલાલે મને જાતે જમવાનું બનાવતા જોઈને તેમના ત્યાં જમવાનું આમંત્રણ આપલું. હું તેમનાં ત્યાં એક વખત ગયેલો, પરંતુ કૉર્ટના કેસો ચલાવવા માટે, વાંચવા માટે, અસીલો સાથે વાતચીત કરવા માટે અનુકૂળતા ન રહેવાથી મેં તે રીતે બીજે જમવા જવાનું પછી સ્વીકારેલું નહિ. મારા વકીલ મિત્રો અને ઉંટવાના માણેકલાલ જે મ્યુનિસિપાલિટીમાં સર્વિસ કરતા હતા. મારા મિત્રનાં બહેન ઇચ્છાબેન અમારા (કડીવાળા મકાનના) મહોલ્લામાં જ રહેતાં હતાં. તે બધાં ખૂબ આગ્રહ કરતાં તેમજ સંસ્થામાં હું મંત્રી તરીકે હોવાથી ત્યાંથી પણ મને ત્યાં ઊતરવા, રહેવા અને જમવાની સગવડ હતી, પણ મારા કામે હું કડી જઉં એટલે મારા મકાને જ ઊતરવાનું મારું મન રહેતું. સંસ્થાના કામે જઉં ત્યારે જ સંસ્થામાં જમવા-ઊતરવાનું રાખેલું અને અન્યનો આગ્રહનો અમલ મેં અસીલોના કામની અનુકૂળતા ખાતર ઉપર જણાવ્યા મુજબ સ્વીકારેલો નહિ. નવા કેસના બદલે જે અસીલને જરૂર હોય તે સલાહ લેવા માટે અમદાવાદ આવતા અગર હું કડી જઉં

ત્યારે મને ત્યાં મળતા. જૂના કેસો પૂરા થયા પછી કડી કોર્ટનું કામકાજ બંધ કરેલું. અમદાવાદમાં મારા વકીલ મિત્રો અંબાલાલ ફુલાભાઈ પટેલ, જયંતીભાઈ ડી. પટેલ, વિઠ્ઠલભાઈ એમ. પટેલ વગેરેનો આગ્રહ હતો કે અમદાવાદમાં વકીલાત કરવી, પણ મેં ૫૦ વર્ષ પછીની નિવૃત્તિ રાખી સમાજસેવા કરવી એવો ધ્યેય હોવાથી મેં મારી વ્યક્તિગત હાજરી રાખવી પડે તેવી ધંધાકીય પ્રવૃત્તિ કરવાનો મોહ છોડી દીધેલો.

### સંતાનોનાં બાળકો

મારી દીકરી લીલા (શાહપુર) અમદાવાદ રહેતી હતી એટલે દીકરા કનુભાઈની ઇન્ટર્નશિપ અમદાવાદમાં છેલ્લા છ મહિનાની આવેલી અને અમદાવાદવાળા મારા મકાનમાં જ તેમણે રહેવાનું રાખેલું. અ.સૌ. સવિતાનાં માતા-પિતા પણ અમદાવાદમાં જ રહેતાં હતાં. ચિ. લીલાએ ઇચ્છા વ્યક્ત કરી કે 'મારાં માતુશ્રીની હયાતી નથી' એટલે કનુભાઈ પણ દવાખાનું અમદાવાદમાં શરૂ કરે તો અમારે પણ હળવા-મળવાનું થાય. એટલે કનુભાઈના દવાખાનાનું ઉદ્‌ઘાટન ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ શ્રી શંકરભાઈ નારણભાઈ પટેલના હસ્તે ઇન્ટર્નશિપ પૂરી થયા પછી વસંતવિહાર સોસાયટીવાળા મકાનમાં એક રૂમમાં કરાવી શરૂ કરેલું. કનુભાઈને ત્યાં દીકરીનો જન્મ ૨૦-૯-૬૭ના રોજ થયેલો જેનું નામ દીપિકા રાખેલું. રૂપે-ગુણે પણ તે નામ પ્રમાણે જ નીવડી છે. તે પછી ચિ. લીલાને દીકરાનો જન્મ તા. ૧૫-૭-૬૯ના રોજ થયેલો તેનું નામ હિરેન રાખેલું. અને તે પણ આજે આ લખાણ લખાય છે ત્યારે છેલ્લા વર્ષ (Architecture)ની થીસિસ કરી રહ્યો છે (બિકાનેર). કનુભાઈની બીજી દીકરીનો તા. ૨૯-૧૨-૬૯ના રોજ જન્મ થયો જેનું નામ પારુલ રાખવામાં આવ્યું. પારુલ પણ સર્વગુણસંપન્ન નીવડી છે અને દીપિકા – પારુલનાં આજની તારીખ (૯-૯-૯૩) પહેલાં લગ્ન લેવાઈ ગયાં અને બંને પોતાના પતિ સાથે સાસરે રહે છે. કનુભાઈને ત્યાં તા. ૧૬-૧૦-૭૧ના રોજ દીકરાનો જન્મ થયો, જેનું નામ મૌલિક (લાલો, મુન્નો, ધામો, ટીનીયો) રાખેલું છે. જે તા. ૧૪-૯-૯૩થી વલ્લભવિદ્યાનગરમાં Architectureનો અભ્યાસ ચાલુ કરવાનો છે. ચિ. તારાને તા. ૧-૧૦-૭૪ના રોજ દીકરીનો જન્મ થયો જેનું નામ દેવલ રાખેલું છે. ચિ. તારાને તા. ૧૨-૬-૭૬ના રોજ દીકરાનો જન્મ થયો, જેનું નામ નિપુલ રાખેલું છે અને બીજા દીકરાનો જન્મ તા. ૨૯-૧૧-૮૧ના રોજ થયો, જેનું નામ ભાવિન રાખેલું છે. ચિ. પ્રભાને દીકરીનો જન્મ U.S.A.માં તા. ૨૯-૧૧-૭૭ના રોજ થયો જેનું નામ હેતલ રાખ્યું છે અને તેની બીજી દીકરીનો જન્મ તા. ૨૮-૦૬-૮૦ના રોજ U.S.A.માં થયો. જેનું નામ ભારવી રાખેલું છે. ચિ. ઘનશ્યામને ત્યાં દીકરાનો જન્મ તા. ૧૪-૧૧-૮૩ના રોજ થયો જેનું નામ U.S.A.થી પ્રભાએ સૂચવ્યા પ્રમાણે ગૌરવ રાખેલું છે. તે પછી ચિ. ઘનશ્યામને ત્યાં દીકરીનો જન્મ તા. ૨૯-૩-૮૫ના રોજ થયો. તેનું નામ U.S.A.થી ચિ. પ્રભાએ સૂચવ્યા પ્રમાણે કોમલ નામ રાખેલું. બધાં બાળકો અભ્યાસમાં અને સ્વભાવમાં ગુણસંપન્ન છે.

**સંસ્કાર :**

મારા દાદા અને પિતાશ્રી ધર્મપ્રેમી અને સેવાભાવી હતા. દાદા વિજાપુર તાલુકાના કોલવડા ગામના દેવશંકર પુરાણીને દર વર્ષે પોતાને ત્યાં દસ-પંદર દિવસ રહેવા બોલાવતા અને સત્સંગ કરતા. મારા પિતાશ્રી દરરોજ સવારે સ્નાનાદિ ક્રિયા પતાવી ગીતાપાઠ કરતા. ચોમાસામાં દોઢ ગાઉ દૂર આવેલ કૈયલ ગામે જૈન મંદિરમાં ચોમાસા દરમિયાન આવી રહેતા જૈન સાધુઓનાં પ્રવચન સાંભળવા જતા. હું પણ નાનપણમાં કોઈ-કોઈ વખતે તેમની સાથે જતો. મારા દાદાએ ચાર ધામની યાત્રા કરેલી. પિતાશ્રી પુરુષોત્તમ મહિનો કરતા અને ગણેશપુરા ગામને અને કૈયલ – નંદાસણના બ્રાહ્મણોને સહકુટુંબ બોલાવી જમાડતા. કબૂતર વગેરે પક્ષીઓને દરરોજ પાંચ શેર અનાજ (જુવાર) નંખાવતા. દાદીમા તથા મારાં માતુશ્રી પણ ધાર્મિક પ્રવૃત્તિ કરતાં, પ્રવચન સાંભળતાં અને ગામનું કોઈ ગરીબ કુટુંબ હોય તો અન્યને જાણ ન થાય તે રીતે અનાજ, કપડાં આપી મદદરૂપ થતાં. આ સંસ્કારોને કારણે હું પણ ગુજરાતી વાંચતો થયો ત્યારથી ગીતાપાઠ દરરોજ કરતો. તે છેક મારી ૬૫ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી કરતો આવેલો. તે પછી કમરમાં મણકાના દર્દના કારણે બેસીને ઊભા થવામાં તકલીફ પડતી હોઈ ગીતાપાઠ મારા દીકરા ચિ. ઘનશ્યામે કરવાનું ચાલુ રાખ્યું અને મેં માનસિક ગીતાપાઠથી ચલાવ્યું. ગીતા અંગેનાં વિનોબા ભાવેએ જેલમાં આપેલાં પ્રવચનો તથા જ્ઞાનેશ્વરીગીતા વગેરે પુસ્તકો ગીતા સમજવા માટે વાંચતો. રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, જૈનોનું કલ્પસૂત્ર, બાઇબલ વગેરે ધાર્મિક પુસ્તકોનું વાંચન નવરાશે કરતો આવેલો. જેમાં મહાત્મા ગાંધીજીના ધાર્મિક લેખો (ગાંધીવાણી) પણ વાંચતો. પરિણામે મને હિંદુ ધર્મ એ માનવ ધર્મશાસ્ત્ર છે અને વિશ્વપ્રેમનો ખ્યાલ ધરાવે છે તેવી પ્રતીતિ થયેલી. પિતાશ્રીને ત્યાં કૈયલ, લીંચ, સૂરજ અને જગુદણના ગામોના જૈનો જતાં-આવતાં બેસવા-ઊઠવાના પરિણામે તેઓ પાંજરાપોળ વગેરેમાં દાન પણ આપતા. દાદા અમારા ગામમાં બ્રાહ્મણ કે વણિકનું ઘર નહિ હોવાના કારણે મારાં દાદીમા પાસે બે માટલી પાણી ભરાવી દરરોજ અલગ રાખતા, તેમજ સાથે પ્યાલો અને ડોલચું મુકાવતાં. એક જૈનો માટેનું અને બીજું બ્રાહ્મણો માટેનું પાણી. માટલીઓ નિયત કરેલી જગ્યાએ રહેતી એટલે આવનારને પણ જાણ રહેતી. મને થતું કે એક જ માટલીમાંથી ડોલચાથી પાણી લેવાય તો કંઈ વાંધો ન આવે, પણ દાદા કહે પ્યાલા અદલબદલ થઈ જાય એટલે બે જુદી સારી. કૈયલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી ઈશ્વરભાઈ સાહેબ સોજિત્રા ગામના હતા અને તેઓ પણ સ્વચ્છતાના આગ્રહી હતા અને પીવાનું પાણી ડોલચાથી લઈ પ્યાલાથી પીવું તેવી શિખામણ સૌને આપતા અને અમારે ત્યાં આ રીતે પાણી પીવાય છે એ જાણી ખૂબ જ રાજી થયેલા. દરરોજ દોઢ ગાઉ ચાલી કૈયલ ગામે ભણવા માટે અમે બે ભાઈઓ અમારા ગામના થોડાક છોકરાઓને અમે તૈયાર કરેલા તેમની સાથે જતા. સાથે નાસ્તો લઈ જતા તે કૈયલના અમારા ગામના ગોર હરજીવનદાસ બ્રાહ્મણના ત્યાં રાખતા અને છુટ્ટીના

સમયે ત્યાં જઈ નાસ્તો કરી એમના ત્યાં પાણી પીતા. લીંચ, જગુદણ, સૂરજ, વગરે ગામના જૈનોના સગા કૈયલ, નંદાસણ, ડાંગરવા વગેરે ગામોમાં હોવાથી તેઓ એકા (બળદથી)માં જતા-આવતા તે અમારા ગામને ગોંદરે લીંબડીઓના વૃક્ષ હોવાને કારણે અને કૂવો હોવાને કારણે વિસામો કરતા. દાદા કોઈ-કોઈ વખતે તેઓને પાણી સિવાય બનાવી શકાય તેવી સુખડી કરી ખવરાવતા. મોટર વાહનો નહિ હોવાને કારણે સાધુ-સંન્યાસી કે કોઈ વટેમાર્ગુ આવે તો તેને પણ આશરો આપતા. ચોમાસામાં ગાજ-વીજ સાથે વરસાદ થાય ત્યારે રાત્રે કેરોસીનનું ફાનસ સળગાવી જાગતા પાટ ઉપર બેસી રહેતા. દાદી કહે હવે અડધી રાત થઈ સૂઈ જાઓ. દાદા કહે હું ગામનો પટેલ છું, મારાથી કેમ સુવાય ? તે અરસામાં અમારા ઘર સિવાય કેરોસીનનું ફાનસ બીજે ક્યાંય ન હતું. દીવાસળી બચાવવા આ ઘેરથી પેલે ઘેર જઈ બહેનો દીવો કરી આવતી. એક વખતે વરસાદ અને પાણીના કારણે ઠાકોરવાસમાં માટીનાં મકાનો પડી જતાં, દાદાએ ગામના માણસોની મદદથી તેમની ઘરવખરી લાવીને અમારા ‘ડહેલા’ નામે ઓળખાતા એક મકાનમાં રહેવાની સગવડ કરી આપેલી. આમ કુટુંબના ધાર્મિક સેવાભાવી અને સ્વચ્છતાના સંસ્કારો અમારા પર પણ પડેલા.

મારા પિતાશ્રીના નાનાભાઈ પુરુષોત્તમદાસ હતા. દાદાના સમયથી અમારે ઘરે ઘોડી રાખતા. એટલે દાદા, પિતા, કાકા ઘોડેસવારી કરતા. બહારગામ જવા માટે વાહનમાં ઊંટ, ઘોડી, બળદગાડું અને એકો એટલું જ હતું.

**રાષ્ટ્રસેવાના સંસ્કાર :**

કડીની સંસ્થામાં આશ્રમી વાતાવરણ અને રાષ્ટ્રીયતા પોષાય તેવી પ્રવૃત્તિઓ ચાલતી. દરરોજ સવારે પાંચ વાગે જાગવાનું, પ્રાર્થના કરવાની, કસરત કરવાની, નિયમિત નાસ્તો કરી વાંચવા બેસવાનું, અભ્યાસ પૂરો થતાં રમતો, તે પછી દિવસ આથમતાં પહેલાં જમી લેવાનું. સાંજની પ્રાર્થના કરવાની અને સાડાનવથી દસ વાગે સૂઈ જવાનું. સાંજની પ્રાર્થનામાં ગૃહપતિઓ પ્રવચન આપતાં. અન્ય મહેમાન આવે તે પણ પ્રવચન આપે. ચર્ચાસભા ચલાવતા મંત્રી તરીકે કામ કરતો... અને રસોડામાં પીરસવાનું, સફાઈ વગેરે પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લેવાની તક મળતી. ખર્ચનો નિયમિત હિસાબ રાખવાનો, પોતાની રૂમ સાફ કરવાની, કપડાં ધોવાનાં, વાસણો જાતે ઊટકવાનાં ઉપરાંત કાંતણ, વણાટકામ અને સુથારીકામ અને પ્રેસ સંસ્થામાં ચાલતાં, જેમાં મેં કાંતણ અને વણાટકામ કરેલું. મારો વણેલો ટુવાલ અને બનાવેલી ખાટલાની પાટી હું મારા ઘરે લઈ ગયેલો જે જોઈ બધાં ખુશ થયેલાં. આઝાદી પછી કાંતણ, વણાટ અને સુથારી પ્રવૃત્તિ સંસ્થામાંથી બંધ થયેલી. પ્રેસ ચાલુ રહેલું.

આઝાદીની ચળવળની અને ગાંધીજીનાં પ્રવચનોની અસરથી સંસ્થા રંગાયેલી એટલે હરિપુરા કૉંગ્રેસ અધિવેશન જે સુરતના મઢી સ્ટેશન નજીક ભરાયેલું તેમાં રસોડામાં સેવા આપવા સ્વયંસેવક તરીકે મને જવાની તક મળેલી. ત્યાં પૂ. મહાત્મા ગાંધીજી, સરદાર

પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ વગેરે નેતાઓને નજીકથી જોવાનો તથા સાંભળવાનો લાભ મળેલો. પૂ. રવિશંકર મહારાજના હાથ નીચે રસોડામાં પીરસવાનું કામ અમે કરતા. કડીમાં જ્યારથી મેં વકીલાત શરૂ કરી એટલે કે ૧૯૪૯ (આસપાસ)માં કડી તાલુકા કૉંગ્રેસ સમિતિનો હું મંત્રી થયેલો અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીમાં અને મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં કડી તાલુકાના ડેલિગેટ તરીકે જતો. નાસિક કૉંગ્રેસ અધિવેશનમાં પણ ડેલિગેટ તરીકે મેં હાજરી આપેલી. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સુભાષચંદ્ર બોઝ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા હતા અને 'વંદે માતરમ'નું ગીત ગાવા માટે બંગાળી બહેનોની એક ખાસ ટુકડી સુભાષચંદ્ર બોઝ લાવેલા. નાસિક કૉંગ્રેસ અધિવેશનમાં સરદાર પટેલના ટેકાથી પુરુષોત્તમદાસ ટંડન ચૂંટાઈ આવેલા અને તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ ખૂબ જ વિદ્વત્તાભર્યું હતું. આઝાદી આવ્યા પછી ખેડૂતસંગઠનો સ્વતંત્ર રીતે રચાય અને પોતાના પ્રશ્નો ઉકેલે તેનો કૉંગ્રેસમાંના ઊંચા લેવલના કેટલાક અગ્રણીઓ વિરોધમાં હતા. આઝાદીની લડતમાં ચંપારણ્ય, બારડોલીના સત્યાગ્રહો વગેરે તથા દાંડીકૂચ વગેરેમાં ખેડૂતોએ મહત્ત્વનો ભાગ ભજવેલો. મજૂરો, વકીલો, મિલમાલિકો, વેપારીઓ વગેરેનાં સંગઠનો સામે વાંધો લેવામાં આવતો ન હતો એટલે કૉંગ્રેસમાં રહેલા ખેડૂત આગેવાનોએ આવી નીતિનો વિરોધ કરેલો. તેમાં મહેસાણા જિલ્લામાં જે ખેડૂત કાર્યકરો કૉંગ્રેસમાં હતા તે પૈકીનો હું પણ એક હતો. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીની સભામાં પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ શ્રી કાનજીભાઈ દેસાઈ તરફથી ખેડૂતસંગઠનો કૉંગ્રેસની પરવાનગી સિવાય રચવાં નહિ તે મતલબનો ઠરાવ મૂકવામાં આવેલો અને મુરબ્બી મોરારજીભાઈ આ ઠરાવ સર્વાનુમતે પાસ થાય એવા અભિપ્રાયના છે તેવું શ્રી કાનજીભાઈએ જણાવેલું. મહેસાણા જિલ્લા ખેડૂતમંડળે ખેડૂત કાર્યકરોને આદેશ આપેલો કે આવા ઠરાવનો વિરોધ કરવો. મુરબ્બી શ્રી રામચંદ્ર અમીન અને મેં આ ઠરાવનો વિરોધ નોંધાવેલો. કારણ પૂછતાં જણાવેલું કે અન્ય સંગઠનોમાં કામ કરવા કૉંગ્રેસી કાર્યકરોને પરવાનગી લેવાની હોય તો જ ખેડૂતસંગઠનોમાં કામ કરવા માટે પરવાનગીનું ધોરણ રાખવું જોઈએ. વાંધાની નોંધ કરવા પણ મેં માંગણી કરેલી. મહેસાણા જિલ્લા ખેડૂતમંડળ પ્રમુખ તરીકે આઝાદી માટે જેલમાં જઈ આવેલા એવા શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) હતા. ઇંગ્લૅન્ડમાં લેબર પાર્ટી ચાલતી હતી તેવી જ રીતે સ્વતંત્ર ભારતમાં ખેડૂતો, મજૂરો વગેરે શ્રમજીવીઓની પાર્ટી તેમના શોષણને અટકાવવા ઊભી થવી જોઈએ, તેવું અમે ખેડૂત કાર્યકરો માનતા હતા. એટલે અમે 'મહેસાણા જિલ્લા ખેડૂતમંડળ'ની પ્રવૃત્તિઓ ચાલુ રાખેલી એટલે અમારી સામે મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિએ શિસ્તભંગનાં પગલાં ભરવા સૂચના આપેલી, જેના વિરોધમાં મેં કૉંગ્રેસના સભ્યપદેથી કારણો જણાવતું રાજીનામું ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીને મોકલી આપેલું. કૉંગ્રેસ સાથે આ બાબતમાં જે પત્રવ્યવહાર થયેલો તથા મેં જે રાજીનામું મોકલી આપેલું તે 'કર્મયોગી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)'નું જીવનચરિત્ર તેમના દેહાંત થયા પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ છપાવેલું

તેમાં તેનો સમાવેશ કરેલો છે.

૧૯૫૩માં મહેસાણા જિલ્લાના બીજા અગ્રણી શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ (વીસનગર) કૉંગ્રેસમાંથી રાજીનામું આપી છૂટા થયા અને હું છૂટો કેમ થાઉં છું તેનાં કારણો જણાવતી પુસ્તિકા તેમણે પ્રસિદ્ધ કરેલી. ત્યાર પછી કૉંગ્રેસે ખેડૂત કાર્યકરો સામેનો જે શિસ્તભંગ હતો તે પાછો ખેંચી લીધેલો, પરંતુ મુંબઈ રાજ્યમાં ગુજરાતમાંથી ચૂંટાઈ જતા ધારાસભ્યોને ગુજરાતને અન્યાય થાય છે તેવું કેટલાંક કારણોસર લાગવાથી અલગ ગુજરાત રાજ્યની રચના કરવાનું આંદોલન 'મહા ગુજરાત સમિતિ'ના નામથી ઊભું કરેલું. કડી તાલુકા કૉંગ્રેસ કમિટીએ પણ આ વાતને ટેકો આપતો સર્વાનુમતે ઠરાવ કરેલો. વીસનગરના કાર્યકરો અને દાસકાકા સાથે મળી આ આંદોલનમાં જોડાયા અને તેમાં કડી તાલુકા મહાગુજરાત સમિતિના સંચાલનની જવાબદારી મને સોંપતાં તે મેં ઉપાડી લીધી. કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના કેટલાક કાર્યકરો મહાગુજરાત આંદોલનમાં જોડાયા નહીં. ધારાસભાની બેઠક માટે કડી તાલુકાનો આગ્રહ મને ઊભા રાખવાનો છતાં મુરબ્બી શ્રી દાસકાકાએ શ્રી છોટાભાઈ મગનલાલ પટેલ ઉપર પસંદગી શ્રી તુલસીદાસકાકાનું દબાણ છે તેવું મને જણાવીને ઉતારી. મેં મહાગુજરાતની રચનાના આદર્શને નજરમાં રાખી તેમની ચૂંટણીનું સંચાલન કરી તેમને જીત અપાવેલી.

સને ૧૯૫૮માં કૉંગ્રેસનું અવાડી મુકામે અધિવેશન મળેલું અને તેમાં સ્ટેટ ટ્રેડિંગ અને કૉ-ઑપરેટિવ ફાર્મિંગના સિદ્ધાંતવાળો ઠરાવ સ્વીકારવાથી દેશમાં એક બાજુ અમલદારો અને બીજી બાજુ નોકરોનું રાજ ઊભું થશે અને પૂ. ગાંધીજીએ ઓછા કાયદા તેમ વધારે સારો રાજવહીવટ તેવા વિચારો તેમણે તેમની હયાતીમાં પ્રગટ કરેલા. કૉંગ્રેસે સ્વીકારેલા સિદ્ધાંતનો અમલ થાય તો વેપારીઓ અને ખેડૂતોની સ્વતંત્રતા નાબૂદ થઈ જાય અને તેઓ ગુલામ બની જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ માનનારા કૉંગ્રેસના રાષ્ટ્રીયસ્તરના આગેવાનો શ્રી રાજગોપાલાચારી, પ્રોફેસર એન. જી. રંગા, શ્રી કનૈયાલાલ માણેકલાલ (ક.મા.) મુનશી વગેરેએ કૉંગ્રેસમાંથી છૂટા થઈ મુક્ત ખેતી, મુક્ત ધર્મ, મુક્ત વેપારના સિદ્ધાંતોના બળે રાજકીય સ્વતંત્ર પક્ષની રચના કરી. હું પણ એ સિદ્ધાંતોમાં માનતો હોઈ તે પક્ષમાં જોડાયો.

આ પહેલાં મહાગુજરાત રાજ્યના અલગ રાજ્યની રચના થઈ ગયેલી અને શિસ્તભંગનાં પગલાં કૉંગ્રેસે પાછાં ખેંચી લીધેલાં. વિધાનસભાની ચૂંટણી માટે મેં મારી પસંદગી થવા માટે અરજ કરેલી, પરંતુ દાસકાકા સિવાયના તમામ ખેડૂત કાર્યકરોની પસંદગી કરવામાં નહિ આવેલી જે માટે ન્યાય મેળવવા ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિને અરજ કરેલી અને ઑલ ઇન્ડિયા નેશનલ કૉંગ્રેસ સમિતિને નકલ મોકલી આપેલી. તે વખતના પ્રદેશ નિરીક્ષક મજૂર મહાજનના આગેવાન શ્રી વસાવડાને અમદાવાદ તેમની ઑફિસમાં હું અને મારા સાથીદાર મહેસાણાના વકીલ મગનભાઈ અંબાલાલ પટેલ (લાંઘણજવાળા) રૂબરૂ ઉપરની અરજ સંબંધમાં મળેલા ત્યારે મેં પૂછ્યું કે મારે વિધાનસભામાં જવા માટે શું વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ તે જણાવો

તો સારું. તેના જવાબમાં તેમણે કહેલું કે તમે બધા ખેડૂત કાર્યકરો ૧૯૫૧-૫૨ની ચૂંટણીમાં શ્રી ખંડુભાઈને પાર્લમેન્ટના ઉમેદવાર તરીકે મહેસાણા જિલ્લામાં ઊભા રાખેલા ત્યારે તેમની સામે લડેલા એટલે એમ જણાવવાથી અમે કહેલું કે તે પછી ખેડૂતસંગઠનની અમારી વાત સાચી માની કૉંગ્રેસે શિસ્તભંગનાં પગલાં પાછાં ખેંચી લીધેલાં પછી કારણ રહેતું નથી. એટલે ખિજાઈને તેમણે કહેલું કે બીજી બાબતો દાસકાકાને પૂછી લેજો. પાછા કડી ગયા એટલે કડી કૉર્ટનું વકીલ મંડળ અને કડી તાલુકાના આગેવાનો કડી તાલુકા પટેલભુવનમાં સભાસ્વરૂપે મળી તે વખતના જાણીતા વકીલ બાપાલાલ કડીકરના પ્રમુખપદે એકત્ર મળ્યા અને મને તાલુકાની ટિકિટ ઉપર ચૂંટણી લડવા માટે જણાવ્યું, પરંતુ મેં કંઈક રસ્તો નીકળશે તેની રાહ જોયેલી. મહેસાણા જિલ્લાનું કૉંગ્રેસનું પાર્લમેન્ટરી બોર્ડ ટિકિટો માટેનો નિર્ણય લે તે પહેલાં મેં મહેસાણા જિલ્લાનું પાર્લમેન્ટરી બોર્ડ જેમાં શ્રી વિજયકુમાર ત્રિવેદી, શ્રી માનસિંહભાઈ ચૌધરી, શ્રી સાંકળચંદ પટેલ, શ્રી જયંતીભાઈ ઠાકર વકીલ અને શ્રી દાસકાકાનું બનેલું હતું તેમની સાથે કડી તાલુકાના બાબુભાઈ ધનાભાઈ અને કાંતિભાઈ વકીલ લવાદ તરીકે અમે બે જે ઉમેદવારો હતા તેમાંથી જેને ટિકિટની અરજી પાછી ખેંચી લેવાનું જણાવે તેણે અરજી પાછી ખેંચી લેવી, પણ મહેસાણાના દોરી-સંચારના કારણે આવી લવાદીનો સ્વીકાર કરાયો નહિ. એટલે લાયકાતના ધોરણ સિવાય અન્ય ધોરણો કામ કરતાં સાબિત થયાં. તેવામાં મહેસાણા જિલ્લામાંથી પાર્લમેન્ટના ઉમેદવાર તરીકે સ્વતંત્ર પક્ષ દ્વારા શ્રી રામચંદ્ર જમનાલાલ અમીનની પસંદગીની જાહેરાત કરવામાં આવી. તેમને કડી તાલુકામાંથી વિધાનસભા માટેના ઉમેદવારની જરૂર હતી. ખેડૂતોના પ્રશ્ને એક વખત, મહાગુજરાતના પ્રશ્ને બીજી વખત અને ત્રીજી વખતે ચૂંટણીની ટિકિટની અરજી નામંજૂર વગર કારણે અન્યાય થવાથી કૉંગ્રેસમાં રહી માનભેર કામ કરવાનું શક્ય લાગ્યું નહિ એટલે કલોલ અને મહેસાણા તાલુકામાં વિધાનસભાના ઉમેદવારો સ્વતંત્ર પક્ષે જો હું કડી તાલુકામાંથી ઉમેદવારી કરું તો તે કરશે તેવું દબાણ થવાથી તાલુકાના દબાણથી અને પૂ. ગાંધીજીનો રસ્તો છોડી સમાજવાદી ઢબના નામે અને બિનસાંપ્રદાયિકતાના નામે સ્ટેટ ટ્રેડિંગ સહકારી ખેતી અને જ્ઞાતિવાદ ઊભો થતો જોઈ કૉંગ્રેસ છોડી મને ગમતા સિદ્ધાંતોવાળો રાજકીય પક્ષ સ્વતંત્ર પક્ષ લાગતાં મેં વિધાનસભાની ચૂંટણી લડવાનું નક્કી કર્યું. ચૂંટણીમાં કૉંગ્રેસ જેવો સમર્થ પક્ષ હોવા છતાં તેના ઉમેદવારને ચૂંટણી લડવાની તમામ મદદ હોવા છતાં મેં મારા પ્રતિસ્પર્ધી શ્રી નટુભાઈને માણેકલાલ ડૉક્ટરના દવાખાનામાં (જે કડી તાલુકા કૉંગ્રેસ સમિતિનો હું મંત્રી અને ડેલિગેટ હતો ત્યારથી તેઓ કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ હતા) દરખાસ્ત કરી કે આપણે બંને એક જ મોટરમાં મતદારોની સભાઓ ગામડે ફરતાં કરીએ અને તમારે પ્રથમ ભાષણ કરવું હોય તો તમે કરો અને પછી હું રજૂઆત કરું અગર પ્રથમ હું કરું. તો ચૂંટણી પક્ષોના ચૂંટણી ઢંઢેરા પ્રમાણેની તંદુરસ્તપણે રજૂઆત કરી શકાય અને મતદારોને જે નિર્ણય લેવો હોય તે લઈ શકે. ખોટું ન

થાય અને ખોટી આક્ષેપબાજી ન થાય, પણ તે દરખાસ્તનો પણ સ્વીકાર ન થયો. છેવટે ટાંચા સાધનોથી ચૂંટણીપ્રચાર કર્યો. મતદારોનો સહકાર ઘણો સારો રહ્યો અને ૪૨૨ મતે મારી હાર થઈ.

સ્વતંત્ર પક્ષ તરફ મતદારોનું વલણ વધતું જતું હતું. બીજી ચૂંટણી ૬૭ની સાલમાં થઈ. કડી તાલુકામાંથી સામાન્ય બેઠકને બદલે અનામત બેઠક દાખલ કરી એટલે મોકાસણ ગામના રહીશ શ્રી પાલાભાઈને સ્વતંત્ર પક્ષે ઊભા રાખ્યા. મારાં પત્ની મંગળાબેનની તબિયત ત્રણેક વરસથી નાદુરસ્ત રહેતી હતી અને તે ગંભીર બીમાર હતાં તેમ છતાં પાલાભાઈની ચૂંટણીમાં સક્રિય દોરવણી મેં આપ્યા કરેલી. મહેસાણા જિલ્લા સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકેની જવાબદારી હું સંભાળતો આવેલો જે મારાં પત્નીની માંદગીના કારણે મગનભાઈ વકીલને સોંપેલી. કડી તાલુકામાં સ્વતંત્ર પક્ષે પાલાભાઈની જીત થઈ. તેમણે મને મારી પત્નીની માંદગી છતાં તેમની ચૂંટણીમાં સક્રિયતા દાખવવા બદલ આભારનો પત્ર લખેલો.

ગુજરાત વિધાનસભામાં ભાઈકાકા વિરોધપક્ષના નેતા તરીકે ચૂંટાયેલા. સ્વતંત્ર પક્ષ અને કૉંગ્રેસ પક્ષ એ રીતે ગુજરાતમાં તંદુરસ્ત રાજકીય પક્ષો તરીકેનું નિર્માણ થયેલું અને ખેડૂતો, વેપારીઓ, મજૂરો, ઉદ્યોગપતિઓ વગેરે સૌને અનુકૂળ આવે એવા સિદ્ધાંતો સ્વતંત્ર પક્ષ ધરાવતો હતો; પરંતુ અંગ્રેજોએ વારસામાં મૂકેલી પરવાના પદ્ધતિ, અંકુશ પદ્ધતિ, અને મોંઘવારી ભથ્થાં જેવાં સાધનોથી સત્તાધારી પક્ષ મતદારો ઉપર દબાણ લાવી શકતો અને લલચાવી શકતો. ઉપરાંત અંગ્રેજોએ વારસામાં મૂકેલી બીજી પાર્લમેન્ટરી પદ્ધતિની લોકશાહી માટે નિંદનીય એવી 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિનો અમલ કરવાનું સત્તાધારી પક્ષે ચાલુ રાખ્યું. દેશને એક રાષ્ટ્ર તરીકેનું નિર્માણ કરવા માટે ઊગતી જુવાન પેઢીની આગળ એક સામાન્ય આદર્શ ઊભો કરવાની પ્રવૃત્તિના બદલે નાની-નાની જ્ઞાતિઓના વાડા, સરકારી નોકરીઓ મેળવવા અને અન્ય આર્થિક સહાયો મેળવવા માટે ઊભા થતા ગયા. લઘુમતીઓના નામે પણ લાભો દર્શાવી સમગ્ર રાષ્ટ્રનું નિર્માણ થવાના કોઈ પ્રયાસો થયા નહિ. જયપ્રકાશ નારાયણે આઝાદી આવ્યા પછી ૨૦ વર્ષ સુધી ચૂંટણી મુલતવી રાખી ૧૪ મુદ્દાઓના કાર્યક્રમોનો અમલ રાષ્ટ્રીય સરકારે કરવો અને દેશમાં પાણી, પાવર, રસ્તા પૂરા પાડવા અને નિરક્ષરતા નાબૂદ કરવી. એટલે ૨૦ વર્ષ પછી જે ચૂંટણી આપવામાં આવે તેમાં સમજુ મતદારો રાષ્ટ્રના હિતના કાર્યક્રમવાળા પક્ષને મત આપી શકે વગેરે બાબતોની રજૂઆત થયેલી. પરંતુ આ વાત શ્રી જવાહરલાલ નહેરુના નેતૃત્વવાળી કૉંગ્રેસ સરકારે અને સંસ્થાએ સ્વીકારી નહિ. બીજી એક મહત્ત્વની વાત મનુ સૂબેદારે ટાઇમ્સ ઑફ ઇંડિયામાં લેખો દ્વારા કરેલી કે હવે ભારતમાં ભાષાવાર રાજ્યરચનાની પ્રવૃત્તિને અટકાવવી મહત્ત્વની છે અને તે માટે ભારતને પૂર્વ ઝોન, પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન અને મધ્ય ઝોન એ રીતે પ્રદેશોની રચના કરી અને તેના વિકાસમાં જનતાને જોડવી. આ વાત પણ ગંભીરતાથી લેવામાં આવી નહિ. દેશના ઘડતર માટે સરદાર પટેલને સમર્થ

માનવામાં આવતા હતા. તેઓ પણ મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે સંકલ્પ ધરાવતા હતા અને મારા માનવા પ્રમાણે આઝાદી પછી ભાષાવાર રાજ્યરચનાનું વાતાવરણ અટકાવી દેવું જોઈએ તેવું તે પણ માનતા હતા. તેમની જ લોખંડી નીતિના કારણે દેશી રજવાડાંઓને પ્રેમથી જીતી લઈ ભારત સાથે ભેળવી દેવામાં તે સફળ થયેલા, પરંતુ ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, વગેરે નેતાઓની તેમના દેહાંતના કારણે ખોટ પડી ગઈ અને આજે ભારત ગળાડૂબ દેવામાં ડૂબી ગયું છે. પ્રૌઢશિક્ષણના પ્રયત્નો કરવા પડે છે. હિંસાખોરી વધતી જાય છે. અને સીમાડે આવેલા દેશો મિત્રાચારી રાખતા નથી તેવી પરિસ્થિતિમાં દેશ મુકાઈ ગયેલો જોઈએ છીએ. તમામ પ્રકારની જમીન ધરાવતો વિપુલ કુદરતી સાધનોવાળો, વિપુલ માનવશક્તિ ધરાવતો, દર ત્રણ-ચાર મહિને ખેતીવાડી મારફત નવું ધાન ઊભું કરતો આવો દેશ, આવી સ્થિતિમાં મુકાય તેની જવાબદારી દેશને જોઈતી દોરવણી નથી આપી શકાઈ તેવું જ માનવું પડે. વિશ્વપ્રેમમાં માનનારા હિંદુ ધર્મવાદીઓ નાના જીવમાત્ર પ્રત્યે કરુણા ધરાવનારા જૈન ધર્મીઓ, પારસીઓ, શીખો, ઇસ્લામીઓ, બૌદ્ધો, ખ્રિસ્તીઓ વગેરે ધર્મોની અને ધર્મમાં માનનારાઓ વચ્ચે ભાઈચારાવાળી ભારતભૂમિ એક અનોખી પ્રયોગશાળા છે અને તેની મારફત જે સ્વાશ્રય, સત્ય, અહિંસાના પાયા ઉપર રચાયેલા સમાજની દિશા ગાંધીજીએ વિશ્વ સમક્ષ રજૂ કરવાનું કલ્પેલું જે આજે ભુલાઈ ગયેલું જણાય છે. છતાં માનવધર્મવાદમાં માનનારાઓનો એક નવો સમાજ ઊભો થવાનાં ચિહ્નો પણ જણાય છે કે જે ધર્મ માનવ-માનવ પ્રત્યે ધિક્કારની લાગણીના બદલે પ્રેમ અને વિશ્વાસ રાખવાનું શીખવે અને સ્વર્ગની કલ્પનાની રચના આ ભૂમિ ઉપર જ નિર્માણ કરે તેવું બની શકે તેમ છે અને તે માટેના વિચારકોને સંગઠિત થવામાં જુદા-જુદા ધર્મીઓ અને શુભભાવનાવાળા રાજકીય આગેવાનો અને સમાજસુધારકોએ સહાયરૂપ થવું જોઈએ અને આમાં આવા વિચારવાળી બહેનો અગ્રભાગ ભજવી શકે તો જ પક્ષના સ્વાર્થના રાજકારણને અને તેમાં વળી વ્યક્તિના સ્વાર્થના રાજકારણને દૂર હટાવી રાષ્ટ્રીય સેવા મારફત વિશ્વસેવા અને તે રીતે માનવસેવા કરી શકાશે.

સ્વતંત્ર પક્ષ ગુજરાતમાં સરકાર રચી શકે તેવી શક્તિ ધરાવતો થતો જતો જોઈ તે વખતના રાજકારણીઓએ સ્વતંત્ર પક્ષમાંથી ક્ષત્રિય ધારાસભ્યોને પલટાવી કૉંગ્રેસ પક્ષમાં જોડી દેવાની યુક્તિ કરી જે લોકશાહી માટે કલંકરૂપ હતી અને એટલે ચૂંટાયેલો ધારાસભ્ય કે પાર્લમેન્ટનો સભ્ય જે કાર્યક્રમ પર ચૂંટાયો છે તેને બદલે બીજા કાર્યક્રમવાળા પક્ષમાં જોડાવા માંગતો હોય તો તેને પોતાની બેઠકનું રાજીનામું આપી દઈ ફરી ચૂંટાવા માટે મતદારો આગળ જવું જોઈએ, તો જ સાચી લોકશાહી ધરાવતી પાર્લમેન્ટની પદ્ધતિ તંદુરસ્ત રહી શકે. સ્વતંત્ર પક્ષના ધારાસભ્યોએ પક્ષ પલટો કર્યો તે પછી ભાઈકાકા જેવા આગેવાનો પણ આવી પરિસ્થિતિ સામે લાચાર થયા અને તેઓનો પણ દેહાંત થયો. મેં સ્વતંત્ર પક્ષના મહેસાણા જિલ્લાના પ્રમુખપદની જવાબદારી માણસાના ધારાસભ્ય શ્રી ચુનીભાઈને સોંપાવી. મારાં પત્નીનું

અવસાન તા. ૩-૨-૬૭ના રોજ થયેલું એટલે ઘરમાં બાળકો – ત્રણ દીકરા અને ત્રણ દીકરીની જવાબદારી સંભાળવાની હતી. તેમાં સદ્‌ભાગ્યે મોટા દીકરા કનુભાઈનું તેમના માતુશ્રીની હયાતીમાં તેમની ઇચ્છાને માન આપી તેમનો કૉલેજમાં અભ્યાસ ચાલુ હોવા છતાં લગ્ન કરવામાં આવેલું અને દીકરીઓએ તેમની માતાની કેળવણીના પ્રતાપે ઘર વ્યવહારમાં કુશળતા પ્રાપ્ત કરેલી હતી એટલે અને લોકશાહી પદ્ધતિમાં પક્ષપલટો કરનારાઓ સામે લાચારી ભોગવવી પડે તેવી સ્થિતિ જોઈ રાજકારણમાંથી મેં મન પાછું હટાવી દીધું અને થોડા સમયમાં સ્વતંત્ર પક્ષની હસ્તી પણ લોકટેકાના અભાવે મરી ગઈ.

### કેળવણી ક્ષેત્રે

કડીમાં વકીલાત ઉપરાંત કેળવણી ક્ષેત્રે મારી માતૃસંસ્થાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં શરૂથી જ એટલે કે વકીલાત કરવા કડીમાં ગયો તે અરસાથી જોડાયેલો અને મુરબ્બી શ્રી દાસકાકા અને શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન વગેરેની સાથે સંસ્થા કે પ્રવૃત્તિઓમાં સક્રિય થતો ગયો. અને મંત્રી તરીકેના હોદ્દા પર મને મૂકવામાં આવેલો. મને યાદ છે ત્યાં સુધી મેં અને મારા મિત્ર વકીલ છગનલાલે સાથે મળીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી મકાન યોજના ફંડ કરવું એવું નક્કી કર્યું. અને રૂપિયા એકસો ફંડ તરીકે અને ૧૧ રૂપિયા આલબમમાં ફોટા સાથે વિગત છાપવાના તે રીતે લેવાનું શરૂ કર્યું. તેના પરિણામે આશરે રૂ. ૧૫૦૦૦ જેવી રકમ એકત્ર થયેલી. જેમાંથી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલવાળા મકાનની સામે પાછળના ભાગે બીજા મકાનનું બાંધકામ ભોંયતળિયાનું સંસ્થાએ કરેલું અને 'મને સાંભરે રે' એ હેડિંગથી જેમના ફોટા આવેલા તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આલબમ તા. ૨૯-૪-૭૦ના રોજ (ફોટા મેળવવામાં ઢીલ થવાથી) મોડું પ્રસિદ્ધ કરેલું.

સંસ્થાની પ્રવૃત્તિઓમાં ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ શરૂ કરવામાં આવેલી, પણ કેમ્પસમાં કેટલીક મુશ્કેલીઓ ઊભી થતી તેથી તે બંધ કરવામાં આવેલી એટલે અને સંસ્થાના વિદ્યાર્થીઓને વિજ્ઞાનકૉલેજમાં એડ્‌મિશન મેળવવામાં મુશ્કેલી પડે છે એટલે અને કડી શહેરમાં આર્ટ્‌સ અને કૉમર્સ કૉલેજ કડી કેળવણી મંડળે શરૂ કરેલી. જેથી સાયન્સ કૉલેજ મંડળે શરૂ કરવી તેવી દરખાસ્ત મેં અને શ્રી નટુભાઈ (ભાણાભાઈ)એ મળીને મૂકેલી. સાયન્સ કૉલેજ ચલાવવી ખર્ચાળ છે તેવી રજૂઆત શ્રી રામચંદ્ર જ. અમીન સાહેબ તરફથી કરવામાં આવી છતાં બહુમતી સભ્યો સંસ્થાએ આ ડગ ભરવું જોઈએ તેવું મંતવ્ય જણાવતાં વિજ્ઞાનકૉલેજ સ્થાપવાનો ઠરાવ થયેલો અને તે દિશામાં શ્રી પુરુષોત્તમદાસ પટેલની સાથે અમે બધાં વિજ્ઞાનકૉલેજ ગવર્નિંગ બોડીમાં જોડાઈ કામ ઉપાડી લીધેલું અને તા. ૨૪-૫-૬૫ના રોજ વિદ્યાર્થી મકાન યોજના ફંડથી બનેલા મકાનમાં સાયન્સ કૉલેજનું ઉદ્‌ઘાટન ભારત સરકારના રેલવે પ્રધાન શ્રી એસ. કે. પાટીલના હસ્તે કરાવવામાં આવેલું. વિજ્ઞાનકૉલેજને ૨૫ વર્ષ પૂરાં થતાં તેની રજત

જયંતી ૫-૧૨-૯૨ના દિવસે ઉજવાયેલી અને વિજ્ઞાનકૉલેજના સ્વતંત્ર મકાનનું ઉદ્‌ઘાટન તે દિવસે કરવામાં આવેલું. વિજ્ઞાનકૉલેજના મકાન સાથે વિશ્વવંદનીય પરમ પૂ. પ્રમુખ સ્વામી મહારાજનું નામ જોડવામાં આવેલું અને એ જ મકાનમાં મારા મિત્ર સ્વ. શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ આર્ટ્‌સ કૉલેજની નવી વિનયન વિદ્યાશાખા શરૂ કરવામાં આવી. હરગોવિંદભાઈ તે પહેલાં સ્વર્ગવાસી થયેલા અને તેમના ચાહકો તરફથી અને કુટુંબ તરફથી 'હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ', મહેસાણા શરૂ થયેલું તે ટ્રસ્ટ તરફથી સદર આર્ટ્‌સ કૉલેજ માટેનું દાન મળેલું.

સંસ્થાઓના સૂત્રધાર અને ઉ.ગુજરાતના ખેડૂતોના પ્રખર નેતા શ્રી દાસકાકા સાથે હું સક્રિયપણે કેળવણી ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે કામ કરતો હતો. મહેસાણા મુકામે એક મિત્રના ત્યાં લગ્નપ્રસંગે બધા કાર્યકરો એકત્ર મળેલા અને અમે બધા વાતો કરતા બેઠા હતા તેવામાં દાસકાકા આવ્યા એટલે શ્રી હરગોવિંદભાઈ ધનાભાઈએ કહ્યું કે આ ધનાભાઈના ગુરુ આવ્યા. તે તકનો લાભ લઈ મેં કહ્યું કે મારા ગામ ગણેશપુરામાં ગુરુને ચાદર ઓઢાડવાનો કાર્યક્રમ રાખું અને તમે બધા ત્યાં આવો. એટલે સંસ્થામાં મંત્રી તરીકે ફરજ બજાવતા મારા મુરબ્બી વકીલ શ્રી છગનભાઈ રા. પટેલે કહ્યું કે આપણે બધા સંસ્થામાં જ દાસભાઈને ચાદર ઓઢાડીએ. આ પૂર્વેશ્રી રામચંદ્ર જ. અમીનનું સન્માન થઈ ગયેલું અને શ્રી પૂ. ર. પટેલ (દાસકાકા)નું બાકી હતું. તે પ્રસંગ માટે તેમનું સન્માન કરવાનો ઠરાવ કડીની સંસ્થામાં મિટિંગ બોલાવી કર્યો. સન્માનફંડ એકત્ર કરવાની સમિતિની રચના કરી શરૂ કર્યું, પરંતુ શ્રી દાસકાકાએ ગાંધીનગરમાં સંસ્થાની શાખા ખોલવા માટે મારા સન્માન ફંડની જે રકમ એકત્ર થશે તે ત્યાં જમીન ખરીદવામાં વાપરવાની ઇચ્છા જણાવવાથી કડીની સંસ્થામાં કામો કરવાનાં બાકીમાં છે વગેરે વિચારો વ્યક્ત થયા અને ગાંધીનગરનું કોણ સંભાળશે તેવી ચિંતા થતાં ફંડપ્રવૃત્તિમાં ઉત્સાહ મંદ પડી ગયો. ગાંધીનગર ગુજરાતની રાજધાની હોવાથી કડીની સંસ્થાની શાખા ત્યાં ઊભી થાય તો તે ગૌરવ ભર્યું બનશે તેવું હું દૃઢપણે માનતો હતો અને શ્રી દાસકાકાના સન્માનનો ખ્યાલ પણ મારાથી જ ઊભો થયેલો એટલે ફંડપ્રવૃત્તિનું કામ અમદાવાદમાં મેં અન્ય ગૃહસ્થોના સહકારથી ઉપાડી લીધું. કડી શહેરમાં શ્રી માણેકલાલ વગેરે કાર્યકરો સાથે ફરીને ફંડ નોંધાઈ ગયેલું હતું અને ફક્ત કુંડાળ ગામમાં જ આ ફંડપ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી જે ઉપર જણાવેલ કારણે મંદ પડી જતાં અન્ય ગામડાંઓમાં જવાનું ખોરંભે પડી ગયું. લગભગ ૧ લાખ ૧૧ હજાર જેવી રકમ સન્માનફંડની એકત્ર થઈ તેમાંથી ખર્ચ જતાં ૧ લાખ અને ૩૫૦૦ની રકમ સન્માન થેલી તરીકે તા. ૧૬-૪-૭૮ના રોજ દાસકાકાને અર્પણ કરી અને તેમનો સન્માનગ્રંથ સંસ્થાએ પ્રસિદ્ધ કર્યો. ગાંધીનગરનું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિતનું નિર્માણ થવામાં આ સન્માનફંડથી સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પહેલાં સંસ્થાની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સુવર્ણજયંતી પ્રસંગ

ઊજવવાનું અને તે નિમિત્તે સને ૧૯૬૯-૭૦માં ઠરાવેલું અને તે કામની જવાબદારી મુરબ્બી શ્રી દાસકાકાએ ઉપાડી લીધેલી. દસ લાખ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્યાંક હતું, પણ બે લાખની અંદરનું ફંડ આવેલું. સુવર્ણજયંતી નિમિત્તે અઠવાડિક પ્રસિદ્ધ કરવામાં આવતું જેનો પહેલો અંક તા. ૧૧-૯-૬૯ના રોજ પ્રગટ કરવામાં આવેલો અને છેલ્લો અંક ૧૧-૩-૭૧ સુધી પ્રસિદ્ધ કરવામાં આવેલો. જેમાં મેં પણ લેખો લખેલા. ૧૦ લાખ રૂપિયાના લક્ષને જણાવતો લેખ તા. ૧૯-૧૧-૭૦ના બીજા વર્ષના ચોથા અંકમાં પાન-૮ ઉપર મુરબ્બી દાસકાકાએ વિનંતી કરતો લેખ લખેલો.

દરમિયાનમાં ગૌશાળાને સધ્ધર કરવાનો વિચાર ચાલતો હતો. પાછળથી જ્યારે મુરબ્બી દાસકાકાની જગ્યાએ (તેમનો દેહાંત થયા પછી) મને ટ્રસ્ટના પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવેલી. મેં ગૌશાળાને પગભર બનાવવા કાયમી તિથિદાનની યોજના શરૂ કરાવી અને જે ૧૦૦૦ રૂપિયા અને તે ઉપરાંતની રકમ આપે તે દાતા જે તિથિ કે તારીખ જણાવે તે દિવસે તે દાતાની રકમના દર વર્ષના વ્યાજની રકમ ગાયોના ઘાસ-ખાણમાં વાપરવામાં આવશે તેવું ઠરાવી ૩૬૫ તિથિ કે ૫ લાખ રૂપિયા આ રીતે એકત્ર કરવાના લક્ષ્યાંકથી કામ શરૂ કરેલું તેનો જવાબ સારો મળતો આવ્યો છે. શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ (ભૂતપૂર્વ વિદ્યાર્થી) અમદાવાદમાં રહેતા એમની સેવાભાવના અને ઉત્સાહ જોઈ તેમને ગૌશાળામાં મંત્રી તરીકે લીધા. અને ૧૪ લિટર એક ટંકે ગાયો દૂધ આપતી તેનું લક્ષ્યાંક અમે ૧૪૦ લિટર દર ટંકનું નક્કી કરી ગૌસુધારણાનું કામ હાથ ઉપર લીધું. પરિણામે ગૌશાળાની ગાયોમાં કાંકરેજ ઉપરાંત સંકર અને ગિરની જાતની ગાયો ઉમેરી અને ૧૪૦ લિટરના લક્ષ્યને સને ૧૯૯૨ના વર્ષમાં પહોંચી જઈ શકાયું. સંસ્થાની જરૂરિયાત સવારે અને સાંજે મળી કુલ લિટર ૨૦૦ આસપાસ રહેતી હતી. બજારના ભાવ કરતાં ગૌશાળાના દૂધનો ભાવ ૧૦ રૂપિયા ઓછો લેવાનું સંસ્થામાં છાત્રાલયો માટે નક્કી કરેલું છતાં તેના કરતાં પણ ઓછો ભાવ ગૌશાળા લેતી. સંસ્થાની જરૂરિયાતો સતત વધતી જતી અને એક કામ પૂરું થયું નથી ને બીજું કામ ઊભું થઈ જતું અને શરૂમાં બંધાયેલાં મકાનો જૂનાં હોઈ સમારકામ માગતાં હતાં. આ બધી જરૂરિયાતો પહોંચી વળવા ફંડપ્રવૃત્તિ કરવી જોઈએ તેવી હું રજૂઆત કરતો રહેતો. પરિણામસ્વરૂપે બંને સંસ્થાઓનાં ૬૦ વર્ષ પસાર થયાં હોઈ તે પ્રસંગને અમૃત મહોત્સવ તરીકે ઊજવવો તેવું તા. ૩૧-૫-૮૧ના રોજની સંસ્થાઓની વ્યવસ્થાપક મંડળોની અને સાધારણ સભાઓમાં ઠરાવવામાં આવ્યું. અમૃત મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી અને તેના અધ્યક્ષ તરીકેની ફરજ મને સોંપાઈ. અમૃત મહોત્સવના ફંડનું લક્ષ્યાંક મારા આગ્રહથી ૨૫ લાખ રૂપિયાનું મંડળે ઠરાવેલું. આ કામ માટે ગામડાંઓમાં નહીં જતાં શહેરોમાં જ જવાનો સિદ્ધાંત રાખી કડી, કલોલ, અમદાવાદ, મહેસાણા, વીસનગર, મુંબઈ, સુરત, વડોદરા શહેરોમાં જે-તે સ્થળના સ્થાનિક કાર્યકરોની મદદથી અને સમિતિના સભ્યોના ટેકાથી પ્રવૃત્તિ ઉપાડી, પરંતુ ૨૫ લાખનું લક્ષ દૂર હતું. જેથી U.S.A. જવામાં અને

પ્રચાર કરવામાં આવે તો સારો સહકાર મળે તેવી ભાવના U.S.A.થી આવતાં-જતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી જણાવવામાં આવેલી. અને ખાસ કરીને મારી દીકરી જે સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની પણ હતી તે ચિ. પ્રભાએ U.S.A.માં ફોન દ્વારા પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી આવી માહિતી મેળવેલી અને મને જણાવ્યું કે U.S.A.નો પ્રવાસ સફળ રહેશે. આથી પ્રેરણા પામી U.S.A.ના પ્રવાસની વાત સંસ્થાના વ્યવસ્થાપક મંડળે સ્વીકારી અને મને તથા આચાર્ય શ્રી મોહનભાઈને આ પ્રવાસ પ્રચાર કરવાની જવાબદારી સોંપી. ધાર્યા પ્રમાણે U.S.A.ના પ્રવાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ઘણો જ સારો ઉમળકાભર્યો પ્રતિભાવ સાંપડેલો. જેની વિગતો અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથના પાન-૩૭ પર પ્રસિદ્ધ થયેલા મારા નિવેદનમાં જણાવેલી છે. આમ સંસ્થાની ૬૦ વર્ષની ઉંમરનો અમૃત મહોત્સવ સફળ રીતે ઊજવવાની કામગીરી કરવાની મને તક પ્રાપ્ત થઈ તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

દાસકાકાનો દેહાંત થવાથી સંસ્થાના કાર્યકરોએ જ્યાં-જ્યાં તેમનું નામ હતું એ જગ્યાઓની જવાબદારી મને આપવાની કાર્યકરોની ઇચ્છા હોવાથી ગાંધીનગર ક્ષેત્રે ત્યાંના વ્યવસ્થાપક મંડળમાં ચૅરમૅન તરીકેની જવાબદારી પણ મને સોંપાઈ. સેકટર-૨૩માં જે સાડા છ એકર જમીન પ્રાપ્ત થયેલી તેમાં પ્રાથમિક શાળાની જરૂરિયાતને પહોંચી વળવા નવા મકાનની જરૂર હતી. કંપાઉન્ડ દીવાલ બનાવવાનું જરૂરી હતું. તેમજ બીજી સાડા છ એકર જમીન જે મળવામાં બાકી હતી તે મેળવવાનું કપરું કામ હતું, પરંતુ પ્રમુખશ્રી અને વ્યવસ્થાપક સમિતિના કાર્યકરોની હૂંફ અને મદદથી બીજી સાડા છ એકર જમીન પણ પ્રાપ્ત થઈ અને તેના માટેનું તથા તેમાં બાંધવા ધારેલ મકાનોનું નામદાન મળ્યાં. પ્રથમ કૅમ્પસમાં કંપાઉન્ડ વૉલ તથા બીજા કૅમ્પસમાં પણ કંપાઉન્ડ વૉલનું કામ પતાવી દીધું અને પ્રાથમિક શાળા માટેનું 'શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા' માટે મકાન તૈયાર થઈ ગયું. આ બધી વિગતો ગાંધીનગર શાખાના દશાબ્દીમહોત્સવ સ્મૃતિગ્રંથમાં છે.

મારી ઉપરના દાસકાકાએ તેમના છેલ્લા પત્રોમાં પોતાનું કન્યા છાત્રાલય, કન્યા વિદ્યાલય અને મહિલા ઉદ્યોગાલયનું સ્વપ્ન પૂરું થશે નહિ તેવું જણાવી મારી જવાબદારી જે ઉપાડશે તે પૂરું કરશે તેવી મને શ્રદ્ધા છે. આવી જ રીતે પૂ. છગનભાએ પણ તેમની આખરી અવસ્થામાં પણ કન્યા છાત્રાલયનું તેમનું સ્વપ્ન અધૂરું રહ્યું છે તે ભવિષ્યમાં કોઈ પૂરું કરશે જ તેવું તેમણે પણ જણાવેલું. સદ્‌ભાગ્યે પૂ. છગનભાની અને મુ. દાસકાકાની ઇચ્છાઓને પૂરી કરવાનું સદ્‌ભાગ્ય મંડળના કાર્યકરોના સહકારથી મને પ્રાપ્ત થયું અને ગાંધીનગરમાં પહેલાંના સાડા છ એકરના કૅમ્પસની બાજુમાં બીજી સાડા છ એકર જમીન ગુજરાત સરકારે મૂળ શરતોને આધીન આપતાં તે કૅમ્પસને કાલુપુર બૅંક કન્યાકેળવણી સંકુલનું નામદાન સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી બળદેવભાઈ ડોસાભાઈના ટેકાને કારણે પ્રાપ્ત થયું અને તેમાં બાલમંદિરથી શરૂ કરી પ્રાથમિક શાળા, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા અને આર્ટ્સ કૉમર્સ કૉલેજનાં

નામદાન પણ પ્રાપ્ત થયાં.

સંસ્થાના કાર્યકરો પૈકી કડી સંસ્થાઓના આદ્યસ્થાપક પૂ. છગનભા હતા અને ગાંધીનગર કેન્દ્રના આદ્યસ્થાપક મુ. દાસકાકા હતા. હું અને મોહનભાઈ અમેરિકાનો સફળ પ્રવાસ કરી આવવાથી શ્રી જી. જી. પટેલ વગેરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં અમારા સન્માનનો કાર્યક્રમ ઉપસ્થિત કર્યો તેમાં મારું પ્રવચન સાંભળી દાસકાકાનું જીવનચરિત્ર લખાય તો પ્રેરણારૂપ બને તેવું મંતવ્ય વ્યક્ત કરતાં તે ઉપરથી પૂ. છગનભા અને દાસકાકાનું જીનવનચરિત્રો લખાવવાનો ઠરાવ કડીની સંસ્થાઓ પાસે કરાવ્યો. અને તે માટેની સમિતિ રચવામાં આવી. અને મુખ્યત્વે ડૉ. શ્રી મંગુભાઈએ દાસકાકાનું જીવનચરિત્ર તૈયાર કર્યું અને શ્રી મોહનભાઈએ છગનભાનું જીવનચરિત્ર તૈયાર કર્યું. એ પહેલાં ઘણા સમય અગાઉ કડી કૅમ્પસમાં પૂ. છગનભાનું બસ્ટ તેમની સ્મૃતિમાં તેમના સ્મારક તરીકે મૂકવામાં આવેલું. ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં કડીની સંસ્થાનું આ કેન્દ્રના મુરબ્બી શ્રી દાસકાકા આદ્યસ્થાપક હોઈ તેમનું બસ્ટ (પ્રતિમા) મૂકવાનું અમે સૌએ ઠરાવ્યું અને તે રીતે તેમની પ્રતિમાની તા. ૧-૩-૧૯૯૩ના રોજ અનાવરણ વિધિ અને દાસકાકાના જીવનચરિત્ર ગ્રંથનું વિમોચનનો પ્રસંગ સારી રીતે અન્ય પ્રસંગોની સાથે ગોઠવાયો અને ઊજવાઈ ગયો. તે પછી પૂ. છગનભાના જીવનચરિત્ર-ગ્રંથનો વિમોચન પ્રસંગ પણ કર્મક્ષેત્ર કડીમાં અન્ય પ્રસંગની સાથે ઊજવાઈ ગયો.

અન્ય પ્રવૃત્તિઓમાં કડીની મહા સમિતિમાં તેમજ કડી સુધરાઈમાં સરકાર તરફે સભ્ય તરીકે કામગીરી કરવાની તક મળેલી. મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડમાં સભ્ય તરીકે ચૂંટાવાથી શિક્ષણક્ષેત્રે કામ કરવાની તક મળેલી. તે જ રીતે કડી તાલુકા પટેલભુવનના મંત્રી તરીકે પ્રવૃત્તિ કરતાં રહી તેનું ફંડ કરી દેવું ભરપાઈ કરી સંડાસ-બાથરૂમોની સગવડો ઊભી કરેલી અને કાયમી આવક પટેલભુવનને થતી રહે તે દૃષ્ટિથી કડી સ્ટેશન રોડ તરફના કંપાઉન્ડમાં દુકાનો ઉતારવાની શરૂઆત કરેલી.

## અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળની સ્થાપના અને ‘ધરતી’ માસિકનું પ્રકાશન

કડીની સંસ્થાના સંસ્કાર અને પ્રેરણાવાળા કેટલાક વિદ્યાર્થીઓ અમદાવાદમાં અમીન પૂ. જ. કડવા પાટીદાર વિદ્યાર્થીભવનમાં તથા દરબાર બૉર્ડિંગ તરીકે ઓળખાતા છાત્રાલયમાં અભ્યાસ કરતા હતા તેમાંનો હું પણ એક હતો તથા પ્રભાતકુમાર દેસાઈ પણ હતા. વિદ્યાર્થીઓમાં અમો સાથે પાટીદાર જ્ઞાતિ રાષ્ટ્રની પ્રગતિમાં એક પ્રગતિશીલ એકમ તરીકે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરે તેવી તમન્ના ધરાવતા હતા. તેના પરિણામસ્વરૂપે અમારા સૌના પ્રયત્નોથી શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળની સ્થાપના કરવામાં આવી અને તેના પ્રથમ મંત્રી તરીકેની જવાબદારી ઉપાડવાની મને તક મળેલી. પ્રમુખ તરીકે તે વખતના આંખોના ડૉક્ટર શ્રી ગણપતરામ પટેલ હતા.

એ વરસ સને ૧૯૪૪-૪૫નું હતું. તેની સાથે શ્રી ચંદ્રવદન દુર્ગાપ્રસાદ લશ્કરીના તંત્રીપદે સમાજને જાગ્રત કરવા 'ધરતી' માસિકની શરૂઆત પણ કરેલી પાછળથી આ કામગીરી 'ધરતી વિકાસ મંડળ' નામની સંસ્થાએ ઉપાડી લીધેલી. અને આગળ જણાવ્યું તેમ વકીલાતનો ધંધો કડીમાં શરૂ કરવાથી ત્યાં રહી પ્રવૃત્તિઓ કરવાનું ચાલુ રાખેલું. પછી ગણેશપુરા ગામની સેવા કરવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું.

### જન્મસ્થળ ગણેશપુરાની સેવા

ગામમાં પ્રાથમિક શાળા ન હતી. અમે પણ બહારગામ ચાલતા જઈ ભણેલા. વકીલાત શરૂ કર્યા પછી ગામમાં જવા-આવવાનું બનતું અને તેમાં ગામના કેટલાક ભાઈઓએ માંગણી કરી કે ગામના છોકરાઓને બહારગામ ભણવા જવું પડે છે તો ગામમાં પ્રાથમિક શાળા ઊભી થાય તેવું કરો તો સારું. મારા પિતાશ્રી પણ કેળવણીપ્રિય હતા અને તે પોલીસપટેલ અને રેવન્યૂપટેલ હતા. એટલે તેમને વાત કરતાં તેમણે સંમતિ આપી અને પોતે એક ઓરડાના ખર્ચના ૩૨૦૦ રૂપિયા આપવા સંમત થયા. બીજા ઓરડા માટે ભારત સેવક સમાજના તે વખતના જિલ્લામંત્રી જે કૉંગ્રેસી કાર્યકર તરીકે પહેલાંથી મારા પરિચયમાં હતા તે શ્રી ફૂલજીભાઈ ચૌધરી કે જેઓશ્રી પુનાસણ ગામના હતા તેમને દરખાસ્ત કરી કે એક પ્રાથમિક શાળાના ઓરડા માટેના ૩૨૦૦ રૂ. તમે મંજૂર કરી આપો, તે તેમણે બે માસમાં કરી આપ્યા અને એ રીતે ગામની પ્રાથમિક શાળા માટેના બે ઓરડાનું મકાન બીજું થોડું ફંડ કડીમાં અને અમદાવાદમાંથી કરી પૂરું કર્યું. મકાનની જમીન માટે સરકારશ્રીની મંજૂરીથી સારા કંપાઉન્ડ સાથેની પ્રાથમિક શાળા બની શકી. આજે તે ૭મા ધોરણ સુધીની શિક્ષણ આપતી શાળા થઈ શકી. તે પછી સાતમા ધોરણમાં ૩૨ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૧૮ દીકરીઓ હતી. એટલે ફરી પાછો પ્રશ્ન ગામ તરફે રજૂ થયો કે દીકરીઓને શિક્ષણ આપ્યા વગર ચાલે તેમ નથી, તેથી માધ્યમિક શાળા માટેની મંજૂરી મેળવવા પ્રયત્નો કર્યા. પરિણામે ગણેશપુરા ગામે 'શ્રી કેળવણી ઉત્તેજક મંડળ, ગણેશપુરા' નામનું મંડળ ઊભું થયું અને તેના માટે પણ ગ્રામપંચાયતના સહકારથી મંડળને ૨ એકર ૧૦ ગૂંઠા જમીન સરકારશ્રીની સંમતિ મળવાથી પ્રાપ્ત થઈ અને માધ્યમિક શિક્ષણ માટેની હાઈસ્કૂલનું મકાન શરૂ થયું. તે પહેલાં થોડો સમય ગામના મંદિરના મકાનના ઓરડાઓમાં કલાસ ચલાવવામાં આવતા હતા. ગણેશપુરાના 'શ્રી કેળવણી મંડળ'ના પ્રમુખ તરીકે મારા નાનાભાઈ શિવાભાઈએ અન્ય કાર્યકરોના સહકારથી મકાનફંડ માટે પ્રવૃત્તિ કરી સફળતા મેળવેલી અને મકાન માટેના નામદાતા અમારા જ જેવા જોડેના નાના ગામ વડપુરા ગામના શ્રી જોઈતારામભાઈ તરફથી નામદાનની રકમ પ્રાપ્ત થતાં કામને સારો વેગ મળેલો. ગામ નાનું છતાં સૌના સહકારના કારણે ગામની દૂધમંડળી પોતાના મકાનમાં પોતાની પ્રવૃત્તિ કરી રહેલી છે અને તેમાં પણ મારા નાના ભાઈ રમણભાઈ જાગ્રતપણે ફરજ બજાવી રહેલા છે. ગામમાં રામજી

મંદિર અને મહાદેવમંદિર પણ સ્થાપવામાં મારા પિતાશ્રીનો તથા અમારા કુટુંબી શ્રી ગિરધરદાસ નથુદાસના પ્રયત્નોના કારણે તે સંસ્થા સારી રીતે સ્થપાઈ અને ગામની જરૂરિયાત સંતોષાઈ. ગામના પાટીદારો પૈકી અને પ્રજાપતિઓ પૈકી અમદાવાદમાં ધંધાર્થે ગયેલા અને સફળતા મેળવેલી તેઓનો સહકાર પણ આ બધી પ્રવૃત્તિઓમાં સારો રહેલો, જેમાં પ્રજાપતિ સેંધાભાઈ અને ચોકસી અમરતભાઈનો સહયોગ નોંધનીય રહેલો. અમે સૌએ નમૂનેદાર ગ્રામરચના કરવાનો પ્રયત્ન કરેલો.

આ બધી વિગતો ગાંધીનગર શાખાના દશાબ્દીમહોત્સવ સ્મૃતિગ્રંથમાં છે. આ લખાણ મારા ચિરંજીવી દીકરા ડૉ. કનુભાઈના ચિરંજીવી મૌલિકે દાદા તમારી ઓટોબાયોગ્રાફી લખવી છે એવી માંગણી કરવાથી આ લખાણ શરૂ કરેલું અને મારી તબિયત પણ હવે નાદુરસ્ત થતી રહે છે એટલે કકડે-કકડે જેમ યાદ આવતું જાય તેમ-તેમ લખાવ્યું છું.

(**સૌજન્ય** : સ્વ. વકીલ ધનાભાઈ પટેલની ડાયરીના અપ્રકાશિત આત્મવૃત્તના કેટલાક અંશો)

સંપર્ક : ડૉ. કનુભાઈ ડી. પટેલ,
૧૭/એ, વસંતવિહાર સોસાયટી
સેન્ટ ઝેવિયર્સ કૉર્નર પાસે, નવરંગપુરા
અમદાવાદ-૩૮૦ ૦૦૯
મો. ૯૭૨૫૪ ૨૪૧૧૩

❑

*'મારા વ્હાલા દીકરા, તું બરાબર યાદ રાખજે કે આ દુનિયામાં સંપૂર્ણ સારું કે સંપૂર્ણ ખરાબ કશું જ નથી, દરેક ખરાબ માણસમાં કેટલાંક સારાં લક્ષણો છે અને એનાં સારાં લક્ષણોને જ તારે હંમેશા યાદ રાખવાં જોઈએ, અને એનાં ખરાબ લક્ષણોને ભૂલી જવાં જોઈએ - ઉત્તમમાં ઉત્તમ માણસમાં યે કેટલાંક ખારાબ લક્ષણો કે અમુક નબળાઈઓ હોય છે. એવાં ખરાબ લક્ષણોને તું ભુલી જજે અને એનામાં જે સારું હોય તેને યાદ રાખજે. તું કોઈનું ભલું કરે તો એ ભૂલી જજે અને પારકાનું ભલું કર્યાનો કશોક બદલો મળે એવી અપેક્ષા રાખ્યા વિના હંમેશાં સહુ કોઈનું ભલું કરતો રહેજે. કોઈ વ્યક્તિ તારું ભલું કરે તો, મહેરબાની કરીને, એને ભૂલીશ નહીં. હંમેશા એ યાદ રાખજે અને એનો પાડ માનજે. આ જગતમાં સુખી રહેવાનો અને બીજાઓને સુખી રાખવાનો એ જ એક માત્ર રસ્તો છે.*

- ગણેશ વાસુદેવ માવળંકર

*

# પસંદગીના પત્રો :
# વકીલ ધનાભાઈ પટેલે લખેલા પત્રો/પ્રત્યુત્તરો

## ૧.૨.૧ રાજકારણ

વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ
એલએલ.બી., કોવિંદ
કડી (ઉ.ગુ.)
તા. ૧૪.૧૧.૧૯૫૧

પ્રમુખશ્રી,
ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિ,
ઠે. કોંગ્રેસ હાઉસ, ભદ્ર,
અમદાવાદ

મે. સાહેબ,

બિનરાજકીય ખેડૂતમંડળોમાં પણ કામ કરતા કોંગ્રેસી કાર્યકરો બાબતમાં પરવાનગીની આંટવાળો ઠરાવ તા. ૨૩.૬.૫૧ના રોજ ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિએ કર્યો છે તે પછી બિનરાજકીય ખેડૂતમંડળમાં અમો કામ કરવા છતાં પરવાનગી મેળવી ના હોય તો આગળની તજવીજ કરવાની મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિએ અમોને તા. ૨૮-૮-૫૧ની નોટિસ આપી તેના વિરુદ્ધ અમોએ અખિલ ભારત રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખશ્રીને અરજ કરી છે અને સદર અરજની નકલ તથા એક પત્ર આપશ્રીને પણ મોકલી આપ્યો છે તે બાબત જેમની તેમ પડી છે અને પરિસ્થિતિ વણઉકેલી રહી છે.

મહેસાણા જિલ્લાની પરિસ્થિતિ ઉકેલ માગે છે તેવું જણાવી ઉકેલ લાવવાની માંગણી પણ મેં કરેલી છે તે સંબંધમાં પણ કંઈ થયાનું જાણવામાં નથી. ઊલટું આખા જિલ્લામાં વ્યાપેલો અસંતોષ વધે તેવી રીતિનીતિ આવી રહેલી ચૂંટણીઓ બાબતમાં અપનાવેલી જોવામાં આવે છે. જાહેર કરવામાં આવેલાં ધોરણો અને નીતિ બચાવાતી નથી અને જૂથબંધી દઢ બની રહી છે.

મહેસાણા જિલ્લામાં શુદ્ધ અને સાત્ત્વિક રાષ્ટ્રીયતાને બદલે ગંદું રાજકારણ રમાતું જાય છે.

ઉપરના સંજોગોમાં શિસ્ત, સ્વમાન, અને ગૌરવ સાચવવા અને ખેડૂતો પ્રત્યે જે નીતિ

અખત્યાર કરવામાં આવી છે તેના વિરોધમાં અમો કડી તાલુકાના કોંગ્રેસના ડેલિગેટ તરીકેનું લાયકાતવાળા અને સક્રિય સભાસદ તરીકેનું અમારું રાજીનામું મોકલી આપીએ છીએ.

લિ.

આપનો વિશ્વાસુ,

વકીલ ધનાભાઈ હ. પટેલ

❑

પ્રતિ
પ્રમુખશ્રી,
અખિલ ભારત રાષ્ટ્રીય મહાસભા,
૭, જંતર-મંતર રોડ, દિલ્હી,

મે. સાહેબ,

તા. ૨૩-૬-૫૧ના રોજ બિનરાજકીય ખેડૂતમંડળોમાં કામ કરવા માગતા કોંગ્રેસીઓએ પરવાનગી લેવી તેવા મજકૂરવાળો ઠરાવ ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિએ પસાર કર્યો છે. અમો કડી તાલુકામાંથી કોંગ્રેસના ડેલિગેટ છીએ. ઉપરાંત મહેસાણા જિલ્લા ખેડૂતમંડળના સભ્ય છીએ. તેથી સદર ઠરાવ પ્રમાણે પરવાનગી મેળવવાની તજવીજ નહિ કરો તો આગળની તજવીજ કરવામાં આવશે. તેવી નોટિસ તા. ૨૮-૮-૫૧ની અમોને આપવામાં આવી છે, એટલે સદર ઠરાવ વિરુદ્ધ તથા શરૂ થયેલી તજવીજ વિરુદ્ધ નીચેની હકીકત આપને સવિનય જણાવવાની જરૂર પડી છે. તેનાં કારણો નીચે મુજબ છે :

૧. બિનરાજકીય હેતુવાળા ખેડૂતમંડળમાં સભ્ય થવાની છૂટ અખિલ ભારત કોંગ્રેસના બંધારણથી આપવામાં આવેલી છે અને કેવા પ્રકારનાં મંડળોમાં કોંગ્રેસી સભ્યો થઈ શકે નહીં, તે પણ કલમ-૪માં સ્પષ્ટ કરવામાં આવેલું છે. રચનાત્મક પ્રવૃત્તિઓમાં 'ખેડૂતસંગઠન' સ્વીકારવામાં આવેલું છે. ભારતના બંધારણથી સંગઠનનો હક્ક તરીકે સ્વીકાર કરવામાં આવે છે. આ બધી હકીકતો જોતાં પસાર થયેલા ઠરાવમાંનો બિનરાજકીય હેતુવાળાં ખેડૂતમંડળોમાં કામ કરવાની પરવાનગી માગવા બાબતનો મજકૂર ઠરાવ બંધારણીય નથી અને બંધારણથી મળેલા હક્ક ઉપર પ્રતિબંધ મૂકનારો છે.

૨. આવો કોઈ પણ ઠરાવ કરવાનો અધિકાર હોય તોપણ તે અખિલ ભારત કોંગ્રેસને જ હોઈ શકે અને તેથી સદર ઠરાવ અધિકારપૂર્વકનો પણ નથી.

૩. અનેક પ્રકારનાં મંડળોમાં કોંગ્રેસીઓ કામ કરે છે. કોઈ પણ મંડળમાં કામ કરવા કોંગ્રેસીએ પરવાનગી લેવી તે ધોરણ સ્વીકારવામાં આવ્યું નથી. એટલે ફક્ત ખેડૂતમંડળોમાં અને તે પણ બિનરાજકીય હેતુથી કામ કરતાં મંડળોમાં કામ કરવાની પરવાનગી લેવાનું ઠરાવવામાં ખેડૂત કાર્યકર્તા કોંગ્રેસીને અને ખેડૂત વર્ગને અન્યાયકર્તા છે.

૪. ફક્ત ખેડૂતમાં જ કામ કરવા માગતા કોંગ્રેસીને પરવાનગી લેવાનું ઠરાવવામાં ખેડૂતોમાં બિનજરૂરી ચર્ચા અને કોંગ્રેસ વિરુદ્ધ શંકાનું વાતાવરણ ચોક્કસપણે ઊભું

થાય તેમ હોઈ કૉંગ્રેસ સંગઠનને નુકસાન થાય તેમ છે.

૫. સ્વરાજ્યની લડતમાં ખેડૂતોએ મહત્ત્વનો અને મોટો ભાગ ભજવ્યો છે. સ્વરાજ આવ્યા પછી ખેડૂતવર્ગે કૉંગ્રેસ પાસેથી મોટી આશાઓ રાખેલી છે અને ખરેખર કામ, આપણા દેશની ખાસ પરિસ્થિતિ જોતાં ખેડૂતોને જાગ્રત કરી તેમનું શોષણ અટકાવવાનું છે. બિનરાજકીય ખેડૂતમંડળોને કૉંગ્રેસીઓએ પૂરો સહકાર આપવો તેમ ઠરાવવાને બદલે પરવાનગી લેવાનું ઠરાવવાથી ખેડૂતવર્ગે રાખેલી આશાઓના મૂળમાં ઘા કરવામાં આવ્યો છે.

૬. કોઈ પણ કૉંગ્રેસી ગમે તેવો હેતુ જણાવીને પણ કૉંગ્રેસ સંગઠનને નુકસાન ન કરે તે જોવાની દરેક કૉંગ્રેસીની અને સમિતિની ફરજ છે. કૉંગ્રેસ સંગઠનને નુકસાન થાય તેવી રીતે કામ કરતા કૉંગ્રેસી સામે પગલાં ભરવાની પૂરતી જોગવાઈ કરવાની જરૂર હોવાનું કહી શકાય તેમ નથી, એટલે ચોક્કસપણે ખેડૂતસંગઠનને અટકાવવાનો અથવા તેમાંથી કૉંગ્રેસીના સહકારને દૂર રાખવાનો હેતુ જ પ્રતિપાદિત થાય છે. કૉંગ્રેસ જેવી મહાન સંસ્થા જેને માટે ખડી છે, તેને આ ઠરાવની નીતિ બંધબેસતી નથી. પરિણામે હરીફ સંસ્થાઓ આ નીતિનો પૂરતો લાભ ઉઠાવે તેવી તમામ શક્યતાઓ ઊભી થાય છે. ઉત્તર ગુજરાતમાં ગુનેગાર તત્ત્વોનું કાયમથી જોર છે. ગરીબી પણ તેટલી જ છે, એટલે આ શક્યતાઓનું પ્રમાણ ઘણું જ વધી જાય છે.

૭. ખાસ કરીને મહેસાણા જિલ્લામાં જે ‘મહેસાણા જિલ્લા ખેડૂતમંડળ’ ચાલે છે, તે ઘણા સમયથી ચાલે છે. તે બિનરાજકીય છે. ઘણા કૉંગ્રેસીઓ તેમાં કામ કરે છે. જે પૈકીના કેટલાક પીઢ કાર્યકર્તાઓ છે. વડોદરા રાજ્ય પ્રજામંડળ વિસર્જન થયા પછી સદર પ્રજામંડળ કાર્યકરો કૉંગ્રેસ સંસ્થામાં જોડાયા. આ કાર્યકરો પૈકીના જે કાર્યકરો ખેડૂતમાં અને જે ખેડૂતમંડળો મારફત કામ કરતા હતા તે પણ અરજીઓના ફૉર્મમાં તેમણે જાહેર કરેલું છે અને તેઓનાં અરજીફૉર્મ સ્વીકારવામાં આવેલાં છે. મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિ તરફથી પણ આજ સુધી મહેસાણા જિલ્લા ખેડૂતમંડળ સામે કંઈ કહેવામાં આવેલું નથી, પણ જૂથબંધી કરવાની કેટલાક કૉંગ્રેસીઓની રીતિનીતિએ કેટલોક વિરોધાભાસ ઊભો કર્યો છે અને આ જૂથબંધીની રીતિનીતિએ કેટલે અંશે મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિને પૂતળા રૂપ બનાવી છે. તેના પ્રત્યાઘાતોના પરિણામે કૉંગ્રેસનું આ જિલ્લામાંનું મુખ્ય કામ અટકી ગયું છે અને હમણાં ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ કરેલા ઠરાવનું ઓઠું લઈને જૂથબંધીને મજબૂત બનાવવાના તમામ પ્રયત્નો આ જિલ્લામાં થશે. મહેસાણા જિલ્લામાં કૉંગ્રેસી કાર્યકરો વચ્ચે ઊભી થયેલી આ ખાસ પરિસ્થિતિ, કૉંગ્રેસ સંગઠનના હિતમાં, કોઈ તટસ્થ અને પીઢ કાર્યકર્તા મારફત તેનો અભ્યાસ થઈ ઉકેલ માગે છે. ટૂંકમાં શિસ્તને નામે પરવાનગીના મજકૂર ઠરાવનો અમલ કરવાનો આગ્રહ ખાસ કરીને મહેસાણા જિલ્લામાં કૉંગ્રેસમાં જૂથબંધી ઉત્તેજક, ખેડૂતવર્ગને અન્યાયકર્તા અને કૉંગ્રેસમાં ખેડૂતોને શંકા જગાડનારો, બિનબંધારણીય, કૉંગ્રેસીના હક્કને પ્રતિબંધ કરનારો, પીઢ કૉંગ્રેસી કાર્યકરોને દૂર ધકેલનારો, કૉંગ્રેસ

સંગઠનને નબળું પાડનારો, હરીફ સંસ્થાઓને કાર્યક્ષેત્ર તૈયાર કરી આપનારો અને કૉંગ્રેસ પાસેથી વધારેમાં વધારે જે આશા હક્ક તરીકે ખેડૂત વર્ગે રાખેલી છે, તેના મૂળમાં ઘા કરનારો નીવડશે.

૮. ઉપરનાં કારણોથી બિનરાજકીય હેતુવાળાં ખેડૂતમંડળોમાં કામ કરવા પરવાનગી લેવાનું ઠરાવતો તા. ૨૩-૬-૫૧નો ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ પસાર કરેલા ઠરાવ પૈકીના મજકૂર ઠરાવને રદ કરવાની તજવીજ કરવાની અને તેમ થતાં સુધી સદર મજકૂરનો અમલ નહિ કરવા ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિને તથા લાગતી-વળગતી બીજી કૉંગ્રેસ સમિતિઓને તાત્કાલિક જણાવવા આ અરજ છે.

તારીખ

લિ.
આપનો વિશ્વાસુ,
વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ
એલએલ. બી. કોવિદ
કડી તાલુકા કૉંગ્રેસ ડેલિગેટ, કડી (ઉ. ગુ.)

❑

૧૫, સાઉથ એવન્યુ,
ન્યૂ દિલ્હી,
તા. ૩૦-૯-૧૯૫૭

ભાઈશ્રી,

આપના પત્રો મળ્યા છે. જવાબ આપવામાં ઢીલ થઈ તો માફ કરશો.

ખેડૂતોએ જગત થયું ત્યારથી વૈતરું કર્યું છે. અનેક નિરાશા, દુઃખ અને ત્રાસમાં વર્ષો વિતાવ્યાં છે. રામ અને કૃષ્ણ થયા છતાં એનું દુઃખ તો એનું એ જ રહ્યું છે. એનું સંગઠન કરવું ભારે અઘરું છે, પણ જો તે સંગઠિત નહીં થાય તો હજુ એને વૈતરું કર્યે જવાનું.

ખેડૂતના ઘેર જન્મ્યા છીએ એટલે આપણને લાગે છે, આપણા છોકરાને તેટલું નહીં લાગે. આપણે પણ લાતો ખાઈએ પણ નિરાશ ના થઈએ, કાંઈક કરી શકીશું.

અહીં લોકસભા દ્વારા ખેડૂતોના પ્રશ્નો આખા દેશ સમક્ષ મૂકું છું. એને સાંભળનારા થોડા છે. થોડા વિચારતા પણ થયા છે. હું માનું છું – આશા રાખું છું કે પાંચ વર્ષમાં ખેડૂતોનાં દર્દો દેશને સંભળાવી તેના પ્રત્યે સહાનુભૂતિ તો નિદાન ઊભી કરી શકીશ.

મિત્રોનો મારા પ્રત્યે પ્રેમ છે તેથી મારો આત્મવિશ્વાસ ડગતો નથી. કામકાજ લખશો.

આપનો,
પુરુષોત્તમદાસ

❑

તા. ૧૮-૨-૧૯૫૮

ભાઈશ્રી ધનાભાઈ,

પત્ર મળ્યો, પત્ર અવારનવાર લખતા રહેશો. ખેડૂતની સ્થિતિ ઉપર ભાષણ કર્યું એની સભાગૃહ ઉપર સારી અસર થઈ, પણ પંડિતના તો ભાવ ઘટ્યા તે સારું છે એમ કહે છે.

અમદાવાદ જઈ આવ્યા હશો. શું કર્યું? મને લખો છો કે ખેડૂતસંગઠન સાચા માર્ગે નહીં થાય તો ખેડૂતોનો અવાજ કોઈ સાંભળવાનું નથી. હવે મને પણ હતાશા આવતી જાય છે. મને તો એમ લાગે છે કે બહુ ઘરડો થયો છું અને તેથી હતાશા લાગતી હશે.

અઠવાડિયે થોડું પણ 'ખેડૂત'માં લખતા રહેશો. પ્રસંગ લઈ લખવાથી સારું લખાય. ખૂબ અકળાયા વિના અને મગજ ઉપર અંકુશ રાખી લખશો.

મને મહેસાણા જિલ્લા ખેડૂતમંડળ સંબંધમાં અવારનવાર ખૂબ વિચાર આવે છે. પોતાનું બાળક હોય અને વિકાસ અટકતો જોઈ દુઃખ થાય તેવું દુઃખ થાય છે. વિચારું છું અને અંતે સીધા માર્ગે જવાશે જ.

કામકાજ લખશો. તમારી નિશાળનો પાયો ખોદાયો?

તા. ક. મિત્રોને જયહિંદ

આપનો
પુરુષોત્તમદાસના જયહિંદ

❑

તા. ૧૩-૨-૫૯

ભાઈશ્રી ધનાભાઈ,

આપનો પત્ર મળ્યો, ખેડૂતમંડળ દ્વારા માર્કેટિંગ સંબંધમાં સભા બોલાવી તે સારું કર્યું. આપનો પત્ર મળ્યા પછી અહીંથી શનિવાર તા. ૨૧-૨-૫૯ના સવારના નીકળી મહેસાણા તા. ૨૨-૨-૫૯ રવિવાર સવારના ૧૦.૦૦ વાગે પહોંચી જવાનું નક્કી કર્યું છે, રવિવાર બપોરના નિરાંતે વાતો થાય. સોમવારે મારે એક સેશન્સ ચલાવું છું તેથી કદાચ વખત ના મળે.

શ્રી મગનભાઈ પટેલને પણ પત્ર લખ્યો છે. રવિવારે ૧.૦૦ વાગે જિલ્લા ખેડૂતમંડળના વ્યવસ્થાપકમંડળની સભા યોગ્ય લાગે તેમ બોલાવવાનું લખ્યું છે. બધાંને મળાય અને વાતો થાય.

તમારા પત્રમાં તમે લખો છો કે બહુમતી શાસકવર્ગ જે મૂકે તેનો વિરોધ કર્યા કરવામાં જેમના માટે કામ કરવાનું, તેના પ્રતિનિધિઓ વહીવટી કમિટીમાં લેવામાં આવતા નથી. પરિણામે સહન કર્યા કરવાનું. સાથે-સાથે પક્ષીય ધોરણે લેવાય છે

અને સરકાર શ્રી પંડિતને તથા તેમનાં દીકરીને સોંપી દેવાયાં છે. 'કોંગ્રેસ આજે બહુમતીમાં છે. વહીવટ પક્ષીય કરી નાખ્યો છે, હવે તો કોંગ્રેસ બાપ-દીકરીની બની ગઈ. આનો ઉપાય શો?'

કોંગ્રેસને માત્ર જીહજૂરો જોઈએ છે. કામ કરનારા પ્રામાણિક માણસો ખપતા નથી. એટલે બહુમતી પક્ષમાં જીહજૂર કરનારાને માટે તક છે. એમાં ખેડૂતો કે કોઈનું ભલું થવાનું નથી, તેથી લોકશાહી નહીં જિવાડાય. આપણે એમાં જઈએ તો એને આપણે સાથ આપવો જોઈશે. વિરોધ પક્ષમાં સહન કરવાનું, જેને માટે કામ કરવાનું તેમના તરફથી પણ કદર નહીં થાય. દુનિયામાં આ બનતું આવ્યું છે.

મારામાં કોણ જાણે ગઈ ચૂંટણી પછી નિરાશા આવી છે. સ્પષ્ટ દિશા જડતી નથી. આ સ્થિતિમાં હું માર્ગદર્શક કેવી રીતે બની શકું? હું જ જોઈ શકતો નથી તો બીજાને હું કઈ રીતે દોરી શકું?

આમ છતાં દેશની હવા બદલાતી જાય છે. દેશમાં એકાદ નવી પાર્ટી ડેમોક્રેટિક પાર્ટી ઊભી થવાના સંજોગો છે. સમજુ માણસોને લાગે છે કે લોકશાહી મરવા બેઠી છે અને એને જિવાડવા કંઈ કરવું જોઈએ. હું ચર્ચાઓ તો કરું છું પણ મન બેસતું નથી.

મારી નજર સમક્ષ હંમેશાં ફાર્મર પાર્ટી આવે છે. આ દેશમાં ખેડૂતો ૮૦ ટકા છતાં એના ઉપર નાનાં-નાનાં જૂથો રાજ્ય કરે છે. એની વાતો બધા કરે છે, પણ એનું ભલું કોઈ કરતું નથી, કારણ દેશનો ખેડૂત રાજકારણથી અજ્ઞાન અને અજાગ્રત છે.

ખેડૂત પક્ષ ઊભો કરવો સહેલો નથી. એ ખૂબ ભોગ માગે છે. એ માટે વિચારશ્રેણી સ્પષ્ટ જોઈએ. એ પક્ષ ઊભો કરવા ખૂબ તાકાત જોઈએ. હું એ તાકાત ગુમાવી બેઠો છું.

ખેડૂત પક્ષ ઊભો થઈ ન જ શકે તો શું કરવું?

અહીં હું નિરાંતે બેસતો નથી. ખેડૂત પક્ષ ઊભો કરવા મથી રહ્યો છું. એ માટે નૈતિક તાકાતનો હું અભાવ જોઉં છું. બધાંને ખેડૂતોની વાતો કરવી છે, પણ એવી રીતે કે પોતાની સલામતી જોખમાય નહિ.

આમ છતાં પાર્લમેન્ટમાં ખેડૂત તરફી અભિપ્રાય ઊભો કરવા હું પણ પ્રયત્ન કરી રહ્યો છું. બે વરસના ગાળામાં મને થોડો સંતોષ આપે તેવી સફળતા મળી છે. ખેડૂતોના પ્રશ્નો તરફ સહાનુભૂતિ બતાવનારા બોલનારા વધ્યા છે. પાર્લમેન્ટમાં તો હું ખેડૂતપક્ષી છું એવી છાપ પડી છે અને કેટલાકનો પ્રેમ હું જીતી શક્યો છું.

આવતા બાર મહિનામાં દેશમાં નવું વાતાવરણ પેદા થાય તેવાં ચિહ્નો દેખાય છે. કોંગ્રેસની ટ્રેડિંગ ઇન ફૂડ ગ્રેઇન ઍન્ડ લૅન્ડ પોલિસીએ ઠીક-ઠીક ઊહાપોહ જગવ્યો છે અને પરિણામે નવો પક્ષ ઊભો થવા માટે ફળદ્રુપ ક્ષેત્ર તૈયાર થયું છે.

બાવળુ જવાની સૂચના બરાબર છે. વહેલી તકે હું બાવળુ જવા માગું છું. આ પહેલાં બલાસર માટે કાંઈક રકમ મેળવવા પ્રયાસ કરી રહ્યો છું. ગણેશપુરાને ભુલાય

તેમ નથી, પણ મારો વિચાર છે કે ખાસ ઠાકરડાનાં ગામોને પહેલી પસંદગી આપવી.

ગણેશપુરાનાં ડઝનેક ઘરોને બાદ કરીએ તો બધાં ગરીબ વર્ગનાં છે. આમ છતાં ગણેશપુરાને પસંદગી આપવામાં રાજકીય ડહાપણ ગણાશે નહિ.

રવિવારે સવારના અથવા નિદાન બાર વાગે મહેસાણા આવી જશો.

બધાંને કુશળતા –

આપનો,

પુરુષોત્તમદાસ પટેલના જયહિંદ

❑

તા. ૯-૩-૫૯

ભાઈશ્રી ધનાભાઈ,

ગઈ કાલે શ્રી શંકરદાસનો પત્ર હતો તેમાં ઠરાવો વગેરે હતા. મને ત્યાં આવવાનું લખે છે. મારી જરૂર હોય ત્યારે મને લખશો. તમે લખશો એટલે તુરત જ ત્યાં આવીશ. હિંમત અને કુનેહ રાખી માર્કેટયાર્ડનું લડી લેશો. જરૂર જણાશે તો એ માટે સત્યાગ્રહની લડત પણ ઉપાડીશું. પહેલો હું સત્યાગ્રહ કરીશ.

બનતાં સુધી આજે બજેટ ઉપર બોલીશ અને તેમાં આ આખું આવરી લેવા માગું છું. હવે મારી પણ ધીરજ ખૂટતી જાય છે. કૉંગ્રેસ સરકાર સારાં કામ પણ પક્ષીય બની બગાડે છે અને દેશને નુકસાન કરે છે. બધાંને કુશળતા, કામકાજ લખશો.

આપનો,

પુ. ર. પટેલના જયહિંદ

❑

તા. ૨૫-૪-૬૦

ભાઈશ્રી ધનાભાઈ,

આપનો પત્ર મળ્યો છે. શ્રી સાંકળચંદે વીસનગરમાં મિટિંગ બોલાવવાનું આજે કાર્ડ છે. મારા દિલમાં મથામણ છે. મારી આપને સલાહ છે કે આપનો આત્મા કહે તે રસ્તે તમારે જવું. તા. ૩૦-૪-૬૦ના રોજ સવારના દશ વાગે હું મહેસાણા પહોંચીશ. તા. ૧-૫-૬૦ના ઉત્સવ વખતે અમદાવાદમાં હાજરી આપવી છે. તા. ૩૦-૪-૬૦ની રાત્રે અમદાવાદ જવા માગું છું. કામકાજ લખશો.

આપનો,

પુરુષોત્તમદાસ પટેલના જયહિંદ

❑

ભાઈશ્રી ધનાભાઈ,

વીસનગરમાં જૂના કૉંગ્રેસીઓએ કૉંગ્રેસમાં પુનઃપ્રવેશનું વિચાર્યું છે, આ માટે તા. ૯-૫-૬૦ના રોજ મહેસાણામાં મળવાનું નક્કી થયું. આપની તેમજ જે-જે બીજા ભાઈઓની ઇચ્છા હોય તેમણે તે દિવસે મહેસાણા આવવાનું.

મેં કૉંગ્રેસના સભ્ય બનવાનો નિર્ણય કર્યો છે.

આપનો,
પુરુષોત્તમદાસના જયહિંદ

❑

માનનીય શ્રી ધનાભાઈ હ. વકીલસાહેબ મુ. કડી

સવિનય વિનંતી સાથે જણાવવાનું કે મને વિધાનસભાની ૧૯૬૭ની ચૂંટણીમાં ઉમેદવાર થવા માટે ઘેર બેઠાં કાગળ લખીને બોલાવેલો અને ઉમેદવારી નક્કી કરવા માટે પણ. પાર્લમેન્ટરી બોર્ડને કહી દીધેલું કે અમારે તો ઉમેદવાર પાલાભાઈ જ જોઈએ. તે પ્રમાણે ઉમેદવાર નક્કી કરાવી ચૂંટણીમાં ભારે બહુમતથી વિજયી બનાવ્યો. ચૂંટણી વખતે તમારાં વાઇફ બીમાર હોવા છતાં કડીમાં સભા ભરી ભાષણ કરતા.... તે બધું હું ભૂલી ગયો નથી. તમારો ઉપકાર કદી પણ ભૂલી શકાય તેમ નથી. તેનો બદલો મારાથી કોઈ રીતે આપી શકાય તેમ પણ નથી. કારણ કે હું નાનો માણસ શું બદલો આપી શકું ? તમારી તબિયત સારી હશે. એવી આશા રાખું છું. પરમકૃપાળુ – પરમેશ્વર આપને કાયમના માટે સહાય કરે એવી આશા રાખું છું. ભાઈના પાસે અમદાવાદ આવતા હશો જ. સિવિલમાં બીમારીમાં મળ્યા પછી આપને હું મળ્યો નથી તો ક્ષમા માગું છું. આ વખતે કડી તાલુકાની વિધાનસભાની સીટ હરિજન માટે અનામત રહેવાની છે. તેમાં આપે શું વિચાર કર્યો તે જાણવા માટે હું આપના પાસે આવવાનો છું; પણ અત્યારે મારી તબિયત બરાબર નથી, જેથી દવા ચાલે છે. આરામ થયે હું આપને મળવા આવીશ. વધારે રૂબરૂમાં.

મજામાં હશો.

લિ. આપનો સેવક,
પાલાભાઈ એન. પરમાર
એમ.એલ.એ.
અમદાવાદ
તા. ૧૫-૬-૭૧

❑

ડૉ. ભાઈલાલભાઈ દ્વાભાઈ પટેલ
પ્રમુખ,
ગુજરાત સ્વતંત્ર પક્ષ
વલ્લભવિદ્યાનગર
તા. ૨૦-૬-૬૯

ભાઈશ્રી ધનાભાઈ

અત્યારના સમયમાં પ્રવૃત્તિ વધુ વેગવાન બનાવવા તેમજ ભવિષ્યના કાર્યક્રમ અંગે વિચારણા કરવા હું આપને મળવા ઇચ્છું છું. આપ જો નીચેની તારીખે વલ્લભવિદ્યાનગર આવી મને મળશો તો હું આપનો આભારી થઈશ.

લિ.
ભાઈલાલનાં વં. મા.

❑

ભાઈશ્રી ધનાભાઈ, કડી

લિ. સાંકળચંદ પટેલનાં વંદન. તમારો તા. ૧-૩-૬૭નો પત્ર મળેલો. હું તા. ૨૦-૨૧-૨૨ અમદાવાદ છું. કડી આવીશ ત્યારે તમોને જરૂર મળીશ. મારો કાર્યક્રમ નક્કી થયો નથી. હજુ ત્રણેક માસ લાગશે. નીચલા થરના મજૂરો, નાના ખેડૂતો, દોઢસોથી નીચેના નોકરો માટે પ્રથમ ખાવા-પહેરવા અને રહેવા મળે અને તેમને કામ મળે તે પ્રથમ વિચારાય એવી મારી કલ્પના છે.

લિ.
સાંકળચંદના વંદન
વીસનગર
તા. ૨૩-૩-૬૭

❑

સાંકળચંદ કાળીદાસ પટેલ
સરદાર સોસાયટી
વીસનગર
તા. ૧૬-૬-૭૫

સ્નેહીભાઈશ્રી ધનાભાઈ વકીલ, અમદાવાદ

આપનો શુભેચ્છાનો પત્ર મળ્યો. આ શુભ લાગણી દર્શાવવા માટે આભાર.

લિ. સાંકળચંદ પટેલનાં વંદન

❑

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
અમદાવાદ
તા. ૧૭-૮-૧૯૬૫

શ્રી ધનાભાઈ હરગોવનદાસ પટેલ વકીલ, મુ. કડી

મેં આ પહેલાં પિલવાઈથી લખેલ પત્ર મળ્યો હશે. તમારી સૂચના મુજબ મેં એક પત્ર શ્રી મસાણી સા. મુંબઈના સરનામે લખેલ તેનો જવાબ તા. ૧૩મીનો લખેલો મળ્યો છે. તેમાં શ્રી મસાણી સા. જણાવે છે કે તા. ૨૮મી એ દિલ્હીમાં પાર્લમેન્ટની સબ કમિટી મળવાની છે તેમાં મારી ઉમેદવારીનો ઠરાવ મહેસાણા જિલ્લા તરફથી આવ્યો છે તે રજૂ કરી મંજૂરી મેળવવામાં આવશે. તેની ખબર તમને આપીશ. દિલ્હીથી જવાબ આવ્યા પછી યોગ્ય તે તપાસ કરવાની રહેશે.

હું તા. ૨૫મી બુધવારે ૧૧ વાગે કડી આવવાનો છું. ત્યારે રૂબરૂ મળશો અગર તે પહેલાં અમદાવાદ આવો તો બંગલે આવશો. હમણાં અમદાવાદમાં જ છું. અને કડીમાં શ્રી ભાઈલાલભાઈને જણાવશો કે તેમનો લખેલો પત્ર મળ્યો છે. હું તા. ૨૫મી બુધવાર ૧૧ વાગે કડી સંસ્થામાં આવવાનો છું. બે ભાઈઓ ટેક્નિકલ સ્કૂલનું કામ જોવા તે વખતે આવવાના છે.

લિ. રામચંદ્ર અમીનના જયહિન્દ

❑

અમદાવાદ
તા. ૧૩-૫-૬૫

શ્રી ધનાભાઈ વકીલ, મુ. કડી

અત્યારે સ્વતંત્ર પક્ષ સંબંધી કેટલીક બાબતોની તમને જાણ કરવા આ પત્ર લખી રહ્યો છું.

ગુજરાતની કારોબારીને મારી જરૂર લાગી નથી – પણ મુંબઈ ઑફિસમાં તેમણે બીજા માણસની ભલામણ કરી ત્યારે ત્યાંના સંચાલક શ્રી મસાણીસાહેબે મને અંગત પત્ર લખી પુછાવ્યું અને હવે તેમના પ્રતિનિધિ મારફત મહેસાણા જિલ્લાનું સુકાન સંભાળવા આગ્રહ થાય છે. વળી, તમે મને કડી મળ્યા હતા તે પછી શ્રી મગનભાઈ અને અન્ય ભાઈઓ મને અમદાવાદમાં રૂબરૂમાં મળ્યા અને ઘણા આગ્રહપૂર્વક ફરીથી રાજકીય ક્ષેત્રે કામ કરવા માગણી કરી છે. મને ઉંમરની અસર પહોંચી છે, વધુ હરીફરી શકતો નથી છતાં માનસિક શક્તિ જરા પણ નરમ બની નથી. બની શકે તે કામ કરવા તૈયાર છું. મને જ્યારે પ્રથમ શ્રી મસાણીસાહેબનો પત્ર મળ્યો ત્યારે મેં ઉંમરના કારણે મારી અશક્તિ જાહેર કરેલી તેમ છતાં જ્યારે મારા સહકાર્યકરો અને ચાહકો મને ફરી-ફરી આગ્રહ કરે ત્યારે હું નકારી શકતો નથી એ મારી કમજોરી છે. મહેસાણા જિલ્લા દક્ષિણ વિભાગની

પાર્લમેન્ટની બેઠક માટે મને ઉમેદવાર તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવે અને તમારી બધાની મને સહાય કરવાની ઇચ્છા હોય તો સ્વતંત્ર પક્ષનું સુકાન મારી શક્તિ પ્રમાણે સ્વીકારવા અને કામ કરવા હું તૈયાર રહીશ. મેં શ્રી મસાણીસાહેબને પણ સ્વતંત્ર પક્ષને બનતી મદદ કરવાનું વચન લખી મોકલેલ છે.

હવે તમે જો મને પસંદ કરતા હોય તો તેવો ઠરાવ કરી મારા ઉપર મોકલશો તો શ્રી મસાણીસાહેબ ઉપર તે સ્વીકૃત કરવા અને તેમની સીધી દેખરેખ નીચે કામ કરવા તૈયારી બતાવતો પત્ર લખીશ. મને ગુજરાતના કેટલાક ખોટાં દંભી વચનો આપનાર અને પાછળથી ફરી બોલનાર સામે છે તેથી તેમની દરમિયાનગીરી મને રુચતી નથી. જવાબ લખશો

લિ.

રામચંદ્ર અમીનના જયહિંદ

❑

માનસિંહ પૃથ્વીરાજ પટેલ
બી.એ. એલએલ.બી.
વકીલ

ભાઈશ્રી ધનાભાઈ,

ગુજરાત પ્રાંતિક સમિતિનો પત્ર મળ્યો હશે. એ.આઈ.સી.સી.ના ૧૫ સભ્યોની ચૂંટણી થવાની છે.

મેં એ.આઈ.સી.સી.ના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી છે. આપણે લાંબા વખતથી પરિચિત છીએ.... તમારો પ્રથમ કીમતી મત મને આપી નિર્ણયનો જવાબ આપશો તો આભારી થઈશ.

આપનો,
માનસિંહ પટેલ

❑

ચૅરમૅન,
મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી (ધારાસભ્ય)
ગ્રામભારતી-અમરાપુર, તા. કલોલ
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

સ્નેહીશ્રી ધનાભાઈ

આપનો શુભેચ્છા પત્ર મળ્યો છે. મારા માટેની આપની પ્રેમભરી લાગણી માટે આભાર.

આપના અને જનતાના પ્રેમને લાયક બનવાની ઈશ્વર શક્તિ અર્પે એવી પ્રભુપ્રાર્થના.

કુશળ હશો.
લિ. આપનો,
મોતીભાઈ ર. ચૌધરી

❑

**નીતિન પટેલ**
મંત્રીશ્રી

ટેલિ. નં. ૨૦૧૬૪/૬૮૮૧,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ,
ગુજરાત સરકાર
૧, સરદાર ભવન, ૮મો માળ,
ગાંધીનગર.


તા.

સ્નેહીશ્રી,

સપ્રેમ નમસ્કાર,

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તરીકે મારી નિમણૂક થતાં આપે મને પાઠવેલ અભિનંદન અને શુભેચ્છા બદલ આપનો હૃદયપૂર્વક આભાર માનું છું.

મને દૃઢ વિશ્વાસ છે કે આપના તરફથી મને હંમેશા સાથ અને સહકાર મળતો રહેશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ બાબતે આપના સૂચનો આવકાર્ય છે.

આપના જેવા વડીલોના આશીર્વાદ હંમેશા મળતા રહે તેવી અભ્યર્થના.

ભવદીય,

(નીતિન પટેલ)

પ્રતિ,

શ્રી ધનાભાઈ હ. પટેલ
વકીલશ્રી
૧૭/અ, વસંતવિહાર સો. વિ-૨
નવરંગપુરા, અમદાવાદ.

સત્યમેવ જયતે

નીતિન પટેલ
મંત્રી

ક્રમાંક : નાંધ : ૨-૯/૯૮
કૃષિ, નાની અને
મધ્યમ સિંચાઇ યોજના,
ગુજરાત સરકાર,
ગાંધીનગર.
તારીખ :- 4 DEC 1998

સ્નેહીશ્રી, નમસ્કાર.

આપના પત્ર બદલ હાર્દિક આભાર.....

આપના સૂચનો 'ઘર આંગણે શાકભાજી', 'સૂકી ખેતી સંશોધન' વગેરે અતિ ઉપયોગી અને આવકાર્ય છે. જે પરત્વે મેં કૃષિ વિભાગના અધિકારીઓનું ધ્યાન દોરીને યોગ્ય કાર્યવાહી કરવાના આદેશ આપેલ છે.

આ પ્રકારના સુંદર સૂચનો મોકલીને આપ 'સમૃધ્ધ, સુખી ગુજરાત' બનાવવાના આપણા સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી થયા છો તે બદલ હાર્દિક આભાર....

નીતિન ર. પટેલ
( નીતિન પટેલ )

પ્રતિ,
શ્રી ધનાભાઇ એચ.પટેલ,
૧૭/એ, વસંત વિહાર,
નવરંગપુરા, અમદાવાદ-૯.

બ્લોક નં. ૧, ૩મો માળ, સરદાર પટેલ ભવન (સચિવાલય), ગાંધીનગર.
ફોન નં. (કચેરી)૨૧૧૮૬, ૬૮૮૫ (પી.એ.બી.એક્સ), રહેઠાણ :૨૨૧૦૨, ૩૨૪૦૮.

## ૧.૨.૨ પ્રજાલક્ષીકાર્યો

નં. ૧૦૬૮૮/૪૫/૧૦૦૮૨૪-એ
મહેસૂલ ખાતુ
સેક્રેટરિયેટ, મુંબઈ
તા. ૨૯મી નવેમ્બર, ૧૯૫૦

પ્રતિ,
શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ,
એલએલ.બી., કોવિદ
કડી (ઉ.ગુ.)
જિલ્લો : મહેસાણા

વિષય : પ્રાંત ઑફિસના 'હેડ-કવાર્ટર્સ' બદલવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અંગેના તમારા તારીખ ૨જી નવેમ્બર, ૧૯૫૦ના પત્રના જવાબમાં જણાવવાનું કે કલોલ સબ-ડિવિઝનના 'હેડ કવાર્ટર્સ' તરીકે કલોલ ચાલુ રાખવાની સરકારને જરૂર જણાતી નથી.

લિ.
આપનો વિશ્વાસુ,
બી. ટી. નાયાલે

❑

વડાપ્રધાનશ્રીના નિજી સચિવ
પ્રધાન મંત્રી કાર્યાલય
નઈ દિલ્હી-૧૧૦૦૧૧
તા. ૨૩-૧-૧૯૭૯

ભાઈશ્રી ધનાભાઈ,

આપનો તા. ૧૦મી જાન્યુઆરીનો પત્ર પૂજ્ય શ્રી મોરારજીભાઈને મળ્યો છે. એમાં આપે હાલની રાજકીય પરિસ્થિતિ અને હડતાળો અંગે લખ્યું છે.... મોંઘવારી અંગે આપે વિચારો પ્રગટ કર્યાં છે. મોંઘવારી આવવાથી અમુક વર્ગને ફાયદો થાય છે અને બીજા લોકોને એની વિપરીત અસર પડે છે એ વાત આપની સાચી છે. દેશમાં દરેક ક્ષેત્રે ઉત્પાદન વધે તો જ મોંઘવારી અને અછતની મુશ્કેલીઓ દૂર કરી શકાય. આમ જનતાનું નૈતિક ધોરણ ઊંચું આવે તો દેશના આવા અનેક વિકટ

અને અટપટા પ્રશ્નોનો ઉકેલ પણ સરળ બને. સંગઠિત કર્મચારીઓ એમના સંગઠનના જોરે ઘણા લાભો મેળવે છે. જ્યારે અસંગઠિત લોકોને આવા લાભો મળતા નથી એ હકીકત છે. પત્રમાં આપે તેઓશ્રી પ્રત્યે સદ્ભાવના વ્યક્ત કરી છે એ બદલ તેઓશ્રી આપનો આભાર માને છે.

કુશળ હશો,

જયંતીભાઈ વ્યાસ
વડાપ્રધાનશ્રીના
નિજી સચિવ

❑

ક્રમાંક ૭૧૫ એફ. એમ. (જી)/૭૭
વિત્તમંત્રી, ભારત
નવું દિલ્હી
દિ. જુલાઈ, ૪ ૧૯૭૭

ભાઈશ્રી ધનાભાઈ,

તમારો તા. ૧ જુલાઈનો પત્ર આજે મળી ગયો. તમે લખી મોકલેલાં ચારેય સૂચનો મેં જોયાં છે. એ સૂચનો હું ધ્યાનમાં રાખીશ.

તમારી સદ્ભાવના માટે આભારી છું.

ભવદીય,
એચ. એમ. પટેલ

❑

ભાઈશ્રી ધનાભાઈ,

તા. ૩૧મી જાન્યુઆરીનો તમારો પત્ર મળ્યો. ઈફકોએ દત્તક લીધેલ ગણેશપુરા ગામના સરપંચશ્રી તમારા ભાઈ થાય છે તે જાણી ઘણો આનંદ થયો. મહાગુજરાત આંદોલનમાં આપણે સાથે કામ કરતા હતા તે મને યાદ છે.

ગણેશપુરા ગામના વિકાસ વિશે તમે જે સૂચનો કર્યાં તેની મેં રસપૂર્વક નોંધ લીધી છે. સરપંચશ્રીને ખાતરની થેલી આપેલી તે તો આ સંસ્થા આખરે ખેડૂતોની માલિકીની છે તેના પ્રતીક તરીકે જ હતું. હકીકત એવી છે જે તમે જાણો છો તેમ ઈફકો એક અખિલ ભારતીય સંસ્થા છે જે દેશનાં લગભગ તમામ રાજ્યોમાં કામ કરે છે અને અમે આશરે ૨૫૦ ગામ જુદાં-જુદાં રાજ્યોનાં થઈને પસંદ કરેલાં છે. જ્યાં ખેતી અંગેની સઘન પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આથી તમે જોઈ શકશો કે જે કંઈ પ્રવૃત્તિ અમે એકાદ ગામમાં કરીએ તે અમારે બધે જ અમલમાં મૂકવી જોઈએ. નહિ તો બિનજરૂરી ટીકા અથવા આક્ષેપો થવાનો સંભવ છે. આમ છતાં તમારા સૂચન અંગે શું થઈ શકે તે વિચારવા હું ખુશી છું. કોઈ વખત આ ગામની

મુલાકાતે જવાનું સૂચન તમે કરેલું છે તે મને ગમ્યું છે. એકાદ વખત ટેલિફોન પર વાત કરીને અથવા મળીને આ માટેનો સમય આપણે નક્કી કરીશું.

કુશળ હશો,

બ્રહ્મકુમાર ભટ્ટ
ચૅરમૅન
ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર
કૉ-ઑપરેટિવ લિ., અમદાવાદ
તા. ૯-૨-૭૯

❑

સ્નેહીશ્રી ધનાભાઈ,

કુશળતા

તમારું પોસ્ટકાર્ડ મળ્યું. સૂચનો વાંચ્યાં. અગાઉ પત્ર મળેલ. જવાબ લખવા પ્રવાસમાં લઈ ગયેલ તે રહી ગયો હતો. ગામડાંમાં નાનાં ઘરો કરવા ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ – ગાંધીનગર લોન આપી કામ કરી આપી મદદરૂપ થાય છે. તો તેમનો સંપર્ક સાધી ગરીબવર્ગના વસવાટ માટે ઘટતું કરી શકશો.

ઇન્કમટેક્સના કાયદા મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાને આપેલું દાન માફીમાં છે જ. એટલે તેમાં વિશેષ કંઈ કરવા જેવું નથી. માત્ર પાવતી ઉપર ગ્રા.પં. ઇન્કમ. ઍક્ટની કલમ બતાવી સિક્કો મારી આપે જેથી ઇ.ટેક્સ ઑફિસ ગ્રાહ્ય રાખી શકે.

બીજાં સૂચનો અંગે ઘટતું કરીશું.

રિખવદાસ જે. શાહ
પ્રમુખ
જિલ્લા પંચાયત, મહેસાણા
તા. ૨-૧૨-૭૭

❑

સ્નેહીશ્રી ધનાભાઈ,

વિશેષ ગણેશપુરાના વિકાસમાં તમો રસ લઈ રહ્યા છો અને તેની છાપ ગામની સાર્વજનિક સંસ્થાઓમાં દેખાઈ રહી છે. આ માટે અભિનંદન.

એક વિશેષ વાત તમારા ધ્યાન પર મૂકવા ઇચ્છું છું. ગામનો આર્થિક વિકાસ સધાય તે માટે વધારે ઊંડાણથી વિચારવું અને પગલાં લેવાં એ જરૂરી છે. દા.ત., ગણેશપુરાની વસ્તી ૮૦૦-૯૦૦ માણસોની છે. ૧૫૦-૧૭૫ કુટુંબ થાય. અર્થશાસ્ત્રના કોઈ વિદ્યાર્થીઓ કોઈ પ્રોફેસરો કે શિક્ષકોની મદદથી કુટુંબોનો સર્વે કરાવવો જરૂરી છે. જેના પરથી માણસોની સંખ્યા, અભ્યાસ, મિલકત, વાર્ષિક આવક વગેરેની નોંધ મળે. આના ઉપરથી ઓછી આવકવાળાં ૫૦-૭૫ કુટુંબોની આવકમાં કેવી રીતે વધારો

થાય તેનું આયોજન વિચારી કંઈક ગોઠવણી કરી શકાય.

વધારામાં રહેઠાણ, આરોગ્ય સગવડો વગેરે અંગે પણ વિચારાય.

આ વર્ષે આવું કામ દરેક તાલુકામાં એક બે ગામોએ કોઈ વ્યક્તિ કે મંડળો ઉપાડે તો સર્વે કામમાં તથા ઇતર ખર્ચમાં થોડી મદદ આપવા જોગવાઈ રાખવા વિચારીએ છીએ. ગણેશપુરા આમાં આગળ પડતો ભાગ તમારી દોરવણી નીચે લે એમ ઇચ્છું છું.

વળી દૂધની આવક બાબતમાં શ્રી શિવાભાઈએ માહિતી આપી કે સભ્ય દીઠ ચાર હજાર જેટલી છે. તે સારી છે. પાંચ વર્ષમાં તેને દોઢી કરવાના પ્રયત્નો આદરવા જોઈએ.

તમારાં આવાં બધાં કામોમાં અમારી સહાનુભૂતિ રહેશે જ તે જાણ સારુ.

વધુ હવે પછી

રિખવદાસ શાહ<br>
પ્રમુખ,<br>
જિલ્લા પંચાયત, મહેસાણા<br>
તા. ૨૭-૧-૧૯૭૯

❑

મુ. વકીલ શ્રી ધનાકાકા

મુ. અમદાવાદ

સાદર નમસ્કાર. આપનો પત્ર મળ્યો. આપને જણાવવાનું કે સરકારશ્રીએ નવા રોડના બાંધકામ બાબતે ધારાસભ્યો પાસે બજેટેડ રોડ સ્કીમ અન્વયે દરખાસ્તો માંગેલ છે. તેમાં નાની કડી રોડથી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના દરવાજા સુધીના રોડ માટેની મેં દરખાસ્ત કરેલ છે અને મારા સમજવા પ્રમાણે તે રોડ લેવાઈ પણ જશે.

વર્લ્ડ બેંકની સહાયતાથી જે રોડ બને છે તેમાં આપણા તાલુકાના નાના-મોટા ૧૫ રોડ ૧૯૯૧-૯૨ સુધીમાં થઈ જશે. (મંજૂરી મળી ગયેલ છે.)

આપશ્રી ભવિષ્યમાં પણ મને આવી રીતે જ માર્ગદર્શન આપતા રહેશો તેવી આશા રાખું છું. મારા લાયક અન્ય કામકાજ લખશો.

આભાર

પટેલ નીતિનકુમાર રતિલાલ<br>
ધારાસભ્ય<br>
કડી-૮૧<br>
તા. ૧૪-૬-૯૦

❑

આત્મારામભાઈ મગનદાસ પટેલ
માજી પ્રમુખ : જિલ્લા પંચાયત, મહેસાણા
પ્રમુખ : મહેસાણા ડિ.સે.કો.ઑ.બેંક લિ., મહેસાણા
એસ.ટી. સ્ટેન્ડ સામે. મહેસાણા (ઉ.ગુ.)

તા. ૭/૩/૭૫

ભાઈશ્રી ધનાભાઈ,
અમદાવાદ

કુશળ હશો

આપનો તા. ૧૦/૨/૭૫નો પત્ર મળ્યો. અન્ય રોકાણમાં જવાબ આપવામાં ઢીલ થયેલી છે. વીજળી બોર્ડ તરફથી પાતાળ કૂવા માટે ઑક્ટોબર, ૧૯૭૫ સુધી નવીન કનેક્શનો આપવા બંધ કર્યાં છે.

આપના પત્ર ઉપરથી વિગતવાર માહિતી મળી શકતી નથી. એટલે તમો ગણેશપુરા ભાઈશ્રી શિવાભાઈને જાણ કરશો કે મહેસાણા આવે ત્યારે મને મળે એટલે તે અંગે વિગતવાર ચર્ચા કરી આગળ શું તજવીજ કરવી તે વિચારી શકાય. કુશળ હશો એ જ

લિ. આત્મારામભાઈનાં વં.મા.

❑

સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી

સ્નેહીશ્રી વકીલ ધનાભાઈ,

કુશળ હશો અમારી કૉલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓની શિબિર દરમિયાન આપે આપેલાં માર્ગદર્શન માટે એન.એસ.એસ. યુનિટ અને કૉલેજ આપશ્રીનો આભાર માને છે. ગામને આગળ લાવવાની આપની ધગશ જોઈને અમે પ્રભાવિત થયા છીએ. ભગવાન આપશ્રીને ગણેશપુરા ગામને એક આદર્શગામ બનાવવાની કલ્પનાને સાકાર કરવામાં શક્તિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ. આપશ્રી અને આપના ભાઈ શિવાભાઈની દોરવણીથી ગામ આગળ આવશે જ.

આભાર સહ,

રતન એ. દેસાઈ,
પ્રોગ્રામ ઑફિસર
સી. એન. આર્ટ્સ ઍન્ડ
બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
તા. ૮-૧૧-૭૭

❑

ડાહ્યાભાઈ નારણદાસ પટેલ
પ્રમુખ
શ્રી કડવા પાટીદાર બેતાલીસ
સમાજ સુધારક મંડળ
(બેતાલીસ કડવા પાટીદાર સમાજ)
મુ.પો. વડુ, તા. કડી, જિ. મહેસાણા
તા. ૧-૬-૧૯૯૬

.... ચૂંટણીમાં હારી જનારા કેટલાક લોકો સમાજની સમાંતર પ્રવૃત્તિ કરી રહ્યા છે. સમાજમાં આ પ્રવૃત્તિ બંધ થાય, ગેરસમજ હોય તો દૂર થાય તે માટે આપની નાદુરસ્ત તબિયત હોવા છતાં સમાજના હિતમાં મધ્યસ્થી બનીને ઉપયોગી થાઓ તેવી મારી હાર્દિક વિનંતી છે. જરૂર પડે આપની અનુકૂળતાએ રૂબરૂમાં મળવા આવીશ.

આપનો,
ડાહ્યાભાઈ નારણદાસ પટેલ

❑

ઉદ્યોગ ભારતી ચોક,
ચોરડીગેટ,
ગોંડલ – ૩૬૦૩૧૧
જિ, રાજકોટ, ગુજરાત

પ્રતિ,
શ્રી વડીલ વકીલ ધનાભાઈ હ. પટેલ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯
ક્રમાંક : ૧૪૮૭/૧૨/૨૦૦૧-૨૦૦૨ તા. ૨૧-૧૩-૨૦૦૧
આદ. મુ. શ્રી ધનાભાઈ,

સવિનય – આપના તરફથી મારા ઉપરનો લાગણીભર્યો પત્ર મળ્યો છે અને એ માટે આભારી છું.

આપ ઉત્તર ગુજરાતના મોંઘા અને નૈતિક મૂલ્યોથી નીતરતા જાજરમાન વ્યક્તિઓ પૈકીના જૂની પેઢીના એક ઘરેણા સમાન વડીલ છો, ત્યારે આપના નામથી થોડાં-ઘણાં પરિચિતતાને લઈને જ્યારે જાહેરજીવનને જીવતી રાખવા આપની નવી પેઢી પણ એટલી જ તરબોળ થઈને લાગી છે તેવે વખતે એમની ખાનદાનીના મૂળને યાદ કરવાનું મન રોકી ન શકાય તે સ્વાભાવિક છે.

આપની વાત સાચી છે. ગાંધી પેઢીની એક વાતને અમે મૂર્તસ્વરૂપ આપવા પ્રયાસ કરી રહ્યા છીએ અને અન્ય બધું ભૂલીને સમર્પિત થઈને કામમાં લાગ્યાં છીએ ત્યારે તેનાં પરિણામો પણ સમાજને મળી રહ્યાં છે એટલો આત્મસંતોષ મળે છે, જે

જીવનની ધન્યતા માનીએ છીએ.

આપનાં પરિવારમાં સૌની અને ભાઈશ્રી ડૉ. કનુભાઈ વગેરેની કુશળતા ઇચ્છું છું.

લિ.

હરગોવિંદભાઈ પટેલ

❑

વકીલ ધનાભાઈ હ. પટેલ

તા. ૭-૪-૮૬

માનનીય શ્રી કનુભાઈ,
નિયામક – શ્રી શારદામંદિર,
અમદાવાદ

કુશળતા ચાહું છું.

બીજી આપને વિનંતી કરવાની કે વર્ષ-૬ના 'શારદ'ના જાન્યુ.-ફેબ્રુ., માર્ચ-એપ્રિલના અંક અમારી નીચેની સંસ્થાઓનાં સરનામે પોસ્ટથી મોકલશો અને તે પછીના અંકો પણ મોકલશો. વાર્ષિક લવાજમ ભરવાનું જે હોય તે ચિ. મૌલિક સાથે જણાવશો તે હું મોકલી આપીશ. 'શારદ' મારફત વ્યક્ત થતા કેળવણીવિષયક વિચારોની તથા શારદામંદિરની શૈક્ષણિક પ્રવૃત્તિઓની પ્રેરણા અમારી સંસ્થાઓને પણ મળે તે હેતુથી આ વિનંતી કરી છે.

સરનામું : (૧) આચાર્યશ્રી, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, રેલવેસ્ટેશન સામે, મુ. પો. તા. કડી. - ૩૮૨૭૧૫

(૨) આચાર્ય શ્રી, શેઠશ્રી ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ, સેક્ટર-૨૩, ઘ-૬ સામે, મુ. પો. તા. ગાંધીનગર

તસ્દી બદલ ક્ષમા કરશો.

લિ.
સ્નેહાધીન,
વકીલ ધ. હ. પટેલ
મંત્રી – સર્વ વિદ્યાલય કેળવણી ઉત્તેજક મંડળ, કડી

❑

# ૧.૨.૩ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

ગેસ્કો ઇન્ડસ્ટ્રીઝ
મુંબઈ
તા. ૨૫-૨-૭૨

ભાઈ ધનાભાઈ વકીલ, મુ. કડી

વિ.કે., તા. ૨૩-૨-૭૨ના 'વ્યાપાર'ના અંકમાં "દૂધની નદીઓ વહેતી કરવી શક્ય છે" એ નામનો શ્રી કાંતિ ભટ્ટનો પાન ૯ ઉપર શ્રી મણિભાઈ દેસાઈ - ઉરુલી કોંચન (પુના પાસે) શ્રી મેનેજિંગ ટ્રસ્ટી – ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (જેના બીજા ટ્રસ્ટીઓ પૈકી શેઠ શ્રી અરવિંદપ્રસાદભાઈ તથા રવિશંકર મહારાજ છે)ની મુલાકાતરૂપે એક લેખ પ્રગટ થયો છે. તમને ત્યાં તે મળે તો તે નહિતર હું અહીંથી તમોને જરૂર લાગે તો મોકલી આપીશ. એ લેખ વાંચીને સંસ્થાની ગૌશાળા બાબતમાં શું વિચારવાનું ને પ્રગતિ માટે શું કરવું શક્ય છે તે જોશો. હાલ એ જ.

લિ. પોપટલાલના જયહિંદ

❑

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
તા. ૮-૯-૧૯૬૬

ભાઈશ્રી ધનાભાઈ

હમણાંથી આપ મળતા નથી. ગાંધીનગરમાં આપણી સંસ્થા વિશે નિરાશ થવાની જરૂર નથી. અડચણો તો આવે. અડચણોનો સામનો કરવામાં સફળતા છે. અડચણોને કારણે નિરાશ થવાની જરૂર નથી.

એકાદ દિવસ મહેસાણા આવી જશો. અમદાવાદમાં આમંત્રણ આપવાનાં છે. દરેક સોસાયટીઓનાં તથા વેપારીઓ-અગ્રણીઓ વ.નાં પૂરાં સરનામાં મેળવી મોકલી આપશો.

આપનો,
પુરુષોત્તમદાસ પટેલના જયહિંદ

❑

મહેસાણા
તા. ૧૫/૭/૭૫

ભાઈશ્રી

આપનો પત્ર મળ્યો. આનંદ થયો. આપના સૂચન મુજબ બંને ભાઈઓને પત્ર લખી દીધા છે. અવારનવાર સૂચન કરતા રહેશો. સ્કૂલ અને છાત્રાલય ઉપર નામ તેમજ સ્કૂલ અને છાત્રાલયના ઓરડા ઉપર તકતી માટે શું રાખવું તેનો વિચાર હું કરી રહ્યો છું. સ્કૂલના ઓરડામાં ત્રીસ હજાર અને હૉસ્ટેલના ઓરડામાં ૧૪૦૦૦

રૂપિયા ખર્ચ આવે. તકતી માટે શું રાખવું તે તમો મહેસાણા આવો તો વિચારીએ. સોમવારે મારો વિચાર અમદાવાદ આવવાનો છે અને શ્રી શંકરલાલના ઘેર ૨:૩૦ વાગે આવી પહોંચીશ.

હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ માટે વાત ચાલે છે. છેવટ માખણ કેવું નીકળે છે તેની રાહ જોઉં છું.

રસોડા – ડાઇનિંગ હૉલ, કિચન, સ્ટોરરૂમ વગેરેમાં રૂ. ૫૦૦૦૦ ખર્ચ થાય. શેઠશ્રી અરવિંદભાઈને પત્ર લખવા વિચારું છું, પણ શેઠશ્રી જયકૃષ્ણભાઈનું નક્કી થયા પછી. આ સિવાય બીજા તરંગો આવે છે, પણ તેના ઉપર વિચાર કરી રહ્યો છું. મને શ્રદ્ધા છે કે આ કામ સૌના સહકારથી અને ઈશ્વરકૃપાથી પાર પડશે.

મારું શરીર તો નરમ-ગરમ રહ્યા કરે છે. એકાદ મહિના પછી ૭૮ વર્ષ પૂરાં કરીશ, પણ તંદુરસ્તી રહે છે એટલે કામ કરવામાં હરકત આવતી નથી.

ડૉ.ને જયહિંદ. સૌને કુશળતા

પુરુષોત્તમદાસના જયહિન્દ

❑

૧૨૧, સરદાર પટેલ કોલોની,
અમદાવાદ-૧૪,
તા. ૨૯.૬.૬૪

સ્નેહી ભાઈશ્રી,

કુશળ હશો

વચ્ચે ગયા મંગળવારે ઓચિંતાનો કડી આવ્યો હતો. ખાસ તો નવા ગૃહપતિઓનું કામ કેવું ગોઠવાયું છે એ જોવા. નવા ગૃહપતિઓ ઉત્સાહથી કામ કરે છે એવી મારી છાપ પડી. હવે સવારની પ્રાર્થના પણ શરૂ કરી છે અને વિશ્વાસ છે કે એક-બે માસમાં આ પ્રણાલિકા પણ સ્થિર થઈ જશે.

તમારું એક વાત પર ધ્યાન ખેંચવા માગું છું. પ્રેસની કામગીરી પર દેખભાળ થઈ નથી. તમે સ્થાનિક છો. અવાર-નવાર જોતા રહેશો. બિલો પર તમારી સહી થાય એવો આગ્રહ રાખો તો ચેકિંગ થાય. કોનાં બિલો બાકી છે એનો ખ્યાલ રહે. છોટુભાઈ સમય આપી શકે તેમ નથી. એટલે સંસ્થાના હિતમાં આ કાર્ય પ્રત્યે ધ્યાન અપાય તો સારું. મારી દૃષ્ટિએ પ્રેસના વિકાસની પૂરી શક્યતા છે. એના નફામાંથી પૂરક પ્રવૃત્તિઓ પણ થઈ શકે. તમે બધા ઇચ્છતા હશો તો હું એ કામ પણ ઉપાડી લેવા તૈયાર છું. આ બાબતમાં સ્પષ્ટીકરણ થાય તો સારું.

પીતાંબર

❑

પોપટલાલ
૧૫ સંગમ
ઑલ્ડ પ્રભાદેવી રોડ
મુંબઈ-૨૫
તા. ૧૨-૮-૭૬

ભાઈ ધનાભાઈ,

તમારો પત્ર મળ્યો.

મેં તમારી વતી ભાઈલાલે લખેલા પત્રનો જવાબ લખ્યો હતો - શ્રી મંત્રી પુ. ર. સન્માન સમિતિ C/o. સર્વ વિદ્યાલય કે. મંડળ – કડી એ સરનામે. એ પત્રના જવાબની હું રાહ જોઉં છું – એ પત્ર મળ્યો કે નહિ ? મેં એ પત્રમાં મારા તરફનો પુષ્પ ફૂલરૂપે ફાળો દર્શાવ્યો છે. તમો મુંબઈમાં સન્માન સમિતિ વતી મુંબઈમાં ફાળાની પ્રવૃત્તિ હું હાથ ધરું એમ ઇચ્છો છો, જે હવે આ ઉંમરે મારા માટે શક્ય નથી. છેલ્લી પ્રવૃત્તિ દોઢ બે વર્ષ પહેલાં ગૃહિણી તાલીમ શિબિર અંગે બધા હાથ ધોઈ બેઠા હતા ત્યારે એના ખર્ચની જવાબદારી મેં ઉઠાવી હતી. ભાઈ પુરુષોત્તમ માટે ખૂબ-ખૂબ માન હોવા છતાં હું ફાળા માટે ફરી શકું તેમ નથી, એની સ્પષ્ટતા કરું છું, છતાં માર્ગદર્શન કરી શકું. તમારે રામભાઈ નારણભાઈ, નરસિંહભાઈ કલ્યાણભાઈ વગેરેને હાથ પર લેવા જોઈએ.

મારી દૃષ્ટિ એવી છે કે આપણે છોકરાઓ માટે ઠીક-ઠીક કામ કર્યું ગણાય. મા-બાપો સ્વાર્થ માટે પણ છોકરાઓને હવે ભણાવશે, પરંતુ છોકરીઓને ભણાવવામાં અચકાશે. એટલે છોકરીઓને વ્યવહારુ કેળવણી અને સંસ્કારો આપવા માટે આપણા સમાજે કટિબદ્ધ થવું ઘટે છે. એમ થશે તો જ સમાજ આપણો સંસ્કારની દૃષ્ટિએ હજુ પછાત છે તે પછાતપણું કંઈક અંશે દૂર થાય અને બીજા સમાજની હરોળમાં કંઈક અંશે ઊભા રહી શકીએ. રાજકીય રીતે આપણે છેલ્લી પાટલીએ હડસેલાઈ ગયા છીએ તેનું કારણ આપણું અહમ્ છે. આપણું અહમ્ આપણને નડ્યું છે ને નડતું રહેશે. જ્ઞાતિહિત, સમાજહિત, દેશહિત અને વિશ્વહિતની ઉદાર દૃષ્ટિ કેળવવી જોઈએ. તા. ક. પેલા કાગળમાં મારા તરફનો ફાળો રૂપિયા એક હજાર લખ્યો હતો.

લિ. પોપટલાલના જયહિંદ

❑

મહેસાણા
તા. ૩૧.૧૦.૭૮

માન. શ્રી તથા ડૉ. વગેરે

આપનો શુભ લાગણીભર્યો પત્ર મળ્યો. મારું શરીર હવે સારું થતું જાય છે, પરંતુ ડૉ.ની સલાહ મુજબ હજુ દોઢ મહિનો દવા લેવી પડશે.

ગાંધીનગરનો બોજ નવા જ હાથ ઉપાડી લે તેવું ઇચ્છું છું. શ્રી ગણેશભાઈ જેવા જોડાય તો નિશ્ચિત થવાય. બે હૉસ્ટેલોનું કામ શરૂ કરી માર્ચ-એપ્રિલમાં પૂરું કરવું છે.

આપ તથા ડૉ. વગેરે કુટુંબસહિત નૂતન વર્ષમાં તંદુરસ્ત રહો અને સુખી રહો એ પ્રાર્થના.

આપનો,
પુરુષોત્તમદાસના જયહિંદ

❑

અમદાવાદ
તા. ૧૬-૨-૨૦૦૨

માનનીય મુરબ્બી ધનાભાઈ,

આપનો પત્ર મળ્યો. અધ્યયનગ્રંથ અને સ્મરણિકાગ્રંથ વિશેના આપના પ્રતિભાવ વાંચી ખૂબ આનંદ થયો... જે કંઈ પ્રાપ્તિ થઈ શકી તે આપ જેવા મુરબ્બીઓની પ્રેરણા અને માર્ગદર્શનથી થઈ શકી છે. સર્વ વિદ્યાલયના કાર્યમાં આપનું મમતાભર્યું સીધું માર્ગદર્શન હતું એ કેમ ભૂલી શકાય ? વળી આપની નિઃસ્વાર્થ સેવાઓ પણ અમારા માટે પ્રેરણાદાયી હતી. આપનો પાટણ મણિભાઈ પ્રજાપતિ ઉપરનો પત્ર હતો તે મણિભાઈના ફોનથી જાણવા મળ્યું. આપના પત્રથી મણિભાઈ ઘણા રાજી થયા છે. આપની તબિયત સારી હશે.

મોહનલાલનાં વંદન

❑

વકીલના વ્યવસાયની સાથે સમાજસેવા તેમજ શિક્ષણસેવા માટેના આપના પ્રયાસો પ્રશંસનીય રહ્યા છે. મંત્રી અને ચૅરમૅનપદે રહીને છગનભાનાં કર્તવ્યો નિભાવ્યાં છે. કડી અને ગાંધીનગરના શૈક્ષણિક સંકુલો તેનાં સાક્ષી છે. આપની સાથે જ્યારે-જ્યારે મળવાની તક મળી છે ત્યારે એક સ્નેહીજનની હૂંફ પ્રાપ્ત થઈ હોય એવો અહેસાસ પ્રાપ્ત થયો છે. વધતી જતી ઉંમરને કારણે આપે હોદ્દાઓનો ત્યાગ કરી હોદ્દા વગર પણ આપનાં સૂચનો અમને પ્રાપ્ત થતાં રહ્યાં છે.

તા. ૧૭-૨-૧૯૯૯

નટવરલાલ વાડીલાલ પટેલ
પ્રિન્સિપાલ
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ
ગાંધીનગર

❑

મહિલા કૉલેજ શરૂ થઈ ત્યારથી જ આપ અવારનવાર પત્રો લખીને મને પ્રોત્સાહન આપતા રહ્યા છો. આટલી મોટી ઉંમરે અને નાદુરસ્ત તબિયતે આપની સક્રિયતા, સંસ્થાના વિકાસ માટેની કાળજી અને પત્રો લખવાની ચીવટ ખૂબ જ પ્રેરક અને ઉદાહરણીય છે. આપે સંતોષ સાથે સંસ્થાનાં પ્રત્યક્ષ કામોમાંથી નિવૃત્તિ લીધી એ

સંતોષ જ સંસ્થાની પ્રગતિની સાબિતી છે. ગાંધીનગર કેમ્પસ ખૂબ ઝડપથી વિકસતું અને હજી વિકાસ પામતું જાય છે એટલે કામ તો ગંજાવર છે જ. હું પૂરી નિષ્ઠાથી મારા ભાગે આવતું કામ કરું છું.

તા. ૧૬/૨/૧૯૯૯ ડૉ. સોમભાઈ સી. પટેલ

❑

મફતલાલ એચ. પટેલ
૬૩, સરદાર પટેલ સો., કડી,
જિ. મહેસાણા (ઉ.ગુ.) ૩૮૨૭૧૫

સ્નેહીશ્રી ડૉ. કનુભાઈ

હું ભૂલ ન કરતો હોઉં તો આપ ધનાભાઈ વકીલના સુપુત્ર! આપના ઘરે હું, તુલસીદાસ સાથે આવેલો. ધનાભાઈ ત્યારે હતા. ઘણા આનંદથી અમે બન્નેએ વાતો કરી હતી... મળવા જેવા માણસ. કડી (ઝવેરી સ્કૂલ)માં ભાષણ કરવા બોલાવ્યા ત્યારે... 'હું કદીએ ખોટા કેસ લડતો નથી. કૉર્ટમાં હારથી હું અભડાયો નથી.' એટલે કે તે એકદમ સ્ફટીકસમ માનવ હતા. મને એમના ઉપર અતિ સ્નેહ!

મફતલાલના જય શ્રીકૃષ્ણ

❑

પી. સી. પટેલ
વીસનગર
તા. ૧૯/૨/૨૦૦૨

શ્રી કેશુભાઈ અંગેનું લખાણ 'ધરતી'માં વાંચ્યું અને તમારા સાથેનાં જૂનાં સ્મરણો તાજાં થયાં. ભવન યાદ આવ્યું આપે કમાણી માટે ધંધો કર્યો છે, પરંતુ સેવાને વધુ લક્ષ્યમાં રાખી જીવનદોર આગળ વધારી છે. તમો ગર્ભશ્રીમંત હતા તે વાત પણ હું જાણું છું. તમારામાં નેતા થવાના ગુણો વિદ્યાર્થી અવસ્થાથી જ વિકસેલા અને તેનાં પ્રત્યક્ષ દર્શન અમોએ કરેલાં છે. તમારા ચિ. ડૉક્ટરે પણ તે જ રસ્તો અપનાવ્યો છે. તે જાણી આનંદ થાય છે. આપણી સંસ્થાઓની સેવા કરવા બદલ પ્રભુ આપને દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના. હું પણ પગે અશક્ત થઈ ગયો છું....

પી. સી. પટેલ
વીસનગર

પ્રતિ
શ્રી ધનાભાઈ હ. પટેલ વકીલ
૧૭, વસંતવિહાર સોસાયટી નં. ૨
નવરંગપુરા, અમદાવાદ-૯
ગુજરાત રાજ્ય

❑

કડી

તા. ૨૯/૫/૧૯૭૪

પરમ સ્નેહીશ્રી ધનાભાઈ તથા
ડૉ. કનુભાઈ તથા સર્વે બાળગોપાળ, અમદાવાદ

કડીથી લિ. ભાઈલાલભાઈના જય ભારત

આ પત્ર આપનો હાર્દિક આભાર માનવા માટે લખી રહ્યો છું. આપે મારી મુશ્કેલીમાં જે રસ લઈ મને સહાયભૂત થવા હૃદયપૂર્વક જે કર્યું છે તેને માટે હું આપનો આભાર માનું છું અને મારું ઋણ સ્વીકારું છું. અને જીવનનાં જે કંઈ થોડાં વર્ષ કામ કરવાનાં છે તેમાં જેટલું બને તેટલું વધુ કામ આ સંસ્થાની ભૂમિ ઉપર મૂકી જવાની ખ્વાહેશ (હજુ પણ) ધરાવું છે, તેમાં આપના જેવા સહૃદયી સ્નેહીઓ અને વકીલોનો સહકાર મળી રહેશે તેવી મને ખાતરી છે. ઈશ્વર તે બધું પાર પાડે એ જ પ્રાર્થના.

સંસ્થાએ કરવાનાં નાનાં-મોટાં કામોની એક યાદી મારી જાણ અને યાદદાસ્ત માટે બનાવવાનું મેં શરૂ કર્યું છે. તે યાદી ૧૫-૨૦ દિવસ પછી તમારે અહીં આવવાનું થાય ત્યારે આપણે જોઈ જઈશું. એમાંથી ઘણું વિચારી શકીશું. હમણાં અઠવાડિયા માટે જરા Change માટે ગાંધીનગર જવાનો વિચાર છે. કદાચ ૩-૪ જૂન આજુબાજુ જવાનું બને. ત્યાંથી અમદાવાદ આવવાનું થશે એટલે તે વખતે તમને અમદાવાદ આપના બંગલે મળીશ.

આપ સર્વે સહકુટુંબ કુશળ હશો. અમે સર્વે કુશળ છીએ.

એરંડાની ખેતી માટે શ્રી ઉમેદભાઈને બોલાવ્યા છે. શ્રી નારાયણભાઈને પણ બોલાવીને વાત કરીશ.

ભાઈલાલભાઈ જી. પટેલ
સર્વ વિદ્યાલય,
કડી

❑

Dr. C. K. Patel
12741, Golf View,
Dr. Huntley IL 60/142-7521

Mr. Dhanabhai,

May God bless you with good health!

May you walk in the league of great lawayers!

Shri Dhanabhai is great, helpful, kind and nicest person. He was always been there to render his helping hand to me. I have now attained the age of 73 years. Your son, Dr. Kanubhai, has greatly

helped many students. Along with Maneklal, Dr. K. D. Patel was most helpful in getting (securing) donation for our Kadi School. Do convey my 'hello' (regards), to Maneklal. I remember going to School with Maneklala both Maneklal and Dr. Kanubhai have been doing great work for Kadi School.

Shri Dhanabhai Saheb, I hope you are enjoying good health. You have been a great human being and have done wonderful work for School and Society.

Though my health is improving, I still have little difficulty while writing this letter to you. I am trying to remember and understand everyday things. I wish you good health and spirit. Monika and Srik have sent their regards to you and your Family.

Dr. Kanubhai, you are taking a good care of your father. I must say you have proved yourself to be a great son. Shri Dhanabhai has helped me tremendously while I was in India, before I came to USA.


I Shall always pray for your good health.


God bless you!


With best Wishes


Your's,
C. K. Patel,
Sarsav (Kadi)

❑









15
भारत INDIA
MAHESANA
શ્રી વકીલ ધનાભાઈ એ. પટેલ
૧૭ એ, વસંત વિહાર સોસાયટી
નવરંગપુરા
અમદાવાદ ૯ પિન PIN ૩૮૦૦૦૯

MANUFACTURERS & EXPORTERS OF PSYLLIUM SEED HUSK & POWDER

**M/s. KESHAVLAL VITHALDAS PATEL**

NEAR HIGHWAY ROAD, SIDHPUR - 384151 (INDIA) CABLE ATLAS
PH NO (02767) (O) 20100 (R) 20200 FAX 21803

૨૬-૧૨-૨૦૦૧

સ્નેહીશ્રી ધનાભાઈ

આપનો પત્ર મળ્યો. આપ જેવા
સમાજ ચિંતક છો તેમજ સુધારક
સમાજને કાર્યક્રમમાં રસ
રહે છે [illegible] નામ કરવા સાથે
[illegible] [illegible] ડૉ. [illegible]
ના આવાસમાં [illegible] - ગાંધીનગર
સંસ્થાએ ખૂબ પ્રગતિ કરી છે
ડૉ. હસમુખભાઈ - [illegible] -
શરદચંદ્રભાઈ [illegible] [illegible] આપણા
સંસ્થા માટે જે કાંઈ કરી શકાય છે
તે માટે મારા મારો શક્ય નામ
[illegible] આપનો આભાર છે.
મેં [illegible] [illegible]
આપના [illegible] આપના
[illegible] આપના [illegible]
માટે આભાર

[signature]

ટ્રસ્ટ રજી. નં. E ૩૨૨, મહેસાણા ☎ મંડળ : ૫૨૮૯૧

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી

## सर्व विद्यालय केळवणी मंडळ–कडी

## SARVA VIDYALAYA KELAVANI MANDAL - KADI

સર્વ વિદ્યાલય કેમ્પસ,
કડી – ૩૮૨ ૭૧૫ (ઉ.ગુ.)

Sarva Vidyalaya Campus
KADI – 382 715 (N. G.)

Ref. No. ..................

Date ૨૦/૩

આદરણીય વકીલશ્રી ધનાભાઈ સાહેબ,

અમદાવાદ


આપનો પત્ર મળ્યો ભૂતપૂર્વ મંત્રીશ્રી ઈ. રા. પટેલ સદ્‌ગત થયાના સમાચાર જાણ્યા. કાલે કારોબારીમાં શોકપ્રસ્તાવ રજૂ કરીશું. ત્યારબાદ U.S.A. શોકપત્ર / સંવેદના પાઠવીશું.


ગૌશાળાની જમીન ટોચ મર્યાદા અંગે કૃષિપંચ અને ખેત જમીન ટ્રિબ્યુનલ કડી તરફથી પત્ર આવ્યો છે. જેનો જવાબ તૈયાર કરેલ છે. જમીન ટોચ મર્યાદા ધારાની કલમ (૩)(૧)(૨) અને રૂલ ૪ ને અન્વયે જિલ્લા કલેક્ટરશ્રીએ તા. ૧૨-૪-૮૫ના હુકમથી મુક્તિ આપેલ છે.


તબિયત સારી હશે.


આપનો,
મનુભાઈના
વંદન

તા. ૨૭/૩










## ૧.૨.૪ ડૉ. કનુભાઈ અને પુત્રવધૂ અ.સૌ. સવિતાને સુભાશિષ



શ્રી

|| ૐ નમઃ શિવાય ||

પ્યારે બેટે ચિ. ડૉ. કનુભાઈ

આજે મારા જન્મતારીખ તા. ૨૮-૧૦-૨૦૦૦ ના રોજ નુતનવર્ષના કિરણ સુદ-૧ ના શરૂઆત છે. પરમકૃપાળુ પરમાત્મા તમોને સર્વ પ્રકારની સિદ્ધિઓનાં ઉંચા શિખરો સર કરવાની સર્વ પ્રકારની શક્તિઓ આપે તેવા મારા શુભ કામના સાથે મારા આશિર્વાદ.

પ્યારે બેટે તમો બન્ને અ.સૌ. સવિતા મારા વતી સગવડ સ્ત્રીઓની બે કાબેલ્યતાથી સેવા કરી રહેલાં છો તેનો બદલો ભૌતિક રીતે વાળી શકાય તેવો નથી.

આપણા સમાજના કુટુંબની કિર્તી તમે બન્ને વધારી રહેલાં છો. પરમકૃપાળુ પરમાત્મા તમોને સર્વ પ્રકાર સુખ કે તેમ મારા અંતરના ખરા પ્રાર્થના કરું છું. નવા વર્ષના શુભ તમોને સર્વપ્રકારે પ્રગતિ કરવાની તક પ્રાપ્ત થાય તેવી શુભેચ્છાઓ સાથે

"બાપુજીના આશિર્વાદ"

# ડાયરી-લેખન

## ૧.૩.૧ વકીલ ધનાભાઈ સાહેબની ડાયરીના કેટલાક અંશો

■ સંપા. ડૉ. ઊર્જિતા પટેલ

પાટણના જોગીવાડામાં સ્થિત મારા પૂ. નાનાજી (સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્યશ્રી)ના ઘરમાં પહેલા માળની સીડી ચઢતાં જ સામે દેખાતી ૧૬ x ૧૧ ફૂટની દીવાલ પર, અમેરિકામાં મારા નાનાજી મોહનલાલ પટેલ અને શ્રી ધનાભાઈ પટેલ સાહેબનો શર્ટ અને પાટલૂન પહેરવેશમાં સાથે ઊભા રહેલો બ્લૅક ઍન્ડ વ્હાઇટ ૪ x ૨.૫ ફૂટનો સુંદર ફ્રેમમાં મઢેલો ફોટો નજરે પડે છે. આ ફોટો આજદિન સુધી ત્યાં અકબંધ જોવા મળે છે. હું છ વર્ષની હતી ત્યારથી મેં પૂ. ધનાભાઈ સાહેબને આ ફોટોફ્રેમમાં જોયેલા પૂ. દાદાજીને પૂછતાં કે આ વિશાળ કદના ફોટામાં તમારી સાથે ઊભેલા કોણ છે? તેમ વારંવાર પૂછવા છતાં પણ દાદાજી તરફથી એક જ જવાબ મળતો કે તેઓશ્રી વકીલ ધનાભાઈ પટેલ સાહેબ છે. તું તેમને ન ઓળખે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં જોડાયા પછી શ્રી ડૉ. કનુભાઈ સાહેબને આઇએપી (શેરથા) ભવનમાં આવતાં ઘણી વાર જોયેલા. દાદાજી સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કાર્યકરો વિશે થતી વાતોમાં શ્રી કનુભાઈ સાહેબનો ઉલ્લેખ થતો, ત્યારે દાદાજીએ જણાવ્યું કે પાટણસ્થિત ફોટોફ્રેમમાં મારી સાથે જે વ્યક્તિ ઊભેલી છે તે આ ડૉ. કનુભાઈના પિતા શ્રી વકીલ ધનાભાઈ પટેલસાહેબ છે. આખરે ઓળખ મળી ગઈ.

વકીલ શ્રી ધનાભાઈ સાહેબની સ્મૃતિમાં પુસ્તક તૈયાર થઈ રહ્યું છે તેની જાણ મને શ્રી મણિભાઈ પ્રજાપતિ સાહેબે કરી. તેમણે મને ધનાભાઈ સાહેબની ડાયરી વાંચવા માટે આપીને પસંદગીના પત્રોનું સંપાદન કરવા સૂચવ્યું. ડાયરી વાંચતા જ ખ્યાલ આવ્યો કે તેઓ સર્વ વિદ્યાલયના હિત માટે સતત વિચાર કરતા રહેતા હતા, જેની પ્રતીતિ ડાયરીમાં કરેલી નોંધોથી થાય છે. તેમણે સર્વ વિદ્યાલયના વિકાસ અને ખાસ કરીને છાત્રાલયોના વિકાસ માટે એવું તે શું કરવું કે જેથી વિદ્યાર્થીઓ પ્રસન્નતાથી છાત્રાલયમાં રહી શકે, તેમનો માનસિક વિકાસ થાય. વિદ્યાર્થીઓનો શારીરિક વિકાસ થાય તે માટે પૌષ્ટિક ભોજન જેમ કે, દૂધ, ફળો, શાકભાજી, નાસ્તા વગેરે ગુણવત્તાયુક્ત મળી રહે તેવી સગવડ ઊભી કરવી વગેરે. આ ઉપરાંત પોતે વાંચેલ ગ્રંથો, લેખો વગેરે સંબંધી પોતાના પ્રતિભાવની નોંધ ડાયરીમાં કરતા રહ્યા હતા.

તેમને રાજકારણમાં પણ રસ હતો. વર્તમાનપત્રોમાં રાજકારણ વિષય સંબંધિત સમાચારોની ટિપ્પણી, તારીખ અને સમાચારપત્રના નામ સાથે ડાયરીમાં કરતા. વળી, ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે કરેલ કાર્યોની નોંધ પણ તેમણે લીધી છે.

પ્રસ્તુત સંપાદિત લેખમાં વકીલ શ્રી ધનાભાઈ સાહેબે લખેલ બ્રાઉન કલરની ૫.૫ x ૬ ઇંચની વર્ષ ૧૯૮૫, મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ કાર્યાલય કડી, જિ. મહેસાણા (ઉ. ગુજરાત)ની ડાયરીમાંથી અલગ-અલગ ૬ દિવસોની નોંધો અહીં રજૂ કરવામાં આવી છે.

❑

30-3-૧૯૮૬

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કે. ઉ. મંડળના કૅમ્પસમાં ચાલતાં છાત્રાલયોના વહીવટમાં પ્રાણ પૂરવા ‘નવજીવન’ પ્રેસમાંથી કેટલાંક પુસ્તકો લાવેલો તે લઈને શ્રી મનુભાઈ એ. પટેલ સાથે તેમની ગાડીમાં કડી જવાનું હતું, પણ એ વખતે બીજાં કામે રોકાઈ જવાથી બંધ રહ્યું. ‘ગૃહપતિ’ નામનું તે પૈકીનું પુસ્તક જે શ્રી નાનાભાઈ ભટ્ટનું છે તે વાંચવાનું શરૂ કર્યું. તેમાં...

- સર્વ સંચાલકોએ ક્યાં જવું છે ? અને કઈ રીતે જવું છે તે સ્પષ્ટ હોવું જરૂરી છે.
- ફરજપ્રધાન છાત્રાલય અને યોજનાપ્રધાન છાત્રાલય.
- પ્રાચીન આશ્રમજીવન આજે પણ આપણને મુગ્ધ કરે છે, પણ પ્રશ્ન એ છે કે હાલ શું શક્ય છે ? સામાન્યતઃ આપણાં છાત્રાલયો પરગામનાં વિદ્યાર્થીઓને કેળવણી લેવાની સગવડ થાય તેવા હેતુથી સ્થપાયાં – હાઈસ્કૂલની સગવડ માટે સ્થપાયાં નથી, પણ અમુક વિશિષ્ટ ઉદ્દેશોથી સ્થપાયાં છે.
- ફરીથી સંસ્કારી ગૃહજીવન ઊભું કરવું હોય તો તે વિશિષ્ટ ઉદ્દેશવાળાં છાત્રાલયો કરી શકે અને બીજાં છાત્રાલયો તેમનો લાભ લઈ શકે.
- કોઠારી જેવા ગૃહપતિઓ નીમો એટલે બૉર્ડિંગ વીશીઓ જેવાં બની જાય અને શાળાના શિક્ષકોને ગૃહપતિ નીમીએ તો લેશન કરાવવાની સંસ્થા બની જાય.

❑

તા. ૧૪-૧-૮૭

આજે ગાંધીનગર-કડી શ્રી મા. મા.ને અને કલોલ શ્રી છ. કા.ને ટપાલ લખી. કડી સંસ્થાના છાત્રાલયોનો વહીવટ ગૃહપતિઓ – વિશેષ કાળજી લઈને કરે અને અઠવાડિયે એક વખત શ્રી મા. મા – સાંજની પ્રાર્થનામાં હાજરી આપે અને ડૉ. શ્રી રામભાઈ તેમની સાથે અને એક વખત પોતે એકલા પ્રાર્થનાસભામાં હાજરી આપે. ઉપરાંત સંસ્થાના કૅમ્પસમાં રહેતાં ગૃહપતિઓ વારાફરતી નક્કી કરવામાં આવેલા વિષય ઉપર પ્રવચન કરે તેમ સૂચવ્યું. ઉપરાંત સમાજસંપર્ક માટે કડી શહેરમાંથી અન્ય પદાધિકારી જેમ કે, શ્રી ન્યાયાધીશ, મામલતદાર, શ્રી P.I વગેરે તથા ઉદ્યોગપતિ,

મૅનેજર વગેરેને દર અઠવાડિયે બોલાવીને પ્રવચનો અપાવવાં. ડૉ. શ્રી રામભાઈ પણ સાંજની પ્રાર્થનાસભામાં હાજર રહે. ચોમાસામાં આ પ્રવૃત્તિ બે માસ બંધ રાખવી.

ગાંધીનગરના રસોડે બપોરનો નાસ્તો આપવો. તેમાં તેલની ઘટ ના પડે કે ઓછું તેલ વપરાય તેવા નાસ્તા માટે સૂચનો કર્યાં. કેટલાકે તેલનો ભાવ વધતા જાય છે એટલે ટામેટાં, ગાજર, કાકડી, જામફળ, કેળાં વગેરે કાચાં-પાકાં ફળો અને બટાકા-પૌંઆ, મમરા વગેરે સૂચવ્યાં.

શ્રી નાની પાલખીવાળાએ એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં પોતાના પ્રવચનમાં શિક્ષણ સંસ્થાઓમાં શિસ્તની તાતી જરૂરિયાત દર્શાવી.

વેપારીઓને H1 વિઝાનો લાભ લેવા સાંટિયાગો, કેલિફૉર્નિયા, યુ.એસ.એ.થી આવેલા એટર્ની – એટ લૉ શ્રી ચેતન પી. શર્માએ આગ્રહ કર્યો. તાઈવાન, કોરિયા, જાપાન વગેરેના વેપારીઓ આ વિઝાનો ખાસ લાભ લે છે. ઇન્ટ્રા કંપની ટ્રાન્સ વિઝાથી બહોળો વ્યાપાર કરી શકાય છે. અમેરિકન સરકાર કોઈ પણ વેપારીને પોતાનાં ત્યાં વેપાર કરવા આવકારે છે. તેમ જણાવ્યું.

પ્રજાસત્તાક દિનનો ઉજવણીના બહિષ્કારના એલાનને ગંભીર ગણવું જોઈએ. નીચે શું થઈ રહ્યું છે તેનો ખ્યાલ દેશનેતાઓને આવશે ? ભારતમાં મતનો અધિકાર, સરકારી નોકરીનો અધિકાર, ભારતને વફાદાર એવા ભારતીઓને રહેવો જોઈએ. અન્ય અહીં રહે તેની હરકત નહીં.

સયાજીરાવ ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટની ગુજરાત યુનિવર્સિટીના હૉસ્ટેલના વિદ્યાર્થીઓની હડતાલ અને અન્ય હડતાલો – તમામનો ઉકેલ શો ? એક ખડી સમિતિની રચના કરવી જે જુદી-જુદી તકલીફો સાંભળી તરત જ તેનો ન્યાયી ઉકેલ આપે.

❑

તા. ૧૩-૫-૮૮

શુક્રવાર

પૂ. છગનભાનું જીવનચરિત્ર લખવા કડી સંસ્થા તરફથી સમિતિ નીમવામાં આવી છે. શ્રી મોહનલાલ બાભઈદાસ પટેલે કાર્યભાર ઉપાડ્યો છે. તેમણે લખેલા અને પૂ. છગનભાના કુટુંબની માહિતી માટે ક્યાં જવું તેવા પ્રશ્નો કર્યા. પ્રથમ શ્રી ભાઈલાલભાઈ પાસેથી જે માહિતી મળે તે લેવા સૂચવ્યું. ઉપરાંત સંસ્થાની શરૂઆતનાં રજિસ્ટરો વગેરે તથા રિપોર્ટ જોવા પણ સૂચવ્યું. ઉપરાંત અમદાવાદ પૂ. છગનભાઈના પૌત્ર શ્રી જયંતીભાઈની મુલાકાત લેવાનું અને હું સાથે આવીશ તેમ જણાવ્યું. દોઢેક માસ થયો છે, પણ હજી શ્રી જયંતીભાઈને મળવા શ્રી મોહનભાઈ બાભઈદાસ આવ્યા નથી, કડીના મારા મકાનમાંથી ‘છગનભા’ અંક મળ્યો. તેમાંથી શ્રી બંસીલાલ જે. પટેલનો લેખ તથા શ્રી જગુભાઈનો લેખ મળ્યો. બીજા લેખો પણ મળ્યા.

તેમાંથી માહિતી પૂ. છગનભાના પિતાશ્રી પીતાંબરભા, માતા શ્રી કૃષ્ણાબેન. કૃષ્ણાબેન ખેતીકામ કરતાં અને પ્રભુભક્તિ પણ કરતાં.

પીતાંબરભાનું વ્યક્તિત્વ પ્રભાવશાળી, ગામ આખામાં તેમને જોતાં જ ધમાલ કરનાર શાંત થઈ જાય. બુલંદ અવાજવાળા આ ઘરે બેઠા ઘાંટા પાડીને પડકાર નાખવાની શક્તિ ‘ભા’માં આવેલી. ભાને વેદાંત અને ફિલસૂફીઓનો શોખ અને વૃત્તિપ્રભાકર, ઉપનિષદોનો પણ. હજુ પુસ્તકો પડ્યાં છે. સ્વામી કેશવાનંદજી (કાશીના) તેમના ગુરુ.

❑

તા. ૨૨-૧-૮૯

આજના ગુજરાત સમાચારમાં હિંદુવાદ કેમ સતત વિસ્તરી રહ્યો છે? નો ‘ઉકેલ માંગતો કોયડો’માં શ્રી વિદ્યુત ઠાકરનો લેખ વાંચ્યો. આજે મહાભારતને ટી.વી. માં જોયું. શ્રીકૃષ્ણ અને બલરામ જે મૂલ્યોનાં રક્ષક બને છે અને ધર્મની સંસ્થાપના માટે અધર્મીઓનો વિનાશ કરે છે, તે સંદેશ હિંદુ ધર્મનો છે. હિંદુઓના હિંદુસ્તાનમાં બિનહિન્દુઓને જે સહિષ્ણુતાથી હિંદુઓએ તેમના સઘળા અત્યાચારો વિસારી મૂકી સ્વીકારી ભારતના થવા દીધા છતાં હિંદુઓને અનુકૂળ થવાને બદલે સદા તેમને યેન, કેન, પ્રકારેણ ભીડાવતા રહી ભારતના ભાગલા જે તત્ત્વોએ જે હેતુથી કર્યા તેમનું આક્રમણખોર માનસ બહારથી અને અંદરથી એ ચાલુ જ રહેતું. હિંદુસ્તાનમાં હિંદુઓ હિંદુવાદને વિસ્તારે નહીં તો કયો વાદ સ્વીકારે તે શ્રી વિદ્યુત ઠાકરે સ્પષ્ટ નથી કર્યું. રાજકારણ અને ધર્મકારણ જમાનાથી જે રીતે ચાલતાં આવ્યાં છે તે હવે સમજવું જ પડે. ઈરાનના ખૂમાની અફઘાનિસ્તાનમાં ઇસ્લામ પ્રજાસત્તાકની ભલામણો કરે. પાકિસ્તાન પણ ઇસ્લામી સત્તા બને. બાંગ્લાદેશ તે રીતે ચાલે અને પાકિસ્તાનને ભારતના ઇસ્લામીઓ આનંદના સૂરે વધાવતાં રહે ત્યાં હિંદુઓને સંગઠિત થવામાં રોક્યા કરવાથી શું પરિણામ આવે? જો હિંદુસ્તાનમાં રહેનાર સૌ એકબીજાનું ધાર્યું ના કરે તો જ સર્વધર્મ સરખા બની શકે, પણ જેમ રાજકારણમાં હાલ ચાલી રહ્યું છે તેમ એક રાજકીય પક્ષ અન્ય રાજકીય પક્ષને દેશનો દુશ્મન ગણાવે છે, તેવું પોતાના મનનો વિચાર કરવા પાછળ ધર્મનું પણ છે. પૂ. ગાંધીજીની વાત સ્વીકારવામાં આવે તો હિંદુસ્તાનને પ્રથમ સ્થાન આપી વિચારવામાં આવે તેવું કરવું પડે અને તે પેટે કાં તો હિંદુસ્તાન હિંદુઓનું છે. અન્યને મતાધિકાર નહીં, સરકારી નોકરી નહીં, રહેવા માટે હિંદુ જે વટલાયેલા ન હોય તે હિંદુ બની રહે તે એક રસ્તો છે. નહીંતર મંદિર, મસ્જિદ, મહાદેવ, દેરાસર ધર્મ કશું જ નહીં. વિશ્વને મંજૂર તેવા માનવધર્મમાં ઊગતી પેઢી માનતી થાય અને તે જ સ્વીકારે તેવી રચના ઊભી કરાય તો જ ભારતમાં હિંદુવાદ કે અન્ય ધર્મનો વાદ ઊભો ન થાય અને વિશ્વને નવો રસ્તો ચીંધાય. આજે તો રાજકારણમાં ખ્રિસ્તીઓ પોતાનો ધર્મ ફેલાવવા માટે મત વધારવાનું કામ રાખી રહેલા છે. ઇસ્લામી રાષ્ટ્રો ઇસ્લામના ફેલાવા માટે વટાળવૃત્તિ વધારી રહેલાં છે, એટલે આવા લેખો ફાયદાના બદલે નુકસાન કરે છે.

તેવું જ આજના ગુજરાત સમાચારમાં ‘વાસરિકા’માંથી શ્રી નિરૂભાઈ દેસાઈનો લેખ વાંચતા સ્ફુરે છે. ભારતે સૌને સ્વીકાર્યાં – સ્વીકારવા પડેલાં અને હવે તે

હકીકત બની ગઈ છે. તો સૌને હિંદુસ્તાની માની સ્વીકારી સૌના હિતનો વિચાર કરી શકાય તે માટે સૌના સહકારથી સ્વરાજ લેવાની લડત માટે પૂ. ગાંધીજીએ ભારતની સંસ્કૃતિને અનુરૂપ અને વસુધૈવ કુટુંબકમ્‌ને અનુકૂળ એવા રસ્તે ભારતના સ્વરાજની લડત લડવા કૉંગ્રેસને દોરી અંગ્રેજોને દુશ્મન ન માન્યા, પણ જે તત્ત્વોએ ભારત ઉપર ચઢાઈઓ કરેલી તે પૈકી જે ઇસ્લામી તત્ત્વને જિન્હાએ દોરવણી આપી તેના ખતરાને મૂલવી શકાયું નથી લાગતું. પૂજ્ય સરદાર આ ખતરાને સમજી શકેલા.

કૉંગ્રેસમાં જે મુસ્લિમ આગેવાનોને પૂ. ગાંધીજીની વિચારસરણીના અમલમાં જોડવામાં આવ્યા કે લેવામાં આવ્યાં તેમણે મારી જાણ પ્રમાણે કદી ગાંધીટોપી ધારણ કરી નથી. મુસ્લિમ તરીકે જ પોતે કૉંગ્રસમાં રહ્યા અને સમગ્ર ભારતના કલ્યાણના બદલે ફક્ત એક જ ભાગ તેવો પોતાના કોમના હિતની દૃષ્ટિએ જ વિચાર્યા કર્યું, વર્તન કર્યાં કર્યું અને ત્યાં સુધી કે પોતે વિશેષ સ્વરૂપે પોતાના કોમની આબરૂ ઊપસે તેવું વલણ રાખ્યા કર્યું. મૌલાના આઝાદે આવી જ દૃષ્ટિથી સમગ્ર ભારતના કલ્યાણની મજબૂતીની ખેવના કરતાં પૂ. સરદાર સામે આક્ષેપો કર્યાં છે. આજે તેને બહુમતી કહેવામાં આવે છે ને હિંદુ ધર્મને જનજાતિ – અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ વગેરેમાં વહેંચી નાખી તે પોતાને લઘુજાતિમાં રોકાઈ જવાના રસ્તે કૉંગીએ ચાલતા કર્યાં છે. જેને લઘુમતી કહેવામાં આવે છે, તેને સંગઠનની દૃષ્ટિએ વિચારીએ તો તે બહુમતીમાં છે અને ભારત બહારથી પણ મદદ અને ટેકો મેળવે છે. જ્યારે ભારતમાં જેને હિંદુ ગણવામાં આવે છે તેને વળી વિશેષપણે આદિવાસી સમાજના નામે જુદા પડાતા જાય છે. સરકાર પાસે હિંદુ ધર્મની કે હિંદુની વ્યાખ્યા નથી.

વિશ્વ નાગરિકની વાત કરનાર શ્રી રાજીવ ગાંધીએ પણ આ વાત સમજવી રહી. તાકાત સિવાય કોઈનું નિર્માણ થઈ શકતું નથી. દિનેશ શુક્લ, ભાલચંદ્ર દવે, નાસીર વગેરે લેખકો પૃથક્કરણ કરતાં રહી ભાગેડુઓને ગમે તેવા ચાબખા માર્યા કરે છે. તેવું જ શ્રી મોરારિબાપુ, શ્રી સચ્ચિદાનંદજી (દંતાલીવાળા), શ્રી ડોંગરેજી વગેરે ભક્તો, સપ્તાહિકો કરનારા અને સાધુ સંન્યાસીઓ બોલે છે, લખે છે, પણ ભવ્ય ભારતને ઘડવા નવી મનુસ્મૃતિ રૂપી રાજબંધારણનો નમૂનો કોઈ લખી શકતું નથી. જેમાં ચોકઠામાં દેશને ઢાળવામાં આવે અને તેને દિશા ધ્યેય-હેતુ દેખાય અને સમજાય.

ત્રણ રાજ્યો નાગાલૅન્ડ, મિઝોરમ અને તામિલનાડુમાં ત્યારે મતદાન થયાના સમાચાર છે. ભારતના ભાવિને – હિતને દરેક ભાષાવાર, પ્રાંત રચનાથી અને ધર્મ જાતિના ધોરણે રાજ્ય બનાવવાની નીતિથી ખૂબ નુકસાન પહોંચ્યું છે. હવે ગ્રામપંચાયત અને જિલ્લાપંચાયતનું યુનિટનું ધોરણ સ્વીકારવું અને ભારત પૂર્વ ભારત, પશ્ચિમ ભારત, ઉત્તર ભારત, દક્ષિણ ભારત અને મધ્ય ભારત એવા વિભાગમાં આર્થિક હિત અને સંરક્ષણની દૃષ્ટિથી ગોઠવાય અને વિશ્વ ધર્મ-માનવધર્મની પૂ. ગાંધીજીના સિદ્ધાંતો પર – સમયની દિશામાં સમગ્ર ભારતને જોડવામાં આવે ને વિશ્વનું અને ભારતનું કલ્યાણ થઈ શકે.

❑

તા. ૨ ઑગસ્ટ, ૧૯૯૦

હમણાં કડી સંસ્થાનાં તથા અન્ય શાખાઓના છાત્રાલયોના છાત્રો માટેની તથા તેનું સંચાલન કરતા ગૃહપતિઓ માટેની આચારસંહિતાના નિયમો બનાવવાનું વિચાર્યા કરું છું. વચ્ચે કડી સંસ્થામાં રહી આવ્યો. બાથરૂમો – સંડાસ – મુતરડીઓ અને અન્યત્રની સ્વચ્છતા ઓછી જણાઈ. ગૃહપતિઓ નવા આવે અને જૂના ટકતા નથી તેથી આમ બને છે તેવા ખુલાસા સાંભળ્યા. પૂરા સમયના ગૃહપતિ બે છે. બીજા પાર્ટ ટાઇમ (શિક્ષક સ્ટાફ પૈકીના) સાત છે. મંત્રીઓ જે સ્થાનિક છે તેમનું ચેકિંગ થતું રહે અને મુખ્ય ગૃહપતિનું ચેકિંગ રહે અને દરેક ગૃહપતિને તેની કામગીરીની દોરવણી મળે તેવા સ્પષ્ટ નિયમ હોય તો નિયમપાલન થયા કરે. કડી રહ્યો ત્યારે શ્રી પાંડુરંગ શાસ્ત્રીનાં મુંબઈમાં રામાયણ ઉપરનાં પ્રવચનોનું પુસ્તક આચાર્ય શ્રી મનુભાઈ પાસેથી વાંચવા લીધેલું તે વંચાય છે. સામાન્ય જનસમાજ નીતિનિયમોનું પાલન કરે ત્યારે જ ભારતની તેજસ્વિતાનું નિર્માણ થાય તેવો સમગ્ર પ્રવચનોનો હેતુ છે. ચારિત્ર્ય અને નીતિપાલન પ્રજાના ઘડતર માટે ગૃહસ્થોની જાગૃતિની જેટલી જરૂર છે તેટલી જ શિક્ષણવ્યવસ્થાની પણ ફરજ બને છે. કડીની સંસ્થા છાત્રાલયો મારફત ભાવિપ્રજા થનાર બાળકોમાં સંસ્કાર સિંચન – નીતિ અને ચારિત્ર્યના નિર્માણ મારફત – કરે તો સંસ્થાની સ્થાપના પૂ. છગનભાએ સને ૧૯૧૯માં જે હેતુથી કરેલી તે સચવાય. સંસ્થા જેમ-જેમ વિસ્તરતી ગઈ અને આઝાદી પછીનું દેશમાં જે ભોગપ્રધાન જીવન ઉપસ્યું છે તેણે આ સંસ્કારસિંચનમાં ટાઢશ આણી છે. છતાં પૂ. છગનભાએ જે વાતાવરણ જન્માવેલું અને તે વખતના શિક્ષકગણે અને આઝાદીની લડતમાં પૂ. ગાંધીજીએ દેશઘડતરના જે પ્રયોગો કરેલા તેની અસરના પ્રતાપે હજુ પોત સચવાયું છે. ઝાંખપ દૂર થઈ શકે તેમ છે.

❑

તા.૨-૮-૧૯૯૦

સંસ્કાર વિના જીવન દિવ્ય બનતું નથી. નીતિ અને ચારિત્ર્યના સંસ્કાર પામેલા યુવાનો જ દિવ્ય ગૃહસ્થાશ્રયી બની શકે. આવા યુવાનોનું નિર્માણ શિક્ષણવ્યવસ્થા જ કરી શકે. આવી શિક્ષણવ્યવસ્થા હવે રાજ્યસત્તા જ કરી શકે તેવું થયું છે. ભારતમાં જૂનાં રાજ્યોમાં જેમ દેશની એકતા વહેંચાઈ ગઈ હતી તેમ ધર્મસત્તા જુદા-જુદા સંપ્રદાયોમાં વહેંચાઈ ગયેલી છે. છતાં સમગ્ર આમજનતા માનવધર્મશાસ્ત્રનું નિર્માણ અપનાવે તેવી છે અને માનવધર્મશાસ્ત્ર એટલે નીતિ અને ચારિત્ર્ય-વાદ અને પંથ એક જ – દુનિયા એક છે તેના આપણે સૌ ઘટક છીએ. સૌને આપણું ભારત કરાવવા જેટલા આપણે અને આપણી વ્યવસ્થા મજબૂત બને તો વિશ્વચારિત્ર્યનું નિર્માણ થાય, પણ તે પહેલાં ઘર આંગણાથી જ શરૂઆત થાય અને તે માટે આપણાં છાત્રાલયો અને શિક્ષણસંસ્થાઓ છે તેમાંથી શરૂઆત કરવી પડે. એકલી શાળાઓની સંખ્યાથી ફુલાઈ જવાથી કંઈ નિર્માણ નહીં થાય. આચાર કરવો પડશે.

❑

# લેખન પ્રવૃત્તિ

## ૧.૪.૧. આપણા જ્યોતિર્ધર સ્વ. પૂ. છગનભા આપણને જોઈ રહ્યા છે

ઉત્તર ગુજરાતમાં સને ૧૯૧૯ના અરસામાં અક્ષરજ્ઞાન નહિવત્ હતું. જમાનો કેળવણી માગતો હતો. 'ખેડૂત સમાજે જાગ્રત થવું હોય અને પોતાનું શોષણ થતું અટકાવવું હોય તો કેળવણીની જ્યોત જગાવવાનો ભેખ લે. સંન્યાસી થવાની જરૂર નથી.' તેવા પ્રકારનો મંત્ર પૂ. છગનભાને તે વખતે મળ્યો.

કડી તે વખતે પ્રાંતનું (જિલ્લાનું) મથક હતું. ઉત્તર ગુજરાતમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવવાનો પુરુષાર્થ આદરવા પૂ. છગનભાએ કડીની પસંદગી કરી. સૌને જાણે કે કડીથી કડી જોડી સાંકળ બનાવવાની હોય તેમ પ્રાંતના તાલુકે-તાલુકે અને મોટાં-મોટાં ગામોએ હાઈસ્કૂલો અને કૉલેજો સ્થપાતી ગઈ. કેળવણીની સાંકળથી સૌને સાંકળી લેવાનો વેગીલો પ્રવાહ ત્યારથી વિસ્તરતો જાય છે.

પૂ. છગનભા અને એમના સાથીદારો સ્વ. માધવજી તથા સ્વ. ધનશા ભગત, સ્વ. પૂ. બાપુભાઈ ગામી, શ્રી છગનભાઈ, શ્રી પોપટભાઈ વગેરે ના હોત તો કડીની સંસ્થા ના હોત અને કડીની સંસ્થા ના હોત તો આપણે બધાં ક્યાં હોત? પૂ. છગનભાને જે વિદ્યાર્થીઓએ અને અનેક કાર્યકરોએ નજરે નિહાળેલા છે તેમની નજર સમક્ષ આ ''ભા''ની પુણ્યશાળી પ્રેરણાદાયી પ્રેમઝરતી મૂર્તિ યાદ કરતાંની સાથે ઉપસ્થિત થયા વગર રહેતી જ નથી. માથે મોટી ખાદીની ટોપી, ખાદીનું કાંસવાળું અંગરખું, ખાદીનું ધોતિયું, પગમાં સાદાં અહિંસક ચંપલ કે જોડા અને હાથમાં પેલો ધોકો – જેડિયો લઈ આશ્રમના – બૉર્ડિંગના દરવાજે 'ભા' આવતા એટલે પ્રેમનો હિલોળો આશ્રમના કણ-કણને નવરાવી દેતો. ફળના ટોપલા વિના 'ભા' કોઈ દિવસ આવતા જ નહિ. ''બાળકો-વિદ્યાર્થીઓ'' રાજી થાય તો જ હું રાજી, આ તેમનો પ્રેમ નીતરતો સંદેશો હતો.

ગામેગામ ગરીબમાં ગરીબ ખેડૂતે પણ 'ભા'ની ઝોળી ધરવામાં આવતાંની સાથે તેમાં કંઈ ને કંઈ ફાળો નાંખ્યો જ હોય. ઘર-ઘરના અને ગામ-ગામના એ ફંડમાંથી આ સંસ્થાનો પાયો નંખાયેલો છે. તેને આજે પચાસ વરસ થઈ ગયાં છે. કેટ-કેટલાય વિદ્યાર્થીઓ આ સંસ્થાને આંગણે પોતાના હાલના જીવનનાં ભાથાં બાંધી ગયેલાં છે. 'સુવર્ણજયંતી'નો રૂડો અવસર આવ્યો છે. 'ભા'નું ઋણ અને 'માતૃસંસ્થા'નું ઋણ ફેડવાની

પવિત્ર પળ આપણા સામે આવી ઊભી છે. 'ભા'નું બાવલું સંસ્થાના દરવાજાની સામે જ છે. સૌને જતાં અને આવતાં તેમણે જોયાં છે. આશીર્વાદ દીધા છે કે, 'પગભર થાઓ અને સંસ્થાને પગભર કરજો.'

અને સંસ્થાને પગભર કરવાની ટહેલ નંખાણી છે. વિજ્ઞાનકૉલેજ અને ટૅક્નિકલ સ્કૂલની પ્રવૃત્તિ પાંગરતી જાય છે. કન્યા છાત્રાલયનાં 'ભા'નાં સ્વપ્નાં અજાણ્યાં ન હતાં. કડીને આંગણે તે સ્વપ્ન પણ સાકાર કરવાનું છે.

ઈશ્વરે આપ્યું હોય તે બધું આપી દેવાનું નથી. બે ભાઈના બદલે ત્રણ-ચાર ભાઈઓ હોય તો બાપની મિલકતના વારસામાં ત્રણ-ચાર ભાગ પડી જાય બેને બદલે ચાર દીકરીઓ હોય તો ચાર કરિયાવર કરવા પડે.

સૌની પાસે સંસ્થાના કાર્યકરો ન પણ પહોંચી શકે. જે જાણે કે સંસ્થાની 'સુવર્ણજયંતી' ઊજવવાની છે તે દરેક જણ નાનો કે મોટો, ભાઈ કે બહેન, ખેડૂત કે વેપારી, મજૂર કે શેઠ જે હોય તે પોતાની શક્તિને લક્ષમાં લઈ સંસ્થાએ ઉપાડેલી મોટી જવાબદારીઓને પહોંચી વળવા શક્તિ આપે તેની 'સુવર્ણજયંતી'ના પ્રસંગે પાંખડી નહિ, પણ ફૂલ બને તેવી રકમ મોકલી આપશો તો 'પૂ. છગનભા'નો આત્મા પુલકિત બની ઊઠશે અને જ્યાં હશે ત્યાંથી આપણે તેમને અને તેમણે વાવેલા સંસ્થાવૃક્ષને વફાદાર રહી આપણી ફરજ અદા કરી છે તે જોઈ આપણા સૌ ઉપર આશીર્વાદ વરસાવશે.

**(સૌજન્ય :** 'સુવર્ણજયંતી' : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની
સુવર્ણજયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક.
વર્ષ ૧ અંક-૨, ૧૮-૯-૬૯ પૃ. ૨)

❑

*સુખી પિતા હશે જે તણો તે દીકરીને લાભ જ ઘણો !*
*કોનો પિતા લખેશરી કહાવે, તે તો મારે શો ખપ આવે ?*
*રાંક પિતા આવ્યા મુજ ઘરે, એક કાપડું સોનાનો મેર !*
*તમે મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો !*

\- પ્રેમાનંદ

## ૧.૪.૨ પુરોવચન : 'પ્રજ્ઞાદીપ છગનભા'

પૂજ્ય છગનભાનું જીવનચરિત્ર લખવાની સંસ્થાએ સોંપેલી જવાબદારી પૂરી કરીને શ્રી મોહનભાઈએ એ ચરિત્રની હસ્તપ્રત મને સોંપી હતી.

શ્રી મોહનભાઈએ લખેલું આ જીવનચરિત્ર મેં ત્રણ વખત વાંચ્યું, છતાં તે ફરી વાંચવાનું છોડી શકાતું નથી એટલું પ્રેરણાદાયી બન્યું છે.

જીવનભર જ્ઞાતિહિત માટે ઝઝૂમનાર ઋષિસમા પૂ. છગનભાના વ્યક્તિત્વને અને તેમના કામને લઈ મોહનભાઈએ જે રીતે શબ્દદેહમાં ગૂંથ્યું છે તે એટલું તો આબેહૂબ છે કે આ જીવનચરિત્ર વાંચતાં પૂ. છગનભા જાણે કે સદેહે આપણી સન્મુખ ખડા થઈ પોતાના સમાજને કેળવણી માટે હાકલ કરી જગાડતા હોય અને સમાજના કુરિવાજો છોડાવવા હૈયાવરાળ ઠાલવતા હોય એમ લાગે છે.

પૂજ્ય છગનભાનું આ જીવનચરિત્ર એટલું તો પ્રેરણાદાયી અને સનાતન બન્યું છે કે વર્તમાનકાળના અને ભવિષ્યકાળના હરકોઈ ક્ષેત્રના કાર્યકરોને, શિક્ષકોને, ગૃહપતિઓને, વિદ્યાર્થીઓને અને સમાજના ઘટકોને પથદર્શક બની રહેવાની ચિરંજીવિતા તેને પ્રાપ્ત થઈ છે.

શ્રી મોહનભાઈ પટેલે જે શ્રમ ઉઠાવી પૂ. છગનભાના જીવનચરિત્રને ખૂબ જ જીવંત અને પ્રેરક બનાવ્યું છે તે માટે મારું હૃદય બોલી ઊઠે છે – 'ધન્ય છે શ્રી મો. બા.ની લખાણશૈલીને, તેમની સૂઝ અને દૃષ્ટિને.'

તા. ૩-૨-૧૯૪૮

**વકીલ ધ. હ. પટેલ**
મંત્રી

(મોહનલાલ પટેલકૃત 'પ્રજ્ઞાદીપ છગનભા'(૧૯૮૯)માંથી સાભાર)

❑

*માતા, પિતા અને ગુરુ તણું પ્રિય સદા કરો,*
*એ ત્રણે તૃપ્ત તો જાણો સિધ્ધ છે જ બધાં તપ !*

*- મહાભારત*

*

*કરો સેવા પિતાની ને પાળો આજ્ઞા પિતાતણી,*
*નથી આના થકી મોટો બીજો આધાર ધર્મનો.*

*- રામાયણ*

## ૧.૪.૩ મુ. શ્રી દાસભાઈ એટલે?

મુ. શ્રી દાસભાઈ ગરીબીમાં જન્મી મોટા થયા, સુધરાઈની બત્તી પાસે બેસી અભ્યાસ કર્યો અને નીડરપણે આઝાદીની લડતમાં ઝુકાવ્યું. ગરીબી અને મુસીબતો તેમનો ખોરાક બન્યાં અને ઉત્તર ગુજરાતે 'છોટા સરદાર'નું બિરુદ પામેલા 'વાઘ' જેવી છાતીવાળા ખેડૂતનેતા મેળવ્યા.

### નિષ્કામ કર્મયોગી

લૉ કૉલેજનો અભ્યાસ પૂરો કરી સને ૧૯૪૭માં હું વકીલાત કરવા કડીમાં રહેવા આવ્યો અને તરત જ કડી તાલુકા કૉંગ્રેસના મંત્રીપદે સ્વ. શ્રી શાન્તિલાલ કે. પરીખે રહેવા આનાકાની કરી એટલે મને મૂક્યો. ડૉ. માણેકલાલ તે વખતે કડી તાલુકા કૉંગ્રેસના પ્રમુખપદે હતા અને તે જ અરસામાં કડી તાલુકા ખેડૂતમંડળના પ્રમુખપદે રહેવા શ્રી અંબાલાલભાઈ તુલસીદાસે ના કહી એટલે 'કડી તાલુકા પટેલભુવન'માં મળેલી સભામાં તે જવાબદારી પણ મને સોંપી. ત્યારથી મુ. દાસભાઈ સાથે સતત જાહેરજીવનમાં કામ કરતા આવવાની મને તક મળી છે. વળી, ઉત્તર ગુજરાતની જાણીતી કેળવણીની સંસ્થાઓ શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં પણ ત્યારથી જ તેમની સાથે તે સંસ્થાઓનાં વ્યવસ્થાપક મંડળોમાં રહી કામ કરતો આવેલો છું, પરંતુ ત્યારથી આજ સુધીમાં તેમને પોતાના કે પોતાના કામનાં ગુણગાન ગાતા કે આપવડાઈ કરતાં ક્યાંય મેં સાંભળ્યા કે જોયા નથી. પોતાનો સ્વાર્થ સાધવાની મનોવૃત્તિથી ક્યાંય સ્વાર્થી બાંધછોડ પણ કરી નથી અને શ્રી છગનભાઈ રા. વકીલના શબ્દોમાં કહું તો "પોતાના પ્રમાણિક વિચારો માટે ઝઝૂમી ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે સહન કરનાર જો કોઈને મર્દ કહેવો હોય તો તે શ્રી દાસભાઈ છે." પોતાની આ નિષ્કામ કર્મયોગી વૃત્તિના કારણે તે આજે એંશી વરસની ઉંમરે પણ કડીની કેળવણીની સંસ્થાઓનું કામ દોડતા કરી રહેલા જોવા મળે છે.

### પ્રાણવાન ખેડૂતનેતા

સ્વરાજની લડતમાં ખેડૂતો અને ગામડાંની જનતા ભાગ લઈ લડતને જોમવંતી બનાવી ઘણું સહન કરતી હતી. પૂ. ગાંધીજીએ સ્વરાજની મહાન લડતમાં ભાગ લઈ ભોગ આપી રહેલા કચડાયેલા કિસાનો અને ગ્રામજનતાને સ્વરાજ આવ્યા પછી સ્વરાજ શાના માટે લેવામાં આવેલું છે તેનો ખ્યાલ રહે એટલા માટે 'નાગપુર ઝંડા સત્યાગ્રહ' અને 'બારડોલીના સત્યાગ્રહ' પછી એક અંગ્રેજના આવેલા પત્રના કારણે સને ૧૯૩૧ની કરાંચીની મહાસભામાં 'પ્રજાના મૂળભૂત હક્કો' નામનો ઠરાવ જાતે મૂકી સ્વરાજ આવ્યા પછી તેમને શું મળશે તેનું વચન આ દસ્તાવેજ જેવા ઠરાવ મારફત રાષ્ટ્રીય મહાસભા પાસે પસાર કરાવી આપેલું. આ ઠરાવમાં સ્વરાજ આવ્યા

પછી ખેડૂતોનું જમીન મહેસૂલ ઘટીને તરત જ અડધું કરાશે અને ધીમે-ધીમે બાકીનું પણ રદ કરાશે, 'અને સરકારી તંત્રમાં સરકારી નોકરનો માસિક પગાર રૂ. ૫૦થી ઓછો નહિ અને રૂ. ૫૦૦થી વધારે નહિ, તેવાં બે મહત્ત્વનાં વચનો બીજાં વચનો સાથે આપેલાં. તેના કારણમાં પૂ. ગાંધીજીએ જણાવેલું કે ખેડૂતો રાષ્ટ્ર ઉપયોગી ખેતીનો ધંધો કરી પોતાના ઘરનાંને અને અન્યને કામ અને રોજી પૂરી પાડે છે. વળી, દેશના ઉદ્યોગોને ઘઉં, તેલિબિયાં વગેરે જેવો મહત્ત્વનો કાચો માલ પૂરો પાડે છે અને બિન-ખેડૂતોને અનાજ-શાકભાજી પૂરાં પાડે છે. સરકારી તંત્રમાં કમરતોડ ખર્ચાને પહોંચી વળવા સરકાર ખૂબ કરવેરા નાખે છે. ખેડૂતો અને આમજનતા જે માલ વાપરે છે તે ઉપરના આડકતરા કર પણ તેઓ ભરે છે. એટલે ખેડૂતો અને આમજનતાને માથે ભારે બોજ હળવો કરવાની જવાબદારી સ્વરાજની સરકારે આ રીતે અમલ કરી અદા કરવાની રહેશે. સ્વરાજની સરકારનો વડો પ્રધાન ખેડૂત હોય અને રાષ્ટ્રપતિપદે ભંગી હોય તેવી રાષ્ટ્રહિતની કલ્પના પણ ખરી લોકશાહી અને સાચા સ્વરાજના અમલ માટે તેમણે મૂકેલી, પણ સ્વરાજ આવતાંની સાથે પૂ. ગાંધીજી ગયા અને એમનાં સંગઠન હતાં તેવા તમામે પોતાનાં ભાણાં ભારે પગાર દ્વારા અને મોંઘવારી ભથ્થાં તથા બીજી મફત સવલતો મેળવી ભરી લીધાં અને સંગઠનના અભાવે ખેડૂતો અને આમજનતા દૂર ધકેલાઈ ગયાં. તેમના ભાગે વધુ ને વધુ શોષાવાનું આવ્યું. પાકો માલ મોંઘો થતો ચાલ્યો. ખેડૂતોના હિતની વાત કરનારાઓ સામે ખુદ તે વખતથી (સને ૧૯૪૯માં) કૉંગ્રેસે વાંધો લીધો, પણ જન્મે ખેડૂત એવા મુ. શ્રી દાસભાઈએ ખેડૂતસંગઠનની અને ખેડૂતોના હિતની ભેરી ગજાવી. 'મહેસાણા જિલ્લાના ખેડૂતમંડળ' અને 'ખેડૂત' છાપાં મારફત પૂ. ગાંધીજીના પેલા 'પ્રજાના મૂળભૂત હક્કો મારફત' ખેડૂતોના સંગઠનના અધિકારનો હક્ક છે તે વાત નીડરતાથી જણાવી અને ખેડૂતો અને ગ્રામજનતાને એ ઠરાવ મારફત આપેલા વચનનો અમલ કરવાની માગણીઓ ગાજતી કરી. ખેડૂતો અને ગ્રામજનતાનું સંગઠન કરવાનું કપરું કામ તેમણે ઉપાડ્યું. જે લોકો આઝાદીની લડત પહેલાં કૉંગ્રેસ સામે કામ કરતા હતા તેઓ આઝાદી આવતાંની સાથે કૉંગ્રેસમાં પેસી ગયા અને ખેડૂતો અને ગ્રામજનતાના સંગઠનની જરૂર નથી તેવી કાગારોળ મચાવી. હું તે વખતે કડી તાલુકા કૉંગ્રેસ તરફે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસમાં ડેલિગેટ હતો. તે નાતાથી નાસિક કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપેલી તે પહેલાં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે જઈ આવેલો હતો. મુ. દાસભાઈ સાથે અમો બધાને 'ખેડૂતો અને ગ્રામજનતાનું સંગઠન કરવાના ગુના' માટે સ્વાર્થી કૉંગ્રેસીઓની ઘાલમેલથી કૉંગ્રેસમાંથી દૂર કરવામાં આવ્યા, પરંતુ આ પ્રાણવાન ખેડૂતનેતા ડગ્યો નહિ કે ડર્યો નહિ. ખેતીવાડીની પેદાશોના ભાવ ખેડૂતને પોષાય તેવા નહિ, પણ બિનખેડૂતને પોષાય તેવા અને પાકો માલ પેદા કરનારને પોષાય તેવા રાખવાની રાજકીય નીતિને ખેડૂતો આગળ આંકડાંઓ સાથે ખુલ્લી પાડી. ખરા ઉનાળામાં ગામેગામ ફરવાનું અને મોટર બંધ પડે એટલે ખરા બપોરે ગાઉના ગાઉ મુ. દાસભાઈ સાથે અમો કાર્યકરો

ચાલતા થાકી જતા, પણ તેમને તો જાણે લોખંડી શરીર હોય તેમ થાક કે તાપની પરવા જ ન હતી. બબ્બે ચાર-ચાર દિવસે ખેડૂતના ખેતરે આવેલા કૂવે નાહી કપડાં ધોઈ લેવાનાં. સમય બગાડવાનો નહિ અને ખેડૂતોને ખોટા ખર્ચા કરાવવા નહિ એટલે રોટલા કે ભાખરી અને ડુંગળી અને છાશ એ પ્રવાસમાં ગામડે સૌનો ખોરાક રહેતો હતો. મહેસાણા જિલ્લા ખેડૂતમંડળે સને ૧૯૫૨ની ચૂંટણીઓમાં ઝંપલાવ્યું. શેઠ શ્રી તુલસીદાસ મજૂર આગેવાન શ્રી ખંડુભાઈને હરાવી ખેડૂતમંડળના ટેકાથી પાર્લમેન્ટમાં ચૂંટાઈ આવ્યા. શેઠ શ્રી રામદાસ, શ્રી દાસભાઈ વગેરે ધારાસભામાં ચૂંટાયા. આમ ગણનાપાત્ર વિજય ખેડૂતમંડળે મેળવ્યો. પરિણામે થોડાક વખત પછી કૉંગ્રેસે ખેડૂતમંડળ સાથે સમાધાન કર્યું. મુ. દાસભાઈએ સતત ધારાસભામાં અને પાર્લમેન્ટમાં અને છેવટે ગુજરાત સરકારમાં પ્રધાનપદે રહ્યા ત્યારે પણ ખેડૂતોના હિતોને જ અગ્રતા આપી. ખેડૂતનેતા તરીકે પોતાની ફરજ બજાવ્યા કરેલી છે. મુંબઈ ધારાસભામાં 'ગોવધ' બંધ કરવાનું બિલ અને તે ઉપરની તેમની રજૂઆત તથા 'ખેડૂતની' હાલત વર્ણવતાં તેમનાં ભાષણો સાંભળી મુ. શ્રી મોરારજીભાઈ દેસાઈએ તે વખતે ટીકા કરેલી કે જો વિરોધ પક્ષે ત્રણ જણા શ્રી દાસભાઈ જેવા હોય તો સરકારને તોડી પાડે. કૉંગ્રેસે ખેડૂતમંડળને મનાવી લીધું, પણ ખેડૂતસંગઠન તેણે મજૂર પ્રવૃત્તિની માફક અપનાવ્યું નહિ. ખેડૂતો અને ગામડાંની જનતાના મતે ચૂંટાયેલા વિધાનસભાના સભ્યો અને પાર્લમેન્ટના સભ્યો અન્ય હિતોના હાથા બનતા રહ્યા. ખેડૂતોના અને ગ્રામજનાતના સંગઠનના અભાવે અને તેમના પ્રશ્નોની રજૂઆત કરે તેવાં છાપાંના અભાવે હજુ પણ તેમના પાયાના પ્રશ્નો વણઉકેલ્યા રહેલા છે. પગારવધારા, ભાવવધારા, મોંઘવારી ભથ્થાંના વધારા, બધાનો ભાર છેવટ તો ગામડાં અને ખેડૂતોના માથે જઈને ઠરે છે. દિવસે-દિવસે ગામડાં તેથી તૂટતાં જાય છે.

### ગૌરવશાળી અને સ્વમાની ગુજરાતી

મુંબઈ રાજ્યની વિધાનસભામાં મહારાષ્ટ્રના સદસ્યોની બહુમતીના કારણે ગુજરાતને પ્રાણપ્રશ્નોમાં પણ સહન કરવું પડતું હોવાથી પરિસ્થિતિ ગુજરાતના વિધાનસભાના સ્વમાની સદસ્યો સહન કરી શક્યા નહિ. ભારત સરકારના રોષને વહોરીને પણ આ સ્વમાની ગુજરાતી નરવીરોએ મહાગુજરાતના અલગ રાજ્યની રચનાની માગણી કરી લડત ઉપાડી. સ્વ. ઇંદુલાલ યાજ્ઞિક તેના કર્ણધાર બન્યા તો મુ. દાસભાઈ જેવાઓએ સેનાનાયકો તરીકે ઝંપલાવી મહાગુજરાતમાં લડતની આંધી ઊભી કરી દીધી. ફરી પછી કૉંગ્રેસ સામે લડત લડવાનું બંધ રાખવા મેં મુ. શ્રી દાસભાઈને પત્ર લખ્યો કે માંડ ખેડૂતમંડળની લડાઈમાંથી પરવાર્યા છીએ અને ફરી પાછી આ 'હોળી'માં ઝંપલાવવાનું બંધ રાખો તો સારું. પણ કડીમાં પટેલભુવનમાં સભા કરી સ્વમાની ગુજરાતી મહાગુજરાતની લડતને ટેકો નહિ આપે તો ઇતિહાસકારો આપણને બાયલા કહેશે તેમ સૌને જણાવી જાહેર જનતાનો ટેકો અને રજા મેળવી લડતની રણભેરી વગાડી. ગામેગામની જનતા વીરહાક ગજાવતી, ગોળીઓ ખાતી, જેલો ભરતી,

'મહાગુજરાત લેકે રહેંગે'નો નાદ ગજાવતી આ જવાંમર્દની પાછળ જંગે ચઢી. ફરી પાછો મુ. દાસને તેમના સાથીદારો સાથે કોંગ્રેસે જાકારો આપ્યો, પણ તેની પરવા કર્યા સિવાય છેવટે મહાગુજરાતની રચના કરાવીને જ સૌ જંપ્યા. મહાગુજરાતની રચના થતાં જ જે કોંગ્રેસ તેનો વિરોધ કરતી હતી તે બહુમતીના જોર ઉપર સરકાર બથાવી પાડી. મહાગુજરાત ખાદવાળું રાજ્ય બનશે તેવું કહેનારા તે બધા માલમલીદા ઉપર તૂટી પડ્યા. લડતનો ભાર બીજાઓએ વહન કર્યો અને લડત પછી વિજયનાં પરિણામો ચાખવા દ્રોહી ગુજરાતીઓ બેસી ગયા. મુ. શ્રી દાસ જેવા નીડર તેવા જ નિઃસ્વાર્થી, જેવા પ્રામાણિક તેવા જ ચારિત્ર્યવાન ને નિર્મોહી. તેમણે પોતાના કે પોતાના સાથીદારો માટે ક્યાંય પદવી કે સ્વાર્થની માગણી કરી નહિ. પોતાની ફરજ બજાવી. વળી, પાછા ઝૂંપડી જેવા મહેસાણાના ભાડાના મકાનની સાદી ઓરડીમાં પોતાનો હુક્કો ગડગડાવતા પોતાના કામે લાગી ગયા. ધન્ય છે આ ફળની સ્પૃહા નહિ કરનાર નિષ્કામ કર્મયોગી જેવા નિઃસ્વાર્થી દાસને.

### મુત્સદ્દી

મહાગુજરાતની રચના થતાં કોંગ્રેસે જેમની સામે શિસ્તભંગનાં પગલાં ભર્યાં હતાં તેવા મહાગુજરાતની લડત લડનારા કોંગ્રેસીઓ સામેનાં પગલાં પાછાં ખેંચી લીધાં. દરમિયાનમાં કોંગ્રેસના શ્રી રાજગોપાલાચારી જેવા પીઢ આગેવાનોએ 'સ્વતંત્રપક્ષ'ની રચના કરી કોંગ્રેસ છોડી. કોંગ્રેસની 'સરકારી ખેતી' અને 'સ્ટેટ ટ્રેડિંગ'ની નીતિનો વિરોધ પોકાર્યો. મુ. શ્રી દાસભાઈની કાયમની નીતિ 'મુક્ત ખેતી', 'મુક્ત ધર્મ', 'મુક્ત વેપાર'ના સિદ્ધાંતોને મળતી હતી. પણ આ વખતે તે હતા ત્યાં જ રહ્યા. અન્ય મારા જેવા કેટલાય તેમના સાથીદારો કોંગ્રેસમાં હતા, પણ સિદ્ધાંતો કરતાં સ્વાર્થને વહાલો ગણનારાં જે તત્ત્વો કોંગ્રેસમાં ઘૂસેલાં હતાં અને પૂ. ગાંધીજીના નામને વટાવતાં હતાં તેમની સાથે મેળ પાડી શકતા ન હતા. વિધાનસભા અને પાર્લમેન્ટની ટિકિટો આપવામાં ખેડૂતમંડળના કાર્યકરોને જાકારો આપનાર કોંગ્રેસ મુ. દાસભાઈને તેમના કાર્યક્ષેત્ર મહેસાણા વિભાગમાં પાર્લમેન્ટની ટિકિટ નહિ આપતાં પાટણ વિભાગની આપી. તેની પાછળ એવી ગણતરી કરવામાં આવેલી કે મુ. દાસભાઈ પાટણની ટિકિટ નહિ સ્વીકારે અને ટાઢા પાણીએ ખસ જશે, પણ મહેસાણા જિલ્લાના આવી નીચેની કક્ષાની રાજરમત રમનારાં તત્ત્વોને મુ. દાસભાઈએ ઠંડા કલેજે કોંગ્રેસે આપેલી પાટણની ટિકિટ સ્વીકારી લપડાક લગાવી પોતાની મુત્સદ્દીગીરીનો પરચો આપી દીધો અને વિધાનસભાના કોંગ્રેસી સાત ઉમેદવારોથી જોડાયેલ પાર્લમેન્ટના રથમાં સૂર્યનારાયણની પેઠે સવારી કરી તેમને પાડવા મથનારાં તત્ત્વોએ જ તેમને જિતાડવા મહેનત કરવી પડી. કહે છે કે ઘણા જ ઓછા ખર્ચે અને ઓછા જાતિકા પ્રયત્ને સફળતાએ તેમને સાચા પગલે વિજયની વરમાળા પહેરાવી. કળથી અને બળથી કામ કાઢી લેવાની તેમની કુનેહના કારણે તેમના વિરોધીએ છાનાં-છાનાં આંગળાં કરડ્યાં!

## કડીની કેળવણીની સંસ્થાઓના કર્ણધાર

મુ. શ્રી દાસભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆતથી જ ખેડૂતોના અને ગામડાંના પ્રશ્નો ઉકેલવા જાતને ઘસી નાખી છે. હરિજનોની, ક્ષત્રિયોની, ગુમાસ્તાઓની, મજૂરોની, અધ્યાપકોની નેતાગીરી કરવી સહેલી છે, કારણ કે જ્ઞાતિવાદ ઉશ્કેરવાની, વર્ગભેદ ઊભો કરવાની અને હડતાલના સાધનને વાપરવાની ત્યાં સરળતા છે, પણ ખેડૂતો પાસે હડતાલનું કે છાપાંનું સાધન નથી. ખેડૂતોનો પેદા કરેલો માલ ખાનાર અને વાપરનાર બિનખેડૂતોનો મોટો ભાગ સંગઠિત, બુદ્ધિજીવી અને છાપાં ચલાવનાર છે. વળી, ખેડૂતોની ખેતીનો આધાર કાયમ ઈશ્વર જ રહેલો છે. પોતાની પેદાશના પોતે ભાગ નક્કી કરનાર ના હોય તેવા એક ફક્ત ખેડૂત જ છે. એટલે તેના પ્રશ્નોને વાચા આપી ઉકેલવા એ હિમાલય ચઢવા જેવું કપરું કામ છે, પણ હામ હારે એ બીજા, મુ. દાસભાઈ નહિ. ખેડૂતો ખાતર જેટલી જાતને ઘસી નાખી છે તેટલી જ મહેનત તેમણે કડીની સંસ્થાઓને પગભર કરવા અને વિકસાવવા એક અડગ કેળવણીપ્રેમીને શોભે તે રીતે કરી છે. કડીની ટૅક્નિકલ હાઈસ્કૂલ, ફાર્મ મિકેનિક કોર્સ, વિજ્ઞાનકૉલેજ, ગુજરાત ગૌશાળા વગેરે તેની સાબિતી રૂપ છે. આ સંસ્થાઓને પગભર કરવા એંશી વરસની ઉંમરે પણ તે દોડતા કામ કરી રહેલા છે અને હમણાં આગામી પેઢીના લાભ માટે ગુજરાતની રાજધાનીમાં ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખા ઊભી કરવા પાછળ તેઓ જે જહેમત ઉઠાવી રહેલા છે તે તો જેમણે તેમને ગાંધીનગર - કડી અને મહેસાણાના ધક્કા ખાતા જોયા હોય તેમને જ તેનો ખ્યાલ આવી શકે તેમ છે.

## સાદાઈની અને સખ્ત પરિશ્રમ કરતા પુરુષાર્થની મૂર્તિ

વંટોળિયાની માફક ગામેગામ ઘૂમતાં રસ્તામાં મોટર બગડવાના પ્રસંગે તેમાં ઇંદ્રિયોના તમામ દરવાજા બંધ કરી નિશ્ચિંત થઈ તરત જ જે પા અડધો કલાક સમય મળે તેમાં ગાડીમાં પડ્યા-પડ્યા ઘસઘસાટ ઊંઘી લેવું. ગામડે રસ્તામાં ઢોરની અવર-જવરવાળા ખુલ્લા રસ્તામાં ખાટલો નાખી ઊંઘ ખેંચી કાઢવી, આડંબર સિવાયનાં સાદાં કપડાં, સાદો ખોરાક અને સતત કામ એ બધું મુ. દાસભાઈની આગવી વિશેષતાઓ છે. ધારાસભ્ય હોય કે પાર્લમેન્ટના સભ્ય હોય કે પ્રધાન તરીકે હોય પણ એ જ ખાદીનું ધોતિયું, બંડી અને ઝભ્ભો. સાદું અને બિનઆડંબરી જીવન એ તેમના સદ્‌ગુણોની ટોચ છે.

## એકલો જાને રે તારી સંગાથે કોઈ ના આવે તો એકલો જાને રે

પકડ્યું એ પૂરું કરવાની તેમની આદત છે અને તે માટે તેમનો આગ્રહ હોય છે. શ્રમ, જોખમ અને કઠણાઈ જોઈ કોઈ પકડેલા કામના રસ્તામાંથી સાથીદારો કદાચ બાજુએ ખસે તો બમણી ઝડપ અને બમણી મક્કમતાથી એ કામને 'એકલો જાને રે' એ ધગશથી આગળ ચલાવે રાખવાની તેમની હિંમત અને હામ છે. તે તેમના શુદ્ધ ચારિત્ર્ય, પ્રામાણિકતા, નિષ્કામ કર્મયોગ અને પોતાની પ્રામાણિક માન્યતાઓ માટે સહન

કરીને પણ અમલ કરવાનું જે નિઃસ્વાર્થ દૃઢ મનોબળ છે તેના કારણે છે.

પુરુષોત્તમ નામને યોગ્ય એવા મુ. શ્રી દાસભાઈ આપણી સંસ્થાઓની અને જાહેરજીવનની મોંઘી મૂડી છે. તેમના સ્ફટિકશા પારદર્શક જીવનમાં સ્વાર્થની કે અપ્રમાણિકતાની ક્યાંય છાંટ સરખી પણ નથી અને માટે જ એ અનેક ઝંઝાવતો સામે ટકી શક્યા છે. પરમકૃપાળુ પરમાત્મા તેમને તંદુરસ્ત દીર્ઘ આયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના.

(સૌજન્ય : શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) સન્માન ગ્રંથ/
સંપા. મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલ જી. પટેલ.
કડી : શ્રી પુ. ર. પટેલ (દાસકાકા) સન્માન સમિતિ, ૧૯૭૮ : પૃ. ૧૬-૨૦)

❑

*મેં રામેશ્વરમ્ છોડીને જિલ્લામથક રામનાથપુરમમાં ભણવા જવાની પરવાનગી મારા પિતા પાસે માગી. તે જાણે મોટેથી વિચાર કરતા હોય તેમ બોલ્યા,*

*'અબ્દુલ, વિકાસ કરવા માટે તારે જવું જ પડશે તે હું જાણું છું. શું સીગલ પક્ષી માળો છોડી એકલું સૂર્ય તરફ ઉડ્ડયન નથી કરતું ? તારે તારી મહત્ત્વાકાંક્ષાના પ્રદેશમાં વસવાટ કરવા તારી સ્મૃતિની ભૂમિમાં રહેવાની પ્રબળ ઈચ્છાને જતી કરવાની છે, અમારો પ્રેમ તને કદી નહીં બાંધી રાખે કે અમારી જરૂરિયાતો તને કદી પકડી નહીં રાખે.'*

*ત્યારે મને બહાર મોકલવા ખચકાતાં મારાં માતાને તેમણે ખલીલ જિબ્રાનનું વાક્ય સંભળાવ્યું કે,*

*'તમારાં બાળકો કંઈ તમારાં જ બાળકો નથી. તે તો પોતાને પ્રગટ કરવા માગતાં જીવનનાં પુત્ર-પુત્રીઓ છે. તે તમારામાંથી નહીં, તમારા દ્વારા આવે છે. તમે તેમને તમારો પ્રેમ અવશ્ય આપો, પણ તમારા વિચારો ન આપો, કારણ કે તેમને પોતાના સ્વતંત્ર વિચારો છે.*

*- એ. પી. જે. અબ્દુલ કલામ*

## ૧.૪.૪ એ સૌ પાયાના સેવકો હતા

સને ૧૯૩૨-૩૩ની સાલમાં હું વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે અને સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયો. નવા આવનાર વિદ્યાર્થીઓના મનપારખુ એવા અમારા નાના વિદ્યાર્થીઓના ગૃહપતિ હતા શ્રી રતિભાઈ અમીનસાહેબ. અમારી સાથે રમે, અમોને રમાડે. ખાવામાં, પીવામાં, વાંચવામાં, સૂવામાં નિયમિતતા લાવતા જાય. પ્રશ્નપેટી રાખે. અમો બધા જે મુશ્કેલીઓ કહી ના શકીએ તે લખી તેમાં નાખીએ. તે પ્રશ્નોના ખુલાસા કરે. ચર્ચા સભાઓ, હસ્તલિખિત માસિકો, ગામડાંની મુસાફરીઓ વગેરે પ્રવૃત્તિઓ પ્રેરતા રહે. પગાર તરફ લક્ષ જ નહિ. એ નોકર નહિ પણ પાયાના સેવક હતા. બાળકોના અમે ઘડવૈયા છીએ તેવી ફોરમ તેમની ફોરતી.

ગૌશાળામાં તેવા પાયાના સેવક બિરાજેલા હતા શ્રી શંકરભાઈ જેશીંગદાસ પટેલ લાંઘણજના. સવા બસો વીઘા જમીનના ખૂણે-ખૂણે તેમની નજર ફરતી અને પગ ફરતા. હાથમાં લાકડી-કોદાળી કે ખભે ધારિયું લઈ ફરવા નીકળે. નકામો છોડ દેખે એટલે મૅનેજરપણું ભૂલી જઈ ખેડૂત બની જઈ તેને ખોદી નાંખતા. બીજાને હુકમ કરે નહિ. તેમનું જોઈ બીજા પણ તેમ જ કરતા. તેમની લાડલી દીકરી ઇચ્છાબહેન. ગૌશાળામાં શકરિયાં વાવેલાં. બે-ત્રણ શકરિયાં ખોદી લાવી. શંકરભાઈએ તે જોયું. ત્રણ-ચાર તમાચા મારી દીધા. શકરિયાં આશ્રમના રસોડે મોકલી આપ્યાં. ગૌશાળામાં રહેતો કર્મચારીવર્ગ પડેલા કેરીના મરવા પણ ના વાપરતો. એ પાયાના સેવકની ફોરમ ગૌશાળામાંથી ફોરતી. આજે પણ વાત કરીએ છીએ તો ગૌશાળા પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ ઊભરાવા લાગે છે.

સર્વ વિદ્યાલય અને આશ્રમને પોતાની સેવાની ફોરમથી ભરી દેતી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવી ત્રિપુટી સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ. ઋષિ જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો અને સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સૌને ખેંચતો. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલ્યે ચાલ્યા જતાં-જતાં પણ આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. જ્ઞાન-વિદ્યા તમે ગ્રહણ નહિ કરો તો તે તમને ગ્રહણ કરી દેશે તેવા અભ્યાસી વાતાવરણને સદા સ્થપાયેલું રાખવાનું અનોખું વ્યક્તિત્વ ધરાવતા. શ્રી છગનભાઈ વિદ્યાર્થીઓનાં ટીખળી અને તોફાની તત્ત્વોને વીણી કાઢતા અને ઠોઠ નિશાળિયો પણ તેમના હાથે ઘડાઈ જતો. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સીંચનારા તે ઋષિવર્યો હતા. સ્વ. શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલસાહેબની ત્રિપુટી વિદ્યાર્થીઓમાં હાજરજવાબીપણું, સાહિત્ય તરફની અભિરુચિ કેળવતી. આનંદી વાતાવરણ સદા ખડું કરતી. કડિયાના લેલા માફક ઘડતરનું કામ કર્યા કરતી.

સુથારીવર્ગ અને શિવણવર્ગ ચલાવતા શ્રી સોમાભાઈ, ખડતલપણું અને ખુમારીનાં

તત્ત્વો ખીલવતા શ્રી ઇનામદાર, જીવંત વિજ્ઞાનધારી શ્રી સદાશિવ મહેતા, ઘૂઘવાટા કરતી સરિતા જેવા શ્રી અંજારિયા આજે પણ માનસપટ ઉપર આ સંસ્થાના પાયાના સેવકો તરીકે નજર સમક્ષ આવી ઊભા રહે છે. પગારની રકમો તો આજે મોંઘવારી ભથ્થું મળે છે તેટલી પણ નહિ હોય, પણ સંસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક સદા તત્પર રહેતા અને કામ કરતા આ બધા પાયાના સેવકો હતા. સને ૧૯૪૦માં આ જ્ઞાનની ગંગાનાં નીર પીવાય તેટલાં પી અમે કૉલેજો તરફ ગયા. સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓની શિસ્ત, અભ્યાસ કરવાની તમન્ના અને કસરતી શરીરના બાંધા કૉલેજોમાં પણ સન્માનનીય વાતાવરણ ઊભું કરતા.

જ્યારે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ બની ત્યારે પૂ. સ્વ. જેઠાલાલ સ્વામિનારાયણ પ્રોફેસરસાહેબે પોતાની સેવાઓ તેના પાયામાં નાખી હાઈસ્કૂલનો પાયો મજબૂત બનાવેલો. છેક અમદાવાદથી ગણિત શિખવાડવા માનદપણે તે પધારતા અને પછી તો સંસ્થા ફલક ઉપર પોતપોતાના આગવા વ્યક્તિત્વથી ઘણા શિક્ષકો આવ્યા અને ગયા અને સંસ્થાની તેમજ વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈસાહેબ આચાર્ય તરીકે આ સંસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર કાયમી છાપ મૂકવામાં અગ્રેસર રહેલા છે. તેમના પગલે આજના આચાર્ય શ્રી મોહનભાઈ અને શિક્ષકો પાયાના સેવકો તરીકે સેવાઓ આપી રહેલા છે.

સંસ્થાની સુવર્ણજયંતીને મહાન સફળ પ્રસંગ બનાવવા સૌ હયાત વિદ્યાર્થીઓ અને સેવકો પોતાની શક્તિઓ કામે લગાડે. ગરીબ વિદ્યાર્થીઓને ભોજનખર્ચમાં મદદ આપી શકાય તેવું ભંડોળ ઊભું કરવા તેમજ સંસ્થાનાં ચાલુ કામો પૂરાં કરવા પણ મોટું ફંડ થાય તેવી પ્રવૃત્તિઓ ઉપાડવા અને અમલ કરવામાં આ સૌ પાયાના સેવકો આપણી પ્રેરણા બની રહો તે અભ્યર્થના.

(**સૌજન્ય** : સુવર્ણજયંતી : સર્વવિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણજયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ ૧, અંક ૧૮, તા. ૨૨ જાન્યુઆરી, ૧૯૭૦ પૃ. ૩)

❑

## ૧.૪.૫ શ્રીમદ્ ભગવદ્ગીતા માનવતાવાદનો ગ્રંથ છે

ભગવદ્ગીતાનો 'Maxism and The BhagavadGeeta'નો શીર્ષક હેઠળ શ્રી એસ. સી. સરદેસાઈ દિલીપે ગુજરાતીમાં કરેલો અનુવાદ વાંચી શ્રી ભગવદ્ગીતાના જ્ઞાનમાં ડોકિયું કરવા પ્રેરાયો. શ્રીમદ્ ભગવદ્ગીતાગ્રંથ જોવાથી મને તે સનાતન સર્વ માનવ ધર્મનું જાણે કે શ્રી વ્યાસજીએ લખેલો ગ્રંથ સમજાયો. શ્રીમદ્ ભગવદ્ગીતા કોઈ પણ વાદની વકીલાત કરતો ગ્રંથ નથી.

હરકોઈ જીવ-પ્રાણી વનસ્પતિ સર્વ ભૂખ સાથે જન્મે છે. તેમાં માનવપ્રાણીએ ભૂખ સામે માલિકી અને સંગ્રહની જીવનપદ્ધતિ વિકસાવી પરિણામે જુદા-જુદા ચિંતકોએ જુદા-જુદા નામથી વાદ વિકસાવ્યા – જન્માવ્યા અને સર્વ સરળતાથી સુખી કેમ થાય તેના જુદા-જુદા નામથી રસ્તા બતાવ્યા.

શ્રીમદ્ ભગવદ્ગીતાએ માનવમાં બે પ્રકારની સંપત્તિ ગુણો જણાવ્યા છે. સોળમો અધ્યાત્મ દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ વિષયનો છે. જેમાં સર્વના સુખનો વિચાર કરી જીવનારને દૈવી સંપત્તિ ધરાવનાર અને પોતા સિવાય અક્ષમ્યને દુઃખ કરનાર લક્ષણોવાળા માનવને આ આસુરી સંપત્તિ ધરાવનાર ગણાવ્યો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાજ્ઞાન સમગ્રપણે મૂલવીએ તો શોષણને ઉત્તેજન આપવાનું જણાશે નહિ. કેટલાક શ્લોકોનો ઉમેરો થયેલો લાગે છે, એક વર્ણ બીજા વર્ણનું શોષણ કરે તેવી વાત કર્મયોગના જ્ઞાનથી નાબૂદ થઈ જાય છે. દાન, તપ અને યજ્ઞ સર્વ માનવો માટે જરૂરી ગણાવ્યા છે. (ગીતા. ૧૮/૫-૬)

'ગીતા'ના અ. ૬-૯થી સ્નેહી મિત્ર, શત્રુ, ઉદાસીન, અપક્ષપાતિ દ્વેષી, સંબંધી સાધુ તથા પાપી, એ સર્વ પ્રકારના મનુષ્યો વિશેષ જેની બુદ્ધિ સમાન છે તેવો પુરુષ શ્રેષ્ઠ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં જુદા-જુદા વિષયોને જુદા-જુદા અધ્યાયોમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને દરેક અધ્યાયને અંતે જેને અધ્યાય પૂરો થયાનું જણાવ્યું છે તેમાં એ પ્રમાણે ભગવદ્ગીતા ઉપનિષદમાં બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રનો શ્રીકૃષ્ણ-અર્જુન સંવાદનો અધ્યાય પૂરો થયો તેમ જણાવવામાં આવેલું છે. જગત જેનાથી ટકી રહેલું છે તે બાબતમાં 'ગીતા'. અ. ૭-૪-૫-૬માં વિજ્ઞાન સહિત જ્ઞાન જણાવ્યું છે. અપરા એટલે નીચા પ્રકારની પ્રકૃતિ – ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર અને ઊંચા પ્રકારની પ્રકૃતિ જે જીવરૂપે છે. પ્રાણીમાત્રનું ઉત્પત્તિસ્થાન આ બે પ્રકૃતિ છે. આ પ્રકૃતિ સાત્ત્વિક, રાજસિક અને તામસિક ગુણોવાળી છે. આ પ્રકૃતિ ત્રણ ગુણોવાળા દૈવી માયાને તરી જવી કઠણ છે. જે મારે શરણે આવે છે તેઓ આ માયાને તરી શકે છે. 'ગીતા'-અ-૭/૧૨-૧૩-૧૪ 'ગીતા'૮/૧૬ અર્જુન! બ્રહ્મના લોકથી માંડીને સર્વ લોક ઉત્પત્તિ અને નાશને આધીન છે 'ગીતા'અ. ૧૭માં જુદા-જુદા પ્રકારની શ્રદ્ધા અને જીવન જીવવા માટે જુદી-જુદી ખાણીપીણી બાબતમાં વિગતે

જણાવ્યું છે. ત્રણ પ્રકારના ગુણો બાબતમાં 'ગીતા' અ. ૧૪ છે.

ટૂંકમાં, સનાતન સર્વ માનવમાત્રને ઉત્તમ જીવન કેમ જીવવું અને અન્યને દુઃખ આપે તેવા કયા ગુણો છે તેને છોડવાથી સુખી થવાય તે રીતે ગીતાજ્ઞાનનો ઉપયોગ કરવાથી ગીતા માનવતાવાદનો ગ્રંથ છે તેમ જણાઈ આવશે. વાદ-વિવાદથી દુઃખ જ ઊભું થાય છે અને એટલે જ લેખકે હિંદુ ધર્મનો અજોડગ્રંથ શ્રીમદ્ ભગવદ્‌ગીતા છે અને તેમાંથી સાધકોએ ઘણા મહાન પુરુષોએ (આત્માઓએ) પ્રેરણા મેળવ્યા કરી છે તેમ જણાવેલું છે તે સો ટકા સાચું છે.

**(સૌજન્ય :** 'ઉમિયાદર્શન' ૧૯)

❑

*મારા પુત્રનું હૃદય સ્વચ્છ અને નિર્મળ હજો, પ્રભુ !*
*અને એનો ઉદ્દેશ મહાન હોજો.*
*બીજાઓ પર પ્રભુત્વ મેળવવાની આકાંક્ષા જાગે*
*એ પહેલાં એ પોતાના પર કાબૂ મેળવે.*
*એ દિલ ખોલીને હસતાં શીખે*
*અને એની આંખો ક્યારેક આંસુથી સજળ પણ બને;*
*એની દૃષ્ટિ ભવિષ્યની ઝાંખી કરી શકે*
*અને વીતેલા સમયને પણ જોઈ શકે.*
*મારી અંતિમ પ્રાર્થના એ છે, ઈશ્વર !*
*કે એને થોડી વિનોદવૃત્તિ પણ આપજો !*
*જેથી એ હમેશ ગંભીર બની રહી, પોતાની જાત તરફ*
*અનુદાર ન બને;*
*એને વિવેકી બનાવજો,*
*જેથી એ સાચી મહત્તાની સરળતાને,*
*બુદ્ધિમત્તાના ઔદાર્યને જાણી શકે.*
*આમ જો બનશે, તો મારી વાણી*
*કૃતજ્ઞ થઈ ધીમા સ્વરે કહેશે : 'મારું જીવન એળે નથી ગયું.'*

*– કુંદનિકા કાપડીયા : 'પરમ સમીપે'*

## ૧.૪.૬ દેશને આર્થિક નાદારીમાં ઘસડાઈ જતો અટકાવવા સંદર્ભે

શિક્ષકો ઋષિઓ છે. દધીચિઋષિએ શસ્ત્ર બનાવવા પોતાનાં હાડકાં આપેલાં તેવું શાસ્ત્રો કહે છે.

'ધરતી'ના તંત્રીસ્થાનેથી દેશપ્રેમ પ્રગટ કરવાની સહેલી અને સરળ છતાં 'રામબાણ' રીત જણાવતાં શ્રી મોહનલાલ પટેલનો લેખ ફેબ્રુ-૯૯ના અંક-૭માં પ્રગટ થયો છે.

સ્વ. પોપટલાલ ગુલાબદાસે ધારાસભ્યો માટેનો પગાર નહિ સ્વીકારવાની જાહેરાત કરેલી. કેટલાક સમય પહેલાં શ્રી મહેન્દ્ર મશરૂએ પણ ધારાસભ્યો માટેનો પગારવધારો ન સ્વીકારવાની જાહેરાત કરેલી. આવી જાહેરાતોથી જનતા વિચારતી થતી. મહારાષ્ટ્રના અહમદનગરની એક માધ્યમિક શાળાના ફક્ત સત્તાવીશ વર્ષની ઉંમરના શિક્ષક હરેબ કુલકર્ણીની પાંચમા પગારપંચના પગારધોરણોનો અસ્વીકાર કરવાની જાહેરાતે તો પગારવધારો ન સ્વીકારવાનું દેશ ખાતર નૈતિક આંદોલન જગાવવાનો પ્રેરક રાષ્ટ્રીય સંદેશ આપ્યો છે.


શ્રી મોહનલાલે 'ધરતી'ના જાન્યુ.-૯૯ના અંક-૬માં તંત્રીલેખમાં ''એક અણગમતો સંવાદ''માં દેશની જનતાની અકળામણ હિંસક સ્વરૂપે પ્રગટ થાય તેવાં ચિહ્નો તરફ આંગળી ચીંધેલી. તે પહેલાં 'ધરતી'માં તેમણે પગારવધારા વિરુદ્ધમાં પણ મત પ્રગટ કરેલો, પણ 'નિરીક્ષક'માં પ્રગટ થયેલા વિચારપક્ષે તેમને પણ હચમચાવી મૂક્યા. શ્રી કુલકર્ણીએ કરેલી જાહેરાતે ગરીબીથી કચડાતા કરોડો લોકો પાસેથી સીધા કે આડકતરા, કરવેરામાંથી ભરાતી દેશની તિજોરીને તળિયાઝાટક કરી નાખવાની મનોવૃત્તિ છોડવા રચનાત્મક સુગમ અને સરળ રસ્તો દેશસેવા કરવાનો ચિંધ્યો છે અને રાષ્ટ્રની જનતાની સેવા કરી છે માટે તે સૌના ધન્યવાદને પાત્ર છે.


શ્રી મોહનલાલ પટેલના આ લેખથી સને ૧૯૩૧માં રાષ્ટ્રીય કૉંગ્રેસના કરાંચીમાં ભરાયેલા ખુલ્લા અધિવેશનમાં પૂ. ગાંધીજીનો 'પ્રજાના મૂળભૂત હક્કો' નામનો ઠરાવ યાદ આવ્યો. જેમાં સ્વરાજની પ્રથમની સરકારે સ્વીકારવાની અગિયાર બાબતોનો ઉલ્લેખ હતો જે પૈકી પચાસ રૂપિયાથી કોઈનો પગાર ઓછો નહિ અને પાંચસો રૂપિયાથી કોઈનો પગાર વધારે નહિ તેવી બાબત હતી. આ ઠરાવ ભુલાઈ ગયો જણાય છે. હરકોઈ રાજકીય પક્ષે આ ઠરાવમાં જણાવેલી ભાવનાનો સ્વીકાર કરવાથી દેશને આર્થિક નાદારી તરફ ઘસડાતો બચાવી શકાશે. ભારે દેવાદાર બનતા જતા ભારત દેશને પગારવધારાની માગણીઓ છોડવાની પ્રેરણા આપનાર ફક્ત સત્તાવીસ વર્ષની ઉંમરના શિક્ષકશ્રીના દેશાભિમાનને કરોડો સલામ.

**(સૌજન્ય :** 'ધરતી', એપ્રિલ, ૧૯૯૯)

❑

# ૧.૪.૭ સાચાં દર્શન





## ૧.૪.૮ 'તમારું સારું થજો'

"સાહેબ મને ઓળખ્યો ? હું છગનલાલ. આ મારી પત્ની છે. આ બે અમારાં બાળકો છે. તમારું સારું થશે. તમારી સલાહ મેં માની. અમે આજે સુખીએ છીએ."

મારે મહેસાણા જવું હતું. ડાંગરવા રેલવે પ્લૅટફૉર્મ પર હું ઓળખીતો મુસાફર મળે તો સાથે ગાડીમાં બેસાય તેથી હું પ્લૅટફૉર્મ ઉપર ચાલતો ફરતો હતો. મને જોઈ પ્લૅટફૉર્મ ઉપર બેઠેલા ભાઈ ઉપર પ્રમાણે બોલ્યા.

હું વિચારમાં પડ્યો. 'યાદ આવતું નથી.' તેમ મેં તેમને કહ્યું. તેમણે તેમના ગામનું અને તેમની પત્નીના ગામનું નામ જણાવી, કહ્યું કે, "તમે સાહેબ, આ મારી પત્ની તરફે મને નોટિસ આપેલી' મને બધી વાત યાદ આવી.

બનેલું એવું કે છગનલાલ તેમની પત્નીને તેડતા નહોતા. એટલે તેમની પત્નીના ભાઈ તેની બહેનને લઈને કાયદેસર પગલાં ભરવા મારી પાસે આવેલા. બાઈને પોતાના પતિ સાથે જ જિંદગી જીવવી છે તેવું તેણે હકીકત પૂછતાં જણાવ્યું, એટલે છગનલાલને નોટિસ આપી જણાવેલું કે તે તેમનાં પત્નીને તેડી જાય અને સારી રીતે રાખે નહિ તો ભરણપોષણ આપે.

નોટિસ મળતાં છગનલાલને લઈને તેમના ભાઈ મારા ત્યાં આવેલા. મને કહે, "સાહેબ, તમારી નોટિસ મળી છે. આ છગનલાલને તમારી પાસે લાવ્યો છું."

"ભાઈ, હું તો છગનલાલની પત્નીનો વકીલ છું. તમે બીજા વકીલને ત્યાં જાઓ અને નોટિસનો જે જવાબ આપવો હોય તે અપાવો." મેં તેમને જણાવ્યું.

"મારે છગનલાલને બીજા વકીલને ત્યાં લઈ જવો નથી. તમારા ત્યાં મૂકી મારાં કામે જાઉં છું. એક કલાક પછી આવીશ." તેવું કહી છગનલાલના ભાઈ ગયા.

મેં છગનલાલની પત્નીને તેમના પતિ કેમ તેડતા નથી તેવું પૂછેલું. છગનલાલનાં પત્નીએ જણાવેલું કે છગનલાલને મારું મોઢું રૂપાળું લાગતું નથી અને તેમનાં નવાં બા તેમને ચઢાવે છે. છગનલાલ અને તેમનાં પત્નીના ભાઈ બંને મારા પરિચિત હતા. મેં છગનલાલને તેમનાં પત્નીને બોલાવી લેવા વાત કરી. ના તેડવી હોય તો જે જવાબ નોટિસનો આપવો હોય તે બીજા વકીલને મળીને આપો. "હું કોઈ હિસાબે મારી પત્નીને બોલાવવા માગતો નથી. મારા ભાઈઓ દબાણ કરશે તો તેમને મારી પત્નીને તેડી લાવવા જણાવીશ, પણ હું મારી પત્ની સાથે પતિ તરીકેનો કોઈ વ્યવહાર રાખીશ નહિ તે નક્કી માનજો સાહેબ." છગનલાલ મક્કમતાથી બોલ્યા.

"તમારી મરજી હોય તેમ કરો." મેં તેમને કહ્યું. "પણ એક વાત યાદ રાખો કે જીવન જીવવાની દૃષ્ટિ જ માણસને સુખી કરે છે. હું તમને વિચારવા ત્રણ પ્રશ્નો મૂકું છું. તમારો આત્મા તેનો તમોને જે જવાબ આપે તેમ કરશો તો સુખી થશો.

પહેલો પ્રશ્ન – તમે બીજી પત્ની લાવો તો દમયંતી જેવી રૂપાળી હોય, બનવા

કાળે કોઈ બીમારીથી તે કદરૂપી થાય તો તમે તેને કાઢી મૂકશો ?

બીજો પ્રશ્ન – તમે બીજી રૂપાળી પત્ની લાવ્યા, તમે પોતે કોઈ બીમારીમાં તમારી એક આંખ ગુમાવો તો તમારી પત્નીને બીજો પતિ શોધવા જણાવશો ?

ત્રીજો પ્રશ્ન – તમારી હાલની પત્નીને તમે જાન સાથે પરણી લાવ્યા. તે તમારા જીવન સાથે જોડાઈ છે. તેને તમારી સેવા કરવી છે. તમારું ઘર છોડવું નથી. હવે તમે તેને ધિક્કારશો તો સુખી થશો ?

તેવામાં તેમના ભાઈ આવ્યા. છગનલાલને કહે શું કરવું છે ? નોટિસનો જવાબ આપવા બીજા વકીલને ત્યાં જવું છે ? છગનલાલ વિચારમાં પડ્યા. બંને ભાઈને ચા પિવડાવી. તેમના ભાઈએ ફરી પૂછ્યું. 'છગન શું કરવું છે ?' છગનલાલે જણાવ્યું, 'બીજા વકીલને ત્યાં જવું નથી. બીજું ઘરે જઈને કહીશ.'

આ પ્રસંગ પછી સાત-આઠ વરસે તે ઉપર પ્રમાણે રેલવે સ્ટેશન ઉપર મળેલા. તેમને અમદાવાદ જવાની ગાડી આવી, મારી તરફ ફરીને તે બોલ્યા, ''સાહેબ, અમારે અમદાવાદ જવું છે.'' તમારું સારું થજો. તેમને આત્માનો અવાજ મળ્યો. તે સુખી થયાનું જાણી મને આનંદ થયો.

અમદાવાદ
તા. ૨૦-૫-૧૯૯૮

❑

*પુત્રને આપણે સમાજમાં આપણા પ્રતિનિધિ રૂપે છોડીને ચાલ્યા જઈએ છીએ, એટલા માટે સંતાન-પ્રાપ્તિ સાથે માણસે જોવું જોઈએ કે તે તેને શુભ સંસ્કાર, સંકલ્પ-સામર્થ્ય અને ચારિત્ર્ય–તેજ આપે એવું થાય ત્યારે લોકો કહે છે કે આ માણસે પોતાની પાછળ પોતાનાં સંતાનો દ્વારા સમાજમાં સુવાસ ફેલાવી છે, તેની સંતાન-પરંપરા સમાજ માટે આશીર્વાદ રૂપ છે. આ જ છે મનુષ્યનો સ્વર્ગલોક પુત્રમ અનુશિષ્ટમ્ લોકયમ્ આહુઃ — આ ઋષિમંત્રનો અર્થ પણ એ જ છે કે મનુષ્ય પોતાના મૃત્યુ પછી પોતાના પુત્ર, શિષ્ય, સહકાર્યકર વગેરે વિશાળ પરિવારના રૂપમાં જીવતો રહે છે.*

*– કાકા કાલેલકર*

## ૧.૪.૯ ભાવ-પ્રતિભાવ

ભાઈશ્રી ડૉ. મંગુભાઈ,

'ઉમિયાદર્શન' અંક ૧૫૨ ડિસેમ્બર-૯૯માં સાધુચરિત આચાર્ય સ્વ. શ્રી બાપુભાઈ ગામીના જીવનચરિત્રને રજૂ કરતી સામગ્રી વાંચી. સ્વ. શ્રી બાપુભાઈએ મહેસાણા પ્રાંત સેકન્ડરી સ્કૂલ યુનિયનના શિક્ષકોની કૉન્ફરન્સ આગળ આપેલ તા. ૧૧-૨-૪૨ના વ્યાખ્યાનમાં જે મુદ્દા અને વિચારો શિક્ષણ સંબંધમાં વ્યક્ત કરેલા છે તે સરકારના શિક્ષણખાતાએ અને યુનિવર્સિટીઓએ લક્ષમાં લેવા જેટલા મહત્ત્વના છે. શિક્ષણ આપતી શાળાઓનાં મકાનો, સ્થળ, ફર્નિચર – પાઠ્યપુસ્તકો વગેરે તથા શિક્ષણમાં કયા અંગ ઉપર ભાર મૂકવો જોઈએ તથા સમાજશિક્ષકનું ગૃહજીવન અને છેલ્લે હાલના શિક્ષકનું જીવનચરિત્ર બાબતમાં જે ગહન સૂચનો કરેલાં છે તે બધાં સ્વરાજ આવે પચાસ વરસ થયા છતાં વણઉકલ્યાં જેમનાં તેમ છે. ઊલટા કંઈક વધારે ગૂંચવાડો થયો જણાય છે અને શિક્ષણના પ્રકાર બાબત ટીકાઓ અને સૂચનો થયાં જ કરે છે. કોણ ઉકેલશે તે પ્રશ્ન છે.

તા. ૧૯-૧૧-૩૫ના રોજ વિદ્યાર્થીઓને લખેલા પત્રમાં જ્ઞાનની શોધ કરો તેમાંથી શક્તિના ફુવારા ઊઠશે... તો કોણ કરાવશે ?

ઉપરાંત, તેમની સાધના બાબતના સ્વ. શ્રી ગીરધરલાલને લખેલા પત્રો, શ્રી ગીરધરલાલે તેમને આપેલા જવાબીપત્રો, પોંડિચેરી આશ્રમ તરફથી તેમને મળેલાં સૂચનો વગેરે ઘણું જ જણાવી જાય છે. સ્વ. માણેકલાલ રાવળનાં કાવ્યો, બીજાં અવતરણો તમે જે મેળવ્યું છે તે જોતાં જ મારી મહેનત કેટલી હશે તે સમજાય છે, પણ તમારા પ્રેમે જ આ શક્ય બનાવ્યું છે. વિશેષમાં તમોને મારા હાર્દિક ધન્યવાદ.

**(સૌજન્ય : 'ઉમિયાદર્શન', ફેબ્રુઆરી, '૯૭)**

❑

તંત્રીશ્રી,

'ઉમિયાદર્શન' માસિક,

સ્નેહી ભાઈ શ્રી મંગુભાઈ તથા સમગ્ર ઉમિયાદર્શન પરિવાર – ઉમિયાદર્શનનો વિકલ્પ દૃષ્ટિપૂર્વક થઈ રહેલો છે તે તેનાં સુંદર-ટૂંકમાં ઘણું કહી જતા ફોટાઓ સાથેનો કલાત્મક મુખપૃષ્ઠો જોતાં સહેજે જણાઈ આવે છે. જુલાઈનો અંક-૬ નર્મદા માતાનો લેખ ફરી વાંચવામાં લીધો તો મુખપૃષ્ઠ ઉપર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખશ્રીની વિદાય – આવકાર સાથે શ્રીમંત રાયચંદભાઈ ઝાલાવાડની મુલાકાત – સંદેશો તારીખ સાથે તથા ગાંધીજીની મુલાકાત સંદેશો – તારીખ તથા તેઓ સર્વના ફોટા જોતાં અહોભાવ જાગ્રત થાય તેવો પ્રભાવ પડ્યો. તે જ પાને અંકના ડિસેમ્બર,

૨૦૧૨નો અંક હાથમાં લીધો. મુખપૃષ્ઠે ટૂંકમાં ઘણી વાતો કહી. સદા આવી અનેરી દૃષ્ટિ કાયમ રહે તેવી ભાવના.

બીજું 'ઉમિયાદર્શન'ને સદા આર્થિક બળ કાયમી ધોરણે મળી રહે તેવાં પગલાં ભરવા આપણે મળીએ છીએ. ભારે વાતોમાં હું સૂચવવા પ્રેરાતો હોઉં છું. 'ઉમિયાદર્શન'ની આવી ચિંતા તેના પ્રમુખ-ઉપપ્રમુખ તથા સલાહકારો જોતાં મને બિનજરૂરી લાગે છે. છતાં લખી છે તો સૌ ક્ષમા કરશો જ તેવી અપેક્ષા રાખું છું. ફરી સદા સર્વ પ્રકારે 'ઉમિયાદર્શન'નો વિકાસ ઇચ્છીએ.

**(સૌજન્ય :** 'ઉમિયાદર્શન', અંક-૧૨, જાન્યુ. ૨૦૦૨, પૃ.૪૦)

❑

**સુભાષિત**

*માતા પિતા અને ગુરુતણું હિત સદા કરો,*
*એ ત્રણે તુષ્ટ, તો જાણો સિદ્ધ છે જ બધાં તપ ! – ૧*
*માતા, પિતા સહે કષ્ટ બાળ-જન્મ-ઉછેરમાં,*
*ના કદી બદલો એનો સો જન્મેય વળી શકે ! – ૨*
*માતાપિતા અને મિત્ર સ્વભાવે હિતકારી છે,*
*બીજા નિજ હિતે તારું હિત દેખાડી છેતરે ! – ૩*
*પાંચ વર્ષ સુધી લાડ, તાડન દસ વર્ષ તક,*
*સોળ વર્ષ થયાં કે તે પુત્રને મિત્ર માનવો ! – ૪*
*કરે પ્રસન્ન પિતાને સચ્ચરિત્રે, તે પુત્ર છે,*
*હિત ઇચ્છે સદાયે જે પતિનું તે જ પત્ની છે;*
*સુખદુ:ખે રહે સાથે તે જ કેવળ મિત્ર છે,*
*મહાપુણ્યે મળે છે આ ત્રણે સાથે ય કોકને ! – ૫*
*ન એ સભા, જ્યાં નહિ હોય વૃદ્ધો,*
*એ ન્હોય વૃદ્ધો જે કહે ન ધર્મ ! – ૬*

*સૌજન્ય : રમણલાલ સોની કૃત*
*'પિતા - પહેલા ગુરુ' પૃ. 176*

## ૧.૪.૧૦ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી તરીકેનું નિવેદન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો ઇતિહાસ ઉજ્જ્વળ અને યશસ્વી છે. એ બંને સંસ્થાઓના સંયુક્ત અમૃત મહોત્સવ નિમિત્તે એ ઇતિહાસની યશગાથાનું ભાવપૂર્વક સ્મરણ એ પણ એક અનોખો લહાવો છે. એ આનંદપળમાં આપ સૌને પણ સહભાગી બનાવતાં હર્ષ અનુભવું છે.

આજથી લગભગ પાંસઠ વર્ષ પૂર્વે સરઢવના શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ (જેમને આપણે સૌએ 'પૂજ્ય છગનભા' નામથી સંબોધ્યા) પોતાના ગુરુ પૂજ્ય સ્વામી કેશવાનંદજી પાસે 'વૃત્તિપ્રભાકર' અને અન્ય ગ્રંથોનો અભ્યાસ કરવા અને સંન્યસ્ત લેવા કાશી ગયેલા, પણ સ્વામીજીએ એમને, 'દેશને હાલ સંન્યાસીની જરૂર નથી. તમે ઉત્તર ગુજરાત પાછા જાઓ. ત્યાં ગામડાંઓમાં સામાજિક અને આર્થિકક્ષેત્રે વ્યાપેલા પછાતપણાને કેળવણી મારફત દૂર કરવાની પ્રવૃત્તિ કરો' એવો આદેશ આપી એક મહાન પુણ્યકાર્ય અને પુરુષાર્થ કરવા પ્રેર્યા.

આ કાર્યમાં નાણાંની જરૂર પડે. સ્વામીજીએ એ મૂંઝવણને પણ આવાં મધુર વચનથી દૂર કરી : 'લે આ સવા રૂપિયો અને ત્યાં જઈ એક રૂપિયાની ટહેલ નાખજે. તારું કામ પાર પડ્યા કરશે.'

અને આમ, છગનભા પોતાના વતન પાછા આવ્યા અને કેળવણીનો વિચાર કરવા સરઢવ મુકામે આગેવાનોની સભા બોલાવી. તા. ૮-૬-૧૯૧૯ના રોજ કેળવણીની સંસ્થા સ્થાપવાનો ઠરાવ કર્યો અને પૂજ્ય છગનભાએ તે વખતે પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી છાત્રાલય શરૂ નહિ થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન જમશે નહિ. ફંડપ્રવૃત્તિ માટે ગામડે ફરવા માંડ્યું. પ્રતિજ્ઞાની અસર થઈ. આદરજના શ્રી માધવજીભાઈ અને શ્રી ધનશા ભગતનો તથા શેરથા ગામના આગેવાનોનો સહકાર પ્રાપ્ત થયો અને પ્રતિજ્ઞા ફળી. તા. ૨૨-૩-૧૯૨૦ના રોજ પ્રાંતના મથક અને સરકારી એ. વી. સ્કૂલની સગવડ ધરાવતા કડીમાં ભાડાના મકાનમાં છાત્રાલયની શરૂઆત કરવામાં આવી અને તેની દેખરેખનું કામ મુ. દાસભાઈના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈને સોંપવામાં આવ્યું. છાત્રાલયની સંખ્યા વધતાં. પૂ. ગાંધીજીની આઝાદી માટેની અસહકારની ચળવળમાં સરકારી પ્રાથમિક શાળાની નોકરી છોડી દેનાર વીરમગામના શ્રી કુબેરભાઈને છાત્રાલયના ગૃહપતિપદે નિમવામાં આવ્યા.

સરકારી એ. વી. સ્કૂલ જેલના જૂના મકાનમાં બેસતી હતી. વિદ્યાર્થીઓને તેથી મુશ્કેલી પડતી હતી. સંખ્યા વધતી હતી. આઝાદીની લડતની હવા જામેલી હતી. એટલે સ્વતંત્ર શાળા શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૨૨-૭-૧૯૨૨ના રોજ કડીમાં 'બંદૂકવાલા બિલ્ડિંગ તરીકે ઓળખાતા મકાનને

ભાડે રાખી તેમાં શાળા શરૂ કરવામાં આવી. લાંઘણજના શ્રી પોપટભાઈ અને લાડોલના શ્રી છગનભાઈએ પૂ. ગાંધીજીની અસહકારની ચળવળની હાકલને લીધે સરકારી કૉલેજ છોડી દીધેલી અને ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલા. તેમને બોલાવી શ્રી પોપટભાઈને આચાર્યપદે નીમ્યા અને શિક્ષકો તરીકે શ્રી છગનભાઈ, શ્રી કુબેરભાઈ અને શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા)ને નીમ્યા. આ શાળામાં પાછળથી લાડોલના શ્રી ચુનીભાઈ તે પણ સરકારી કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલા તેમને શિક્ષક તરીકે લેવામાં આવેલા.'

આમ સંન્યસ્ત લેવા ગયેલા પૂ. છગનભાએ છાત્રાલયની સ્થાપના કરી અને આઝાદીની લડતના રંગે રંગાયેલા શિક્ષકો વડે શાળાની શરૂઆત થઈ.

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એમ બંને સંસ્થાઓના પાયામાં ત્યાગ, તપ, સાદાઈ અને રાષ્ટ્રીયતાની ઈંટો પુરાઈ છે અને આ ગુણો સંસ્થાઓના વિકાસ સાથે વધતા જ ગયા છે. આ સંસ્થાના કાર્યકરોએ, શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ દેશની આઝાદીની લડતમાં જોડાતા રહી લાઠીઓ ખાધી છે અને જેલવાસ વેઠેલા છે અને પૂ. છગનભાના ગુરુજીના આશીર્વાદથી ઉત્તર ગુજરાતમાં ગામડામાં કેળવણી, સામાજિક અને આર્થિકક્ષેત્રે ક્રાંતિ આવી છે.

ભાડાનાં મકાનો નાનાં પડવા લાગ્યાં. સ્વતંત્ર મકાનની જરૂર હતી, પણ નાણાંનું શું ? તે વખતે રૂપિયો ગાડાના પૈડા જેવો ગણાતો. ''પૂ. છગનભા'' પગે ચાલતાં ગામડે ફરતા. ફંડમાં ચાર આના – આઠ આના – રૂપિયો અને ક્યાંક અનાજ મળતું. તિરસ્કાર પણ થતો, પણ તપ-ત્યાગ અને દૃઢ નિશ્ચયની મૂર્તિ જેવા 'ભા' અડગ રહ્યા. તેમના દૃઢ નિરધારનો સાદ લાંઘણજના શેઠ શ્રી સોમનાથભાઈ રૂપજીદાસ, શેઠ શ્રી મોહનલાલ હરગોવનદાસ બીડીવાળા, અમદાવાદના શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, શેઠ શ્રી મગનભાઈ મૂળજીભાઈ, વીરમગામના શેઠ શ્રી ચંદુલાલ મણિલાલ દેસાઈ, ભંડારાના શેઠ શ્રી શંકરલાલ દયારામ અને શેઠ શ્રી છોટાલાલ પરસોત્તમદાસ અને તે વખતના પાટડી દરબાર શ્રી દોલતસિંહજી વગેરેને સંભળાયો. આર્થિક મૂંઝવણ હટી ગઈ અને સૌની હૂંફ પ્રાપ્ત થઈ. સમાજ પણ જાગ્રત થયો. મોટા બાર ગામના – મોટી બેંતાલીસ ગામના – વઢીઆરના – સત્તાવીસ ગામ ડરણના – ચોરાસીના અને સત્તાવીશ – બેંતાલીસ ભાગના – એમ બધાં પંચોએ પણ પોતાની પાસેની તમામ રકમો સંસ્થાઓના કાર્યકરોને અર્પણ કરી. પરિણામે કાર્યકરોમાં હિંમત આવી અને તા. ૨૧-૪-૧૯૨૩ના રોજ છાત્રાલય માટે અને શાળા માટે નવીન મકાન (વિદ્યાર્થી આશ્રમના નામે ઓળખાતા)ની ખાતવિધિ શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરીના શુભ હસ્તે કરવામાં આવી. તે વખતના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ અને કાર્યકરોએ જાતે ઈંટો ઉપાડી કામ કર્યું અને મુસીબતોનો સામનો કરતા રહી મકાન પૂરું કરેલું. ગામેગામથી નાની-નાની રકમો ઉઘરાવેલી જેની તકતીઓ વિદ્યાર્થી આશ્રમની ઓરડી ઉપર લગાવેલી છે જે જોવાથી કાર્યકરોના શ્રમનો ખ્યાલ આવી શકશે. આ આદ્ય

મકાનમાં નીચેની ઓરડીઓમાં વિદ્યાર્થીઓ રહેતા અને ઉપરના મેડાના ભાગે ભણતા. અને 'શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા ત્યાં વહે', 'જીવન એટલે ઉલ્લાસ, વિલાસ હરગિજ નહિ' આ સાદ ગુંજવતા.

આઝાદીની લડતના રંગે સૌ રંગાયેલા હતા, એટલે પૂ. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાંથી પ્રેરણા મેળવી જૂન ૧૯૨૫માં ઉદ્યોગ શિક્ષણની શરૂઆત કરવામાં આવી.

તે વખતના વડોદરાના મહારાજ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનો કડીમાં મુકામ થયેલો. આપણી સંસ્થાઓની મુલાકાત લેવાનું આમંત્રણ તેમણે સ્વીકારેલું. 'આ સંસ્થાઓમાં બધા ચળવળિયા છે તેમ ઠરાવી તેમના અમલદારોએ આ સંસ્થાઓની મુલાકાત રદ કરેલી, પણ છાત્રાલયના વિદ્યાર્થીઓની સંસ્કૃતમાં બોલાતી સવારની પ્રાર્થના સાંભળી શ્રીમંત સયાજીરાવ રેલવેસ્ટેશન સામેના ગેસ્ટ હાઉસમાંના તેમના ઉતારેથી ચાલતા સંસ્થામાં આવ્યા. સમગ્ર સંસ્થા જોઈ. રસોડું, વણાટ-કાંતણ ક્લાસ, સુથારી ક્લાસ વગેરે જોયાં અને દોડી આવેલા અમલદારોને પૂછ્યું કે અહીંની આવી સંસ્થાની મુલાકાત કેમ રદ કરી? તેના જવાબમાં અમલદારોએ જણાવ્યું કે આ સંસ્થાવાળા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરનારા ચળવળિયા હોઈ રાજદ્રોહી છે. શ્રીમંત મહારાજાએ તેઓને જણાવ્યું કે તમે આવી પ્રવૃત્તિને રાજદ્રોહ ગણતા હો તો મારે મારા રાજ્યમાં ગામેગામ આવો રાજદ્રોહ જોઈએ છે. આ સંસ્થા તો ઇંગ્લૅન્ડની પબ્લિક સ્કૂલ જેવું કામ કરી રહી છે તેમ કહી તે પોતાના પર્સનલ પર્સમાંથી બે હજાર રૂપિયાની વાર્ષિક મદદ મંજૂર કરી આપી. આ દિવસ હતો તા. ૪-૧-૧૯૨૬નો અને તે પછી પાછળથી રાજ્ય તિજોરીમાંથી આ મદદ મળ્યા કરતી જે વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી ચાલુ રહેલી.

સને ૧૯૨૮માં ગુજરાત ગૌશાળાની શરૂઆત છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને પૌષ્ટિક દૂધ મળે, ગોપાલન થાય અને ગોસુધારણા – ખેતી સુધારણાના પ્રયોગો થાય તે હેતુથી કરવામાં આવી.

સંસ્થાની રાષ્ટ્રઘડતરની અને આઝાદીની લડતને પૂરક પ્રવૃત્તિઓથી આકર્ષાઈ પૂ. ગાંધીજી તા. ૨૭-૭-૧૯૨૯ના રોજ આ સંસ્થાઓની મુલાકાતે પધારેલા બપોરના ૧૧-૩૦થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધી આ સંસ્થામાં રોકાયા. સમગ્ર સંસ્થા જોઈ- પ્રવૃત્તિઓ નિહાળી અને આ યુગપુરુષે જાહેરસભામાં સભાજનોને શિખામણ દીધી કે, ''તમારાં બાળકોને અહીં મોકલશો તો તેઓ અહીં સાચી કેળવણી પામશે.''

સંસ્થાઓની પ્રવૃત્તિઓએ વિકાસનો વેગ પકડ્યો. તા. ૧-૪-૩૫ના રોજ મૅટ્રિકનો વર્ગ શરૂ કરવામાં આવ્યો. પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ અમદાવાદથી દર શનિવારે કંઈ જ વેતન લીધા સિવાય મૅટ્રિકના વિદ્યાર્થીઓના ક્લાસ લેવા આવતા. આચાર્ય શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઈની ત્રિપુટી તેમના સાથી શિક્ષકોના સહકારથી સંસ્થાના કાર્યને દીપાવતી હતી. આ સંસ્થાની શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રે નામના અને સફળતા સૂર્ય જેમ પ્રકાશિત થતી ગઈ. પરિણામે અન્ય

સંસ્થાઓનો વહીવટ સોંપાયો અને નવી શાખાઓ અને નવી પ્રવૃત્તિઓ તથા નવાં મકાનો શરૂ થયાં જેની ટૂંક વિગત નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| તા. ૨૬-૩-૧૯૩૯ | શેઠ જી. સી. હાઈસ્કૂલ પિલવાઈનું સંચાલન હાથ ધર્યું |
| તા. ૨૦-૧૧-૧૯૪૧ | નૂતન સર્વ વિદ્યાલય – વીસનગરની સ્થાપના |
| તા. ૬-૫-૧૯૪૨ | વીસનગર શાખાની સ્થાપના અને મકાન |
| જૂન – ૧૯૪૨ | શેઠ મ. હ. છાત્રાલય – પિલવાઈનું સંચાલન હાથ લીધું |
| જૂન – ૧૯૪૨ | નવીન સર્વ વિદ્યાલય – વડનગરની સ્થાપના |
| જૂન – ૧૯૪૨ | વિદ્યાર્થી નિવાસ – વીસનગરની સ્થાપના |
| તા. ૧૧-૩-૧૯૪૪ | રૌપ્ય મહોત્સવની ઉજવણી |

વધતી સંખ્યાના કારણે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને નવા સ્વતંત્ર મકાનની જરૂર હતી. શેઠ શ્રી મફતલાલ ગગલદાસે સંસ્થાની ખ્યાતિ જાણી નવીન મકાન બાંધી આપવાની માગણી સ્વીકારી, એટલે તા. ૨૩-૪-૧૯૪૨ના રોજ શેઠ શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદનનું ખાતમુહૂર્ત થયું અને તા. ૧૨-૩-૪૫ના રોજ તેનું ઉદ્‌ઘાટન થયું. તા. ૧૨-૩-૪૫ના રોજ આશ્રમમાંથી હાઈસ્કૂલ નવા મકાનમાં બેસતી થઈ. સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી આ દાનવીર કુટુંબ તરફથી દર વરસે ૨૪૦૦ (ચોવીસો) રૂપિયાની સખાવત મળ્યા જ કરે છે. આ નવીન મકાન આખું તેમણે જ તેમના ખર્ચે બંધાવી આપ્યા પછી સને ૧૯૬૦માં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને વિવિધલક્ષી બનાવવામાં આવતાં તેમાં ટૅક્‌નિકલ વિભાગ જોડવામાં આવ્યો. શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી એક લાખ રૂપિયાની સખાવત મળી. સને ૧૯૬૫માં જુનિયર ટૅક્‌નિકલ સ્કૂલ શરૂ કરવામાં આવતાં તેનાં મકાનો માટે બીજી બે લાખ રૂપિયાની ઉદાર સખાવત મળી. શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે રહેતા આવ્યા છે અને તેમના તરફથી સંસ્થાને કાયમ દોરવણી અને ઉદાર સખાવતો મળ્યા જ કરી છે. તેઓ શ્રી 'અમૃત મહોત્સવ' ઉજવણી વખતે પધારી શક્યા નહિ તેની કાર્યકરોને ખૂબ જ ખોટ વર્તાણી છે, પણ સૌને વિશ્વાસ છે કે તેમના આશીર્વાદ સદા આ સંસ્થાઓને મળ્યા છે તેમ મળતા જ રહેશે.

| | |
|---|---|
| તા. ૧-૩-૧૯૫૨ | મિત્રમંડળ સર્વ વિદ્યાલય, બલોલની શરૂઆત |
| જૂન ૧૯૫૨ | પ્રાથમિક બેઝિક શિક્ષક અધ્યાપન મંદિરની શરૂઆત |
| સન ૧૯૫૬-૫૭ | સને ૧૯૫૨માં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રૂ. ૧૧૧-૦૦ની પુષ્પ પાંખડીઓ સંસ્થાને ભેટ ધરવા માંડેલી તેમાંથી તૈયાર થયેલું મકાન જેમાં હાલમાં વિજ્ઞાન-કૉલેજ બેસે છે અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના વર્ગ બેસે છે. |
| તા. ૨૮-૨-૬૦ | ઑડિટોરિયમ – સંસ્કારભવનના મકાનનું ઉદ્‌ઘાટન |
| જૂન ૧૯૬૦ | સર્વ વિદ્યાલયને વિવિધલક્ષી બનાવી ટૅક્‌નિકલ વિભાગ ખોલવામાં આવ્યો. |
| તા. ૮-૧૨-૬૦ | ટૅક્‌નિકલ વિભાગના વર્કશૉપના મકાનનું ખાતમુહૂર્ત |
| તા. ૭-૨-૬૩ | શ્રી ધ. મો. છાત્રાલયના મકાનનું ખાતમુહૂર્ત |

| | |
|---|---|
| તા. ૧૪-૬-૬૩ | ટેક્નિકલ વિભાગના મકાનનું ઉદ્‌ઘાટન પૂ. રવિશંકર મહારાજના હસ્તે શેઠ શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસના પ્રમુખસ્થાને |
| તા. ૧૪-૧૨-૬૪ | શ્રી ધ. મો. છાત્રાલયના મકાનનું શેઠ શ્રી કમલયનય બજાજના હસ્તે ઉદ્‌ઘાટન |
| તા. ૧-૧-૬૫ | પ્રિ. વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત |
| તા. ૨૪-૫-૬૫ | વિજ્ઞાનકૉલેજનું ઉદ્‌ઘાટન – ભારત સરકારના રેલવે પ્રધાન શ્રી એસ. કે. પાટીલના હસ્તે |
| તા. ૨૩-૨-૬૬ | પ્રિ. વો. સેન્ટરના મકાનનું ખાતમુહૂર્ત |
| જૂન ૧૯૬૬ | જુનિયર ટેક્નિકલ સ્કૂલની શરૂઆત |
| તા. ૧૧-૪-૬૭ | પ્રિ. વો. સેન્ટરના મકાનનું ઉદ્‌ઘાટન – ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી શ્રી ચોખાવાલાના હસ્તે. |
| તા. ૨૭-૫-૬૭ | જુ. ટેક્નિકલ સ્કૂલના મકાનની ખાતવિધિ ગુજ. સરકારના મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના હસ્તે. |
| તા. ૨૭-૫-૬૭ | જુ. ટેક્નિકલ સ્કૂલના વર્કશૉપના મકાનની ખાતવિધિ શેઠ શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલના હસ્તે |
| તા. ૨૭-૫-૬૭ | જુ. ટેક્નિકલ સ્કૂલના છાત્રાલયના મકાનની ખાતવિધિ શ્રીમતી સગુણાબેન હિતેન્દ્રભાઈ દેસાઈના હસ્તે. |
| તા. ૪-૧૨-૬૮ | વિજ્ઞાનકૉલેજની હૉસ્ટેલના મકાનની ખાતવિધિ. |
| તા. ૨-૫-૭૦ | સુવર્ણજયંતી પરિવાર સંમેલન શ્રી પોપટભાઈ ગુલાબદાસના પ્રમુખપદે. મંગળ પ્રવચન ભૂતપૂર્વ વિદ્યાર્થી 'અનામી' |
| તા. ૩-૫-૭૦ | વિજ્ઞાનકૉલેજ હૉસ્ટેલનું ઉદ્‌ઘાટન શ્રી સી. પી. પટેલના હસ્તે પ્રમુખ શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ.<br>મુખ્ય મહેમાન ગુજ. રા. મુખ્ય મંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ. |
| તા. ૨૯-૨-૭૬ | સંસ્થાઓના સૂત્રધાર અને ઉત્તર ગુજરાત ખેડૂતોના પ્રખર નેતા શ્રી પુ. ર. પટેલનું સન્માન. |
| તા. ૩-૧૧-૭૭ | ગાંધીનગર ક્ષેત્રે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલની ખાતવિધિ શેઠશ્રી હીરાલાલ ભગવતીના હસ્તે. પ્રમુખ શ્રી હમસુખલાલ ચીમનલાલ. અતિથિવિશેષ શેઠ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ. |
| તા. ૧૬-૪-૭૮ | શ્રી પુ. ર. પટેલ (દાસકાકા) સન્માન સમારંભ. શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈના પ્રમુખસ્થાને. સન્માનગ્રંથ અર્પણવિધિ શેઠશ્રી રજનીકાંત રસિકલાલ. સન્માન થેલી અપર્ણવિધિ રુસ્તમ જહાંગીર મિલવાળા શેઠ શ્રી પ્રફુલ્લભાઈના હસ્તે. અતિથિવિશેષ ગુજરાત સરકારના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ.<br>એમાં પાછળથી કલોલની ભારત વિજય મિલના અને મહેન્દ્ર મિલના દાનથી બે છાત્રાલયનાં મકાનો ઉમેરાયાં. |

આપ સૌ જોઈ શકશો કે સને ૧૯૧૯થી સને ૧૯૩૯નાં વીસ વરસો દરમિયાન બંને ભગિની સંસ્થાઓએ મજબૂતપણે મૂળિયાં નાંખ્યાં અને સને ૧૯૩૯થી સને ૧૯૫૯ સુધીનાં વીસ વરસો દરમિયાન વિશાળ કબીરવડનું સ્વરૂપ ધારણ કર્યું. તે પછી સને ૧૯૫૯થી સને ૧૯૭૯ સુધીનાં વરસો દરમિયાન ટૅક્નિકલ શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ ગામડાના વિદ્યાર્થીઓને સરળતાથી ઓછા ખર્ચે પ્રાપ્ત થાય તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી તે માટેનાં મકાનો-સાધનો વગેરેનું આયોજન કર્યું. અને નિર્માણ કર્યું. સંસ્થાના કાર્યકરો સામે જાણે એક કામ પૂરું થયું નથી ત્યાં બીજું કામ આવીને સામે ઊભું રહ્યું છે.

આ બંને ભગિની સંસ્થાઓનાં ગૌરવવંતાં સાઠ વરસો પસાર થયાં. નાના બીજમાંથી વટવૃક્ષની માફક વિકસેલી આપણી ઉત્તર ગુજરાતની આ ખ્યાતનામ સંસ્થાઓ આગળ વળી નવો તબક્કો કામ લઈને ઊભો થયો. શરૂમાં બંધાયેલાં મકાનો જીર્ણ થયાં હોઈ દુરસ્તી માગતાં હતાં. ટૅક્નિકલ શિક્ષણ અને નવી તરાહના શિક્ષણને ચાલુ મકાનો વિદ્યાર્થીઓની વધતી સંખ્યાના કારણે પૂરતાં ન હતાં, એટલે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળે અને શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પોતાનાં સફળ સાઠ વરસ પસાર થયાં હોઈ તે પ્રસંગને ચિરંજીવ અને ગૌરવવંતો બનાવવા 'અમૃત મહોત્સવ' ઉજવવો અને તેના લક્ષ્યાંક તરીકે 'અમૃત મહોત્સવ' પત્રિકામાં જણાવેલાં કામો કરવા ૨૫ લાખ રૂપિયાનું ફંડ એકત્ર કરવાનું તા. ૩૦/૩૧-૫-૮૧ના રોજની સંસ્થાઓની વ્યવસ્થાપક મંડળોની અને સાધારણ સભાઓમાં ઠરાવવામાં આવ્યું. અમૃત મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી અને તેના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવવાની ફરજ મને સોંપવામાં આવી.

આ સંસ્થાઓમાં સને ૧૯૩૩થી સને ૧૯૪૦ સુધી રહી મેં અભ્યાસ કરેલો. સને ૧૯૪૭માં કડીમાં મેં વકીલાતનો ધંધો શરૂ કર્યો ત્યારથી આ સંસ્થાઓના વ્યવસ્થાપક મંડળોમાં રહી સંસ્થાઓની સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું. 'અમૃત મહોત્સવ'ની ઉજવણીનું લક્ષ્ય ભારે હતું, પણ વિદ્યાર્થીઓની રૂ. ૧૧૧-૦૦ની પુષ્પ પાંખડીઓ એકત્ર કરવાનું કામ અને મુ. દાસભાઈની સન્માન થેલી એકત્ર કરવાનું કામ કરતાં જે સફળતા મળેલી તેથી સંસ્થાઓ પ્રત્યે પ્રેમ અને સૌ સહકાર્યકરોની હૂંફની ખાતરીથી મેં ફરી આ નવી ફરજને પણ મારું સદ્ભાગ્ય સમજી સ્વીકારી.

બંને સંસ્થાઓના સ્થાનિક કાર્યકરો પોતાની ફરજ પ્રથમ અદા કરે તો જ અન્યત્ર કરવા જઈ શકાય તેવી મારી દરખાસ્તને આ અરસામાં જ જેમનો સંસ્થાના વ્યવસ્થાપક મંડળમાં મંગળ પ્રવેશ થયેલો તેવા શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલનો ઉત્સાહજનક ટેકો પ્રાપ્ત થતાં તે સૌએ સ્વીકારી અને સારું એવું ફંડ તરત જ નોંધાયું.

પછી તો આ મંગળ શરૂઆતના કારણે જ્યાં ગયા ત્યાં ઉત્સાહજનક જવાબ મળતો ગયો. અમદાવાદમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી જી. જી. પટેલ, શ્રી મનુભાઈ, શ્રી અમરસીભાઈ, શ્રી તુલસીદાસ, શ્રી જી. આઈ. પટેલ, શ્રી ભાઈલાલભાઈ (ધારાસભ્ય)

વગેરેના સહકારથી ફંડ પ્રવૃત્તિ શરૂ કરી અને તેમાં તેમનો સતત સહકાર મળતો રહ્યો. તેમાં વળી, ડૉ. સોમાભાઈ દેસાઈ જ્યાં જરૂર પડે ત્યાં જોડાતા.

આ સંસ્થાના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. શ્રી નાથાભાઈ નારાયણદાસ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ડૉ. શ્રી ત્રિભોવનભાઈ અને શ્રી પુરુષોત્તમભાઈ એ. પટેલ (આચાર્ય - ટ્રેનિંગ કૉલેજ – ગૂજરાત વિદ્યાપીઠ) અન્ય ટ્રસ્ટીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઇચ્છાને માન આપી મારી વિનંતી સ્વીકારી સર્વ વિદ્યાલય કૅમ્પસમાં પ્રાથમિક શાળાના મકાન સાથે નામ જોડવાની શરતે બે લાખ રૂપિયાનું દાન આપવાનું નક્કી કરી દરખાસ્ત કરતાં સંસ્થાએ તે સ્વીકારતાં અમૃત મહોત્સવ ફંડ પ્રવૃત્તિના ઉત્સાહમાં ભરતી આવી. તેની ખાતવિધિ તા. ૧૧-૭-૮૨ના રોજ ડૉ. શ્રી ત્રિભોવનભાઈના હસ્તે કરવામાં આવી હતી. તેમાં વળી, શેઠ શ્રી જયકૃષ્ણભાઈને સંસ્થાના કાર્યકરો શ્રી માણેકલાલ, શ્રી નટુભાઈ, ડૉ. શ્રી રામભાઈ વગેરે સાથે મળતાં સંસ્થા માટે બીજી મહત્ત્વની જરૂરિયાત પુસ્તકાલયના મકાન માટે એક લાખ રૂપિયાનું દાન મળતાં ફંડ પ્રવૃત્તિ સફળતાની દિશામાં વિશ્વાસપૂર્વક વેગ પકડતી ગઈ. કલોલમાં મંત્રી શ્રી છગનભાઈ વકીલ, ડૉ. રેવાભાઈ, ડૉ. પોપટભાઈ, ડૉ. કિરીટભાઈ નાયક, વગેરેના સહકારથી ફંડ નોંધાયું. સુરત-વડોદરામાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં રહેતા હોઈ આચાર્યશ્રીઓ શ્રી મોહનભાઈ, શ્રી નરોત્તમભાઈ, શ્રી ત્રિભોવનભાઈ અને મંત્રી શ્રી છગનલાલ વકીલને સાથે લઈ સુરત-વડોદરાનો પ્રવાસ કર્યો. સુરતમાં શ્રી એન. આઈ. પટેલ, શ્રી એન. ટી. પટેલ, શ્રી નારણભાઈ વગેરેનો અને વડોદરામાં શ્રી ભગવાનદાસ, શ્રી દમ્પુ પટેલ, શ્રી દલસુખભાઈ, શ્રી કૃષ્ણકાન્ત વગેરેના સહકારથી સારું ફંડ નોંધાયું. એક બાજુ અમૃત મહોત્સવ ફંડપ્રવૃત્તિની જવાબદારી હું વહન કરતો હતો અને બીજી બાજુ સંસ્થાના સ્થાનિક કાર્યકરો કડીમાં દવાખાના માટે મોટું ફંડ કરવામાં સતત પ્રવૃત્ત રહેતા હતા. છતાં સૌના પ્રેમ અને સહકારથી વડોદરા પહોંચ્યા ત્યાં સુધીમાં ધીમી પણ મક્કમ ગતિથી અમૃત મહોત્સવ ફંડનો આંકડો દસ લાખે પહોંચી શક્યો હતો. પચીસ લાખનો આંકડો દૂર હતો. મહેસાણા, ઊંઝા, વીસનગર, મુંબઈ બાકીમાં હતાં ત્યાં જતાં પહેલાં U.S.A.માં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હોઈ ત્યાં જઈ આવવાનું વિચાર્યું. પત્રવ્યવહાર કરતાં U.S.A.માંથી ઉત્સાહજનક પ્રત્યુત્તર મળેલા. શ્રી આર. કે. પટેલ, શ્રી બી. આર. પટેલ, શ્રી ભોગીલાલ પટેલ ભારત આવેલા ને મળેલા અને તેમણે પણ U.S.A. જઈએ તો સંપૂર્ણ સહકારનો વિશ્વાસ આપેલો. મારી દીકરી અને સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. પ્રભા U.S.A.માં હોઈ તેણે ત્યાં ફોન દ્વારા માહિતી મેળવી U.S.A.નો પ્રવાસ સફળ રહેશે તેવું જણાવેલું. આથી પ્રેરણા પામી U.S.A.ના પ્રવાસની વાત કરતાં સંસ્થાના વ્યવસ્થાપક મંડળે તે સ્વીકારી મને અને આચાર્ય શ્રી મોહનભાઈને તે જવાબદારી સોંપતાં અમે બંનેએ U.S.A.નો બે માસનો સફળ પ્રવાસ કર્યો અને સારા એવા ફંડની નોંધ થઈ. આ પ્રવાસની સફળતા U.S.A.માં શિકાગોમાં રહેતા શ્રી આર. કે. પટેલ, શ્રી કાલિદાસ પટેલ, શ્રી સી. કે.

પટેલ, શ્રી બી. આર., શ્રી સાંકળચંદ, શ્રી ખોડીદાસ, N. J.માં રહેતા ડી. એમ. શ્રી મણિભાઈ, શ્રી માધવલાલ, શ્રી ભરતકુમાર. ચિ. પ્રભા, શ્રી નલિનભાઈ રાવળ, કેલિફોર્નિયામાં રહેતા શ્રી જયંતીભાઈ, શ્રી અમૃતભાઈ, શ્રી નારણભાઈ, શ્રી મહેન્દ્રભાઈ અને જ્યોર્જિયામાં રહેતા શ્રી એમ. જે., શ્રી કે. સી. વગેરેના સહકારથી પ્રાપ્ત થઈ. ટોરેન્ટોવાસી શ્રી પી. પી. પટેલ, શ્રી ભોગીલાલ, વગેરેનો સહકાર પણ શ્રી બી. આર. અને શ્રી સાંકળચંદ સાથે જતાં ઘણો જ ઉમળકાથી પ્રાપ્ત થયેલો. આ સૌનો અપૂર્વ પ્રેમભર્યો જે સહકાર મળ્યો તેને સંભારતાં ગદ્‌ગદિત થઈ જવાય છે.

આ ફંડ પ્રવૃત્તિ દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આચાર્યો અને શિક્ષકો તરફના અદ્‌ભુત પ્રેમનાં દર્શન થયાં. આચાર્યો અને શિક્ષકો પોતાના શિક્ષણકાર્યથી વિદ્યાર્થીઓમાં સંસ્થાઓ માટે મોટી મૂડી ઊભી કરી શકે છે તેની નોંધ લેતાં આનંદ અને ગૌરવ અનુભવાય છે.

U.S.A.ના પ્રવાસ દરમિયાન હૉસ્ટેલ નામ દાનનું બે લાખ રૂપિયાનું દાન સોળ ગામના શ્રી બી. એમ. પટેલ તરફથી, મહેમાનગૃહ અને કાર્યાલય માટે સવા લાખ રૂપિયાનું દાન સરસાવના શ્રી કાળીદાસ તરફથી અને એક ભોજનશાળા માટે એકાવન હજાર રૂપિયાનું દાન મોખાસણના શ્રી નારણભાઈ એ. પટેલ (ભગત) તરફથી અને બીજી ભોજનશાળા માટે એકાવન હજાર રૂપિયાનું દાન કાંઝના ડૉ. શ્રી વિષ્ણુભાઈ તરફથી નોંધાતાં સંસ્થા માટેનાં અમૃત મહોત્સવ પ્રવૃત્તિમાં લક્ષ્યાંકનાં મકાનોની જરૂરિયાત સારી રીતે સંતોષાઈ.

U.S.A.નો સફળ પ્રવાસ થતાં ફંડનો આંકડો બાવીસ લાખે પહોંચ્યો અને હવે મહેસાણા-ઊંઝા-વીસનગર અને મુંબઈના અનામત સ્થળોએ જતાં પચીસ લાખે પહોંચી જવાશે તેમ ચોક્કસ લાગ્યું. પણ U.S.A.ના પ્રવાસેથી આવ્યા પછી અમદાવાદમાં રહેતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરીકે શ્રી જી. જી. પટેલ અને શ્રી અમરસીભાઈ વગેરેએ અમારા બંનેના સન્માનનો મેળાવડો યોજ્યો અને તેમાં પોપ્યુલર કન્ટ્રક્શનવાળા શ્રી અમૃતભાઈ પટેલને મુખ્ય મહેમાન તરીકે આમંત્રેલા તેમણે આપેલા ૫૧ હજારના દાન સાથે અન્ય દાતાઓએ પણ ફંડો નોંધાવતાં આશરે ૭૦ હજારનું ફંડ જ ઉમેરાયું, પણ આ મેળાવડાના પ્રમુખ શ્રી જી. આઈ. પટેલ જે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમણે મોંઘવારી વધી હોઈ અમૃત મહોત્સવ નિમિત્તે કરવા ધારેલાં કામોનું ખર્ચ વધશે તેથી ફંડનું લક્ષ્યાંક પચીસ લાખને બદલે પાંત્રીસ લાખનું ફેરવવા અને તે આંકડે પહોંચવા પોતાનો સંપૂર્ણ સહકાર મળશે તેવી ખાતરી ઉચ્ચારી. જેની શરૂઆત થતાં સંસ્થાનાં વ્યવસ્થાપક મંડળોએ ૨૫ લાખના બદલે ૩૫ લાખનું લક્ષ્યાંક ઠરાવ્યું. જવાબદારી વધી અને નિરાંત દૂર ઠેલાણી એટલે અનામત સ્થળોએ કાર્યકરોને લઈ વહેલા જવા કડીના આંટાફેરા વધાર્યા અને વીસનગર શ્રી માણેકલાલ, શ્રી રતિભાઈ, શ્રી મોહનભાઈ, શ્રી નરોત્તમભાઈને લઈ મુ. શ્રી સાંકળચંદભાઈનાં બારણાં ખખડાવ્યાં. મુ. શ્રી સાંકળચંદભાઈને શરીરની કેટલીક તકલીફ છતાં અમારી સાથે

જોડાયા અને વીસનગરનું પતાવ્યું. મહેસાણા કડીથી શ્રી નટુભાઈ, શ્રી માણેકલાલ ને શ્રી રામભાઈ, શ્રી ભાઈલાલભાઈને સાથે લઈ મહેસાણા શ્રી કેશવલાલભાઈને બોલાવેલા તેમની અને શ્રી હરગોવિંદભાઈની સાથે અમે સૌએ મહેસાણાના ફંડની નોંધણી કરી. વીસનગર-મહેસાણા-ઊંઝા સ્થાનિક કામોની ફંડ પ્રવૃત્તિ ચાલતી હોઈ દાતાઓનો પ્રેમ છતાં તેમની પણ મર્યાદાઓ હતી. અમૃત મહોત્સવ ફંડનું બાકીનું લક્ષ્યાંક દૂર હતું. અવારનવાર ફંડ પ્રવૃત્તિ સંસ્થાના કાર્યકરો સાથે અમદાવાદમાં કરવામાં આવતી હતી. દરમિયાનમાં હવે અમૃત મહોત્સવ ઊજવવો જોઈએ તેવાં સૂચનો થતાં હતાં, એટલે સંસ્થાનાં વ્યવસ્થાપક મંડળોએ સને ૧૯૮૪માં ફેબ્રુઆરીની ૨૫-૨૬ તારીખોમાં અમૃત મહોત્સવ ઊજવવાનો નિર્ણય લીધો. એટલે મુંબઈ જવાનો નિર્ણય લઈ આચાર્ય શ્રી મોહનભાઈ અને શ્રી નરોત્તમભાઈને સાથે લઈ તા. ૩-૨-૮૪ના રોજ મુંબઈ ઊતર્યા અને શ્રી મોહનભાઈના વેવાઈ શ્રી બાબુભાઈને ત્યાં – U.S.A. જતાં અને આવતાં જેમ ધામા નાખેલા તેમ – ધામા નાખ્યા. તારીખ ૯-૨-૮૪ના રોજ ઉત્સવની તૈયારી માટે પરત થઈ જવાનું હતું, પણ પ્રભુકૃપાએ જેમ ફંડની પ્રથમ મંગળ શરૂઆત થયેલી તેમ અંતમાં મુંબઈનો પણ પ્રવાસ સફળ થયો. મુરબ્બી શ્રી પોપટભાઈના સુપુત્ર શ્રી હર્ષદભાઈએ શુભ શરૂઆત કરી આપી અને પોતે બહારગામ જવાના હોઈ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને 'ભાભા રિસર્ચ સેન્ટર'માં સર્વિસ કરતા શ્રી પીતાંબરભાઈને અમારી ફંડ પ્રવૃત્તિનું સુકાન સોંપ્યું. તેમાં શ્રી સરઢવના શ્રી પુરુષોત્તમભાઈ (દાસભાઈ) અને ઉમતાના શ્રી જયંતીભાઈ અને અમારા યજમાન શ્રી બાબુભાઈ જોડાતા રહ્યા. ઉનાવાના શ્રી ભોગીભાઈએ ટૅક્નિકલ બ્લૉકના મકાનને નામદાન માટે રૂ. એક લાખ, અગિયાર હજાર, એકસો અગિયારના દાનની રકમ નોંધાવતાં અમને સૌને અતિહર્ષ થયો. ટૅક્નિકલ બ્લૉકના ચાર ક્લાસરૂમો પૈકી ત્રણ ક્લાસરૂમ માટે દરેકના પચીસ હજાર રૂપિયાનાં દાન શેઠ શ્રી બુલાખીદાસ, શેઠ શ્રી હરીશભાઈ ચુનીભાઈ ધનજીભાઈ, અને એન. કે. પટેલ તરફથી નોંધાવ્યાં અને બીજાં જે દાન સરળતાથી પ્રાપ્ત થયાં તેથી અમારા ઉત્સાહમાં મુંબઈના સમુદ્રની પૂર્ણિમાની ભરતી આવી. ફંડ નોંધણી આંકડો ત્રણ લાખ ઉપર થયો, પરંતુ લગ્નસરા ચાલુ થઈ હોઈ અન્ય દાતાઓ મુંબઈ બહાર ગયેલા હતા અને સમયનો અભાવ હોઈ લાલચને રોકી કડી પાછા આવ્યા. ઊંઝા ફંડ માટે આવવાનું મોકૂફ રાખવાના સમાચાર હતા છતાં અમૃત મહોત્સવ ઊજવવા પહેલાં જઈ આવવું ઉત્તમ ગણાય અને તે દૃષ્ટિથી ઉમિયા માતાજીની કમિટીની મિટિંગ હોઈ અને મા ઉમિયાનાં દર્શન પણ મંગળ પ્રવૃત્તિના અંતે કરીએ તેમ વિચારી શ્રી નટુભાઈ, શ્રી માણેકલાલ, શ્રી રતિભાઈ સાથે ઊંઝા ગયા. ત્યાં શ્રી કેશુભાઈ તો હતા જ. દાતાઓની મુલાકાત કરી. શ્રી શંકરભાઈ ગુરુ પણ હતા અને બે ત્રણ નામ ફંડમાં ઉમેરી અગાઉ જણાવ્યા મુજબ હાલના સંજોગોને કારણે ફંડ પ્રવૃત્તિ બંધ રાખી મા ઉમિયાનાં દર્શન કરી મહેસાણા થઈ મુ. દાસભાઈની તબિયત નરમ રહેતી હોઈ ખબર કાઢી અમૃત મહોત્સવ કાર્યક્રમની તેમને જાણ કરી કડી પરત આવ્યા.

અમૃત મહોત્સવ ફંડ પ્રવૃત્તિ માટે સમાજ સમક્ષ જવાનું પ્રાપ્ત થયું. અને જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓની જેટલી સારી દેખભાળ સંસ્થાઓ રાખે અને પ્રામાણિકપણે સંસ્થાઓનો વહીવટ થયા કરે તો સમાજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સહકાર સંસ્થાઓને મળ્યા કરે છે અને તેના પુરાવારૂપે આપણી સંસ્થાઓની અમૃત મહોત્સવ ફંડની પ્રવૃત્તિ અને પરિણામ છે.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને લેબોરેટરી ક્લાસની જરૂર હોઈ તેનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. તેના એક હૉલ માટે શ્રી અમૃતભાઈનું (પોપ્યુલર કન્સ્ટ્રક્શન) ૫૧ હજારનું દાન આવી ગયું છે. બીજા હૉલ માટેનું દાન વામજના શ્રી બાબુભાઈ કેશવલાલે સંસ્થાની મુલાકાત લેતાં ૫૧ હજારનું કરી આપ્યું. હવે આ પ્રયોગશાળા સંકુલ માટે રૂ. ૧૧૧૧૧૧ બાકીમાં છે. એક નવીન છાત્રાલયની અને વારિગૃહની જરૂર છે. સંસ્થાની શાખા-પ્રશાખાઓનાં મકાનોની દુરસ્તી માટે એક દરેક સંસ્થા માટે પાંચ પાંચ લાખના કાયમી મકાન ફંડની જરૂર છે. જેનું વ્યાજ જ દુરસ્તીમાં વપરાયા કરે. ટેક્નિકલ ક્ષેત્રે વિકાસ માટે વધારાની જમીનોની જરૂર પણ છે હવે સંસ્થાની દરેક શાખાઓ પોતાનો પંચવર્ષીય વિકાસ કાર્યક્રમ નક્કી કરતી રહે તો વિકાસ થયા કરે. આ જવાબદારી કાર્યકરોની છે.

પાછલાં વર્ષોમાં ઊજવાયેલા પ્રસંગો વખતે બન્યું છે તે આપણા અમૃત મહોત્સવ અધિવેશનના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત સરકારના મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી અને પ્રમુખ તરીકે શેઠ શ્રી જયકૃષ્ણભાઈ અને મુખ્ય મહેમાન તરીકે શેઠ શ્રી બળદેવભાઈ આપણને પ્રાપ્ત થયા અને ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓના સંમેલનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલના જાહેરજીવનમાં જાણીતા કાર્યકરો તરીકે પ્રસ્થાપિત થયેલા શ્રી જી. આઇ. પટેલ પ્રમુખ તરીકે, શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ ઉદ્‌ઘાટક તરીકે અને ડૉ. શ્રી ત્રિભોવનભાઈ અતિથિવિશેષ તરીકે અને સંસ્કાર કાર્યક્રમમાં પ્રમુખ તરીકે જાણીતા પ્રવીણ કૉર્પોરેશન અમદાવાદના માલિક શ્રી નારણભાઈ અને અતિથિવિશેષ તરીકે શ્રી અમૃતભાઈ (પોપ્યુલર કન્સ્ટ્રક્શન) અમદાવાદના પ્રાપ્ત થાય છે. શ્રી નારણભાઈએ આ સંસ્થામાં પ્રથમ વખત પધારવામાં સંસ્કાર કાર્યક્રમ વખતે જ ૨૫ હજારનું દાન જાહેર કરી આ સંસ્થાઓને બિરદાવી છે અને ભાવિ સહકારની ખાતરી આપી છે. નાદુરસ્ત તબિયતના કારણે શેઠ શ્રી લક્ષ્મીકાન્તભાઈએ અને અન્ય રોકાણના કારણે શ્રી અમૃતભાઈ પધારી શકેલા નહિ, પણ પોતાનું પ્રવચન લખી મોકલી તેમની ગેરહાજરીની આપણી ગ્લાનિને હલકી કરેલી.

કેટલીક વખતે ગામડાંના વિદ્યાર્થીઓ જ્યાં અભ્યાસ કરતા હોય તેવી સંસ્થાઓ મ્યુનિસિપલ ક્ષેત્રમાં હોવાના કારણે સરકારી મદદ ગુમાવે છે. તેનો તાજો દાખલો આ સંસ્થા બની છે. આયોજન પંચ તરફથી મળનારી હૉસ્ટેલ આ સંસ્થા ગામડાંના વિદ્યાર્થીઓને મોટા ભાગે શિક્ષણ આપવાનું કામ કરે છે છતાં કડી મ્યુનિસિપલ વિસ્તારમાં હોઈ તેને મળી નથી. આવા કાયદાઓનો અર્થ કરવાના પ્રસંગે કાયદાનો

હેતુ જોઈ મદદ અપાય તેમ થાય તે ઇચ્છનીય છે તેવી, સરકારની ધુરા વહન કરનારાઓને અત્રે વિનંતી કરીએ તો તે અસ્થાને નહિ ગણાય.

અમૃત મહોત્સવ ઉજવણી વખતે ચાર મકાનો તૈયાર થઈ ગયેલાં જે (૧) શ્રી નાથાભાઈ નારણદાસ પ્રાથમિક શાળાનું, (૨) શેઠ શ્રી હરિવલ્લભદાસ કાળીદાસ પુસ્તકાલયનું, (૩) શ્રી બી. એમ. પટેલ વિદ્યાર્થીભવનનું અને (૪) શ્રીમતી મેનાબેન મંગળદાસ પટેલ મહેમાનગૃહ અને મધ્યસ્થ કાર્યાલયનું એમ ચાર મકાનોનું ગુજરાત સરકારના મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઈના શુભહસ્તે ઉદ્‌ઘાટન દીપ પ્રગટાવી કરવામાં આવ્યું છે. ટૅક્‌નિકલ બ્લૉક (ચાર ક્લાસ રૂમનો) વિજ્ઞાન પ્રયોગશાળા સંકુલ (બે હૉલ સ્ટોર રૂમ સાથેના અને એક ભોજનાલય એમ ત્રણ મકાનોનું બાંધકામ ચાલી રહેલું છે. જૂના સૌ પ્રથમ આદ્ય વિદ્યાર્થી આશ્રમના મકાનની દુરસ્તીનું કામ તથા તે પછી બંધાયેલાં મકાનોની દુરસ્તી ને રંગકામ પૂરું થઈ ગયેલ છે. ટૅક્‌નિકલ હૉસ્ટેલ સામે એક નવીન બાગ ઉમેરવામાં આવ્યો છે અને વળી અમૃત મહોત્સવ વખતે આ સંસ્થાના વિશેષ વિકાસ માટે એકાવન લાખ સુધી ફંડ પહોંચાડવા સમાજ આગળ દરખાસ્ત કરવામાં આવી છે અને મુંબઈ જાતે હાજર રહેલા શ્રી પુરુષોત્તમદાસ અને શ્રી પીતાંબરભાઈ વગેરેએ ફંડ માટે ફરી આવવા તરત જ આમંત્રણ આપ્યું અને શ્રી જી. આઇ. પટેલે પણ પોતાની શક્તિ કામે લગાડી સહાયરૂપ થવા વચન આપ્યું અને હજાર દાતાઓએ નવીન ફંડ નોંધાવ્યું તથા દસ વર્ષીય વચન આપ્યાં વગેરે જોતાં સમાજ જરૂર સંસ્થાઓની માગણીના ફંડને પૂરું કરશે તેની સંપૂર્ણ શ્રદ્ધા બંધાણી છે.

આ સંસ્થાના વિકાસમાં શેઠ શ્રી મફતલાલ ગગલદાસ અને તેમનું કુટુંબ સતત સહાયરૂપ થતું આવેલું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ રહેલા શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ આ પ્રસંગે પધારી શક્યા નહિ તેની મોટી ખોટ સૌ કાર્યકરોને લાગી છે. તેમણે જે સંસ્થાઓને પોષેલી તે સંસ્થાઓના વિદ્યાર્થીઓએ અમૃત મહોત્સવ ફંડની ઝોળીને છલકાવી દેવા જે સહાય કરી છે તે તથા સંસ્થાના નવીન વિકાસને તેઓશ્રી રૂબરૂ પધારી જોઈ શક્યા હોત તો ઘણું જ યોગ્ય થયું હોત. કાર્યકરોના તેમની ગેરહાજરીના દુઃખને તેમની હૂંફ અને પ્રેરણા આ સંસ્થાને મળ્યા જ કરશે તેની શ્રદ્ધા હળવું કરે છે.

કોઈ પણ પ્રસંગને અનુકૂળ પ્રચાર સાહિત્ય ના હોય તો સમાજને તે પ્રસંગનું હાર્દ સમજાવી શકાતું નથી. આપણી સંસ્થાના જુદા પ્રસંગોને અનુકૂળ પ્રચાર સાહિત્ય, સંસ્થાઓની વિકાસયાત્રાના સતત સાથી રહેલા આદ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકીના એક અને સંસ્થામાં અર્ધી સદી ઉપરાંત જેઓ નિષ્ઠાપૂર્વક સેવા કરી રહ્યા છે તે સંસ્થાના એક્ઝિક્યુટિવ હેડ શ્રી ભાઈલાલભાઈએ અન્ય જવાબદારીઓ વહેતા રહી કાયમ પૂરું પાડ્યું છે. અમૃત મહોત્સવની ઉજવણીને લગતું તમામ પ્રચાર સાહિત્ય પૂરું પાડવાની પણ તેમણે સફળતાપૂર્વક સમયસર પોતાની જવાબદારી અદા કરી છે તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમૃત મહોત્સવની ઉજવણીના બે દિવસના કાર્યક્રમોને પાર પાડવાની જવાબદારી ભૂતકાળના પ્રસંગો અને ઉત્સવોની માફક બંને સંસ્થાઓનો સમગ્ર પરિવાર – શિક્ષકો, કામદારો, વિદ્યાર્થીઓ વગેરેના તથા કાર્યકરોના સહકારથી આચાર્યો શ્રી મોહનભાઈ, શ્રી નરોત્તમભાઈ, શ્રી ત્રિભોવનભાઈએ તથા શ્રી ભાઈલાલભાઈએ સફળતાપૂર્વક પાર પાડી અમૃત મહોત્સવ ઉજવણીને યશકલગી ચઢાવી છે. તે બદલ સૌને અભિનંદન આપતાં આનંદ થાય છે.

અંતમાં ફંડપ્રવૃત્તિ કરવાના ઉત્સાહમાં કંઈ આવેગપૂર્વક કોઈની લાગણી દુભાય તેવું કંઈ બોલાઈ ગયું હોય કે કંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરવા વિનંતી કરું છું. અહીં કોઈને યાદ કરવાનું રહી ગયું હોય કે કંઈ ભૂલ હોય તો તે પણ ક્ષમા કરવા વિનંતા કરું છું.

એક ભગીરથ કાર્યની જવાબદારી મને સોંપવામાં આવી તેને મેં મારું સદ્ભાગ્ય સમજી સ્વીકારેલી. પ્રભુકૃપાએ તેમાં જે સફળતા પ્રાપ્ત થઈ છે અને આપણો અમૃત મહોત્સવ જે ગૌરવવંતો, ચિરંજીવ અને પ્રેરણદાયી બન્યો છે તે સંસ્થાઓના સર્વ કાર્યકરો, શિક્ષકબંધુઓ, આચાર્યો, દાતાઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ચાલુ વિદ્યાર્થીઓ અને નાના-મોટા સર્વ કામદારોના પ્રતાપે છે એટલે તે સૌને યાદ કરી સૌનો આભાર માનું છું. બંને ભગિની સંસ્થાઓ પોતાનો હવે પછીનો મહોત્સવ સિદ્ધિનાં અન્ય શિખરો સર કરી ઊજવે તેવી પ્રભુપ્રાર્થના કરી વિરમું છું.

(**સૌજન્ય :** શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,<br>
શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (ઉ.ગુ.), અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ,<br>
ફેબ્રુઆરી, ૧૯૮૪, સંપા. મોહનલાલ બા. પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ,<br>
અમૃત મહોત્સવ સમિતિ, કડી, ૧૯૮૮, પૃ. ૩૭થી ૪૬.

❑

*બે પેઢી વચ્ચે અંતર ભલે હોય, પણ પિતાની પાસે*
*અનુભવવ્યાપ્ત મતિ છે અને પુત્ર પાસે ગતિ છે;*
*એ બંનેનો સુમેળ સધાય તો ઘર અને કુટુંબ ન્યાલ થઈ જાય.*

- પુરુષોત્તમ માવળંકર

૧.૫

# સન્માનનો પ્રતિભાવ

મુખ્ય મહેમાન આનંદીબેન, ડૉ. એ. કે. પટેલ, અતિથિ વિશેષ શંકરલાલ ગુરુ અને આપ સૌ મહાનુભાવો અને દાતાઓ.

આજે મારા જેવા એક નાના કાર્યકરનું આવડું મોટું સન્માન કરવા બદલ હું આપ સૌનો ખૂબ-ખૂબ આભાર માનું છું. મેં સંસ્થામાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કર્યો. અને એ પછીના મારા જીવનમાં કેળવણીક્ષેત્રે પ્રેરણા આપનાર પૂ. છગનભા અને કર્મયોગી દાસકાકા. દાસકાકા અને છગનભા એ બેની સાથે કામ કરવાની જે તક મળી એના પરિણામસ્વરૂપે બે મંત્રો જે હતા : 'કર ભલા હોગા ભલા' અને ગીતા મંત્ર **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन्'**. 'કર ભલા હોગા ભલા' છગનભાનો મંત્ર. દાસકાકા કર્મયોગી હતા. એ બંનેની પ્રેરણાસ્વરૂપે સંસ્થામાં હું ૫૦ વર્ષ હોદ્દેદાર તરીકે રહી શક્યો, મને નિભાવ્યો, નાની-મોટી કોઈ ને કોઈ ભૂલ થાય. આવડી મોટી કાર્યકરોની સંસ્થામાંથી ખસી જવું પડે, પણ જ્યાં સુધી તબિયતે સહકાર આપ્યો ત્યાં સુધી સેવા થઈ શકી. એના પરિણામસ્વરૂપે મારા દીકરા ડૉ. કનુભાઈ પણ સંસ્થાની સેવાનું કામ ડૉક્ટરનો ધંધો હોવા છતાં પણ બહુ જ ખંતથી અને પુણ્યથી કરી રહ્યા છે. એક વાત આપણે કાર્યકરોએ યાદ રાખવી પડે કે આચાર્યો, શિક્ષકગણ, કર્મચારીઓ અને પટાવાળા એ બધાના પરિણામસ્વરૂપે, એમના કામસ્વરૂપે દાતાઓના દાનનું તેજ સમાજમાં ફેલાય છે. શિક્ષકોનું કામ બરોબર ના હોય અગર તો નાનો પટાવાળો પણ ભૂલ કરે તો ધીમે-ધીમે સંસ્થાની ઇમેજ બગડે. સર્વ વિદ્યાલય એ શબ્દો આપણે સૌએ પકડ્યા. મારી સાથે કડવા પાટીદાર છાત્રાલયમાં વણિકોના, બ્રાહ્મણોના દીકરા અને હરિજનોના દીકરાઓ હતા. આ સંસ્થા સર્વની છે. જ્ઞાતિના નાતજાતના ભેદ સિવાયનું લક્ષ્ય રાખ્યું અને સર્વ વિદ્યાલય બધી વિદ્યાઓનું આલય અને ચીલાચાલુ એવી એક સંસ્થા ન બને એ ખ્યાલ રાખીને એનું કામ કર્યા કર્યું. તેથી દાતાઓને સરસ્વતીએ આપણા માટે પ્રેરણા કરી દીધી અને લક્ષ્મીજીએ ત્યાં જઈને એમને કહ્યું કે તમારે આ કામ સાચવવું પડશે. આ સંસ્થા ઉપર બે દેવીઓની કૃપા છે જે આપ સૌ જોઈ શકો છો. લગભગ ૮૩ વર્ષ સંસ્થાને થયાં છતાં સંસ્થા જોમવતી અને જુવાન ગતિએ ચાલે છે. હું ઘરડો થઈ ગયો, ટેકો કરીને મને ઊભો કરવો પડે છે, પણ આ સંસ્થાને એવા ટેકા મળ્યા છે કે નાના-મોટાઓ સંસ્થા માટે કામ કરે છે. સૌને પ્રેરણા થયા કરે છે. કોઈ પણ પ્રકારની કોઈ ભૂલ ના કાઢે એવું કામ એના સૌ કાર્યકરો કરી રહ્યા છે. આજે જે કાર્યકરો ભારવહન કરી રહ્યા છે એમાં મુખ્યત્વે

માણેકલાલ સદા ગતિવાળા, માણેક જેવું જ નામ, નરસિંહભાઈ અને કનુભાઈ એ ત્રણ સતત દેખરેખ રાખે છે. કેશુભાઈ તરફથી જરૂર પડે તો સલાહસૂચન મળ્યાં કરે છે. આમ, આ સંસ્થા વર્ષોથી ચાલે છે. છગનભાનું અને આ દાસકાકાનું સ્વપ્ન હતું કે કન્યા વિદ્યાલયનું સ્વતંત્ર શિક્ષણ ઊભું કરવું તે થઈ શક્યું નહિ. કડીમાં ના થયું, ઊંઝામાં થયું, પણ આ સંસ્થાને જે કરવાનું હતું એ છગનભાએ પણ અંતિમ વખતે કહેલું કે મારું આટલું સ્વપ્ન પૂર્ણ કરી લો. દાસકાકાના સમયમાં બાકીની સાડા છ એકર જમીન નહોતી મળતી એ પછી અમરસિંહ ચૌધરીએ આપણને આપી હતી.

આ કૅમ્પસના આદ્યસ્થાપક દાસકાકા અને આદ્યદાતા શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ એ બેનો સહકાર થયો એટલે ૧૩ એકર જમીનમાં આ સંસ્થા ઊભી થઈ ગઈ. અહીંયાં લક્ષ્મીકાંતભાઈનો પાછળથી પણ સહકાર મળ્યા કર્યો. બીજા દાતાઓ પણ મળ્યા અને કડી સંસ્થા પેલા નાના આશ્રમમાં બેસતી હતી. ઑફિસનું મકાન નહોતું. અમે અમેરિકા ગયા ત્યારે કાળીદાસભાઈએ એમની માતાજીના નામે સાડા ત્રણેક લાખ રૂપિયા અમને કન્યા છાત્રાલય અને મહેમાનગૃહ અને કાર્યાલય માટે આપ્યા. અને કડીમાં સંસ્થાની ઑફિસનું કાર્યાલય સરસ બની ગયું. આજે તો કાલિદાસભાઈ સ્વર્ગસ્થ થઈ ગયા છે. આપ જોઈ શકો છો કે દાતાશ્રીઓને પ્રેરણાઓ થયા જ કરે છે. ઘણાં નામદાન મળ્યાં છે. નામદાન ન આપનાર પણ ઘણા. હું કોને-કોને યાદ કરું ? એક જ વ્યક્તિનું નામ આપું કે વિઠ્ઠલદાસ ચોકસીએ બાળમંદિરની શરૂઆત કન્યા સંકુલમાં કરવાની કહી. એમના પાછળ જે દાન વધતાં ગયાં અને યથાશક્તિદાન આપીશું એમ કરીને લગભગ કરોડ રૂપિયા જેટલું દાન એમના તરફથી પ્રાપ્ત થયું. આ રીતે સરસ્વતીદેવી અને શ્રી લક્ષ્મીજીની કૃપા ઊતરતી ગઈ અને કન્યા સંકુલના શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ ઉમિયા ટ્રસ્ટ તરફનું અને કેશુભાઈ તરફથી નાથીબા કૉમર્સ કૉલેજ, બાલમંદિરથી માંડીને કૉમર્સ કૉલેજ સુધીની હૉસ્ટેલો સાથેની એકલી દીકરીઓ માટેની સંસ્થા બની. આ બાજુના કૅમ્પસમાં દીકરીઓ અને દીકરા ભણી શકે, પેલામાં એકલી દીકરીઓ જ રહી શકે અને આજે અહીં દાખલ કરવાનો એટલો બધો આગ્રહ છે કે કાર્યકર્તાઓને પણ અમૂંઝણ થઈ જાય. શિક્ષકોને પણ અમૂંઝણ થઈ જાય. આચાર્યોમાં પાટણના બે આચાર્યો - અમારી વખતે બાપુભાઈ ગામી અને તેમના પછી મોહનલાલ પટેલ. એ પણ પાટણના કે જેમનું સતત કામ રહ્યા કર્યું. હવે તો આ સંસ્થાના વહીવટમાં પણ વિદ્યાર્થીઓ આવી ગયા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ દાન કર્યાં અને અન્ય દાતાઓએ પણ. બહુ જ વિચારપૂર્વક દાન કરનારા શ્રી અનિલભાઈ બકેરી જેવી વ્યક્તિઓએ પણ જોઈવિચારીને અને વાવેલું ઊગશે એમ માનીને દાન આપ્યાં. હું મોટો દાતા નથી કે મોટો અધ્યાપક નથી. નાની-નાની સરવાણીઓ ઊભી કરી અને એનું કામ થયા કર્યું. એમાં અમારી ગૌ-શાળાનો વહીવટ દાસકાકા પછી મેં સંભાળ્યો. ટંકે ચૌદ લિટર દૂધ થતું. આ ગૌ-શાળા છગનભાએ શરૂ કરી ત્યારે શંકરભાઈ કરીને એક સાત ચોપડી ભણેલા એના મૅનેજર હતા. વગડામાં રહેવાનું.

શ્રી પોપટભાઈએ લાંઘણજના શંકરભાઈને બોલાવ્યા હતા. એ શિક્ષકની નોકરીમાં હતા એ વખતે એ છોડી દઈને તેમણે ગૌ-શાળા સંભાળી અને પરિણામસ્વરૂપ મેં જાતે જોયેલું કે એ જે ગાયને બોલાવે તે એમની પાસે આવી જાય. ગાયોની આવી સેવા કરતા. બહુ પ્રામાણિક માણસ. એમના પછી મનુભાઈ પટેલ આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જેઓ કેલિકો મિલમાં સર્વિસ કરતા હતા. એમને મેં કહ્યું કે મનુભાઈ એક ખાસ સેવા કરવી પડશે. તમારું ખેતીવાડીનું જ્ઞાન સારું છે એટલે ગૌશાળામાં સેવા આપો. મારી સાથે જોડાયા અને મારી વાત માની અને ટંકે ચૌદ લિટરમાંથી એકસોને ચાલીસ લિટર દૂધ એટલે કે આખા દિવસનું બસો ને એંશી લિટર દૂધ છાત્રાલયમાં સપ્લાય થાય અને તે પણ બિલકુલ ઓછા ભાવ – આઠ રૂપિયાથી. પરમ દિવસે મને મળ્યા ત્યારે કહે કે આપણે આઠ રૂપિયા લઈએ છીએ, બજારમાં સોળ રૂપિયા ચાલે છે. આપણા ખરચાઓ વધતા જાય છે. કંઈક વિચારવું પડશે. આ પછી તિથિદાનની યોજના તૈયાર કરી. ૧૦૦૦ તિથિ દાનોની યોજના ઘડી કાઢી. હું મંદિરોમાં જતો અને જોયેલું કે ત્યાં તિથિદાન આવે છે, તો આપણી સંસ્થામાં કેમ ના આવે? જે દાતા હજાર રૂપિયા આપે અને એ જે તારીખ કહે એ એ તારીખે ગાયોને આ નિમિત્તે ઘાસ/દાણ આપવામાં આવે અને તેની ખબર દાતાને પોસ્ટકાર્ડ લખીને કરવામાં આવે. પરિણામસ્વરૂપે આજે એની સંખ્યા ૫૦૦ ઉપર થઈ ગઈ છે ને ચાલ્યા કરે છે. આ પછી જાહેરજીવનમાં જીવવા સંબંધી મને પ્રેરણા મળી મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલના જીવનમાંથી. મેં ગ્રહણ કર્યું કે કામ કરવું હોય તો નાનામાં નાના બનવું અને મોટા બનવાની ભાવના રાખ્યા સિવાય કામ કરીએ તો કામ બને જ. પછી તો પોલિટિક્સ છોડીને મેં ફક્ત કેળવણીનું કામ સંભાળ્યા કર્યું અને એ કામમાં મને સારો સહકાર મળ્યો. મારા પિતાશ્રી કાયમ ગીતા વાંચતા તેથી મારામાં ગીતાના સંસ્કાર પડ્યા અને 'કર્મણ્યેવાધિકારસ્તે' હું સમજું છું કે નિષ્કામ કર્મયોગ જે ઉદ્‌ભવ્યો છે તે જ કામ કરવા યોગ્ય છે એટલે એ કામ કર્યા કર્યું. મારાં માતુશ્રી એમની પ્રેરણા. મારાં પત્ની સ્વર્ગવાસી થઈ ગયાં. આજે મારી સેવાચાકરીમાં કનુભાઈ અને એમનાં પત્ની, એમનો દીકરો અને દીકરાની પત્ની અને મારા દીકરાઓ મારી સેવાઓ કરે છે. ડૉક્ટર મંગુભાઈ એને ૧ લાખની સેવા કહે છે – તમારી ૧ લાખની સેવા થઈ રહી છે. એ સેવાના પ્રતાપે નભી રહ્યો છું. શંકરલાલ ગુરુને થોડા દિવસ પહેલાં આ સન્માનની વાત કરી. મેં કીધું કે મારું સન્માન શા માટે કરવાનું છે? મેં નથી કોઈ મોટું પરાક્રમ કર્યું. ફક્ત સંસ્થાનું સતત કામ કર્યા કર્યું. આ કોઈ મોટી સેવા ન કહેવાય. અને તમે હા કહો તો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ લક્ષ્ય રાખે કે આ સંસ્થાના પ્રતાપે, શિક્ષકોના પ્રતાપે આપણે અભ્યાસ કરી શક્યા. મેં જાણ્યું કે કડીના એક આચાર્યે પણ સંસ્થામાં દાન આપ્યું છે. રામભાઈ કરીને એક શિક્ષક હતા. એમની પાસે હું બ્યાસીમાં દાન માટે ગયેલો. મને કહે કે કડવા પાટીદારમાં મારું નામ લખી દો મને ૮૦-Gનું સર્ટિફિકેટ નથી જોઈતું અને નીચે મારો દીકરો

રહે છે એ પણ દાન આપશે. ત્યારે આવી રીતે જે મને પ્રેરણા થઈ કે શિક્ષકોએ પણ દાન આપવું અને અપાવવું. પરિણામસ્વરૂપે આજે જે કામ કરી રહ્યા છીએ તે રૉકેટ ગતિએ કામ ચાલી રહ્યું છે. માણેકલાલ, નરસિંહભાઈ અને કનુભાઈ તથા સ્ટાફ, આચાર્યો સૌ કાર્ય કરે છે. તેમણે સૌએ કાન ઉઘાડા, આંખ ઉઘાડી રાખવી અને મોઢું બંધ રાખવું – તો પ્રેમથી બધાંને જીતી લઈ શકાય. કોઈની ભૂલ હોય તો તે સમજીને કામ લેવામાં આવે તો બધું સુધરી જાય. વિદ્યાર્થીની ભૂલ હોય તો એની રીતે દૂર કરી શકાય. માણસમાત્ર ભૂલને પાત્ર છે. જીવનમાં જે પરિસ્થિતિ આવે એને વધાવી લેવી જોઈએ. સહન કરીને ચાલવું અને વર્તમાન સુધારવું હોય તો ભવિષ્ય આપોઆપ સુધરી જાય અને ભવિષ્ય સુધરે એટલે પછી ભૂતકાળ પણ સુધરે છે. આટઆટલા બધા ફૂલહાર મને અર્પણ કરીને આપ સૌએ આજે મારું જે સન્માન કર્યું એ બદલ હું આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. તમને સૌને ધન્યવાદ આપું છું અને ફરી જયહિંદ અને જય જગત.

(**સ્રોત** : ટેપરેકર્ડરના આધારે)

❑

### *પિતાના આશીર્વાદ માટે પ્રાર્થના*

*માગું આશીર્વાદ હું, પિતા, તમારી પાસ,*
*કે મારા અપરાધની ક્ષમા ન દેજો ખાસ !*
*ભલે સજા હું ભોગવું, પણ પરના અપરાધ*
*– તરત એની હું દઉં ક્ષમા વિના દાદફરિયાદ !*
*બીજા આશીર્વાદ હું માગું એવા, તાત,*
*કે ના કદીયે કોઈની કરું ઘસાતી વાત !*
*સૌના સુખમાં ભાળું હું મારું નિજનું સુખ,*
*દીન હીનનું દુઃખ તે બની જાય મુજ દુઃખ !*
*ત્રીજા આશીર્વાદ હું માગું એવા, તાત,*
*કે બાળકને બાળક ગણી તરછોડું ના હાથ !*
*પણ એ બાળક દેહમાં વસે જેહ નરસિંહ,*
*પ્રગટ થવા દઉં તેહને સંસારે તતખીવ !*

*સૌજન્ય : રમણલાલ સોની કૃત*
*‘પિતા - પહેલા ગુરુ’ પૃ. 118*

# ધનાઢ્ય થઈ શક્યા હોત, પરંતુ સંસ્થાની સેવા કરવાનું પસંદ કર્યું

■ ડૉ. એ. કે. પટેલ

માનનીય ધનાભાઈનું સન્માન અહીંયાં થાય તે હું માનું છું કે આ સંસ્થા માટેનો એક ખૂબ અતિ મહત્ત્વનો દિવસ કહેવાય. ધનાભાઈને વર્ષોથી જ્યારે એ કૉલેજકાળમાં અને આઝાદીની ચળવળમાં ભાગ લેતા હતા ત્યારથી ઓળખું છું. ક્યાંક મારા વતન સાથે સામાજિક રીતે પણ સંકળાયેલા છે. એટલે ખૂબ બચપણથી, એટલે કે જ્યારે હું પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી હતો ત્યારથી એમને ઓળખું છું. કડીમાં એમણે લૉ પ્રેક્ટિસ શરૂ કરી હતી, વધારે સારી પ્રેક્ટિસ કરીને પોતે ધનાઢ્ય થઈ શક્યા હોત, પણ જે સંસ્થામાં એ તૈયાર થયા હતા એ સંસ્થામાં પોતાની સેવા આપવાનું એમણે પસંદ કર્યું અને સતત વર્ષોથી અને આજે પણ તબિયત નાદુરસ્ત હોવા છતાં આ સંસ્થાની સતત ચિંતા તેઓશ્રી કરતા આવ્યા છે. આજે એમનું અહીંયાં બહુમાન થાય છે તે હું માનું છું કે ખૂબ સુંદર પ્રસંગ છે. પ્રભુ એમને વધારે સારી તંદુરસ્તી આપે. લાંબું આયુષ્ય આપે અને આ સંસ્થાના એમના નવા કાર્યકર્તા મિત્રોને અને સાથીદાર મિત્રોને માર્ગદર્શન આપતા રહે એવી અપેક્ષા નહીં પણ એમની એ પદ્ધતિ જ હશે, એટલે આ પ્રસંગે ફરીથી એમને મારા તરફથી શુભેચ્છાઓ પાઠવી અટકું છું.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જ્યારે વાત થાય ત્યારે કડી સ્ટેશન સામેની એ નાનકડી સંસ્થા યાદ આવી અને એ સંસ્થાના મૂળમાં છગનભા કે જેમણે આ સંસ્થાનાં બીજ રોપ્યાં, ક્યાંક સ્વમાનભંગમાંથી ઊભી થયેલી એ ભાવના સામાન્ય રીતે પાટીદાર સમાજમાં કે ક્યાંક સ્વમાનભંગ થયો હોય તો વેરવૃત્તિ ઊભી થાય કે પછી એમને ક્યાંક કડવો અનુભવ થયો અને એમાંથી એમને થયું કે મારો સમાજ અભણ છે અને એને કારણે સમાજ ક્યાંક અપમાનિત થતો રહે છે એટલે એમણે કેળવણીની સંસ્થા શરૂ કરી અને એ સંસ્થામાં છેક ગામીસાહેબથી આજ સુધીના આગેવાનોના પરિચયમાં રહ્યો છું. કડીની નાનકડી સંસ્થા સર્વ વિદ્યાલય આપણે જાણીએ છીએ કે તે ખૂબ મોટી બની છે. આ સંસ્થા જ્યાં આપણે આજે કાર્યક્રમ યોજાયો છે, તેની પૂર્વેનો પણ પ્રસંગ મને યાદ છે. ૧૯૭૫માં ગુજરાત વિધાનસભાનું નવું-નવું કામ અહીં શરૂ થયેલું. આ વિસ્તારોમાં કોઈ વાહનો ના મળે, ચાલતાં જ બધે જવાનું થાય. એ દિવસોમાં માનનીય દાસકાકા સાથે મારે તે વખતના માનનીય મુખ્યમંત્રી

શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ પાસે અહીંની જમીનની માંગણી કરવા માટે અનેક વખતે જવાનું થયું હતું. તેમણે ખુમારીપૂર્વક કહેલું કે મારે આ વિસ્તારમાં કેળવણીનું કેન્દ્ર સ્થાપવું છે. અમને જગ્યા આપો. ત્યારે બાબુભાઈના સ્વભાવ પ્રમાણે ખૂબ ઓછી જમીનની એમને ઑફર કરી હતી. પણ એમની કુનેહ અને આવડતને કારણે વધારે જગ્યા મેળવી શક્યા અને એ પછી પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સંસ્થાના વિકાસ માટે જ્યારે-જ્યારે જરૂર પડી છે ત્યારે જમીન આપવામાં ક્યાંય પાછીપાની કરી નથી. મને યાદ છે કે પાછળની સરકારમાં ફાઇનાન્સ મિનિસ્ટર અને હોમમિનિસ્ટિર ભાઈ નીતિન પટેલ હતા, ત્યારે એ વખતે પણ સંસ્થાના આગેવાનો પ્રમુખશ્રી અને બીજા મિત્રો સાથે મને ક્યાંક રજૂઆત કરવાની પણ તક મળી હતી. એ વખતે પણ ભારતીય જનતા પાર્ટી તરફથી સતત સહકાર રહ્યો છે. આજે જ્યારે આ પ્રસંગે બોલવા ઊભો થયો છું ત્યારે એ જ વસ્તુ મને યાદ આવે છે કે આજે શિક્ષણ ક્યાંક વગોવાઈ રહ્યું છે. શિક્ષણનાં મૂલ્યો ઘટતાં જાય છે. ત્યારે આપણાં જાગ્રત શિક્ષણમંત્રી આનંદીબેન, મને બરાબર વિશ્વાસ છે કે એ સતત ચિંતા કરે છે. હમણાં જ સૌએ જોયું હશે કે વાલીઓને તો તે નઈ જ ગમ્યું હોય. કેટલાક વિસ્તારમાં પરીક્ષાની શુદ્ધિ માટે સતત કડક થઈને પણ ખૂબ સારી જાળવણી કરી છે અને આવતા દિવસોમાં શિક્ષણ શુદ્ધ રહે એ માટે અમારી સરકારના પ્રયત્નો ચાલુ જ રહેશે. હજી સમાજમાં અનેક વસ્તુઓની ઓછપ વરતાય છે. કહ્યું તે પ્રમાણે સારા શિક્ષણની – શિક્ષણ સંસ્થાઓની તો ગાંધીનગરમાં આજે પણ જરૂરત છે. બીજી સંસ્થાઓમાંથી લોકો અહીં પ્રવેશ લેવા માટે ભલામણ ચિઠ્ઠી લેવા આવે છે. આજે બીજાં રાજ્યોના આઈ.એ.એસ. ઑફિસરો પોતાનાં બાળકો માટે પણ અહીંયાં ભણાવવા માટે એડ્‌મિશન માટે ક્યાંક અમારી પાસે આવતા હોય છે. એ આ સંસ્થાનો માપદંડ દર્શાવે છે કે આ સંસ્થા ખૂબ વિશાળ ફાલીફૂલી છે. મેં આ પૂર્વે કહ્યું તે પ્રમાણે ૧૯૭૫માં ખાલી પ્લોટ અમે જોયેલા છે ત્યારે આજે અનેક સંસ્થાઓથી ભરેલી આ ભૂમિ છે. હું માનું છું કે વર્ટિકલ અને હોરિજન્ટલ એક્સપાન્શન થયું છે. આજે એક મોટું કેળવણીધામ બની રહ્યું છે. આગામી દિવસોમાં ક્યાંક આનાથી પણ મોટી વિશાળ જગ્યાની જરૂરત પડશે. એવી જગ્યા ક્યાંક ફરીથી શોધવી પડશે. હું માનું છું કે આ સંસ્થાને પૂ. છગનભાના આશીર્વાદ છે. અનેક મિત્રોના પરિશ્રમ અને આગળ કહ્યું તે પ્રમાણે બાબુભાઈ ગામી સાહેબ, પોપટભાઈ, છગનભાઈ એવા અનેક આચાર્યશ્રીઓ અને સંસ્થાના શુભચિંતકોએ એમના લોહીનું સિંચન કર્યું છે એ શબ્દો કહું તો ખોટું નથી અને એને કારણે આ સંસ્થા બધાથી જ પર રહી છે. પોલ્યુશનથી પર રહી છે અને વધારે રહે એવી મારી અપેક્ષા છે. લાંબી વાત નહીં કરું. આ સંસ્થા મારી જ છે. હું પણ કડી સર્વ વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી હતો. હું અનેક જગ્યાએ નોંધ કરું છું કે મારા જીવનમાં મેં જે કંઈક પણ મેળવ્યું છે, તેના કારણે હું આગળ જઈ શક્યો છું. આવી સંસ્થા એક નહિ અનેક સંસ્થાઓ બને,

તેની ગુણવત્તા વધારે જળવાઈ રહે અને સારો સમાજ આવી સંસ્થાઓ માટે ચિંતા કરતો રહે એ જરૂરી છે. આજના આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી માણેકભાઈ અને ડૉ. રામભાઈએ મને ખાસ યાદ કર્યો અને મેં જ્યારે જાણ્યું કે આજે મુરબ્બી ધનાભાઈના સન્માનનો પણ કાર્યક્રમ છે ત્યારે મને આનંદ થયો અને એ વાતનો તરત જ મેં સ્વીકાર કર્યો. એટલે આ પ્રસંગે અહીંયાં હાજર રહેવાનું ગૌરવ અનુભવું છું અને આયોજકોનો આભાર માની મારી વાત પૂરી કરું છું. અસ્તુ.

(**નોંધ :** સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ચૅરમૅન શ્રી વકીલ ધનાભાઈ પટેલના સન્માનમાં આયોજિત સન્માન સમારોહ પ્રસંગે ડૉ. એ. કે. પટેલે મંચસ્થ મહાનુભાવ તરીકે કરેલ ઉદ્‌બોધનનો સારાંશ ટેપરેકર્ડના આધારે પ્રસ્તુત).

❑

### *પિતાની જરી આટલી વાત*

*દીકરા, મારી માનજે જરી આટલી વાત,*
*કે પર-સુખથી નથી થતું નિજનું સુખ સમાપ્ત !*
*પશુપંખી ને માનવી, નાના મોટા જીવ,*
*તે સૌના સુખની મહીં સૌનું સુખ સજીવ !*
*જો તું ઓઢે ધાબળો તો એકને મળશે હૂંફ,*
*તું એ દેશે અન્યને, તો બેઉને હૂંફેહૂંફ !*
*જો તું ખાશે એકલો, તો એકની ભાગે ભૂખ,*
*તું એ દેશે અન્યને, તો બેઉને થાશે સુખ !*
*જો તું રમશે એકલો, તો એકની થાશે જીત,*
*સૌને લઈ જો તું રમે, તો સૌની થાશે જીત !*
*દીકરા, મારી માનજે જરી આટલી વાત,*
*કે પર-સુખથી નથી થતું નિજનું સુખ સમાપ્ત !*

*સૌજન્ય : રમણલાલ સોની કૃત*
*'પિતા - પહેલા ગુરુ' પૃ. 42*

# સલામ ! ધનાભાઈ વકીલ

■ શંકરલાલ ગુરુ

કર્મનિષ્ઠ, સમાજસેવક અને કેળવણીના પક્ષધર વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવે છે એ ગૌરવની બાબત છે. આપને વારસામાં ઉચ્ચ સંસ્કારો મળ્યા છે. સ્વતંત્ર પક્ષની સ્થાપના સમયે ભાઈકાકાએ એચ.એમ. પટેલને કહ્યું કે માણસે એકલું ખેતી પકડીને બેસી રહેવાનું નથી. માણસે રાજકારણને સમજવું પડશે. રાજકારણના જે કાયદા-કાનૂન બનતા હશે ત્યાં આગળ પહોંચવું પડશે. મારે તો ધનાભાઈને સલામ કરવી છે કે તેમણે સમાજસેવાની સાથે રાજકારણમાં પણ પ્રવેશ કરીને આદર્શ પ્રસ્તુત કર્યો હતો.

સર્વ વિદ્યાલયનો કોઈ પણ વિદ્યાર્થી ધારાસભ્ય થાય, એ ગમે તે પાર્ટીમાંથી થયો હોય એ આ સંસ્થાનું ઘણું ઉજ્જ્વળ પાસું છે. હું ૧૦ વર્ષ સુધી ધારાસભ્ય રહ્યો તેનું શ્રેય અન્યોની સાથે સર્વ વિદ્યાલયને જાય છે. કારણ કે અહીં મૂળથી જ સારા સંસ્કાર આપવામાં આવે છે. એક કમિટીમાં માણેકલાલભાઈને કહેતા સાંભળ્યા છે કે ઘણા લોકો શિક્ષકોને અડધો પગાર આપે છે, હું ફૂલ પગાર આપું છું, એક પૈસો પણ ટીચર પાસેથી કાપતો નથી. એ શોષણ છે. શોષણ કરવું એ સમાજને ખોટા રસ્તે દોરવાનું સાધન છે. આપના આવા શબ્દો સાંભળીને સાહેબ અમે ઘણા ખુશ થયા. ખુશ એ માટે થયા કે અમે પાટીદારની સંસ્થાઓ અને બીજી સંસ્થાઓ સાથે જોડાયેલા હોઈએ ત્યારે અમે કહીએ છીએ કે તમારે વ્યવસ્થા જોવી હોય તો કડીની અંદર માણેકલાલભાઈ પાસેથી શીખો અને ત્યાર બાદ ભણાવો. ત્યાંનો સંપૂર્ણ અભ્યાસ કરો. વહીવટીય આંટીઘૂંટીઓના ઉકેલની શીખ મળશે. એનું ક્લેરિફિકેશન મળશે.

એમને આપણે સાહેબ કહીએ છીએ, સાહેબ એમ તેમ નથી કહેતા. સાહેબ તો બરાબર સમજીને બરાબર વાંચીને -- સમજીને વાત કરે છે. હું એમના ખૂબ પરિચયમાં નહોતો, પણ નીતિશકુમારનો કાર્યક્રમ કરવાનો હતો એટલે છેલ્લા દસ-પાંચ દિવસથી એમના નજીકમાં હું ખૂબ જ આવ્યો. ગાડીમાં બેઠા પછી પણ વ્યવસ્થા વિશે સતત પૂછપરછ કરે. વ્યવસ્થા પણ કરતા જોયા છે. મને એમ લાગ્યું કે રાતના દસ વાગ્યા પણ માણેકભાઈ ઘેર ગયા નથી. રાતના ક્યારે ઘેર પહોંચતા હશે ? ક્યારે સૂઈ રહેતા હશે ? અને ક્યારે ઊઠતા હશે ? અને સંસ્થાનું કામકાજ કરતા હશે ? સાચે જ તેઓ ઘણી ઊંચી કક્ષાના માણસ છે. ધનાભાઈ આ સમાજના મોભી છે.

આ સમાજના છગનભા, ધનાભાઈ, માણેકલાલભાઈ અને આ સંસ્થાના અન્ય હોદ્દેદારો આનો એક પાર્ટ છે. સરસ રીતે આ કામગીરી થઈ રહી છે. આવતા દિવસોની અંદર મેં તો ઘણી વખત કહ્યું છે કે હું એવું ઇચ્છું છું કે સાઉથની અંદર મદુરાઈ કામરાજ યુનિવર્સિટી છે. કામરાજને આપ જાણતા હશો. તેઓ ચીફ મિનિસ્ટર હતા. કૉંગ્રેસના પ્રમુખ હતા. હું એવું ઇચ્છું અને મેં કહ્યું પણ છે કે આપણે કડીમાં છગનભા યુનિવર્સિટી સ્થાપીએ. કારણ કે હવે જે સમય આવ્યો છે, તેમાં આપણે આ કામ કરી શકીએ તેમ છીએ. આપણી પાસે ઘણી પોલિટિકલ વગ પણ છે. અને હા, આનંદીબેન આપણી સાથે હોય અને યુનિવર્સિટી થતી હોય તો સોનામાં સુગંધ મળે છે. છગનભા કે જેમણે મારા જેવા અનેક વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. એમના પ્રત્યેનું ઋણ અદા કરવા માટે અને આ સંસ્થાને બહુ સારી રીતે ચલાવવા માટે બહુ સારી એટલે તમે હમણાં જોયું હશે કે આપણે સહુ ધનાભાઈનું સન્માન કરવા માટે ઊમટી પડ્યા તે શું બતાવે છે? આ સમાજ સારા માણસની પાછળ છે, રહેશે અને આવતા દિવસો સારા માણસના રહેવાના છે. માણેકલાલને અને આપને (ધનાભાઈને) આ સંસ્થાના ૨૩૦૦૦ સ્ટુડન્ટ્સ તથા સ્ટાફ ખૂબ માન આપે છે, એટલે ઉમિયા માતાજીની કપૂરમાળ હું ત્યાંથી લેતો આવ્યો છું. આપની કામગીરી માટે સાહેબ આપને મારા સલામ છે. આ કપૂરની માળા આપને પહેરાવીને અમે ધન્યતા અનુભવીશું. કારણ કે તમે જે કામ કરી રહ્યા છો એ કામ પણ આપણા સમાજ માટે કરી રહ્યા છો. શ્રી ધનાભાઈ સાહેબ, માતાજીની આ કપૂરમાળા આપને પહેરાવવા માટે મને પરમિશન આપો.

(**નોંધ** : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ચૅરમૅન શ્રી વકીલ ધનાભાઈ પટેલના સન્માનમાં આયોજિત સન્માન સમારોહ પ્રસંગે શ્રી શંકરલાલ ગુરુએ મંચસ્થ મહાનુભાવ તરીકે કરેલ ઉદ્બોધનનો સારાંશ ટેપરેકર્ડના આધારે પ્રસ્તુત).

❑

# પ્રેરણાદાયી જીવન

**■ શ્રીમતી આનંદીબહેન**

મુરબ્બી શ્રી ધનાભાઈ કે જેમનો સન્માન સમારંભ આપણે સૌ માણી રહ્યા છીએ તેમણે પોતાનું જીવન સમાજના વિકાસ માટે અને વિદ્યાર્થીઓને કઈ રીતે મદદરૂપ બની શકાય અને એ માટે કેવા પ્રકારની સંસ્થાઓ કઈ-કઈ જગ્યાએ જોઈએ એવો વિચાર કરીને અનેક સંસ્થાઓ સ્થાપવામાં તેમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું છે. હું તો એટલું જ કહીશ કે એમના જીવનમાંથી આપણે પ્રેરણા લેવી જોઈએ અને આ પ્રવૃત્તિ દીર્ઘકાળ સુધી ચાલતી રહે અને એમણે જે ચીલો ચાતર્યો છે એ ચીલા ઉપર આપણે સૌ ચાલતા રહીએ એવી એમના સન્માન સમારંભના આધારે આપણે સૌએ પ્રેરણા લેવી જોઈએ.

જે બે વ્યક્તિઓએ પીટીસી કૉલેજ અને બી.એડ્. કૉલેજ બનાવવા માટે માતબર દાન આપ્યું એવા બંને મહાનુભાવો અહીં ઉપસ્થિત છે. શાંતિભાઈ અને બેનશ્રી સાથે અમારો ખૂબ જૂનો નાતો રહ્યો છે. તેમણે પીટીસી કૉલેજ અને બી.એડ્. કૉલેજ માટે માતબર દાન આપ્યું છે. ત્યારે હું પણ એમને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ધનાભાઈ ખૂબ લાંબું આયુષ્ય ભોગવે જેથી આપણને સૌને માર્ગદર્શન આપતા રહે અને આ દંપતી માટે પણ ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એમને એટલી બધી સંપત્તિ આપે કે આપણને દાન આપતા રહે અને આવી અનેક સંસ્થાઓ બનતી રહે અને ખાસ કરીને દીકરીઓના કલ્યાણ માટે, દીકરાઓના અભ્યાસ માટે, એમને શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવા માટે એમનું જે દાન આપણને મળ્યું છે તે માટે એમને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. વળી યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે દાન અપાય તેનું મહત્ત્વ વધી જાય છે. આ સંસ્થાને કોઈ પણ પ્રકારની મદદ કરવાનું સૌભાગ્ય મને મળશે તો તેનો મને ખૂબ-ખૂબ આનંદ થશે. આ પ્રસંગે આપ સૌએ મને બોલાવી અને આપનાં સૌનાં દર્શન કરવા માટે તક આપી અને ખાસ કરીને ધનાભાઈના જીવનમાંથી, કારણ કે હું તો નાની છું. એમના જીવનમાંથી મને કંઈક પ્રેરણા મળે અને એમના જેવું તો નહીં, પરંતુ ક્યાંક એકાદ ટકો પણ એવું કામ કરી શકીશ તો મારા જીવનને ધન્ય સમજીશ. આભાર.

(**નોંધ** : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ચૅરમૅન શ્રી વકીલ ધનાભાઈ પટેલના સન્માનમાં આયોજિત સન્માન સમારોહ પ્રસંગે શ્રીમતી આનંદીબહેન પટેલે મંચસ્થ મહાનુભાવ તરીકે કરેલ ઉદ્‌બોધનનો સારાંશ ટેપરેકર્ડના આધારે પ્રસ્તુત).

*

# અમારું ગોકુળિયું ગામ : ગણેશપુરા

■ ડૉ. કનુભાઈ ડી. પટેલ

અમારું ગામ ગણેશપુરા. આમ તો મહેસાણા જિલ્લામાં મારી જાણ મુજબ ત્રણ ગણેશપુરા છે. અમારું કડી તાલુકાનું ગણેશપુરા અમદાવાદની ઉત્તરે લગભગ 55 કિ.મી. અમદાવાદથી મહેસાણા જતાં NH-8 ઉપર નંદાસણ પછી તુરત આવે. હમણાં તો ઑવરબ્રિજના હિસાબે ગામ થોડુંક ઢંકાઈ ગયેલ છે. કૈયલ ગામથી પશ્ચિમે કૈયલના પરા તરીકે વડવાઓએ વસાવેલું. ગામ જાણીતું થયું ગામના મુખી શ્રી હરગોવનભા તથા તેમના પુત્રો વકીલ શ્રી ધનાભાઈ, 60 વરસ સુધી સતત સરપંચ તરીકે બિનહરીફ રહી ગામની સેવા કરનાર બીજા પુત્ર શ્રી શિવાભાઈ, ત્રીજા પુત્ર શ્રી વિઠ્ઠલભાઈ તથા ચોથા અને સૌથી નાના પુત્ર શ્રી રમણભાઈ થકી. વકીલ શ્રી ધનાભાઈ વકીલાતના વ્યવસાયથી, કેળવણીની સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વર્ષો સુધી સુકાની રહ્યા તેથી તથા રાજકીય કારણોસર પણ મહેસાણા જિલ્લામાં જાણીતા અને હજુ પણ જૂના વડીલો ગણેશપુરાને શ્રી ધનાભાઈ વકીલના ગામ તરીકે ઓળખે. ગામમાં વર્ષોની જહેમત પછી કાયાપલટ થઈ છે. અમારાં સંસ્મરણો છેક પાયાની સગવડ પણ નહોતી ત્યારથી શરૂ થાય છે. મારી સમજ છે તે પ્રમાણે અમારા દાદા શ્રી હરગોવિંદદાસ ઉમેદદાસ પટેલ આખા ગામના હરગોવનભા હતા અને અમારા પરિવાર માટે બાપા હતા. ગાયકવાડી સરકારના તેઓ મુખી હતા એટલે બહોળા પરિવાર ઉપરાંત સરકારી માણસોની, જુદા જુદા ધાર્મિક સંઘોની અને સમાજના આગેવાનોની અવરજવર હંમેશાં રહેતી અને દરેકની સંભાળ, મહેમાનગતિ સતત થતી. અત્યારે શ્રી વિઠ્ઠલકાકાના ભાગે આવેલ મકાન ઑફિસ તરીકે વપરાતું. શ્રી હરગોવનભાનો ધીરધારનો ધંધો એટલે તેમની ઑફિસ તરીકે પણ આ ઘર વપરાતું. અત્યારે શ્રી રમણકાકાના હિસ્સે આવેલ મકાનનો ઉપયોગ રસોડા તરીકે થતો અને હાલ શ્રી શિવાકાકાના હિસ્સે આવેલ મકાન જે છે તે ડેલું સ્કૂલ તરીકે વપરાતું હતું, જેનો ઉપયોગ કોઠાર તરીકે થતો. આ પ્રમાણે એક નાનકડા રજવાડામાં હોય તેવી વ્યવસ્થા હતી. અગાઉ જણાવ્યા મુજબ નાણા ધીરધારનો ધંધો હોવા છતાં દરેક ગ્રાહકો સાથે માનવતાભર્યો વ્યવહાર. ક્યાંય કોઈને ઊંચા સાદે તે અંગે કહેવું પડેલ હોય તેવું બન્યું નથી. સાઠેક વર્ષના આ વ્યવસાય દરમિયાન ક્યારેય કોઈ પર કોર્ટ કેસ કરવો પડેલ નથી તે આવડત માટે પૂ. હરગોવનભાને તથા શ્રી શિવાકાકાને લાખ લાખ વંદન. એ વખતે ગામડે ગામડે બીડી, ચલમ, હોકાનું ચલણ. આને વ્યસન તરીકે ઓળખાયું ઘણાં વર્ષો પછી. પૂ. હરગોવનદાદા ચાંદીનો હોકો રાખતા અને ગગડાવતા. ચલમ અને બીડી કોઈ પણ આવતાં-જતાંને તથા તેમની પાસે બેસનારને ઑફર થતી. 24 કલાક દેવતા પ્રજ્વલિત રહેતો. પૂ. હરગોવનદાદાના આ બીડી, ચલમ,

હોકાની વાત લખતાં, એક અન્ય વાત યાદ આવે છે અને તે સૌના માટે પ્રેરણાદાયક છે એટલે ખાસ ઉલ્લેખ કરું છું. હું અમદાવાદમાં ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતો હોઈ અમારા આ પૂ. હરગોવનદાદા (અમારા બાપા)ને તેમને જમણી સાઇડમાં પક્ષઘાતની શરૂઆત થઈ ત્યારે તેમને લઈને પૂ. શિવાકાકા, પૂ. રમણકાકા વગેરે પરિવારજનો અમદાવાદ આવ્યા. મેડિકલ સારવાર તો અપાઈ પણ જોડે બીડી, ચલમ, તમાકુ છોડવાની દરખાસ્ત કરતાં જ, આ અમારા બાપાશ્રીએ તે જ વખતે તમાકુની પ્રોડક્ટ છોડી દીધી અને મૃત્યુપર્યંત તેનો ઉપયોગ ફરી કર્યો નહિ. એક ઇમોશનથી ભરેલો પ્રસંગ પણ બન્યો. હું એક વખતે દવાખાનેથી ઘરે દરવાજામાં દાખલ થયો તે વખતે દાદાએ બીડી (સળગતી) મોઢામાં મૂકી દીધી. એક ભાઈ ગામથી તેમની ખબર કાઢવા આવેલા અને તેમને બીડી પીવી હશે એટલે દાદાને ખાસ દબાણ કરી બીડી સળગાવી એક ફૂંક મારવા કહ્યું. હું આવ્યો એટલે હું તેમનો પૌત્ર હોવા છતાં એક ડૉક્ટરના Respectના હિસાબે પકડાઈ ન જવાય એટલે તેમણે સળગતી બીડી મોઢામાં મૂકી દીધી. હું અવાક થઈ ગયો. દાદાને મેં રડતાં રડતાં કહ્યું, દાદા આવી ભૂલ કોઈ રીતે ના કરતાં. સળગતી બીડી મોઢામાં મુકાતી હશે... તમારે ઇચ્છા થાય તો એકાદ બીડી પીવી. મેં દાક્તરી સલાહથી વિરુદ્ધ જઈને તેઓને જણાવ્યું. તેઓ તુરત જ બોલી ઊઠ્યા, મને તો જરાય બીડી સાંભળી નહોતી પણ આ મૂચો... આવ્યો અને ના પાડતો હતો તો પણ આગ્રહ કરી મને પકડાવી. હવે હું ક્યારેય અડકીશ નહિ. એક ગાયકવાડી સરકારના જાજરમાન વ્યક્તિત્વ અને મોભાદાર દાદાની મેડિકલ સલાહને અવગણવાથી થયેલ દિલગીરી જોઈ દાદાને વંદન કરી વાત ભૂલી જવા વિનંતી કરી અને આજથી એ ઘડી પછી દાદાએ ક્યારેય બીડી, તમાકુને અડ્યા નથી. તેમના આ દૃઢ સંકલ્પે તેમના પક્ષઘાતમાંથી તેઓને સંપૂર્ણ રીકવરી મળી. પ્રસંગબોધ એ છે કે તમારો દૃઢસંકલ્પ હોય તો, તમે ચોવીસે કલાકે બીડી, સિગારેટ, તમાકુનું સેવન કરતા હોય તોપણ છોડી શકો છો.

આ પ્રસંગ વર્ણવતાં વળી એક બીજી યાદ આવે છે. માણસા તાલુકાનું ઇન્દ્રપુરા ગામ. ગામના સરપંચ શ્રી રમેશભાઈ ચૌધરી ખૂબ ઉત્સાહી અને પ્રગતિશીલ માણસ. અમારી અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના N.SS.ના વિદ્યાર્થીઓ N.SS.નો કૅમ્પ (દસ દિવસનો) કરવા ઇન્દ્રપુરા ગામે ગયેલા. N.SS.ના કૅમ્પનું ઉદ્‌ઘાટન કરવા માટે મને આમંત્રણ આપેલું. N.SS.ના જુદા જુદા ઉદ્દેશોમાં વ્યસનમુક્તિ પણ એક ઉદ્દેશ. દાક્તરી વ્યવસાયમાં હોવાથી આ વિષય મને વિશેષ ગમે. ઉદ્‌ઘાટન પછીના પ્રવચનમાં મેં અમારા પૂ. હરગોવનદાદાનો ઉપરોક્ત પ્રસંગ વર્ણવ્યો. પૂ. દાદા હવે આ દુનિયામાં નહોતા. તેમની યાદમાં હું થોડોક ભાવુક થઈ ગયો, પણ તે ભાવુકતાએ જાદુ કર્યું હોય કે પછી ગામના સૌ વડીલો તથા સરપંચ શ્રી રમેશભાઈ ચૌધરીનો સંકલ્પ હોય, તે જ વખતે ચારપાંચ ગ્રામજનો મારા પગ આગળ આ બીડી, સિગારેટ છોડી, તેમ કહી વ્યસન નહિ કરવાનો સંકલ્પ કરી ગયા. મને પણ થોડી ચાનક ચઢી. મેં કહ્યું એવું ન થઈ શકે કે આખું ગામ વ્યસનમુક્ત થઈ જાય તો અમારા N.SS.ના દીકરા-દીકરીઓનો શ્રમ લેખે લાગી જાય ? અમારા સૌના આશ્ચર્ય વચ્ચે દસ દિવસમાં શ્રી રમેશભાઈ ચૌધરી, અમારા N.SS.ના સૌ સહભાગીદારો તથા ગ્રામજનોના પૂર્ણ સહકારથી આખું ગામ વ્યસનમુક્ત થયું અને એક

વરસના Follow up પછી પણ વ્યસનમુક્ત જોવા મળ્યું હતું. અમે એક વરસ બાદ શ્રી રમેશભાઈ ચૌધરીનું કૉલેજના વાર્ષિકોત્સવ વખતે સન્માન પણ કર્યું. હું આશા રાખું કે હજુ પણ એ ગામ વ્યસનમુક્ત હશે અને તંદુરસ્ત હશે. અમારા પૂ. હરગોવનદાદાના પ્રસંગથી એક ગામમાં વ્યસનમુક્તિ થઈ તેનો આનંદ મારા હૈયે બરાબર સ્થાપિત થયો.

ગામમાં જવા માટે કડીથી નંદાસણ સુધી બસ મળે. બાકીનું ચાલી નાખવાનું. ચોમાસામાં કાચા રસ્તામાં બસ ફસાઈ જાય એટલે બસો બંધ કરી દેવામાં આવે. કડીથી ગણેશપુરા 10થી 12 કિ.મી. થાય, ચાલી નાખવાનું. અમદાવાદથી રાધનપુર કે ભાભર જતી બસો નંદાસણ ઊભી રહે. ત્યાંથી ગામમાં જવા ચાલી નાખવાનું. આ પછી એકલદોકલ બસ દિવસમાં એકાદ બે વાર ગણેશપુરા ઊભી રહેતાં સગવડ થઈ. હવે તો ઘણીબધી બસ ઊભી રહેતી થઈ છે. બસસ્ટૉપની એક બીજી વાત. મહેસાણા જિલ્લામાં એસ.ટી. તરફથી એક સ્કીમ પાકું બસસ્ટૉપ બનાવવા માટે જાહેર થયેલી. રૂ. 5000 જેટલી રકમ ગામ આપે અને બાકીના સરકારશ્રી તરફથી. આટલા રૂપિયા ભરવા પણ ઘણાબધા તૈયાર નહિ, પરંતુ દૂરંદેશી સરપંચશ્રી શિવાકાકાએ રૂ. 5000 ભરી દેતાં પાકું બસસ્ટૅન્ડ એસ.ટી. તરફથી બંધાયું અને તેથી ત્રણ-ચાર બીજી બસોનાં પણ સ્ટૉપ મળ્યાં. ગામને સગવડ થઈ. ગામમાં પ્રવેશતાં જ દરેક ગામમાં હોય તેવું ગામનું ગોંદરું, ઝાલર ટાણે પાછું વળતું પશુધન. સૂરજદાદા પશ્ચિમે ઢળે અને અંધારુ થાય તે પહેલાં વાળુપાણી સૌ પતાવતા. વીજળી હતી નહિ, એટલે જેને અજવાશ જોઈતો હોય તે કાં તો કોડિયાના દીવા કરે અથવા ફાનસનું અજવાળું. ટૉર્ચ તો ઘણા વખતે આવી. વીજળી પણ ઘણા સમય પછી. અંધારું હોય એટલે રાતના આઠ વાગ્યા સુધીમાં તો સૌ સૂવા માંડે. ફક્ત કૂતરાં અને નિશાચરો ફરે. સવાર સૌના વહેલાં ત્રણ વાગે થાય. ત્રણ વાગે દાતણ-પાણી પતાવી, વલોણું ચાલુ થાય. મોટી પાર (માટીનો મોટો ગોળો)માં જમાવેલું દહીં મોટા વલોણાને નેતરાંથી ઘૂમેડવાનું. છમછમ બોલાતું જાય, વલોણાને ઘમરોળતાં હાથ તાલબંધ રીતે આગળ પાછળ થતા જાય. ક્યારેક સાથેસાથે નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગવાતાં જાય, થાક લાગે એટલે હાથ બદલો થતો જાય અને કલાકેકના શ્રમ પછી માખણ ઉપર તરતું થાય. પહેલો ભાગ મને મળે. હું અમારી પેઢીમાં સૌથી પ્રથમ સંતાન એટલે પુરીમાસી તથા શિવાકાકા સૌ પ્રથમ માખણ મને ખવડાવે, પછી જ માખણ તપેલામાં કઢાય. માખણ કાઢી લીધા પછી રહેલી છાશ સૌ ગ્રામજનો જેમનાં ત્યાં વલોણા ન ચાલતાં હોય તે સૌ બોઘેણાં લઈ આવે અને સરસ તાજી સોડમદાર છાશ લઈ જાય. આ બધું ફ્રીમાં. સૌ પોતાને ત્યાં જઈ રોટલા, મરચાં અને છાશ પી તૃપ્ત થાય. હવે તો પાણી પણ વેચાતું થયું, ત્યારે છાશ તો ક્યાંથી ફ્રીમાં મળે. ડેરીઓ થતાં દૂધ ડેરીમાં ભરાવા માંડ્યું અને છાશ પડીકે બંધાઈ. માખણ પૅકેટમાં ગયું અને દહીં પણ પડીકે બંધાયું. સૌ જરૂરિયાતવાળાં ગ્રામજનો કોઈ પણ જાતના જ્ઞાતિભેદ વગર છાશ લઈ જાય. સમરસ શબ્દ તો પછી આવ્યો. કેટલાં બધાં વર્ષો સુધી સમરસતા જળવાઈ રહી.

વલોણા પછી છાશનું વિતરણ થાય. આમ સવારના સાડા પાંચ થતાં તો મોં સુઝણું થાય એટલે સૌ પોતપોતાનાં ખેતરોમાં જવા નીકળી પડે. ગરમી ચાલુ થાય ત્યાં સુધીમાં તો પોટલો ભરી ચાર (ઘાસ) વાઢી 7-30 8-00 સુધીમાં તો બહેનો પરત ઘરે આવી જાય.

બાજરીના કે ઘઉંના ગરમગરમ રોટલા/રોટલી બને. સીઝનમાં આથેલાં મરચાં સાથે છાસ કે દૂધ સવારનું એ શિરામણ જેણે માણ્યું હોય તેને તેની લિજ્જત સમજાય. કોઈ વાર તોંદળાની ઘેંસ ચૂલે તૈયાર થતી હોય કે ચૂલા પર ખીચડી સીજતી હોય તો તેની સોડમ બસો ત્રણસો મીટર સુધી પહોંચી એપેટાઇઝરનું કામ કરે અને જમવા પહોંચવાનું આમંત્રણ વગર બોલાવે પહોંચી જાય. બપોરના પણ રોટલા, મરચાં, છાશ, ગોળ અને જો હોય તો બટાટાનું શાક. સાંજે ખીચડી કે ઘેંસ અને રોટલાની સાથે દૂધ કે છાસનું વાળુ થાય. ગામમાં સૌ હળીમળીને રહે. આવું હતું અમારું સમરસ ગ્રામજીવન. મરણ પાછળ બારમાની પ્રથા ખરી. કોઈ સુખી માણસો ઉજમણું-જીવનચર્યા પણ કરે. અમારા દાદાએ બે વખત વર્ષો પહેલાં ગામભાગોળ ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. અમારા દાદાના માનવતાભર્યા વહેવારની વાતો સાંભળતાં હૈયું હરખાતું. કાળના સમયચક્ર સાથે ગામમાં કોઈ વડીલો રહ્યા નથી અને ખાસ તો સમયના વહેણ સાથે ગામનો મોટા ભાગનો પાટીદાર સમાજ અને કેટલાક અન્ય જ્ઞાતિજનો ધંધાર્થે અન્ય સ્થળાંતરિત થતાં અમે જોયેલા ગોકુળિયા ગામની ચહલપહલ અદશ્ય થઈ રહી છે. મારે ઘણું લખવું હતું, પણ નાદુરસ્ત તબિયતના કારણે આટલે અટકું છું. સૌ ગ્રામવાસીઓને મારાં વંદન.


ડૉ. કનુભાઈ ડી. પટેલ,<br>
૧૭/એ, વસંતવિહાર સોસાયટી<br>
સૅન્ટ ઝેવિયર્સ કૉર્નર પાસે, નવરંગપુરા<br>
અમદાવાદ-૩૮૦ ૦૦૯<br>
મો. ૯૭૨૫૪ ૨૪૧૧૩


❑

*એવો હતો પ્રેમ તમારો*<br>
*કે પડી જ્યાં જરૂર*<br>
*થયા તમે કડક ને કઠોર*<br>
*જેથી બચી શકું હું*<br>
*કપરા કો સંજોગથી*

*

*મારા માટે*<br>
*તમે છો મહામાનવ*<br>
*ને છો મારા ખાસમ્ખાસ*<br>
*વહાલા વહાલસોયા પિતાશ્રી.*

*- લાઈન ગેરાર્ડ અનુ. મહેશ દવે*

# પૂ. બાપુજી

■ ડૉ. કનુભાઈ ડી. પટેલ

'આત્માશ્લાઘા એ આપઘાત કરવા જેવું છે' તેવું દૃઢપણે માનતા અમારા પિતાશ્રી સ્વ. પૂ. ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ ૮૫ વર્ષની ઉંમરે જ્યારે અમો સૌ ભાઈઓ-બહેનો અને સર્વે કુટુંબીજનોનો આ પૃથ્વી પરનો સાથ અને મોભી તરીકેનો પોતાનો રોલ સફળતાપૂર્વક નિભાવી સ્વર્ગભણી પ્રયાણ કરી ગયા ત્યારે તેમના આશીર્વાદથી પોતાને નોંધારા માનતા સૌ કુટુંબીજનો, સ્નેહીજનો, સાથી કાર્યકરો, આચાર્યો, અધ્યાપકો, સમાજના અગ્રણીઓ, મહેસાણા જિલ્લાના જૂની પેઢીના ઘણાબધા નાગરિકો અને તેમના આશીર્વાદથી પોતાનો ઘણોબધો વિકાસ થયો છે તેવું માનતા ઘણાં બધાંને શોકગ્રસ્ત કરી ગયા. વિશેષ કરીને અમે સૌ ભાઈઓ-બહેનો અમારા સૌના વડીલને ગુમાવી ખાલીપો અનુભવી રહ્યાં છીએ. અમે સૌ ભાઈઓ-બહેનો અને મારાં ધર્મપત્ની અ.સૌ. સવિતાબેન કનુભાઈ પટેલ અને મારા નાના ભાઈનાં ધર્મપત્ની અ.સૌ. હિના ઘનશ્યામભાઈ સહિત અમો સૌ ફૅમિલી મેમ્બર્સ એમની યાદને ભુલાવી શકતાં નથી. અમો સૌ તેમને પૂ. બાપુજીના નામથી સંબોધતાં. 'પૂ. બાપુજી' વિશેષણ એટલું પ્રચલિત થઈ ગયેલું કે તેમનાં નાનાં ત્રણે ભાઈઓ અને ત્રણે બહેનો પણ અમારી સાથે તેઓને પૂ. બાપુજી કહી અમારા સૂરમાં સર પુરાવતાં. પૂ. બાપુજીનાં સંતોનોમાં સૌથી મોટો હું હોઈ તેમના ૮૫ વર્ષના જીવન દરમિયાન મારી સાથેનો તેમનો સથવારો મારા જન્મથી ગણીએ તો ૫૯ વર્ષનો રહ્યો. અમો છ ભાઈ-બહેનો. હું ડૉ. કનુભાઈ, વિજયભાઈ અને ઘનશ્યામભાઈ એમ અમે ત્રણ ભાઈઓ. લીલાબેન, પ્રભાબેન અને તારાબેન એમ ત્રણ બહેનો. અ.સૌ. સવિતા અને અ.સૌ. હિના બંને પુત્રી સમી પુત્રવધૂઓ. ચિ. દીપિકા, ચિ. પારુલ, ચિ. મૌલિક, ચિ. ગૌરવ તથા ચિ. કોમલ એમ પાંચ પૌત્ર-પૌત્રીઓ. મારાં માતુશ્રી સ્વ. મંગળાબેન ૪૫ વર્ષની નાની ઉંમરમાં અમો સૌ છએ ભાઈ-બહેનો અને અ.સૌ. સવિતાને છોડી તા. ૩-૨-૬૭ના રોજ સ્વર્ગે સિધાવ્યાં ત્યારે પૂ. બાપુજીએ માતા તથા પિતાનો રોલ ભજવવાનો આવ્યો. સૌના સથવારે આ રોલ તેઓએ બખૂબી નિભાવ્યો. વકીલાતનો પ્રોફેશન, રાજકારણનો જીવ એટલે રાજકારણનો રોલ, કેળવણી પ્રત્યેનો આગવો અભિગમ ધરાવતા એટલે કેળવણીકારનો રોલ. આ સઘળા રોલના હિસાબે સામાજિક રોલ ખૂબ વધી જાય અને ઘરનાં સર્વેના સાથ-સહકારથી અને તેમના સફળ માર્ગદર્શનથી અમારાં માતુશ્રીની

ગેરહાજરીમાં પણ કુટુંબને પ્રતિષ્ઠા મળી.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના કડી તાલુકાનું ગણેશપુરા ગામ અમારું વતન. ગણેશપુરા સાવ નાનકડું ગામ. વડવાઓએ કૈયલ ગામના પરા તરીકે આ ગામ વસાવેલું તેવું તેઓ કહેતા. અમારી ઓળખ કૈયલ ગામના હિસાબે કૈયલા તરીકે તે વખતે ઓળખાતી. હવે તે બધું ભૂંસાતું જાય છે અને કોઈક વડીલોને જ તેની જાણ હશે. ખૂબ નાનકડું ગામ. ગામમાં સ્કૂલ તે વખતે ન હોવાથી બાજુના ડાંગરવા, આંબલિયારા ગામમાં પૈદલ જઈ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. અમારા દાદાજી હરગોવિંદદાસ ઉમેદદાસ પટેલ ગામના મુખી અને પાંચમાં પુછાય તેવા. સ્વચ્છતા અને કેળવણીના હિમાયતી. ગામના મુખી હોઈ ગામ આખાની ચિંતા કરે. પૂ. બાપુજી અમોને કહેતા કે વરસાદની સીઝનમાં દાદાને રાત્રે ઊંઘ ન આવે તો હું એમને પૂછતો કે દાદા કેમ ઊંઘતા નથી. દાદા જવાબ આપે કે હું ગામનો મુખી – વરસાદમાં ક્યાંક કોઈનું છાપરું ઊડી જાય, કોઈનો કરો (દીવાલ) પડી જાય તો ચિંતા તો મને જ હોય ને? પોતાના ગ્રામજનોને પોતાના કુટુંબીજનો જેવા ગણી ખબર રાખતા. આવા આગેવાનોથી ગુજરાતની ધરા સમૃદ્ધ થઈ છે. પૂ. બાપુજીને પણ આગેવાનના અને emotional આગેવાનીના ગુણો આ રીતે વારસામાં મળેલા જે જતે દિવસે ગણેશપુરા, કડી સર્વ વિદ્યાલય અને મહેસાણા જિલ્લાની ઘણીબધી સંસ્થાઓમાં ખૂબ ઉપયોગી થયા.

### વ્યવસાય

૪૨ સમાજના પ્રથમ પ્રેક્ટિસિંગ વકીલ થવાનું સૌભાગ્ય પૂ. બાપુજીને સાંપડેલું. વકીલાતનો ધંધો ખૂબ પ્રમાણિકતાથી કરેલો. લાંબો કોટ, માથે ગાંધીટોપી, સફેદ બગલાની પાંખ જેવું ધોતિયું અને તંદુરસ્ત ચાલ એમની ઓળખ હતી. કહેવાય છે કે માણસનું ડ્રેસિંગ, વૉકિંગ અને ટોકિંગ તેના વ્યક્તિત્વની ઓળખ હોય છે અને તેમાં તેઓ નંબર વન હતા. શક્ય હોય ત્યાં બેઉ પક્ષને સમાધાન કરાવવાનો પ્રયત્ન કરતા. શરૂઆતમાં બંને પક્ષ એકબીજાને ખબર પાડી દેવાના મૂડમાં હોય એટલે ન માને પણ પાંચ પચીસ ધક્કા પછી થાકે એટલે વકીલ તમે પહેલાં કહેતા હતા તે વાત સાચી છે તેમ માની સમાધાનના મૂડમાં આવી સમાધાનની માંગણી કરતા અને પૂ. બાપુજી બંને પક્ષને સંતોષ મળે તે રીતે સમાધાન કરાવી આપતા. આથી વકીલાત કરતાં-કરતાં ખૂબ ધનાઢ્ય નહિ થઈ શકેલા, પણ સંતોષી જીવ એટલે ગાડું ગબડે રાખેલ. થોડોક સમય પેટ્રોલપંપનો વ્યવસાય પણ કર્યો – નંદાસણ, કડી અને રાંધેજામાં, પરંતુ તે વ્યવસાય કોઈ સંભાળનાર ન હોઈ પડતો મૂકેલ.

### કેળવણી

અગાઉ જણાવ્યું તેમ તેમણે પ્રાથમિક શિક્ષણ ગણેશપુરાની આજુબાજુના ગામમાં પૈદલ જઈ મેળવ્યું. કડીની પ્રખ્યાત સ્કૂલ સર્વ વિદ્યાલય કે જેના તેઓ ભવિષ્યમાં કર્ણધાર થવાના હતા ત્યાં સફળતાપૂર્વક મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. અભ્યાસકાળ

દરમિયાન આગેવાનીના, સ્વચ્છતાના, સ્વાશ્રયના અને હિસાબ-કિતાબના ચોક્સાઈપૂર્વકનાં આયોજનોના પાઠ બરાબર ઘૂંટાયા અને તે જીવનમાં અને બીજી સંસ્થાઓના વહીવટમાં ખૂબ કામ લાગ્યા. મૅટ્રિક પાસ થયા પછી અમદાવાદમાં આવેલ કે.પી. ભવનમાં રહી એચ. એલ. કૉમર્સ કૉલેજમાં અભ્યાસ કર્યો. આઝાદીની ચળવળમાં ભાગ લેવાના પ્રસંગોને કારણે કે.પી. ભવન ખાલી કરી અભ્યાસ છોડવો પડ્યો. આઝાદીનું આંદોલન શાંત પડતાં એલએલ.બી.નો અભ્યાસ કરી કડીમાં સ્વતંત્ર વકીલાતનો ધંધો શરૂ કરી વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરી.

કેળવણીનો જીવ હોઈ વકીલાતની સાથે જ કડીની પ્રખ્યાત સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યું. કૉર્ટમાંથી આવી બીજા વકીલ સાથીદારો ખાસ કરી શ્રી છ. રા. પટેલ (SVKMના મંત્રીશ્રી) તથા શ્રી જયશંકરભાઈ જાની સાથે બગીચામાં આંટો મારી સાંજે સંસ્થામાં દરરોજ અચૂક જતા અને સાયં પ્રાર્થનામાં ભાગ લઈ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન અને જીવનઘડતરના તથા ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી માટે સૂચનો આપતાં. આજે પણ તેમની કારકિર્દી દરમિયાન સંસ્થામાં ભણેલા ઘણાબધા વિદ્યાર્થીઓ તેમને યાદ કરે છે અને તે વિદ્યાર્થીઓમાંથી ઘણાબધા આજે પણ સંસ્થાના આર્થિક પાયા મજબૂત કરી રહ્યા છે. કડીની સંસ્થામાં વિવિધ હોદ્દાઓ પર રહી સંસ્થાની સૌથી લાંબી સેવા કરનાર અમારા પૂ. પિતાશ્રી હતા તેનું અમો સૌ કુટુંબીજનોને ગૌરવ છે અને તેમના માર્ગદર્શનથી અને તમારે પણ સંસ્થાની સેવા કરવી જોઈએ તેવા સૂચનથી શક્ય યત્કિંચિત ફાળો અમો તેમનાં સૌ કુટુંબીજનો આપી રહ્યાં છીએ અને સંસ્થાનો ઋણ સ્વીકાર કરી અમારી શક્તિ પ્રમાણે સેવા કરવાની તક મળી છે તેને અમારું અહોભાગ્ય ગણીએ છીએ.

**ગૌશાળા**

વિદ્યાર્થીઓને ગાયનું દૂધ મળે અને તેઓમાં સાત્ત્વિક ગુણો વિકસે તેવો સૌ કાર્યકરોનો મત હોઈ ગુજરાત ગૌશાળાની સ્થાપના પૂ. છગનભાએ કરેલ. વિદ્યાર્થીઓને સવાર-સાંજ ગાયનું દૂધ મળે તેવી વ્યવસ્થા કરાયેલી. બીજી કોઈ આવક ન હોય તો કોઈ પણ સદ્કાર્ય આર્થિક સંકડામણના લીધે મુશ્કેલી અનુભવે. ગૌશાળાનો વહીવટ બાપુજીએ હાથમાં લીધો ત્યારે ગૌશાળા ખોટમાં ચાલતી. આ ખોટમાંથી બહાર કાઢવા માટે પૂ. બાપુજીએ એક સ્કીમ મૂકી – જે જતે દિવસે ખૂબ વિકસિત થઈ. તિથિદાન યોજના – જે કોઈ વ્યક્તિ પોતાના સ્વજનોની સ્મૃતિમાં જન્મદિને – મૃત્યુતિથિએ, લગ્નપ્રસંગે કે કોઈ પણની યાદમાં એક હજાર રૂપિયા આપે તેને ફિક્સ કરી તેના વ્યાજમાંથી દર વરસે તે જે તિથિ જણાવે તે તિથિએ ગાયને નીરણ નંખાય અને તેનો પત્ર અવશ્ય જે-તે વ્યક્તિને પહોંચી જાય તેવી જડબેલાક વ્યવસ્થાથી તે તિથિદાન ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું અને આજે ડબલ ઉપરાંત તિથિદાન નોંધાઈ ચૂક્યાં છે. એટલે ગૌશાળાના તિથિદાનના જનક પૂજ્ય બાપુજી થયા.

પૂ. બાપુજીએ એક ખૂબ જ અગત્યની પ્રેરણા ગૌશાળા માટે કાંઝ ગામના વતની અને ખેતીવાડીમાં સૂઝબૂજ ધરાવતા શ્રી મનુભાઈને આપી. એમની પ્રેરણાથી શ્રી મનુભાઈ ગૌશાળાની સેવા માટે તેમની જોડે જોડાયા. શ્રી મનુભાઈ તે વખતે કેલિકો મિલમાંથી રિટાયર્ડ થયેલા. અમદાવાદમાં વસંતવિહાર સોસાયટી વિભાગ-૧માં તેમનું રહેઠાણ. અમો વસંતવિહાર વિભાગ-૨માં રહીએ. દર અઠવાડિયે એક વાર શ્રી મનુભાઈ અને પૂ. બાપુજી અચૂક સવારે અમદાવાદથી નીકળી ગૌશાળાની મુલાકાત લે. ત્યાં વ્યવસ્થા ગોઠવે અને પછી સંસ્થાના કૅમ્પસની મુલાકાત લઈ સાંજે અમદાવાદ પાછા ફરે. આ ક્રમ જ્યાં સુધી પૂ. બાપુજીની તબિયત સારી રહી ત્યાં સુધી ચાલ્યા કર્યો. તે પછી શ્રી મનુભાઈએ તે ક્રમ ખૂબ જ સફળતાથી ચલાવે રાખ્યો. આમ ગૌશાળા પ્રત્યેનો પૂ. બાપુજીનો પ્રેમ તેમના અંતિમ દિવસના શ્વાસ સુધી રહ્યા કર્યો. જીવનના અંતિમ દિવસના આગલા દિવસે પણ ગૌશાળા માટે સૂચન કરેલાં. આજે ગૌશાળા સૌના પ્રયત્નોથી કડી ખાતે એક સરસ મજાનું પિકનિક સ્થળ બની ગયું છે.

સર્વ વિદ્યાલય સંસ્થા માટે પૂ. બાપુજીએ અથાક પ્રયત્નો કર્યા છે. પોતાની નાદુરસ્ત તબિયતને અવગણીને પણ ખૂબ શ્રમ કર્યો છે. સંસ્થાની આર્થિક પ્રગતિ માટે વણથાક્યે થકવી નાખનાર નાના-મોટા પ્રવાસો કર્યા છે. પૂ. દાસકાકાનિધિ અને પૂ. છગનભા સ્મારકનિધિ માટે અમદાવાદમાં શ્રી મનુભાઈ અને દિગડીના શ્રી જી. જી. પટેલ, ડૉ. ચતુરભાઈ એન. પટેલ અને અમદાવાદના બીજા તથા સંસ્થાના કાર્યકરોને સાથે રાખી સંસ્થાને પગભર કરવામાં તેઓનો નોંધનીય ફાળો છે.

સર્વ વિદ્યાલય માટે એક બીજી અત્યંત નોંધનીય શોધ અને જે ભવિષ્યમાં સંસ્થાના સ્પુટનિક વિકાસ માટે જવાબદાર થવાના છે તેવા પૂ. શ્રી માણેકલાલ સાહેબની. ઉંટવા ગામ અમારું મોસાળ અને મોસાળના સંબંધોને પ્રતાપે મારા સગા મામા સ્વ. પૂ. નારણભાઈ શંકરલાલ પટેલ અને ગામ પેટે હવે સગા મામા કરતાં પણ વિશેષ શ્રી માણેકલાલ સાહેબને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં નોકરી માટે ભલામણ લઈને આવેલા. તેમની મુલાકાત તે વખતના મ્યુ.ના પ્રમુખ શ્રી રામલાલ ગોવિંદભાઈ પરીખ સાથે કરાવી અને મ્યુ.માં નોકરી અપાવી જે CEO સાહેબ તરીકે પ્રખ્યાત થયા અને કડીની સિકલ બદલવા માટે જવાબદાર વ્યક્તિઓમાં નામાંકન પામ્યા. સર્વ વિદ્યાલયના ભવિષ્યના એ ખૂબ સફળ કર્ણધાર થયા. આ રીતે સર્વ વિદ્યાલય અને ગૌશાળાને બે ભગીરથ કાર્યકર મેળવી આપી તેમજ તેમને પ્રોત્સાહિત કરી સંસ્થાના વિકાસમાં તેમનો નોંધનીય ફાળો અપાવ્યો.

**રાજકારણ**

પ્રથમથી જ પ્રજાતરફી, ખેડૂતતરફી વલણ હોઈ પ્રજાના પ્રશ્નોને ઉકેલવા માટે, રજૂઆત કરવા માટે અને લડત ચલાવવી તેમના માટે સહજ હતું. ખેડૂતોને તેમના પાકનું પૂરતું વળતર મળે, તેમજ તેમના કાયદાકીય પ્રશ્નોના નિરાકરણ માટે ખેડૂતસંગઠન

મજબૂત હોવું જ જોઈએ. તે વિચારધારામાં આઝાદી પછી કોંગ્રેસમાં વલણ સુસ્ત હતું. પૂ. બાપુજી, દાસકાકા અને અન્ય ગ્રામ્ય વિસ્તારના સઘળા ખેડૂત આગેવાનો તથા ગામ આગેવાનોનો સ્પષ્ટ મત હતો કે ખેડૂતમંડળ બનાવીશું તો જ આપણા પ્રશ્નોને વાચા મળશે અને તેના નિરાકરણ માટે બળ મળશે. કોંગ્રેસના તે વખતના આગેવાનો ખેડૂતમંડળ બને તેના વિરોધમાં હતા. પૂ. બાપુજી – દાસકાકા સર્વેનો મજબૂત અભિપ્રાય હતો કે બીજા સઘળા નાગરિકો માટે પોતપોતાના પ્રશ્નોને વાચા આપવા માટે પોતાનાં મંડળો હતાં, જેમ કે, ડૉક્ટરોનું મંડળ, વકીલોનું મંડળ, વેપારીઓનું મંડળ, મજૂરોનાં મંડળો વગેરે વગેરે. કોઈ અગમ્ય કારણસર ખેડૂતમંડળ થાય તેમાં તે વખતના આગેવાનોની વિચારસરણી પ્રતિકૂળ હતી. ખાસ કરીને તે વખતના સર્વોદય અને કોંગ્રેસના સર્વેસર્વા ગણાતા મુ. મોરારજીભાઈનું વલણ એકદમ પ્રતિકૂળ હતું. કોંગ્રેસની એક મિટિંગમાં તેમણે કડક ભાષણ કરી ખેડૂતમંડળ કરવાનું નથી અને આ એક આદેશ છે તેમ કહી સૌ કોંગ્રેસીઓનો અવાજ દબાવી દીધો અને પછી પૂછ્યું કે હવે કોને ખેડૂતમંડળ કરવું છે. બાકીના સૌ તો ચૂપ થઈ ગયેલા, પણ પૂ. દાસકાકા અને પૂ. બાપુજીએ હાથ ઊંચા કર્યા. આ તો સર્વોચ્ચ! તેઓએ પૂ. દાસકાકા અને પૂ. બાપુજી વિરુદ્ધ શિસ્તભંગનાં પગલાં લઈ છ વરસ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કર્યા, પણ પૂ. દાસકાકા અને પૂ. બાપુજી અને અન્ય ગ્રામ્ય આગેવાનો તથા અન્ય ખેડૂત તરફી નાગરિકોએ આ માટે લડત આપવાનો નિર્ધાર કર્યો અને ૧૯૫૧માં ખેડૂતમંડળની પ્રવૃત્તિઓને બળ મળે અને પોતાની રજૂઆત દૃઢપણે લોકશાહી માર્ગે કરી શકાય તે હેતુથી ભારતની પ્રથમ ચૂંટણીમાં ખેડૂતમંડળમાં ઉમેદવાર તરીકે મુ. તુલસીદાસ કીલાચંદ પાટણ લોકસભામાં અને પૂ. દાસકાકા વિધાનસભાની બેઠકમાં ચૂંટાઈ આવ્યા. પછી તો કોંગ્રેસ સાથે સમાધાન થયું અને ફરી સૌ માતૃસંસ્થામાં જોડાઈ ગયા. આમેય તે વખતે સઘળા સાથે મળી સ્વાતંત્ર્યની લડત લડેલા એટલે વૈચારિક મતભેદ હતા, પણ મનભેદ ન હોઈ સૌ સારાં વાનાં થયાં.

૧૯૫૭માં બૃહદ મુંબઈમાંથી છૂટા પડવા માટે મુ. ઇન્દુલાલ યાજ્ઞિકની આગેવાનીમાં મહાગુજરાત આંદોલન શરૂ થયું. પ્રજાને દ્વિભાષી મુંબઈમાં અન્યાય થતો હતો અને પ્રજાની યોગ્ય માંગણી હતી એટલે પ્રજાના પ્રશ્નોને હંમેશાં પોતાના ખભે લઈ ફરવાની મનોવૃત્તિવાળા પૂ. દાસકાકા અને પૂ. બાપુજી અને કડી તાલુકાના અને મહેસાણા જિલ્લાના આગેવાનો મહાગુજરાતના આંદોલનમાં સક્રિય રીતે જોડાઈ ગયા. મહેસાણાની લોકસભાની સીટ પર પૂ. દાસકાકા અને કડીની વિધાનસભાની સીટ પર મુ. છોટુભાઈ મગનલાલ પટેલ ઊભા રહ્યા. કડી વિધાનસભાની ચૂંટણી લડવાનો સઘળો ભાર પૂ. બાપુજીએ ખભે લીધો. બંને સીટ પર મહાગુજરાત આંદોલનના ઉમેદવારો પૂ. શ્રી દાસકાકા અને મુ. શ્રી છોટુભાઈ મગનલાલ ચૂંટાઈ આવ્યા. ફરી પ્રજાકીય આંદોલન પૂરું થતાં કોંગ્રેસ સાથે સમાધાન થયું અને સૌ કોંગ્રેસમાં જોડાઈ ગયા, પરંતુ આઝાદી પછી ધીરે-ધીરે કોંગ્રેસ કલ્ચરમાં એવાં ઘણાં દૂષણો પ્રવેશવા માંડ્યાં કે જૂના કોંગ્રેસના

અને પ્રજાના વિકાસમાં જેઓને રસ હતો, અન્ય કોઈ પ્રલોભનોને જેઓ વશ થવા નહોતા માગતા તેવા પ્રજાકીય આગેવાનો ધીરે-ધીરે કૉંગ્રેસથી અસંતોષ અનુભવવા લાગ્યા અને પછી ભારત સરકારના પ્રથમ ગવર્નર જનરલ તરીકે ફરજો બજાવી ચૂકેલા વિચક્ષણ નેતા સ્વ. શ્રી રાજગોપાલાચારીની આગેવાનીમાં સ્વતંત્ર પક્ષનો ઉદય થયો. કૉંગ્રેસના પરવાના રાજ, લાઇસન્સ રાજની સામે મુક્ત વેપાર, મુક્ત ખેતીના નારા બુલંદ થયા. પરિણામે આ નવા પક્ષના પ્રજાલક્ષી પ્રોગ્રામોથી આકર્ષાઈ સૌ આગેવાનોએ સાથે મળી સ્વતંત્રપક્ષમાં જોડાવવું એમ નક્કી કર્યું. દેશભરમાં કૉંગ્રેસના પર્યાય તરીકે સ્વતંત્ર પક્ષ કાઠું કાઢવા લાગ્યો. ૧૯૬૨માં સ્વતંત્રપક્ષના ચૂંટણી ઢંઢેરા સાથે પૂ. બાપુજીએ ચૂંટણીમાં ઝુકાવ્યું. સમગ્ર કડી તાલુકામાં જબરજસ્ત ટેકો મળ્યો. આ ચૂંટણીનું એક સૂચક સૂચન જાણવા જેવું છે. પૂ. બાપુજીના પ્રતિસ્પર્ધી કૉંગ્રેસ તરફે મુ. શ્રી નટવરભાઈ (ભાણાભાઈ) હતા. તે વખતે ચૂંટણીઓમાં આજના જેવી કટ્ટરતા નહોતી. એકબીજા તરફ ઝેર ઓકવાની વાત નહોતી. પૂ. બાપુજીએ મુ. શ્રી નટવરભાઈને એક ગજબની ઑફર કરેલી. આપણ બંને ઉમેદવારો એક જ ગાડીમાં પ્રચાર કરવા નીકળીએ. હું સ્વતંત્રપક્ષની વાત કરીશ અને તમે કૉંગ્રેસની વાત કરજો. પ્રજાને જે વાત પસંદ પડશે તેને વોટ આપશે. આપણ બેઉંને ખર્ચ પણ ઓછો થશે અને દેશમાં એક નવી ભાત પડશે. કોઈ કારણસર વાત આગળ ન ચાલી, પણ તત્કાલીન રાજકારણમાં કટુતા ન હોઈ આવી રજૂઆત થઈ શકી હતી. આ રાજકારણ ક્યારેય સર્વ વિદ્યાલયના વહીવટમાં ન નડ્યું. પહેલાના જમાનામાં જેમ રાજા-મહારાજાઓ જ્યારે ઋષિમુનિના આશ્રમોમાં જતા ત્યારે તેમનાં શસ્ત્રો આશ્રમના દરવાજા બહાર મૂકીને જતા. આ જ રીતે સર્વ વિદ્યાલયના સઘળા હોદ્દેદારો અને કાર્યકરો તેમનું રાજકારણ સર્વ વિદ્યાલય કૅમ્પસની બહાર મૂકીને આવતા અને કૅમ્પસમાં ફક્ત વિદ્યાર્થીઓના હિતમાં જ સર્વે ચર્ચા-વિચારણાઓ કરતા અને તેના આ જ રહસ્યના કારણે સર્વ વિદ્યાલયનો આ વિકાસ થયેલો છે. ખૂબ સરળતા અને કોઈ ખંધાઈ નહિ, મૂલ્યો સાથે બાંધછોડ નહિ અને તે સદ્‌ગુણોને કારણે પૂ. બાપુજીની ખૂબ નજીવા મારજીનથી ચૂંટણીમાં હાર થઈ. હારને પચાવી પ્રજાનાં કાર્યોમાં લાગેલા રહ્યા અને હારને સ્વતંત્રપક્ષને મજબૂતી આપી. ૧૯૬૭ના ઇલેક્શન વખતે કડીની સીટ અનામત નક્કી થઈ. સ્વતંત્ર પક્ષ તરફે શ્રી પાલાભાઈ પરમારની પસંદગી કરી તેમની ચૂંટણીનો સઘળો ભાર પૂ. બાપુજીએ ઉપાડી લીધો અને શ્રી પાલાભાઈને દસ હજાર કરતાં વધારે મતોથી જીત અપાવી. તે પછીનું રાજકારણ સદ્‌ગૃહસ્થ રાજકારણ ન રહેતાં – આયારામ ગયારામનું રાજકારણ શરૂ થયું. પૂ. ભાઈકાકા, શ્રી એચ.એમ. પટેલ અને સ્વતંત્રપક્ષના અગ્રણીઓ સિદ્ધાંતો સાથે કોમ્પ્રોમાઈઝ કરનાર હતા નહિ એટલે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ ફક્ત રચનાત્મક કાર્યો કરવાનો પૂ. બાપુજીએ નિર્ણય કર્યો અને પોતાની જાતને સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં ઓતપ્રોત કરી દીધી. શ્રી પાલાભાઈ પરમારની ચૂંટણી દરમિયાન મારાં માતુશ્રી સ્વ. મંગળાબેનની

તબિયત ખૂબ નરમ રહેવા છતાં ચૂંટણીમાં તેનો જરા સરખો પણ પડઘો ન પડે તે રીતે સતત પાલાભાઈની સભાઓ ગજવવામાં તેમનો અમૂલ્ય ફાળો હતો અને તા. ૩-૨-૬૭ના રોજ તંબોળીવાસમાં શ્રી પાલાભાઈના પ્રચાર માટે યોજાયેલી સભામાંથી તેમના ચાલુ પ્રવચને મારે તેમને ઘેર ખેંચી લાવવા પડ્યા, કારણ કે ભાઈ-બહેનોની મા અને પૂ. બાપુજીની દરેક પ્રવૃત્તિઓમાં સામાજિક, આર્થિક, સેવાકીય, દરેકમાં પોતાની શારીરિક ક્ષમતા ન હોવા છતાં સાથ આપતી તેમની સાથીદાર સ્વર્ગલોકમાં પ્રયાણ કરી ગઈ હતી. ભાઈ-બહેનોમાં સૌથી નાનો ઘનશ્યામ ૮ વર્ષનો અને ગામની બધી પ્રવૃત્તિનું કેન્દ્ર એવું અમારું રહેઠાણ એકદમ ખાલીપો અનુભવવા લાગ્યું. અમો સૌ ભાઈ-બહેનો અને મારાં ધર્મપત્ની અ.સૌ. સવિતાના સહારે ભવિષ્યની કેડી કંડારવાનું ભગીરથ કાર્ય વિધાતાએ નિર્માણ કર્યું. માતુશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે મેં મેડિકલ કૉલેજના પ્રથમ વર્ષમાં જ લગ્ન કરીને ઘરમાં વડીલની ભૂમિકા ભજવવા માટે અ.સૌ. સવિતાને સોંપી. માતુશ્રી અને અ.સૌ. સવિતાનો સથવારો તા. ૨૫ એપ્રિલ, ૬૬ થી તા. ૩ ફેબ્રુઆરી, ૬૭ સુધી રહ્યો, પણ આ દરમિયાન સાસુ-વહુ ન રહેતાં બંને મા-દીકરી તરીકે રહ્યાં. હજુ એકબીજાને કોઈ હૂંફ મળે તે પહેલાં તો વિધાતાએ આ થોડા સુખનો કોળિયો ઝૂંટવી લીધો. સૌને જબરજસ્ત આઘાત લાગ્યો. બહોળું કુટુંબ, બહોળા સામાજિક સંબંધો અને સંભાળવાવાળાં થોડાંક અનુભવી – પણ ઉંમરના હિસાબે કાચાં પડી શકે તેવાં સૌ ભાઈ-બહેનો અને તે સૌનાં ભાભી અ.સૌ. સવિતા. પૂ. બાપુજીએ સૌના મોભી બની માતા-પિતાની ભૂમિકા અદા કરી અને અમો સૌ ભાઈ-બહેનો અને અ.સૌ. સવિતાએ જવાબદારી વહન કરવાની શરૂઆત કરી. મારા ઉપરાંત પાંચ ભાઈ-બહેનોને ભણાવવાનું, સામાજિક કાર્યો વહન કરવાનાં, તે સમયે મહેમાનગતિ એટલે ફક્ત ચા પીને જવાનું તેવું નહિ. મહેમાનો ત્રણથી ચાર કરતાં વધારે સંખ્યામાં હોય, રહેવાનું-જમવાનું પણ હોય. માંદા-સાજા આવે તો દવાખાને દેખાડવા જવાનું હોય, હૉસ્પિટલમાં દાખલ કરેલા હોય તો તેમના ચા-પાણી, જમવાનાં ટિફિન વગેરે પહોંચાડવાનાં હોય. આ બધું જ્યારે સ્ટવ-ગેસ નહોતાં ત્યારે મોટી સંખ્યા માટે રસોઈ કરી બીજી વ્યવસ્થા કરવાની હોય તે વાત આજે વિચારીએ છીએ ત્યારે આ કેવી રીતે કર્યું હશે તેવા વિચારો આવે. આ ધમાલમાં ક્યારેક એવું પણ બને કે લેડીઝને છેલ્લે જમવાનું હોય અને રસોઈ ક્યારેક ખૂટી પડે તો કોલસાની સગડી પર રસોઈ ફરી કરવાની આળસમાં સાંજે સાથે જમી લઈશું એવું વિચારી બપોરની રસોઈ કરવાનું ટાળી ભૂખ્યા રહેવાનો વારો આવે. એક તો થાક લાગેલો હોય અને આવું આળસમાં ભૂખ્યા રહેવાનું થાય એટલે સ્વાભાવિક રીતે રોગપ્રતિકાર શક્તિ ઘટે. તે વખતે લગભગ ઘેર-ઘેર ટી.બી. (Tuberculosis) હતો. સારવાર લાંબી અને કોર્સ પૂરો બે વર્ષ સુધી કરવો જ પડે તેવી ઓછી સમજ. આ બધા કારણે ટી.બી. લગભગ જીવલેણ જ નીવડતો. દરદીઓ બે-ત્રણ મહિના દવા ખાય. સહેજ સારું લાગે એટલે દવા છોડી દે. ૬થી ૮ માસે ફરી ઊથલો આવે. આમ ને આમ ટી.

બી. ફેફસાંમાં વધતો જાય અને લાંબે ગાળે જીવલેણ નીવડે. વળી, ટીબી ચેપી રોગ એટલે કુટુંબના બીજા સભ્યોને લાગી જાય. એમાંય ખાસ કરીને બહેનો કામકાજનો થાક, ખોરાકમાં આળસ, આરામ નહિ તેથી તેઓ જલદી ઝડપાય. અમારાં માતુશ્રી પણ આ પરિસ્થિતિને વશ થઈ ટી.બી.માં ઝડપાયાં અને છેવટે ઘણી સારવાર કરવા છતાંય અંતે રોગનો વિજય થયો અને અમે અમારાં માતુશ્રી ગુમાવી બેઠાં, પરંતુ આમાંથી સબક લઈ અમારા પૂ. બાપુજી કુટુંબનાં સ્ત્રી સભ્યોનું ખાસ ધ્યાન રાખવા લાગ્યા. અમારે ત્યાં મારાં ધર્મપત્ની અ.સૌ. સવિતા અને અમારાં બેન લીલાબેન બંનેની ઉંમર નાની હોવા છતાં ઘરનો બધો કાર્યભાર સંભાળતાં. પૂ. બાપુજી કૉર્ટમાં જતાં પહેલાં રસોડામાં જઈ રાંધવાનાં વાસણો તપાસી રસોઈ કેટલી છે તે જોઈ આ બંને જણ ફરી રસોઈ કરવાની આળસ ન કરે એટલે તાંસળીમાં લોટ અને ઘી મિક્સ કરી બહાર નીકળતાં લીલાબેનને બૂમ પાડતા જાય કે શીરો બનાવીને બંને જણ જમી લેશો. આવી વિશેષ કાળજીને આજે પણ મારાં પત્ની પ્રેમથી યાદ કરીને સંભારે છે.

ડૉ. કનુભાઈ ડી. પટેલ,
૧૭/એ, વસંતવિહાર સોસાયટી
સૅન્ટ ઝેવિયર્સ કૉર્નર પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
મો. ૯૭૨૫૪ ૨૪૧૧૩

❑

*ચિતા માતાપિતા કેરી સ્વહસ્તે જલાવીને*
*સંતાનો એ જ ચિતામાં ચેતાવે આત્મદીપને.*

*- રમણભાઈ નીલકંઠ*

*

*બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે*
*ઘરથી બતાવી જેણે શેરી જી;*
*બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે,*
*ડુંગરે દેખાડી ઊંચે દેરી જી.*

*- રા. વિ. પાઠક*

3.3

# સવાયા બાપુજી

**■ શ્રીમતી સવિતા કનુભાઈ પટેલ**

હું સવિતા, પૂ. બાપુજી (વકીલદાદા/ધનાદાદા)ના સૌથી મોટા દીકરા ડૉ. કનુભાઈની પત્ની. પૂ. બાપુજીનો બહોળો પરિવાર. એ પોતે 7 ભાઈ-બહેન. પૂ. બાપુજીનાં 6 સંતાનો : ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ. આ પરિવારમાં તેમની દીકરી સમાન પુત્રવધૂ તરીકે ભળતાં અમે તેમનાં સાત સંતાનો. પરિવારમાં અમે સૌથી મોટાં. એટલે કે ડૉક્ટરનાં નાનાં 5 ભાઈ-બહેન અને હું એક જ ભાભી. મારાં લગ્ન 18 વર્ષની ઉંમરે થયાં હતાં. અમદાવાદના દરિયાપુર જેવા અવાજથી ધમધમતા વિસ્તારમાંથી કડી જેવા શાંત વાતાવરણમાં પરણીને આવી ત્યારે મને જરાય ગમે નહીં. ઘર માટે બજારમાંથી કોઈ વસ્તુ લેવા પણ જવાની જરૂર ન પડે. કોઈક વખત જઈએ તોપણ ઘણાં પૂછનાર મળે કે આજે કેમ જાતે બજાર આવ્યાં છો? ઘરમાં કોઈ નથી? આખો વખત ઘરમાં જેલ જેવું લાગે. આંખમાં આંસુ આવી જાય. બધાં ભાઈ-બહેન મારો ખૂબ ખ્યાલ રાખે. બાપુજીને ખબર પડે કે હું ઉદાસ છું, કડીમાં ગમતું નથી તો એ મંગળાબાને હસતાં-હસતાં કહે કે સવિતા માટે આપણે એક રીક્ષાવાળો રાખીએ. એક બાજુથી બીજી બાજુ હૉર્ન મારતો-મારતો જાય એટલે સવિતાને વાતાવરણ શાંત ન લાગે અને કડીમાં ફાવે. ડૉક્ટર અમદાવાદ મેડિકલમાં ભણતા હતા. ઘરમાં બધાં કાકા-કાકીઓ, ફઈજીઓ, દિયર-નણદો બધાં મારી ખૂબ સંભાળ રાખે. પૂ. બાપુજી પણ મને ગમે તેવું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરે.

પૂ. મંગળાબા માંદાં હતાં એટલે એમને એમનાં નાનાં બાળકો અને કુટુંબને સાચવવાની ખૂબ ચિંતા રહેતી. મારા વડસસરા હરગોવિંદદાદાને એમણે પૂછ્યું હતું કે આ સિંગલ કાઠીની સવિતા આપણા ઘર અને કુટુંબનો ભાર ઉપાડી શકશે? ત્યારે તે સાંભળીને મને વધારે જોશ ચઢ્યો કે બાની શંકા છે તે મારે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મા બાપના સંસ્કાર અને પૂ. બાપુજીના સાથ-સહકારથી તથા તેમની શિખામણ જેવી કે, “જરૂર પૂરતું સાંભળવું, જરૂર પૂરતું જોવું, જરૂર પૂરતું બોલવું અને જો સુખી રહેવું હોય તો જતું કરવાની ભાવના રાખવી.” સેવા પરમો ધર્મ એ બાપુજી અને અમારા ઘરનો મૂળભૂત પાયો છે. પૂ. બાપુજીની સલાહ પ્રમાણે જીવવાથી ડૉક્ટર સાથેના મારા જીવનમાં ઘણુંબધું શીખવા, જાણવા મળ્યું. અને શિખામણો જીવનભર નિભાવવાનો પ્રયત્ન કરતાં-કરતાં શક્ય બધી જ ફરજો નિભાવ્યા કરી. બાપુજી પાસેનો

સૌથી મોટો શીખવા જેવો ગુણ તેમની સ્થિતપ્રજ્ઞતા હતી. તેઓશ્રી ગીતાનો નિત્યપાઠ કરતા. ભજન-ભક્તિમાં રસ દાખવતા. તેઓના વિચારો ખૂબ જ ઉમદા હતા. મારાં લગ્નના થોડા જ સમય પછી પૂ. મંગળાબાના અવસાન પછી તેઓશ્રી મને ઘરમાં પણ ખૂબ જ સારો સપોર્ટ કરતા રહ્યા હતા. ઘરમાં અચાનક મહેમાન આવી ગયા હોય, બધાંનું જમવાનું પતી ગયું હોય તો કૉર્ટમાં જતાં પહેલાં રસોડામાં આવી ચેક કરતા કે પાછળ જમવાનું બચ્યું છે કે નહીં ? ઓછું લાગે તો ઘઉંનો લોટ અને ઘી મિક્સ કરીને અમને કહેતા જાય કે શીરો બનાવી લેજો અને બરાબર જમજો. આવી રીતે તો સગાં મા-બાપ પણ કદાચ આટલું ધ્યાન ના રાખે. ઘરમાં કોઈ સગાં-સંબંધી આવે તો તેમની આગતા-સ્વાગતા પણ સુંદર રીતે કરવી, કોઈ પણ માંદાની સેવા કરવી વગેરે એમની પાસેથી મને શીખવા, જાણવા અને સારી રીતે સમજવા મળ્યું. તેમનો આ સંસ્કારવારસો અમારી મોંઘેરી મૂડી બન્યો છે.

કડી સર્વ વિદ્યાલય તેમને પ્રાણથી અધિક પ્યારું રહ્યું હતું. અહર્નિશ તેની ગૌરવપૂર્ણ વાતો કરતા રહેવાની સાથે તેના વિકાસ માટે ચિંતા સેવતા રહ્યા હતા. એમણે એમના જીવનનાં ૫૦થી અધિક વર્ષ સંસ્થાના હિતમાં અને તેને આગળ ધપાવવા માટે સમર્પિત કર્યાં હતાં. આ જ સદ્‌ગુણ સાથે ડૉક્ટરે પણ તેમના વ્યસ્ત વ્યવસાયમાંથી સમય કાઢી કડી સર્વ વિદ્યાલયને ઊંચાઈના શિખરે પહોંચાડવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે.

પૂ. બાપુજી સાથે મેં મારા જીવનનાં લગભગ ૪૦ વર્ષ પસાર કર્યાં. તેમની સાથેનાં ખૂબ જ સંસ્મરણો છે. પણ આટલેથી અટકું છું. મારી પાસે તેમના હસ્તાક્ષરમાં લખેલા પત્રો છે. જેમાંથી એક પત્ર આ ગ્રંથ (પૃષ્ઠ ૫૫)માં લીધો છે. પૂ. બાપુજીના સ્વર્ગવાસને ૧૭ વર્ષનો સમય વહી ગયો છતાં હજી તેમનું સ્મરણ તાજું જ રહ્યું છે. મારી અને ડૉક્ટરની કોઈ પણ પ્રકારની મુસીબતમાં ભગવાનની સાથે-સાથે પૂ. બાપુજીના આશીર્વાદનો અનુભવ અમને ઘણી વાર થયો છે.

પૂ. બાપુજીના સુંદર પ્રેરણાદાયી જીવનના સાક્ષી હોવાના ગૌરવ સાથે તેમની દીકરી સમાન પૂત્રવધુનાં દંડવત્ પ્રણામ. પૂ. બાપુજી સાથે અમારાં ત્રણેય બાળકોનો નાતો ખૂબ જ સુંદર અને ઘનિષ્ટ રહ્યો છે. એમનાં શીખવેલા મૂલ્યોને અનુસરીને અમે સૌ અમારી ફરજો નિભાવીને એમના સંસ્કારો દીપાવી રહ્યાં છીએ તેનો મને ખૂબ આનંદ જ નહીં, પરંતુ ભારે મોટું ગૌરવ છે. આવા સવાયા પિતા સમાન સસરા ભવોભવ મળે તેવી ઈશ્વરને પ્રાર્થના.

શ્રીમતી સવિતા કનુભાઈ પટેલ
૧૭/એ, વસંતવિહાર સોસાયટી
સૅન્ટ ઝેવિયર્સ કૉર્નર પાસે,
નવરંગપુરા અમદાવાદ-૩૮૦ ૦૦૯
મો. ૭૨૨૬૯ ૧૮૮૨૪

*

# ખાદીધારી સફેદ વસ્ત્રોમાં ભેખધારી સમાજસેવક

**■ શ્રીમતી પ્રભાવતી ભરતકુમાર પટેલ**

મારા પિતાજીનો જન્મ ગણેશપુરા ગામમાં થયેલો. ગણેશપુરા નાનું ગામ હોવાથી, અભ્યાસ માટે શાળા નહોતી. તેથી મારા પિતાજી તેમના ભાઈઓ અને ભાઈબંધ સાથે, બાજુના ગામમાં ચાલીને ભણવા જતા હતા. જે ગામનું નામ છે કૈયલ.

મારા પિતાજી ખેડૂતના દીકરા હતા. જેથી અભ્યાસમાં ખૂબ કાળજી રાખતા, ત્યારે મારા દાદા ભણવા માટે ખૂબ જ પ્રોત્સાહન આપતા. દાદા કહેતા કે, ભણો, ભણવામાં કોઈનો ભાગ નથી. આ કારણોસર અપાર મુશ્કેલીઓ વેઠીને અભ્યાસ ચાલુ રાખ્યો. બાદમાં મારા પિતાજીએ કડીની સ્કૂલમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં પ્રવેશ મેળવીને આગળ અભ્યાસ ચાલુ રાખ્યો. આ શૈક્ષણિક સંસ્થામાંથી તેમને ઘણું શીખવાનું મળ્યું. અમદાવાદમાંથી LL.B.નો અભ્યાસ પૂર્ણ કર્યો અને કડીમાં વકીલાત તરીકે પ્રેક્ટિસ ચાલુ કરી. મારો જન્મ કડીમાં થયો અને ઉછેર પણ કડીમાં જ. કહેવત છે, કડી સોનાની દડી, કડી એવી દડી ના જડે જગમાં, બીજે ક્યાંય જોડી.

મારી સમજણ આવ્યા પછી મારા બાપુજીની ઇમેજ અમારા ઉપર ખૂબ જ ગહેરી રહી છે. બાપુજી ઉપર મહાત્મા ગાંધીજીની અસર ખૂબ જ હતી. તેમણે સ્વતંત્રતાની ચળવળમાં પણ ભાગ લીધેલો. 'પરદેશી માલનો બહિષ્કાર' આ સૂત્રનો તેમના જીવનમાં ભારે પ્રભાવ હતો. ખાદીનાં કપડાંના ભારે હિમાયતી હતા. તેમણે આ જીવન ખાદીનાં કપડાં પહેરેલાં છે. સફેદ ટોપી, ઝભ્ભો, ધોતી અને કોઈ વખત ખાદીધારી બંડીમાં મેં જોયેલા છે. તેઓ સમાજ અને કેળવણી માટે હંમેશાં કાંઈક કરવા માટે પ્રયત્નશીલ રહેતા. તે સમયે ગામડાંઓમાં કેળવણીનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું અને ખાસ કરીને દીકરીઓને બહુ ઓછાં કુટુંબો ભણાવતાં હતાં. કન્યાશાળાઓ હતી જેથી સાત ધોરણ સુધી દીકરીઓને ભણાવતાં. હાઈસ્કૂલમાં બહુ ઓછી દીકરીઓને ભણાવતા. પછી કૉલેજમાં જવાનો વારો તો આવતો જ નહીં. કેળવણી માટે હંમેશાં તેમના મગજમાં વિચારો આવ્યા કરતા, એટલે તેમને દીકરા અને દીકરીઓ માટે સ્કૂલ, કૉલેજ અને હૉસ્ટેલોનો વિચાર કર્યો. તે માટે તેમને ખૂબ જ પ્રયત્નો કર્યા. સ્વ. છગનભાનું કાર્ય તેમણે આગળ વધાર્યું. સાથે બીજા ઘણાબધા નિષ્ઠાવાન કાર્યકરોએ પણ સેવાઓ આપેલ છે. તેમણે પોતાનું જીવન આ સંસ્થા પાછળ ખર્ચી દીધું. અમે બધાં જ ભાઈ-બહેનોએ આ સંસ્થામાંથી શિક્ષણ લીધેલું છે. મારા બાપુજીએ પણ આ સંસ્થામાંથી શિક્ષણ મેળવેલ છે. સમગ્ર સમાજના ઉત્થાન માટે પણ હંમેશાં પ્રયત્નશીલ

રહેતા. સમાજનો કચડાયેલો વર્ગ ઉપર આવે તે માટે હંમેશાં કાર્યશીલ રહેતા. ખાસ તો તેઓ સમાજમાં બારમાની પ્રથાના પ્રખર વિરોધી હતા. દેવું કરીને પણ બારમું કરતા સમાજના લોકોને તેવું ન કરવા જણાવતા. સમાજના કુરિવાજોના પણ પ્રખર વિરોધી હતા.

સર્વ વિદ્યાલય સાથે રગેરગથી જોડાયેલા હતા. દરરોજ સાંજે કૉર્ટમાંથી આવી ચા-પાણી કરીને પાર્કમાં થોડું ચાલીને સીધા શાળાએ જતા. સાંજે બૉર્ડિંગમાં વિદ્યાર્થીઓ જમવા બેસે તે સમયે અચૂક પહોંચી જતા. વિદ્યાર્થીઓને વ્યક્તિગત મળીને જમવાનું કેવું મળે છે, ગુણવત્તા કેવી છે તેનું પૂરું ધ્યાન રાખતા. કોઈ કચાશ હોય તો પ્રેમથી સાંભળતા અને નિરાકરણ લાવતા. તે સમયે વિદ્યાર્થીઓને તાજુ દૂધ મળે તે વિચારથી ગૌશાળાનું નિર્માણ થયું. વિદ્યાર્થીઓને પૂરતું દૂધ મળી રહે તે માટે ગૌશાળામાં જાતે જતા. ઘાસચારો ગાયોને પૂરતો મળે અને ગાયોનું વધારે દૂધ મળે તેનું પૂરતું ધ્યાન રાખતા. ધીમે-ધીમે ગાયોની સંખ્યા પણ વધારતા ગયા. ગાયોને ઘાસચારા નિયમિત મળ્યા કરે તે આશયથી તિથિદાનની યોજના ચાલુ કરી, તેમાં સારો રિસ્પોન્સ મળ્યો. સંકર ગાયનું પણ સજેશન થયેલું. સંસ્થાના વિકાસ માટે રૂ. ૩ લાખનું લક્ષ્યાંક લઈને ૧૯૮૨માં અમેરિકા આવવાનું થયેલ. સૌપ્રથમ તેઓ અમારે ત્યાં ન્યૂ જર્સીમાં આવ્યા હતા. અમારા આ ધન્ય દિવસો હતા, મારા બાપુજી અને પૂ. મોહનભાઈ સાહેબની સેવા કરવાનો આ અમૂલ્ય અવર્ણનીય પ્રસંગ હતો. અમે હંમેશાં ચિંતિત હતા કે સેવામાં ક્યાંય કસર ન રહી જાય. લગભગ ૩૩ વર્ષ પહેલાંનો આ પ્રસંગ છે, પરંતુ આજે પણ જ્યારે પણ મોહનભાઈ સાહેબ મળે છે ત્યારે અચૂક ન્યૂ જર્સીના રોકાણના દિવસોનાં સંસ્મરણો યાદ કરતા હોય છે. આ રીતે બાપુજી અને પૂ. મોહનભાઈ સાહેબની સેવા કરવાનો મને અનેરો મોકો મળ્યો. આ સાથે તે સમયે ત્યાં રમણભાઈ અને ઘણાબધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અપાર સહકાર મળ્યો. રમણભાઈ તે સમયે જાતે શિકાગોથી કાર ચલાવીને બાપુજી અને મોહનભાઈ સાહેબને રૂબરૂ લેવા માટે અમારે ત્યાં ન્યૂ જર્સી આવ્યા હતા. તે કદાપિ ભૂલી શકાય તેમ નથી. બાદમાં સારું એવું ડોનેશન લઈને તેઓ ભારત પાછા ફર્યા.

ન્યૂ જર્સીના રોકાણ દરમિયાન બાપુજી હંમેશાં ચિંતિત હતા કે કેમ કરીને ડોનેશન વધુમાં વધુ એકત્રિત કરવું. તેમને અમેરિકા જોવામાં કોઈ જ રસ નહોતો. અમે બહાર ફરવા જવાની વાત કરતા તો તુરત જ જવાબ આપતા કે સંસ્થા માટે વધુમાં વધુ સમય આપીને ડોનેશન એકત્રિત કરવું તે જ અમારું ધ્યેય છે. ફરવા, જોવા માટે સમય નથી. માત્ર અને માત્ર અમારું લક્ષ્ય છે વધુમાં વધુ ડોનેશન એકત્રિત કરવું. સમયનો સદુપયોગ કરીને વધુમાં વધુ લોકોને મળતા અને સંસ્થાની પ્રવૃત્તિ, વર્તમાન અને ભવિષ્યનો ચિતાર આપતા. હિતેચ્છુઓનો અવિરત સાથ મળતો હતો. તે સમયે એક જુદો જ જુવાળ હતો. કોઈને પણ ખબર નહોતી કે, સર્વ વિદ્યાલય, ગાંધીનગરના પાયા પણ નંખાઈ રહ્યા છે.

આપ સૌને જાણીને આનંદ અને આશ્ચર્ય થશે. બાપુજીને ગૌશાળા (કડી)માં ગાયો આરોગ્યપ્રદ વાતાવરણમાં રાખીને વધુમાં વધુ દૂધ કેવી રીતે મેળવી શકાય તે માટે

અમેરિકાની ડેરી જોવા માગતા હતા. આ માટે અમે તેમને સાઉથ રૉયલ્ટન, વર્માન્ટ રાજ્યમાં લઈ ગયા. બાપુજીના જૂના અમેરિકન મિત્ર ડેવિડભાઈની મદદ આ સમયે મળી ગઈ. તેઓએ અમોને વિસ્તૃત સ્વરૂપે વિશાળ ડેરી, ગાયોનો મોટો તબેલો બતાવ્યો. બાપુજીએ ગાયોના ઉછેર માટે ઘણીબધી પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. તેમના મનમાં એક જ ધૂન હતી : અમારી કડીની ગૌશાળાને કેવી રીતે પ્રોડક્ટિવ બનાવી શકાય. અમે તો અવાક્ થઈ ગયા કે અમેરિકા આવીને પણ કડીની ગૌશાળાને ખૂબ જ પ્રાધાન્ય આપતા રહ્યા હતા.

ખેડૂતપુત્ર હોવાના નાતે, ખેડૂતોને પડતી તકલીફો, તેમના પ્રશ્નોની તેમને ખબર હતી. આ કારણે ખેડૂતોનું સંગઠન થાય તે માટે ખેડૂતમંડળની સ્થાપના થઈ. તેમાં તેમણે પૂરા દિલથી સેવાઓ આપી. તેઓ સ્વતંત્ર પક્ષમાંથી ચૂંટણી પણ લડેલા, કે જેથી સમાજ સાથે રહીને વધુ કઈ રીતે ઉપયોગી થવાય, તે જ તેમનો ચૂંટણીમાં ઊભા રહેવાનો આશય હતો.

સર્વ વિદ્યાલય સંસ્થાને પોતાનું મંદિર સમાન ગણીને તેમણે પોતાની વકીલાતની પ્રેક્ટિસ છોડી અને આ સાથે રાજકારણ પણ છોડ્યું.

સ્વચ્છતા, શિસ્ત અને સાદગીના પ્રખર હિમાયતી એવા જીવનમૂર્તિ હતા. કોઈ પણ વસ્તુનો બગાડ થાય તે તેમને ગમતું નહોતું, તે વસ્તુને આપણે જરૂર ન હોય પણ બીજા હજારો લોકોને તેની જરૂર હોય તેવી તેમની ભાવના હતી.

મને તેમની સાથે રહેવાનો અમૂલ્ય મોકો ૧૯૭૧ સુધી મળ્યો. ૧૯૭૨માં B.Ed. કરવા અમદાવાદ આવી. ૧૯૭૩માં અમેરિકા ગઈ. પછીના સમયગાળામાં સર્વ વિદ્યાલયમાં સૌ પ્રથમ વખત ગાંધીનગરમાં પગ મૂક્યો. આ સાથે સરકારશ્રીનો પણ ખૂબ જ સહકાર મળ્યો. ઉપરાંત દાતાઓનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અવિરત સાથ મળતો ગયો. આ સમયમાં સર્વ વિદ્યાલયરૂપી એક વડમાંથી અનેક વડવાઈઓવાળું વિરાટ સ્વરૂપ ધારણ કરવાની શરૂઆત થઈ.

બાપુજીની નાદુરસ્ત તબિયતના કારણે માણેકલાલ સાહેબ (ભામા)ને આગળના ભવિષ્ય માટે સેવા કરવામાં જોડ્યા અને માણેકલાલ સાહેબે તે જવાબદારી પૂરી નિષ્ઠા અને ખંતથી સંભાળી લીધી. જે આજે આપણે સફળતાનાં શિખરો સર થતાં જોઈ રહ્યાં છીએ. માણેકલાલ સાહેબના અવસાન પછી ડૉ. કનુભાઈએ પણ પૂરા તન, મનથી પ્રમુખ તરીકે જવાબદારી ઉઠાવી લીધી છે. સરદારભાઈએ પણ નિષ્ઠા, મહેનત અને પ્રામાણિકતા સાથે ચૅરમૅન તરીકેની જવાબદારીઓ સફળતાપૂર્વક હોંશે-હોંશે ઉપાડી લીધી છે. આ બંને મહાનુભાવોની જોડી અને તમામ કાર્યકર્તાઓની મહેનતના કારણે સર્વ વિદ્યાલય યુનિવર્સિટીએ સફળતાનાં શિખરો સર કર્યાં છે, તેનું મારે મન ભારે ગૌરવ છે. ડૉ. કનુભાઈએ પોતાની ડૉક્ટર તરીકેની ધીકતી પ્રેક્ટિસ તદ્દન ઓછી કરીને પોતાનું જીવન સંસ્થાને સમર્પિત કરી દીધું છે. કોઈ પણ જાતનું વેતન કે ઍલાઉન્સ વગર નિઃસ્વાર્થ, નિષ્ઠાપૂર્વક દિવસ-રાત જોયા વગર સંસ્થા સાથે જોડાઈ ગયા છે. અમારા પિતાશ્રીની ભાવનાઓને તેઓશ્રી સાકાર કરી રહ્યા છે.

વકીલાત કરીને ધનવાન થવું તેવી તેમની ભાવના નહોતી. અસીલો-ખેડૂતો તેમનો કેસ લઈને બાપુજી પાસે આવતા. તેઓ જોતા કે બંને પક્ષ કૉર્ટે ચડ્યા છે, બંને

પક્ષોનું પૈસાનું પાણી થશે તો તેઓ સમાનધાનકારીવૃત્તિ અપનાવતા. બંને પક્ષને ઑફિસે ભેગા કરીને સમાધાન કરાવતા. ઉપરાંત બધાંને જમાડીને સંતોષની લાગણી સાથે પાછા તેમના ઘરે મોકલતા. આ જ કારણસર એક ઉત્તમ વકીલ તરીકે 'ધનાભાઈ વકીલ'ના હુલામણા નામે ખૂબ જ મોટી નામના મેળવી હતી. કર્મે વકીલ હોવા છતાં, ધન ભેગું કરવાની કોઈ લાલશા તેમનામાં હતી નહીં.

બાપુજી નાના ગામ ગણેશપુરામાંથી આવેલા, પરંતુ કડી તાલુકામાં ગામનું નામ રોશન કર્યું. આ સાથે કડી નાનું ગામ હોવા છતાં સર્વ વિદ્યાલયના કારણે દુનિયાના નકશામાં સામેલ થયું. આ સંસ્થામાંથી હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને ખૂબ જ ઊંચી પદવીઓ પર બિરાજમાન થયા છે, બિઝનેસ અને સમાજસેવામાં પણ જોડાયેલા છે. બાપુજીના સંપર્કો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે પણ ખૂબ જ સારા હતા. કડી શહેરના વકીલો, ડૉક્ટરો અને વેપારીઓ સાથે પણ ઉમદા સંબંધો હતા.

વિદ્યાર્થીઓ સાથે પણ રૂબરૂમાં સંપર્કો કરતા રહ્યા હતા. વિદ્યાર્થીના ભોજનથી માંડીને હોશિયાર વિદ્યાર્થી હોય, પરંતુ ફીના પૂરતા પૈસા ન હોય તો કારોબારી મારફતે ફી માફી અથવા ફીમાં રાહત આપવા પ્રયત્નશીલ રહેતા. બાપુજી પહેલાં મંત્રી તરીકે હતા. બાદમાં ચેરમૅન તરીકે જવાબદારીઓ નિભાવી. સંસ્થામાં શિસ્ત જળવાય તેનું પૂરું ધ્યાન રાખતા. હું તેમની દીકરી છું જેથી શિસ્તમાં કાંઈ પણ ચલાવી લેવા તૈયાર નહોતા. નાનકડી પણ ભૂલ અથવા શિસ્ત બાબતે કોઈ સમાધાનકારી રીત અપનાવતા નહીં. એના ઉદાહરણ તરીકે હું સ્કૂલમાં ૭ મિનિટ મોડી પહોંચી તો શિક્ષા તરીકે ક્લાસ બહાર મને ઊભી રાખવામાં આવી હતી. શિક્ષકગણ પણ તેટલા જ શિસ્તપ્રિય હતા. સમય સાચવવાનું આ સંસ્થામાંથી અમે શીખ્યાં. માત્ર વિદ્યાર્થીઓ એકલાનું જ નહીં, પણ શિક્ષકોની વાત-તકલીફો ધ્યાનથી સાંભળતા અને યોગ્ય નિરાકરણ લાવતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના આદર્શ સંબંધો જળવાતા. શિક્ષકો – ગુરુજનોને પૂરા માન-આદર-સત્કારથી નિભાવતા. ગુરુજનો પણ આ સંસ્થાને પોતાની સમજીને દિવસ-રાત જોયા વગર અપાર સેવાઓ આપતા અમે જોયા છે.

આવા અમારા બાપુજીને શત શત વંદન. બાપુજીને સંસ્થા પ્રત્યે તેમજ ગૌશાળા પ્રતિ અપાર પ્રેમ હતો. તેમનાં વતનપ્રેમ, જાહેરજીવનમાં નિષ્કલંક વિરાટ પ્રતિભા, કેળવણી સંસ્થાના ભીષ્મપિતામહ, શિસ્ત, પ્રામાણિકતા, નીડરતાના આગ્રહી એવા અમારા બાપુજીનું જીવન એ જ એમનો સંદેશ હતો, જે તેમનાં બાળકો એવાં અમારો જીવનધ્યેય બની રહ્યો છે. અમે સૌ ભાઈ-બહેનો સાચે જ તેમને પિતાશ્રી તરીકે મેળવીને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

"સુંદર સર્વ વિદ્યાલય રાજે."

શ્રીમતી પ્રભાવતી ભરતકુમાર પટેલ

(પૂ. વકીલ ધનાભાઈ પટેલની દીકરી)

મો. +૧ (૨૨૯) ૪૪૪ - ૨૬૨૫

❑

# નેકદિલ બાપુજી

**■ વિજયકુમાર ડી. પટેલ**

મહેસાણા જિલ્લાના પ્રવેશદ્વાર એવા એક નાનકડા ગામ ગણેશપુરા (તા. કડી)માં મારા બાપુજીનો જન્મ થયો હતો. કહેવાય છે કે બાજુના ગામ કૈયલથી અહીં આવીને અમારા વડવાઓએ આ ગામ વસાવ્યું હતું. અમારા દાદા આ ગામના મુખી હતા. અમારા ગામની અને કૈયલની પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યા બાદ પૂ. છગનભાએ કડીમાં ચાલુ કરેલ શાળા – સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યા હતો. ત્યાર બાદ અમદાવાદની એચ. એલ. કોમર્સ કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ લૉ કૉલેજમાંથી LL.B.ની ડિગ્રી મેળવી હતી. અમદાવાદમાં અભ્યાસ દરમિયાન કે. પી. હૉસ્ટેલમાં રહેતા હતા. અભ્યાસ દરમિયાન તેમણે આઝાદીની ચળવળમાં પણ ભાગ લીધો હતો.

કડીમાં વકીલાત શરૂ કર્યા પછી રાજકારણ, સમાજસેવા અને સર્વ વિદ્યાલયમાં પ્રવૃત્ત હતા. સમયના સથવારે રાજકારણ અને વકીલાતને તિલાંજલિ આપ્યા બાદ સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહ્યા હતા. મારી સ્મૃતિ મુજબ તેમણે ભાડાનાં બે-ત્રણ મકાનો બદલ્યાં પછી ગંજબજાર, સ્વામિનારાયણ મંદિરવાળા મહોલ્લામાં પોતાનું મકાન બનાવ્યું હતું. સવારે નાહીધોઈને ગીતાનો પાઠ કરવો એ તેમનો નિત્યક્રમ હતો. અમારા મામા નારણભાઈ (ઉંટવા ગામના)એ વિજાપુર તાલુકામાં ખરણા પાસે આવેલ વસાઈ ગામમાં આવેલા આશ્રમના બાપુને ગુરુ બનાવ્યા હોઈ તેઓશ્રી અમને અવારનવાર ગુરુજી પાસે લઈ જતા. અમને આશ્રમમાં મજા પડતી હતી.

અમારો નિત્યક્રમ સવારે તૈયાર થઈ બે કલાક અભ્યાસ કરી જમીને ૧૧ વાગે સ્કૂલે જવાનો રહેતો. સાંજના સ્કૂલમાંથી છૂટ્યા બાદ બાપુજી કૉર્ટમાંથી ઘેર આવે ત્યારે છ વાગે બાપુજી બગીચામાં ફરવા લઈ જતા. સાત વાગે ઘેર પરત થઈ ભોજન લીધા બાદ ૮થી ૧૦ ભણવા બેસતા. બાપુજી પોતાની ઑફિસ ઘરમાં રાખતા. બાપુજી તેમના વકીલાતના કેસ કૉર્ટમાં રજૂ કરવાની તૈયારી કર્યા બાદ ૧૦ વાગે સૂઈ જતાં પહેલાં અમને સુંદર મજાની વાર્તા કહેતા. પોતે વકીલ હતા તેથી ચતુરાઈપૂર્વક એક યા બીજી વાતોનો મેળ બેસાડી લેતા. તેનો ખ્યાલ પણ ના આવે અને ખૂબ જ રસવાળી વાર્તા બનાવતા. માંદગીના કારણે મારી બાના અવસાન બાદ બાપુજી અમારી બા પણ બની ગયા હતા. કૉર્ટમાંથી નીકળી ઘેર આવતાં બજારમાંથી

ફળફળાદિ લેતા આવી અમને ખવડાવતા. આ ટેવ મને પણ વારસમાં મળી છે. મેં ગુજરાતી ચાર ધોરણ કડી મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. સ્કૂલની આગળ મરિયમબહેન ચીકી, બિસ્કિટ ગોળીઓ વેચતાં. રિસેસમાં મિત્રો ચીકી વગેરે લેતા. એક દિવસ બાપુજી પાસે એક પૈસો માગ્યો. તે વખતે તાંબાનો એક પૈસો ચાલતો. પૈસો લઈ સ્કૂલે આવી રિસેસમાં મરિયમબહેનની દુકાને ગયો. ચીકી ઉપર માખીઓ બેઠેલી જોઈને તે ખાવાની ઇચ્છા ન થતાં પૈસો ખિસ્સામાં મૂકી દીધો. સાંજે બાપુજીને પૈસો પાછો આપ્યો. તેમણે કારણ પૂછ્યું, મેં કારણ બતાવ્યું, ત્યારે બાપુજી ઘણા જ રાજી થયા હતા અને તેમના મનમાં પણ એટલો વિશ્વાસ થયો કે વિજય ખોટા પૈસા નહીં વાપરે. નાનાં ભાઈ-બહેન મળીને અમે છ ભાઈ-બહેન છીએ. મારા કાકાની દીકરી મધુબહેન પણ અમારા ત્યાં રહીને સ્કૂલમાં અભ્યાસ કરતી. ઘરમાં હું તોફાની ગણાતો. મને સ્કૂલની વિદ્યાર્થી બૉર્ડિંગમાં મૂકવામાં આવ્યો હતો. બૉર્ડિંગની રૂમમાં હું અને સાદરાગામનો મારો મિત્ર ગણપત સાથે રહેતા. બાપુજી શાળાના મંત્રી હતા. તેઓશ્રી અચાનક જ વિદ્યાર્થીઓને પીરસવાનું ભોજન જમવા બેસી જતા અને ભોજનની ચકાસણી કરતા. હું ત્રણ મહિના હૉસ્ટેલમાં રોકાયેલો. રવિવારના દિવસે પણ ઘેર જતો નહીં. ઘેર બહેનોને મારા વગર ફાવતું નહીં તેથી બાપુજી મને પાછો ઘેર લાવ્યા. મેં સર્વ વિદ્યાલયમાં ધોરણ-૫થી દાખલ થઈ ધોરણ-૮થી ૧૧ સુધી ટૅક્નિકલ વિષય લઈ એસ.એસ.સી. પાસ કરી છે. આજે પણ તે વખતના સર્વ વિદ્યાલયના દિવસો અને શિક્ષકો યાદ આવે છે. તે ટ્યૂશનનો જમાનો ન હતો. શિક્ષકો ટ્યૂશન કરે તો તેમને દંડ થતો. સ્કૂલમાં ભણાવવામાં આવેલા કોઈ વિષયમાં કંઈ ન ખબર પડી હોય તો રિસેસમાં શિક્ષકખંડમાં જઈ જે-તે શિક્ષક-સાહેબને પૂછી લેતો. સાહેબો હોંશે-હોંશે સમજાવતા. આજે પણ મારા વખતના સાહેબો મળી જાય તો તેમની સામે મસ્તક નમી જાય છે. તે સમયમાં એક ગાડી સવારે અમદાવાદ જાય અને સાંજે પરત આવે તે વખતે અમારા ઘેરથી સ્ટેશન જવા માટે અમને બાપુજી ઘોડાગાડીમાં લઈ જતા. અમે કડી રહેતા તે સમયે ટાવરની અંદરનો ભાગ ગામ તરીકે ઓળખાતો હતો, અત્યારે કડી ખૂબ જ વિકસી ગયું છે. ઑઇલ મિલોથી ખૂબ જ જાણીતું છે. બાપુજીને બાગાયતનો ખૂબ જ શોખ હતો. અમદાવાદ આવ્યા પછી મકાનની બાજુની જગ્યામાં ફૂલછોડ તથા શાકભાજી વાવતા.

એસ.એસ.સી.ની પરીક્ષાનું છેલ્લું પેપર આપી ઘેર આવ્યા બાદ પેપરમાં એલ.આઈ. સી.ના એજન્ટ તરીકેની જાહેરાત વાંચી. અમારા કોઈ પરિચિત ઓછું ભણેલા છતાં મહિને ૬૦૦૦ કમાતા તે સાંભળીને મેં પણ અરજી મોકલી આપી. બે માસ બાદ એજન્ટ માટે એજન્સી લેવા માટેનો પત્ર આવ્યો ત્યારે બાપુજીએ મને કહ્યું કે તારો લેટર આવ્યો છે. મેં પત્ર વાંચ્યો. એજન્સી માટે કડીમાં એલ.આઈ.સી.ના ડીઓને મળવા માટેનો પત્ર હતો. મને બાપુજીએ પૂછ્યું કે તને રસ છે? મેં કહ્યું હતું કે મને આ બાબતમાં કંઈ જ ખબર નથી. ત્યાર બાદ બાપુજી મને કડીના શ્રી નરોત્તમભાઈ પાસે

લઈ ગયા હતા. તે સમયમાં ૧૮ વર્ષ પૂરાં થયેલ વ્યક્તિને વીમા એજન્ટ બનાવવામાં આવતા. મારે બે માસ બાકી હતા. આ અરસામાં મને તેમણે વીમાનું કામ શિખવાડ્યું. મને ૧૮ વર્ષ પૂર્ણ થયાં એટલે એજન્સી મળી. મારા દાદાની ના ઉપર મેં એજન્સી લીધી હતી. મારા દાદા કહે કે હું ગામનો મુખી અને તું વકીલનો દીકરો. આપણાથી આવું માગવાનું કામ ના થાય, પરંતુ મેં તેમની ના ઉપર એજન્સી ચાલુ કરી. આજે પણ એજન્સી ચાલુ છે. આ સાથે મારે કહેવું રહ્યું કે મેં બાપુજીની વગથી એકપણ પૉલિસી સર્વ વિદ્યાલયમાંથી મેળવી નથી. બાપુજીની રાજકારણ ઉપરાંત અનેક ક્ષેત્રોમાં મોટી ઓળખાણ હતી, પણ તેનો કોઈ લાભ મેં લીધો નથી.

રાજાજીએ સ્વતંત્ર પક્ષની સ્થાપના કરતાં બાપુજી મહેસાણા જિલ્લાના સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકે પણ રહ્યા. કૉંગ્રેસના ઉમેદવારની સાથે ઊભા રહીને ચૂંટણી લડ્યા, છેક સુધી આગળ હતા, પરંતુ છેલ્લે અગોલ ગામના ૨૦૦ વોટ ઓછા મળતાં હારી ગયા હતા. ફરીથી બીજી ચૂંટણી વખતે કડીની બેઠક અનામત થતાં પાલાભાઈને ઊભા રાખ્યા. જ્યારે કૉંગ્રેસમાંથી અમદાવાદથી આવેલ રૂપાલાભાઈ ઊભા રહ્યા હતા. આ ચૂંટણીનું વ્યવસ્થાતંત્ર બાપુજીએ સંભાળી લીધું હતું. આ ચૂંટણીમાં પાલાભાઈની ભારે મોટી જીત થઈ. દુઃખ સાથે નોંધું છું કે મારા બાપુજી કડીમાં પાલાભાઈની સભાને સંબોધન કરી રહ્યા હતા તે વખતે અમારી બાનો જીવ ધામમાં ગયો હતો.

બાપુજી વકીલના ધંધામાં અસીલનું હિત જોતા અને બન્ને પક્ષના અરજદારોને સાથે બેસાડી કૉર્ટના ખર્ચાથી બચવા સમજાવી સમાધાન કરાવતા. વકીલાતના ધંધામાં સચ્ચાઈને સાથ આપતા. તેમણે સારા વકીલ અને ઉમદા માણસ તરીકે નામના કેળવી હતી. રાજકારણમાં જનસંઘ અસ્તિત્વમાં આવતાં સ્વતંત્ર પક્ષનું તેમાં વિલીનીકરણ થયું. બાપુજીને જનસંઘમાં જોડાવા આમંત્રણ આવ્યું, પરંતુ રાજકારણમાં સારા માણસની જરૂર નથી તેમ કહી ના પાડી દઈ શિક્ષણના વિકાસમાં મન પરોવ્યું. સર્વ વિદ્યાલયમાં પોતાનો સમય આપતા રહ્યા. દાસકાકા પછી મંત્રીમાંથી ગાંધીનગર શાખાના ચૅરમૅન બન્યા. દાસકાકા ચૂંટણી જીતી સરકારમાં મંત્રી થયા. તેમના સાથ અને સહકારથી ગાંધીનગરમાં શાળા માટે સરકારી જમીન મેળવીને કડીની બ્રાન્ચ બનાવી. આજે સર્વ વિદ્યાલય વટવૃક્ષ થયું છે. બાપુજીની તબિયત બગડતાં ચૅરમૅનમાંથી છૂટા થઈ અમારા મામા શ્રી એમ. એમ. પટેલ ('સાહેબ'ના હુલામણા નામથી જાણીતા થયેલ)ને ચૅરમૅન બનાવ્યાની સાથે અમારા મોટાભાઈ ડૉ. કનુભાઈ મંડળમાં મંત્રી તરીકે જોડાયા.

મારા બાપુજી અગમ દૃષ્ટિ ધરાવતા હતા. કડીથી હાલમાં કલોલ જવા માટેનો રોડ થયેલ છે ત્યાં ઇન્ડિયન ઑઇલની ડિલરશિપ મેળવીને પેટ્રોલપંપ બનાવ્યો હતો. અમારી બાના અવસાન બાદ અમદાવાદ રહેવાનું થતાં આ પેટ્રોલપંપ અન્યને સોંપી દીધો હતો. તે વખતે વકીલાતના કેસ પતાવવા કડી આવતા-જતા હતા. દોઢેક વર્ષ સુધી મેં અને બાપુજીએ આવ-જા કરી. અમારા મકાનમાં રોકાઈને જાતે રસોઈ કરી ને જમતા. બાપુજી કડીના અને ગાંધીનગરના સ્ટાફ-શિક્ષકોને તેમના નામ અને કામથી

ઓળખતા અને સૌની કાળજી લેતા. અવાર-નવાર સમાચાર પૂછતા. વિદ્યાર્થીઓને પણ પ્રેમથી બોલાવતા. આપણી સ્કૂલમાંથી ભણીને અમેરિકા ગયેલા વિદ્યાર્થીઓ પાસેથી સારું એવું ફંડ પણ લઈ આવ્યા હતા. આજે આપણી સંસ્થાએ સારી નામના મેળવતાં સર્વ વિદ્યાલયમાંથી યુનિવર્સિટી તરીકેનો મોભો મેળવ્યો છે. આજે આપણી આ યુનિવર્સિટીએ પણ સ્વનિર્ભર યુનિવર્સિટી તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સારા પ્રમાણમાં પરદેશથી સહાય આપણી સંસ્થા મેળવી રહી છે. પૂ. છગનભાએ એ નાની ઓરડીમાંથી ચાલુ કરેલ આ સંસ્થા આજે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહકાર તથા દાનથી મોટું વટવૃક્ષ થઈ છે. અમારા બાપુજી વિશે અમે ગુણગાન ગાઈએ તે તો સ્વભાવિક છે, પરંતુ તેમના વિશે સંસ્થાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ મંડળના સૌ સભ્યો તેમની સેવાભાવના અને નમ્રતાની વાતો કરે છે ત્યારે તે અમારા માટે ગૌરવપ્રદ બની જાય છે. આ વાતો સાંભળી અમારું હૈયું હરખાય છે. તેમણે નિઃસ્વાર્થ સેવા આપેલ છે. તેમના વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. કોઈએ સાચું જ કહ્યું છે કે 'दैवतं हि पाति महत्' – પિતા જ મહાન દેવતા છે. મારા પિતાશ્રી મારા માટે દેવતા સમાન રહ્યા હતા. વાલ્મીકિ રામાયણનું આપ્ત વિધાન : न ह्यतो धर्माचरणम् किंचिदस्ति महत्तरम् । यथा पित्तरि शुश्रूषा तस्य वा वचनक्रिया ॥ અર્થાત્ 'પિતાની સેવા અથવા તેમની આજ્ઞાનું પાલન કરવાથી અન્ય કોઈ મોટું ધર્માચરણ નથી' માથે ચઢાવીને સૌ કોઈએ માતા-પિતાની સેવા કરવી એ જ પરમો ધર્મ માનવું રહ્યું. અસ્તુ.


વિજયકુમાર ડી. પટેલ

મો. ૯૮૨૫૧ ૨૪૨૧૦


❑

*વહેલી પ્રભાતે ઊઠીને પહેલાં કરીએ માને પ્રણામ*
*બીજા પ્રણામ પિતાજીને કરીએ અને લઈ હરિનાં નામ રે*
*મારે નથી જાવું તીરથધામ.*

*- અજ્ઞાત*

૩.૬

# બાપુજી સાંભરશે તમારો સથવારો

**■ શ્રીમતી તારાબહેન રસિકલાલ પટેલ**

'પિતાજીને પ્રણામ, જેમણે ઘરથી બતાવી શેરી.' જન્મદાતા માતાનાં ખૂબ જ ગુણગાન ગવાયાં છે. માતાને સહિષ્ણુતાની મૂર્તિ કહી છે. તે ઈશ્વર જેવી સર્જક, પાલક અને પોષક છે, પરંતુ સંસારરથનાં બે પૈડાં પૈકી એક પિતાનું પણ છે. 'મા' જીવનનું એકાક્ષરી ગીત છે તો પિતા પશ્ચાદ્ભૂમિમાં વાગતું સુંવાળું સંગીત છે. બાળકોના લાલન-પાલનમાં પિતાનો બહુ મોટો હિસ્સો હોતો નથી, પરંતુ જિંદગીનો રાહ ચીંધીને તેને સાચા પંથે આગળ ધપાવનાર પિતા છે. એવા પિતા મને મળ્યા છે. હું એમની નાની પુત્રી છું. અમે છ ભાઈ-બહેન છીએ. મને ૧૦ વર્ષ સુધી માતાપિતાનો ખૂબ જ પ્રેમ મળેલો. જ્યારે ૧૧મા વર્ષે અમે માનું સુખ ગુમાવ્યું ત્યારે અમારા બાપુજીએ અમને છએ ભાઈ-બહેનોને ખૂબ જ પ્રેમથી ભણાવી-ગણાવીને મોટાં કર્યાં. બધાંને મા-બાપનો પ્રેમ આપ્યો.

હું નાની હતી ત્યારે કોઈ મારા માથાના વાળ ધૂએ ત્યારે વાળ ખૂબ જ ખેંચાતા હતા. ત્યારે તેઓ મને શાંતિથી નવરાવીને માથું ઓળી આપતા હતા. તેમની ધીરજનો ગુણ અમને અમારા જીવનમાં ખૂબ જ કામમાં આવે છે. તેઓ આધ્યાત્મિક પણ હતા. રોજ સવારે ગીતાપાઠ કરતા. ઘરની સામે આવેલા સ્વામિનારાયણ મંદિરમાં સવારે ૫-૩૦ વાગે આરતી થાય તેમાં અમને મોકલતા. આમ અમને અમારા જીવનમાં વહેલા ઊઠવાની અને પ્રભુનાં ગુણગાન ગાવાની ટેવ પણ પાડી હતી. તેમને રાજકારણમાં રસ હતો.

તેઓ સ્વતંત્ર પક્ષ તરફથી ચૂંટણી પણ લડેલા. તેમનો વ્યવસાય વકીલાતનો હતો. તેઓ ખૂબ જ પરગજુ હતા. તેમની પાસે કેસ આવે તો પ્રથમ બંને પક્ષને સમજાવતા અને કૉર્ટનાં પગથિયાં ન ચડવા સમજાવતા. તેઓ નિયમિતતા અને આરોગ્યના ખૂબ જ આગ્રહી હતા. ઘરમાં કોઈ નવી વસ્તુ ખાવાની લાવે તો સૌ પ્રથમ ભગવાનને ધરાવીને ખાવાનું કહેતા. ઘરમાં વડીલોની સેવા કેવી રીતે કરવી તે મને ખૂબ જ ધીરજ અને ધ્યાનથી શિખવાડતા. તેઓ નાનાં ભૂલકાંઓને ગમ્મત પડે અને જ્ઞાન મળે તેવી વાર્તાઓ રાત્રે અચૂક સંભળાવતા. તેઓને શૂરવીરતાની વાર્તાઓ ખૂબ જ પસંદ હતી. રાત્રે જમ્યા પછી અમને બાળકોને બેસાડીને શિવાજી મહારાજ, રામાયણ, મહાભારતની ઐતિહાસિક વાતો કહેતા.

અમે ભાઈ-બહેનોને પિક્ચર જોવાની ઇચ્છા થાય તો તેઓ પોતે જોઈને અને સારું હોય તો જોવાનું કહેતા અને જોયા પછી તેમાંથી શું શીખ્યાં તે જરૂરથી પૂછતા. સત્તર વર્ષની ઉંમરે મારાં લગ્ન થઈ ગયાં હોવાથી મને તેમનો પ્રેમ ઓછો મળ્યો હોય તેવું લાગ્યા કરતું. તેઓ ઘરની જવાબદારી તથા વકીલાત તેમજ કડી સર્વ વિદ્યાલયમાં પણ સદાયે પ્રવૃત્ત રહેતા હતા. તેમનામાં વિષયને અનુલક્ષીને ભાષણ આપવાની અનોખી છટા અને અદા હતી. કડીની સર્વ વિદ્યાલયમાં પ્રવૃત્ત હોવા છતાં રસ્તામાં વિદ્યાર્થીઓ મળે તો અભ્યાસ બાબતે અને હૉસ્ટેલમાં ભોજન કેવું મળે છે તેની અચૂક ચર્ચા કરતા. સાથે-સાથે કડીની ગૌશાળામાં પણ બને તેટલી સેવા આપતા હતા. તેમનો પ્રેમ અને પ્યાર એટલો બધો વ્યાપક હતો કે આડોશી-પાડોશી, મિત્રવૃંદ, સગાં-સંબંધી અને તેમનાથી ઉંમરમાં મોટા માણસો પણ તેઓને 'બાપુજી'ના હુલામણા નામથી બોલાવતા હતા. અમે અમારા બાપુજીની આંખોમાં ક્યારેય આંસુ જોયાં નથી. મારાં બા ગુજરી ગયાં ત્યારે પણ અમને નાનાં ભાઈ-બહેનોને ખોળામાં બેસાડીને માથે વહાલથી હાથ ફેરવતા હતા. લગ્ન પછી મારી સાસરીમાં થોડીક આર્થિક તકલીફ આવી ત્યારે પણ અવાર-નવાર અમારા ઘેર આવીને કુટુંબને નૈતિક હિંમત અને સલાહ-સૂચનો, તેમના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢીને આપતાં રહેતાં હતાં. તેમના આશીર્વાદ અને આપેલા સંસ્કારોને લઈને હાલ હું અમારા કુટુંબ સાથે યુ.એસ.એ.માં સફળતાથી જીવન જીવી રહી છું. હાલ ભલે તેમનો હાથ અમારા માથે નથી, પણ તેમની યાદો અને આપેલા સંસ્કારો યાદ કરીને તેમને વંદન કરીએ છીએ.

'બાપુજી તમારો સાંભરશે સથવારો.'

શ્રીમતી તારાબહેન રસિકલાલ પટેલ
(પૂ. વકીલ ધનાભાઈ પટેલની દીકરી)
મો. +૧ (૫૭૩) ૭૫૨ - ૧૧૫૯

❑

*નથી એવી એકે ક્ષણ પણ પિતા યાદ મુજને*
*તમારો હૂંફાળો પરસ નવ જ્યારે અનુભવ્યો.*

*- હરીન્દ્ર દવે*

# કબીરવડ

■ **ઘનશ્યામ ડી. પટેલ**

અમે ૬ ભાઈ-બહેનો. સૌથી મોટાભાઈ ડૉ. કનુભાઈ અને હું – ઘનશ્યામ સૌથી નાનો. મારી આઠ વર્ષની વયે મારાં માતાનું લાંબી માંદગી બાદ અવસાન થયું હતું, તેથી માતાના વાત્સલ્યની ઝાઝી સ્મૃતિઓ જળવાઈ નથી. પરંતુ મારાં મા સમાન પૂ. સવિતાભાભીનો અઢળક સ્નેહ પામ્યો છું. કોઈ ઈશ્વરી સંકેત મુજબ મારી બાની માંદગીને ધ્યાને લઈ મારા પિતાએ મારા મોટાભાઈ કનુભાઈનાં વહેલાં લગ્ન કરાવી દીધાં હતાં. આ લગ્ન થયાના એકાદ વર્ષમાં જ મારી બાનું અવસાન થયું હતું. અમારાં સવિતાભાભી કે જેમણે યૌવનના ઉંબરે જ ડગ ભર્યાં હતાં તેવા સમયે તેમણે મોટા કુટુંબની જવાબદારી સહજમાં ઉપાડી લીધી હતી. તેમણે ભાભી બનીને બાની ખોટ સાલવા ન દીધી. આજે પણ તેમનો એટલો જ પ્રેમ અમને મળી રહ્યો છે. મારા મોટાભાઈ કનુભાઈ એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતા હતા. તેઓ અભ્યાસમાં ધ્યાન આપી શકે તે માટે અમારા પિતા, સવિતાભાભીને ભારે હૂંફ અને પ્રોત્સાહન પૂરું પાડતા રહ્યા હતા. સાચા અર્થમાં અમારા પિતા અમારાં બા અને બાપુજી બની રહ્યા હતા. અને તે પણ પોતાની વ્યવસાયિક, રાજકીય અને સમાજસેવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખીને. મારા બાપુજી સાચે જ ઘટાદાર એક વડની કલ્પના કરીએ કે કબીડવડની કલ્પના કરીએ એટલું અનોખું સ્નેહાળ વ્યક્તિત્વ ધરાવતા હતા.

મારા પિતાશ્રીએ વકીલાતનો અભ્યાસ પૂરો કર્યા પછી કડીને કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆતના સમયથી કોઈ અંતઃપ્રેરણાના બળે જ કેળવણી અને ખેડૂતોના પ્રશ્નોને લગતી સમસ્યાના નિવારણ માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાથી કડીમાં વકીલ તરીકેની કામગીરીની સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં માનદ સેવા આપવાનું શરૂ કર્યું. આ સાથે જ ખેડૂતોના હિત કાજે ખેડૂતમંડળની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી હતી. તેઓને મેં મારી સમજણ મુજબ સર્વ વિદ્યાલયમાં ભણતાં બાળકોને ઉચ્ચ અભ્યાસ કેવી રીતે મળે અને મંડળનો વિકાસ કેવી રીતે થાય તેની તેમના સાથી કાર્યકરો સાથે સતત ચર્ચા-વિચારણા કરતા રહેતા. અવારનવાર છાત્રાલયમાં સાંજની પ્રાર્થના સમયે હાજરી આપી છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે હેતુ પ્રેરક પ્રવચનો આપતાં તથા સુવ્યવસ્થા જાળવવા માટે યોગ્ય હોય તે કરતા રહેવામાં

પોતાનો ધર્મ સમજતા હતા. આપણી ગૌશાળામાં ગાયોના પાલન અને વિકાસ માટે કાયમી ભંડોળ મળી રહે તે માટે તેમણે તિથિદાનની યોજનાની શરૂઆત કરી હતી.

ગાંધીનગરમાં આપણી શાખા શરૂ કરવા માટે સ્વ. પૂજ્ય દાસકાકાની સાથે સતત રહ્યા હતા તેનો હું સાક્ષી છું. સર્વ વિદ્યાલય માટે ભંડોળ એકઠું કરવાના કૃતસંકલ્પ સાથે ૧૯૮૨માં મોહનભાઈ સાહેબ સાથે અમેરિકાની દાનયાત્રા કરીને ત્યાં વસતા આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સગાંસંબંધીઓના સહકારથી મંડળની ધારણાથી ઘણું અધિક દાન મેળવી લાવ્યા હતા. કડી સંસ્થા પ્રત્યેનો તેમનો લગાવ અસાધારણ હતો. તેઓશ્રી કડી તાલુકાના અને મહેસાણા જિલ્લાના મોટા ભાગના વરિષ્ઠ મહાનુભાવોની વચ્ચે માનવંતું સ્થાન ધરાવતા હતા તેનો અમને ગર્વ છે અને તેમનું સંતાન હોવાથી હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું. મારા પિતાના પગલે મારી જાતને આપણી કડી સંસ્થાનો નાનો સેવક ગણું છું.

એમણે અમને આપેલી શિખામણો, સૂચનો અને માર્ગદર્શન આજે પણ ઉપયોગી નીવડી રહ્યાં છે. મારા પુત્ર ગૌરવ અને પુત્રી કોમલને પણ દાદાનો પ્રેમભાવનો લહાવો મળ્યો હતો અને ખાસ તો દાદા પાસેથી રામાયણ, મહાભારત વગેરે આધારિત વાતો સાંભળવાનો ભરપૂર લાભ મળ્યો હતો.

પૂ. બાપુજીના સ્વર્ગવાસ પછી તેમના જેવાં જ હૂંફ, પ્રેમ તથા માર્ગદર્શન પૂજ્ય મોટાભાઈ ડૉ. કનુભાઈ તરફથી અમને મળતાં રહે છે. તેમનો મૃદુ સ્વભાવ, સ્નેહ અને સદ્ભાવ મને સ્પર્શી ગયાં છે. જેમ પૂ. સવિતાભાભી મારાં બા સમાન પર્યાય બની રહ્યાં, તેમ મોટાભાઈ મારા બાપુજી સમાન બની રહ્યા છે. આ બંનેનું વાત્સલ્ય મેળવી ખરે જ ધન્યતા અનુભવું છું. આજે પણ બાપુજી અમારી વચ્ચે જ છે તેવું લાગે છે.

ઘનશ્યામ ડી. પટેલ
અમેરિકા
મો. +૧ (૮૨૮) ૫૫૭ - ૦૮૦૨

❑

# સસરા નહીં પપ્પા મળ્યા

**■ શ્રીમતી હિના ઘનશ્યામ પટેલ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં ૫૧ વર્ષ સુધી વિવિધ હોદ્દાઓ, જેમ કે મંત્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ઉપપ્રમુખ તથા ગાંધીનગર શાખાના ચૅરમૅન તરીકે રહીને પૂજ્ય છગનભાના આદર્શ અને સંસ્કારોને સાકાર કરવામાં અગ્રિમ ભૂમિકા મારા પિતા સમાન શ્વસુર પૂજ્ય ધનાભાઈ વકીલે ભજવી છે. ધનાભાઈનાં છ દીકરા-દીકરીઓ – ડૉ. કનુભાઈ, લીલાબેન, પ્રભાબેન, વિનુભાઈ, તારાબેન અને ઘનશ્યામ. હું તેમના સૌથી નાના દીકરા ઘનશ્યામની ધર્મપત્ની હિના.

હું ૧૯૮૧માં પરણીને આ ઘરે આવી ત્યારે મારી ઉંમર ૧૯ વર્ષની હતી. લગ્ન પછીના અઠવાડિયામાં પૂજ્ય પપ્પાજીએ જોયું હશે કે હું સવારે નાસ્તામાં ચા કે દૂધ કાંઈ લેતી નથી, ત્યારે તેમણે મને તો તે વખતે કાંઈ પૂછ્યું કે કહ્યું નહીં, પણ મારા જેઠ શ્રી કનુભાઈની દીકરી ચિ. દીપિકાને પૂછ્યું કે તારી કાકી કેમ કાંઈ લેતાં નથી. દીપિકાએ સહજતાથી કહી દીધું કે તેમને તો બોર્નવીટા વગર દૂધ ભાવતું નથી અને ચા પીતાં નથી. બાપુજી તરત જ તે દિવસે બોર્નવીટા લઈ આવ્યા હતા. આવી નાનામાં નાની વસ્તુનું ધ્યાન રાખતા. ત્યારે એમ થયું હતું કે પપ્પાનું ઘર છોડ્યું, પણ અહીં સસરા નહીં પપ્પા જ મળ્યા છે. બાપુજીની હૂંફ અને માર્ગદર્શન મને સતત મળતું રહેતું હતું. મારાં બે છોકરાંઓ ગૌરવ અને કોમલ. કોમલને તો તેઓ લાડમાં મારી બચુડી એમ કહીને જ બોલાવતા અને કોમલો વાઘ એમ કહેતા. ગૌરવને તેઓ હંમેશાં ગૌરવ બેટે કહીને બોલાવતા. તેમની પ્રૌઢાવસ્થામાં નાદુરસ્તીના કારણે આ બાળકોને પોતે રમાડી નથી શકતા કે બગીચામાં લઈ નથી લઈ જઈ શકતા તેનો તેમને સદાય અફસોસ રહેતો, પરંતુ બાપુજીએ છોકરાંઓને પાસે બેસાડીને વાર્તાઓનો ખજાનો ખૂબ જ સરસ આપ્યો. બાળકો કામ ન કરે, અભ્યાસમાં ધ્યાન ન પરોવે તો તેમની પાસેથી કામ લેવામાં બાપુજીમાં ભારે આવડત હતી. તેમને સરસ મજાની વાતો કહીને ભણવા બેસાડી દેતા મેં તેમને જોયા છે. તેઓ અમને કહેતા કે પ્રેમથી રહેવું અને પ્રેમથી બધાનું ધ્યાન રાખવું.

બાપુજી વ્યવસાયે વકીલ હોવા છતાં ગાંધીજીની જેમ સત્યના ઉપાસક હતા. સ્વભાવે સૌમ્ય અને મિલનસાર હતા. નિઃસ્વાર્થસેવા, કાર્ય પરત્વેની નિષ્ઠા, જવાબદારીની ભાવના, પ્રમાણિકતા તે એમના વ્યક્તિત્વનાં ઉજ્જ્વળ પાસાં હતાં. ખેડૂતોના રાહબર અને

ગૌશાળાને પગભર કરનાર ગૌ-પૂજક હતા. નાનામાં નાના તથા તેમની આજુબાજુના માણસને કઈ રીતે ઉપયોગી બનવું તેવી તેમની ભાવના રહેતી. નાની ઉંમરમાં જ જીવનસાથી ગુમાવતાં છ બાળકોની જવાબદારી એમના ઉપર આવી પડી હતી. બા ધામમાં ગયાં ત્યારે ઘનશ્યામ ૮ વર્ષના હતા. તેઓ બાના પ્રેમથી વંચિત રહી ગયા. બા માંદાં રહેતાં હોઈ કનુભાઈ મેડિકલમાં અભ્યાસ કરતા હોવા છતાં વહેલા પરણાવવા પડ્યા અને બાપુજીની મદદમાં સવિતાભાભી આવી ગયાં. બાપુજીએ બા અને બાપુજીની બેવડી જવાબદારી સરસ રીતે નિભાવી.

બાપુજીને વાંચવાનો ઘણો જ શોખ હતો. રામાયણ, મહાભારત વગેરે ધર્મગ્રંથો, ઇતિહાસ, સંસ્કૃતિ વગેરે વિષયક ગ્રંથોનું સતત વાંચન કરતા. દૈનિક પ્રાર્થનાના ભાગ તરીકે ગીતાનો પાઠ નિત્ય કરતા અને અમને પણ કરવા માટેનો આગ્રહ રાખતા. તેમણે ગીતાનો કર્મયોગ જીવનમાં ખરા અર્થમાં પચાવ્યો હતો. તેમણે પોતાના જીવનમાં નિષ્કામ કર્મને જ પ્રાધાન્ય આપ્યું હતું. મારા પરિવારે અમેરિકા આવ્યા પછી જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. બાપુજીએ આપેલી શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વાંચનની શીખના પ્રતાપે અમારા જીવનની નૌકાને ઉત્સાહ સાથે આગળ વધારી રહ્યાં છીએ. પૂ. બાપુજીની શીખના કારણે ગીતામંત્ર 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' અમારો જીવનમંત્ર બની રહ્યો છે. ૧૯૯૮માં અમારે અમેરિકા આવવાનું થયું ત્યારે તેમના પુત્ર – ઘનશ્યામને નાની ઉંમરમાં જ કમર અને ઢીંચણનો પ્રોબ્લેમ હતો તેથી તેમણે મને ખબરદાર રહેવાનો મંત્ર આપેલો. હિના તમારે જ ખબરદાર રહેવાનું છે. તેમના બધા જ પત્રોમાં આ બાબતનો ઉલ્લેખ તો અચૂક જ હોય. આજે પણ હું તેમના લખેલા પત્રો વાંચું છું ત્યારે તો એક જુદા જ પ્રકારનો જોશ આવી જાય છે. હાથથી લખી શકાય નહીં છતાં પણ તેઓ અચૂક પત્રો લખતા રહેતા અને તે વિશ્વાસ સાથે કે હિનાનો જવાબ જરૂરથી આવશે અને હું પણ તેમના પત્રોનો જવાબ અચૂક જ આપતી.

૨૦૦૫માં મોટાભાઈ કનુભાઈને ઍટેક આવેલો, તેથી અમે ભારત આવ્યાં હતાં. ત્યારે પણ બાજુમાં બેસાડી માથે હાથ ફેરવીને કહ્યું કે હું જીવું છું ત્યાં સુધી મને મળવા આવતા રહેવાનું, પણ મરી જઉં તો પાછળ દોડીને આવવું પડે એવું નહીં રાખવાનું અને ત્યાં પણ બેસણું રાખવું નહીં. બધાંને કહી દેવાનું કે ઘરમાં બેસીને બે માળા વધારે કરો. આવા તેમના સમાજસુધારાના વિચારો હતા. હું તેમના છેલ્લા સમયમાં તેમની સાથે ના રહી શકી તેનો મને બહુ જ અફસોસ છે. આજે બાપુજી અમારી વચ્ચે નથી, પણ એમની યાદો અને એમનાં આશીર્વાદ હંમેશાં અમારી સાથે જ છે. બાપુજીના આશીર્વાદથી આજે અમારું કુટુંબ પુત્ર ગૌરવ, પુત્રવધૂ હિમાની, પૌત્ર દેવજ અને દિયાન, દીકરી કોમલ અને જમાઈ તપન અને ભાણી આશના સર્વે સુખી છીએ. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' એ એમનો પ્રેરક જીવનમંત્ર રહ્યો. તેમ તેમણે મને પણ હંમેશાં 'ખબરદાર રહેજો' એ મંત્ર આપ્યો.

પૂ. બાપુજી સાથે પ્રસંગોપાત્તની વાતોમાં અને અન્ય સ્નેહીજનો દ્વારા મેં સાંભળ્યું છે કે બાપુજીએ સર્વ વિદ્યાલયમાં અને એચ.એલ. કૉમર્સ કૉલેજમાં અભ્યાસ દરમિયાન સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. વકીલાતના અભ્યાસ બાદ કડીને જ પોતાની કર્મભૂમિ બનાવીને ખેડૂતોની અને આમ જનતાની સેવામાં પોતે સમર્પિત બની ગયા હતા. વકીલ તરીકે પણ પોતાના અસીલોને સાચી સલાહ આપીને – સમજાવીને બે પક્ષો વચ્ચે સુલેહ કરવાની શિખામણ આપતા, જેના પરિણામે સગાંસંબંધીઓ, ગ્રામજનોમાં સુમેળ સધાતાં ઘણા પ્રશ્નો હલ થતા. હંમેશાં સત્યના પક્ષે જ ઊભા રહેતા. વકીલ તરીકે આર્થિક પ્રલોભનથી તેઓ મુક્ત રહ્યા હતા. દેશની સેવા કાજે તેમણે રાજકારણ અપનાવ્યું. રાજકારણમાં નૈતિક શુદ્ધતા જાળવી રાખી હતી. જ્યારે તેમણે જોયું કે રાજકારણમાં કાવાદાવા અને પ્રપંચો વધી રહ્યા છે, રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામ સમયની રાષ્ટ્રભાવના – દેશહિતને લૂણો લાગી રહ્યો છે ત્યારે તેમણે રાજકારણને અલવિદા આપી દીધી હતી.

કડીમાં વકીલ તરીકેની પ્રેક્ટિસ દરમિયાન જ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયને પોતાની સેવાઓ આપવાનું શરૂ કરી દીધું હતું. પૂ. દાસકાકા વગેરેની સાથે ખભેખભો મિલાવી સર્વ વિદ્યાલય માટે સમય આપતા રહ્યા હતા. સંસ્થાની આર્થિક કટોકટીના નિવારણ હેતુ તેઓ આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ સાથે વર્ષ ૧૯૮૨માં અમેરિકા જઈને ઘણું મોટું દાન લઈ આવ્યા હતા. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અમૃત મહોત્સવની ઉજવણી માટે મંડળ દ્વારા 'અમૃત મહોત્સવ સમિતિ'ના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં તેમની સંસ્થાભક્તિ અને કાર્યનિષ્ઠાનાં દર્શન થાય છે. આ પ્રસંગે કરેલ ઉદ્બોધનમાં તેમણે સંસ્થાની વિકાસગાથા ઉજાગર કરી આપી છે તે સ્મરણીય બની રહે છે. તેમણે આ સંસ્થાના સેવક તરીકે ૫૧ વર્ષ સુધી સેવાઓ આપી હતી. છેલ્લે તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ચૅરમૅન તરીકે તેમના અવસાનપર્યંત અર્થાત્ ૨૦૦૯ સુધી સેવાઓ આપી હતી. આ સમયગાળામાં મંડળ દ્વારા તેમનો ગૌરવપૂર્ણ સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. આવા બાપુજી મેળવીને જ ખરે જ ધન્ય થઈ છું.

પૂ. બાપુજીએ આજીવન શિક્ષણયજ્ઞ પ્રજ્વલિત રાખ્યો હતો. શિક્ષણયાત્રાને પોતાની જીવનયાત્રા અથવા કહીશું કે તીર્થયાત્રા તરીકે સ્વીકારીને અર્થોપાર્જનને મહત્ત્વ ન આપતાં સમાજના બહુઆયામી વિકાસને જ પ્રાથમિકતા આપી હતી. આ સાથે જ તેમનામાં અતિથિદેવોની ભાવના અસાધારણ હતી. આંગણે આવેલા અતિથિઓનો સાદર પ્રેમભાવપૂર્વકનો સત્કાર કરવો એ બાબત તેમના જીવન સાથે વણાઈ ગઈ હતી. સવારે વહેલા ઊઠવું, ફરવા જવું, દૈનિક ક્રિયા પતાવી ધાર્મિક ગ્રંથોનું વાંચન એ તેમનો નિત્યક્રમ અમારા માટે પ્રેરણાદાઈ થયો છે.

પૂ. મોટાભાઈ ડૉ. કનુભાઈ પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખપદે

રહીને બાપુજીના આદર્શોને ચરિતાર્થ કરી રહ્યા છે, તેનું અમને ગૌરવ છે. પૂજ્ય સવિતાભાભીની માતૃવત હૂંફ મળી રહી છે. આ નોંધ સાથે જ બંને વડીલોની વંદના કરું છું. હું આ પ્રતિષ્ઠિત કુટુંબની માળાનો મણકો બની તેનું પણ મને ભારે ગૌરવ છે.

**પૂજ્ય બાપુજીએ મારી સાથેની વાતચીતમાં વ્યક્ત કરેલાં કેટલાંક વિચારમૌક્તિકો કે જે મારા માનસપટલ ઉપર તાજાં જ રહ્યાં છે :**

- ઉજ્જ્વળ પરંપરાઓ અને ઊજળી પ્રણાલિકાઓથી દેશ, સંસ્થા, સમાજ, ઘર બળવત્તર બને છે.
- કોઈ રાષ્ટ્રનાયકે પોતાનું જીવન નીચોવી નાંખીને ઊંચી પરંપરાઓ પ્રસ્થાપિત કરી હોય ત્યારે એ રાષ્ટ્રનાયકની અનુપસ્થિતિમાં પણ એ રાષ્ટ્રમાં નેતૃત્વનો અવકાશ ઊભો થતો નથી.
- વર્ષાન્તે જે વ્યક્તિ હિસાબ નથી કરતો તે ક્યાં છે ને કેટલે છે તેનો કશો જ ખ્યાલ આવતો નથી.
- હિસાબ લેવાનું અને હિસાબ આપવાનું એમ બંને બાબતો સાથે ચાલવી જોઈએ.
- હિસાબ લેવાનું ચુકાય અને હિસાબ આપવામાં બેદરકારી દર્શાવાય તો વેપારને પક્ષઘાત થાય. વડીલોએ હિસાબ લેવાનું અને હિસાબનીસે હિસાબ આપવાનું કામ બરાબર બજાવવું જ પડે, એમાં જ એ પ્રવૃત્તિ અને પ્રવૃત્તિકર્તાનું શ્રેય છે.
- બાળકોના અભ્યાસમાં વાલીઓએ ધ્યાન આપવું એ કાંઈ ઓછા મહત્ત્વનું કામ નથી.
- પ્રેમથી બધાંનું ધ્યાન રાખવું.
- છોકરાંના ઉછેરમાં કાચના સામાનની માફક Handle With Care જેવી કાળજી લેવી જોઈએ.
- ભગવદ્‌ગીતા, રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોથી દેશની સંસ્કૃતિનું પોષણ અને સંવર્ધન થાય છે. ભગવદ્‌ગીતા ભારતમાતાનું હૃદય છે, તો રામાયણ-મહાભારત એનાં ફેફસાં છે.
- બાળકોનો અભ્યાસ એ વ્યાપાર કરતાં ઓછા મહત્ત્વની વાત નથી.
- એકલા ખોરાક કે એકલા વિચારોથી જિવાતું નથી.
- કર્મ એ જીવનની ઇમારતનો પાયો છે.
- ગતિ વિના પ્રગતિ ક્યાંથી ?
- કર્મ છોડે તે પડે અને કર્મનાં ફળ છોડે તે ચડે.
- દાદા-દાદી હરતી-ફરતી યુનિવર્સિટી છે.

શ્રીમતી હિના ઘનશ્યામ પટેલ

મો. +૧ (૮૨૮) ૫૫૭ - ૦૮૦૨

❑

# કડીની સંસ્થા તેમના માટે બીજું ઘર

**■ શ્રીમતી દીપિકા અનિલકુમાર પટેલ**

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' આ સંસ્થા અને તેનું નામ અમારા કુટુંબમાં લોહીની જેમ પ્રસરેલું છે. સંસ્થા માટે મહત્ત્વની વ્યક્તિ વકીલ ધનાભાઈની જ્યેષ્ઠ પૌત્રી હોવાના કારણે ઘણીબધી વાતો અને એનું હિત દાદા સાથે કેવું વણાયેલું હતું તેની હું સાક્ષી છું. ખેડૂત પાટીદારના દીકરા-દીકરીઓનું હિત તેમના ભણતર અને કેળવણીમાં છે, તે તેઓ જાણતા હતા. સતત કેમ કરી તેમાં મદદરૂપ થવાય તે વિચારતા.

તેમની સાથે ઘણી વખત કડી સંસ્થામાં જવાનો લહાવો મળ્યો છે. સંસ્થામાં ભણતાં અને સંસ્થાની હૉસ્ટેલમાં રહેતાં વિદ્યાર્થીઓનું તે સતત ધ્યાન રાખતા. તેમને જમવાનું બરાબર મળે છે કે નહીં ? તે જોવા અચાનક હૉસ્ટેલના રસોડાની મુલાકાત લેતા અને જમવાનું ચાખતા. સંસ્થાની સાથે-સાથે ગૌશાળાની ગાયો, તેની સારસંભાળ અને તેની નાણાકીય જરૂરિયાત માટે સતત પ્રયત્નશીલ રહેતા. સંસ્થાના વિકાસ માટે નાણાકીય ભંડોળ કેમ કરીને ઊભું કરવું તે તેમના મગજમાં સતત ચાલ્યા કરતું. કડીની સંસ્થા તેમના માટે બીજું ઘર હતું. મને યાદ આવે છે કે સંસ્થાના વિકાસની સાથે તેમને તેમના બગીચાનું પણ એટલું જ ધ્યાન રહેતું. તેમાં વૃક્ષારોપણ અને બારે માસ ફૂલ દેખાય તેવા છોડ માટે માળીને ઝીણી-ઝીણી બાબતની સૂચના આપતા અને તેનું ધ્યાન પણ રાખતા.

કડી સંસ્થાની સાથે-સાથે અમારા વતન ગણેશપુરા ગામની શાળાના વિકાસમાં પણ તેમનો બહુ મોટો ફાળો છે. ૧થી ૭ ધોરણની શાળામાંથી હાઈસ્કૂલ સુધીની શાળા એ નાનકડા ગામમાં થઈ. આ ઉપરાંત ઘણી સંસ્થાઓમાં તેમણે તેમના અનુભવો અને સેવાના લાભો આપ્યા. વ્યવસાયે વકીલ હોવાના કારણે નાનામાં નાના માણસની નાણાકીય અને કૌટુંબિક તકલીફોને તે અંદરથી જાણતા અને તેમને મદદ કરવા સતત તત્પર રહેતા. હવે તેમનો વારસો મારા પિતા ડૉ. કનુભાઈ સંભાળી રહ્યા છે. તે અમારા કુટુંબ માટે ગૌરવની વાત છે. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મને ભગવાને આવા સેવાભાવી પ્રતિષ્ઠિત કુટુંબની દીકરી બનાવી. સંસ્થાને સતત આવા કાર્યકરો મળતા રહે અને ઉત્તરોત્તર તેની પ્રગતિ થયા કરે, સતત દેશ અને દુનિયામાં તેનું નામ રોશન થાય તે અભ્યર્થના સાથે વિરમું છું.

શ્રીમતી દીપિકા અનિલકુમાર પટેલ
(ડૉ. કનુભાઈ પટેલની મોટી દીકરી)
મો. +૧ (૬૧૮) ૫૬૭ - ૭૬૯૦

❑

# સૌમ્ય અને સેવાભાવી દાદાજી

■ શ્રીમતી પારુલ સંજયકુમાર પટેલ

'બાપુજી' આ નામ સાંભળતાં જ આંખ સમક્ષ સૌમ્ય, સાલસ, પ્રેમાળ, પરગજુ, સેવાભાવી, લાગણીશીલ એવા અમારા દાદાજી શ્રી ધનાભાઈ વકીલની તસવીર નજર સમક્ષ આવી જાય છે.

સેવાભાવ એ એમનો ધરમ હતો. જાણીતા, અજાણ્યા, સંબંધીઓ કોઈની પણ સેવા કરવા એ હંમેશાં તત્પર રહેતા. કડી સર્વ વિદ્યાલયના પ્રણેતા પૂ. છગનભાનું સૂત્ર 'કર ભલા હોગા ભલા' એમણે પોતાના જીવનમાં ઉતારી લીધું હતું. સંસ્થાની અંદર તો તેમના પ્રાણ વસતા હતા. ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં એ હંમેશાં સંસ્થા માટે કામ કરવા તત્પર રહેતા. બાપુજી પોતે કોઈ પણ સારા કે ખરાબ સમયે કોઈના ત્યાં જઈ ન શકે પણ પોસ્ટકાર્ડ લખીને જે-તે વ્યક્તિને શુભેચ્છા કે સાંત્વના પાઠવતા. લેખન અને વાંચન એમનો ખૂબ જ સારો શોખ હતો. તેમના જમાનામાં ફોનની સુવિધા નહોતી. ત્યારે પણ તેમના પત્રશોખના લીધે વિદેશીઓ તેમનાં મિત્ર હતાં. ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ અવારનવાર જતા અને ત્યાં સ્ટુડન્ટ્સ ઍક્સચેન્જમાં આવતા વિદેશીઓને મિત્ર બનાવતા અને અજાણ્યા દેશમાં આવેલા વિદેશીઓને જે કોઈ પણ મદદ જોઈએ તે કરતા અને તેમને માર્ગદર્શન આપતા. વિદેશીમિત્રો અમારા ઘરે પણ આવીને રહેતા. અમે ભાઈ-બહેનોએ અમારા દાદી મંગળાબાને ક્યારેય જોયાં નથી, પણ તેમના વિશે ખૂબ સાંભળ્યું છે. બાપુજીએ અમારા દાદાજી હોવા સાથે-સાથે દાદીમા તરીકેની પણ જવાબદારી સારી રીતે બજાવી છે. તેમણે નાની ઉંમરમાં જ જીવનસાથી ગુમાવ્યા છતાં બાપુજીમાં મમતાભાવ ખૂબ જ હતો. મંગળાબાને ગુમાવ્યા પછી છ ભાઈ-બહેનો માટેની જવાબદારી તેમના માથે આવી. બા માંદા હતાં એટલે દાદાજીએ મારા પપ્પા ડૉ. કનુભાઈનાં લગ્ન તેઓ મેડિકલના First yearમાં ભણતા હતા ત્યારે જ કરાવી દીધાં અને મારાં મમ્મી ૧૮ વર્ષની ઉંમરે જ ૫ નાનાં ભાઈ-બહેનનાં માતા બની ગયાં. અમારા સૌથી નાના કાકા ઘનશ્યામકાકા મારાં મમ્મી પરણીને આવી ત્યારે ફક્ત ૮ જ વર્ષના હતા. મારા મમ્મી અને ઘરનાં નાનાં ભાઈ-બહેનનાં માથે બધી જવાબદારી આવી તેવું બાપુજી ખૂબ જ સારી રીતે સમજતા હતા. તેમણે પોતે ક્યારેય ભારરૂપ ન થવાય તેવું તેમનું આચરણ રાખ્યું હતું. વકીલ હોવા છતાં ક્યારેય કોઈ કામમાં તેમને નાનમ ન હતી. જરૂર પડ્યે ઘર માટે શાકભાજી, ફળફળાદિ લઈ આવવું એ

કામ બાપુજી કરતા. મમ્મીને મંગળાબાની ખોટ ન પડે તેવી મદદ કરતા.

ઉનાળાનું વૅકેશન પડે અને અમારા ફોઈના દીકરા-દીકરીઓ (ભાણિયાઓ) મામાના ઘરે વૅકેશન માટે આવે. બાપુજી ઉનાળામાં કેરીની સીઝન હોય એટલે કેરી સવારે લઈ આવે, આવીને ધોળીને ગોળના રવાના કંતાનમાં ઘસીને કેરીનો રસ કાઢે. બાપુજી રસ કાઢે ત્યારે અમે બધાં ભાઈબહેન એમની આજુબાજુ બેસી જઈએ અને ગોટલા અને છાલમાંથી રસ ચૂસીએ. સાંજે બધાં જ બગીચામાં રમીએ, તરબૂચ ખાઈએ અને ધાબામાં સૂઈ જઈએ. અમે જ્યારે રમતાં હોઈએ ત્યારે બાપુજી બહાર બેસે અને અમને વાગે નહીં તેનું ધ્યાન રાખે. કોઈક-કોઈક દિવસ અમને બસમાં બેસાડી કાલુપુર સ્ટેશન લઈ જાય. ત્યાંથી ટ્રેનમાં મણિનગર સ્ટેશન લઈ જાય એટલે અમને ટ્રેનમાં બેસવા મળે અને મણિનગરથી કાંકરિયા પ્રાણીસંગ્રહાલય બતાવે, બાલવાટિકા, નગીનાવાડી બધું બતાવે અને વળતા ઘોડાગાડીમાં બેસાડી ઘરે લાવે. પપ્પા ડૉક્ટર એટલે અમારા ઘરે મહેમાનોનો ધસારો ખૂબ જ રહે. કોઈ પણ સગાંવહાલાં માંદાં પડે એટલે ઘરે આવે, તેમને જો હૉસ્પિટલમાં રાખવા પડે તેમ હોય તો દાખલ કરવાના, ટિફિન પહોંચાડવાનું અને તેમની ખબર કાઢવા આવે કે તેમની સાથે રહેવાવાળા જે હોય તેમને જમાડવાના, ઘરે રાખવાના અને જો ઘરે સારવાર થાય તેમ હોય તો ઘરે જ રાખીને સારવાર કરાવીને સાજા કરીને જ તેમના ઘરે મોકલવાના, એટલે આ બધું કરવામાં મમ્મીને મદદ થાય તેવું કાર્ય બાપુજી કરાવે. શાકભાજી લાવી સાફ કરી આપે. પહેલાં વૉશિંગમશીન નહોતાં એટલે મમ્મી કપડાં જાતે ધોતી. પપ્પાના ફોઈના દીકરા, કાકાના દીકરા, અમારા ઘરે રહી કૉલેજમાં ભણતા, એટલે આટલા બધાનાં કપડાં મમ્મી ધૂએ એ વખતે ઘણી વખત બાપુજી અને હું બંને મળીને દાળ, કઢી, શાક, રસોડામાં મમ્મીને ખબર ન પડે તેમ બનાવી લઈએ. મમ્મી બિચારી ફટાફટ કપડાં પતાવીને રસોઈ બાકી છે એમ વિચારીને અંદર આવે ત્યારે રસોઈ તૈયાર મળે. મને અને બાપુજીને કઢી ગરમ-ગરમ ખૂબ ભાવે. કઢી બનાવતાં-બનાવતાં ચાખવાના બહાને રકાબીમાં કાઢીને અમે કઢી પીએ. વસ્તારી અને ઘસારાવાળું ઘર હતું, એટલે અમે બંને બહેનો રસોઈ અને ઘરકામ કરતાં નાની ઉંમરમાં શીખી ગયાં હતાં. બાપુજીને મારા હાથના પોઈનાં ભજિયાં ખૂબ ભાવે. મારાં લગ્ન પછી હું પિયર આવું ત્યારે બાપુજી અચૂક ભજિયાં યાદ કરે અને હું બનાવી આપું એટલે હોંશે-હોંશે ખાય. હંમેશાં મદદની અને સેવાની ભાવના રાખવાવાળા બાપુજી ત્યારે ઉંમરને કારણે પથારીવશ થયા ત્યારે ઘરના સભ્યોનો તેમની સેવા કરવા બદલ આભાર માનતા અને સેવા કરાવવી પડે છે તેવી દિલગીરી વ્યક્ત કરતા.

બાપુજીને બાગબગીચાનો ખૂબ જ શોખ હતો. હરતા-ફરતા હતા ત્યાં સુધી લાકડી લઈને પણ બગીચાના છોડવાઓનું જાતે અને માળીને સાથે રાખીને જતન અને સિંચન કર્યું હતું. બાપુજીને બાળકો ખૂબ જ પ્રિય હતાં. તેમને વાર્તાઓ સંભળાવવાનું ખૂબ જ ગમતું. અમારા બંને જોડિયાં બાળકો ધ્રુવન અને ધ્રુવીશાને પણ તેઓ વાર્તાઓ

સંભળાવતા. અમારી દીકરી ધ્રુવીશા ખૂબ જ હસમુખી હતી એટલે એમણે તેનું નામ હસુમતિ પાડેલું. મેં અમારી મમ્મી પાસેથી સાંભળેલું છે કે બાપુજીને દીકરા હોય કે દીકરી બંને માટે એકસમાન માન હતું. અમારી મમ્મી હોય કે ઘરની બીજી કોઈ પણ વહુઓ હોય તેને તેઓ હંમેશાં માનથી જ બોલાવતા. મારો જન્મ થયો ત્યારે હું માતાપિતાની બીજી દીકરી હતી. કોઈકે કહ્યું હતું કે, ''સવિતાને બીજો પથરો આવ્યો.'' તે જમાનામાં દીકરીઓના જન્મ પર લોકોને ખુશી ન થતી, પણ બાપુજીએ કહેનારના મોં પર જવાબ આપ્યો કે, અમારા ઘરમાં પથરો નહીં પણ લક્ષ્મીજીની પધરામણી થઈ છે અને મારા જન્મની ખુશીમાં સાકર વહેંચી હતી. આવા આધુનિક વિચારવાળા હતા અમારા બાપુજી.

કડી સર્વ વિદ્યાલય અને તેની ગૌશાળા બાપુજીના લોહીમાં વણાયેલી હતી. એમણે જઈ શક્યાં ત્યાં સુધી રૂબરૂ જઈને અને પછી ઘરે રહીને પણ સંસ્થાને પોતાનું પ્રેરણાદાયી માર્ગદર્શન છેક સુધી આપ્યું. અત્યારે અમારા પપ્પા ડૉ. કનુભાઈ બાપુજીના જ રાહચીંધ્યા માર્ગ પર સંસ્થાને પોતાનું મહત્તમ યોગદાન હોંશે-હોંશે આપી રહ્યા છે.

આજે ભલે બાપુજી હયાત નથી, પણ તેમના સીંચેલા સંસ્કારો, એમની યાદો અને એમના આશીર્વાદ અમારી સાથે જ છે.

શ્રીમતી પારુલ સંજયકુમાર પટેલ,
(ડૉ. કનુભાઈ પટેલની નાની દીકરી)
મો. ૯૪૨૬૪ ૫૮૧૯૦

❑

*न हयतो धर्मचरणं किं चिदस्ति महत्तरम् ।*
*यथा पित्तरि शुश्रुषा तस्य वा वचनक्रिया ।।*

*પિતાની સેવા અથવા તેમની આજ્ઞાનું પાલન કરવાથી*
*શ્રેષ્ઠ કોઈ ધર્માચરણ નથી.*

*- વાલ્મીકિ રામાયણ : અયોધ્યાકાંડ : 19/22*

૩.૧૧

# મારા વહાલા પૂ. દાદાજી

■ મૌલિક કનુભાઈ પટેલ

મારા અસ્તિત્વના આધારસ્તંભ સમા મારા વહાલા દાદાજી એટલે મારા ઘડતર અને ચણતરનો પાયો! આજે હું જે કંઈ પણ છું એમાં મારા દાદા (બાપુજી) અને પપ્પા-મમ્મીનું પૂર્ણ યોગદાન છે. મને ભૂખ લાગે અને મમ્મી કોઈ કારણસર બીજા કામમાં વ્યસ્ત હોઈ ના પાડે તો દાદાજી ભાખરી બનાવીને ખવડાવે. ઉનાળામાં ગમે તેટલી ગરમી પડતી હોય, તોપણ મારી માગણી થાય ત્યારે શહેરમાં જઈ કેરી લાવી, રસ કાઢીને મને ખવડાવે.

એમની ઇચ્છા મને ટિચર બનાવવાની હતી. ઘરમાં પપ્પા સિવાય કોઈ ડૉક્ટર બનેલ નહિ, એથી સૌની અપેક્ષા મને ડૉક્ટર બનાવવાની હતી, પરંતુ વિધાતાને કંઈ બીજું મંજૂર હતું. દાદાજીએ મને રોજ રાત્રે નવ વાગે હીંચકામાં બેસાડી વાર્તા સંભળાવીને સૂવાની ટેવ પાડી હતી. મારાથી ઉજાગરા મુશ્કેલ હતા, તેથી ડૉક્ટરનો વિકલ્પ મારા માટે શક્ય ન હતો. પપ્પાની ઇચ્છા મને અનિલ બકેરી અને બી. વી. દોશી જેવા બનાવવાની હતી. પપ્પાને પણ મેમનગરમાં ઘર બનાવતાં-બનાવતાં કન્સ્ટ્રકશનમાં સારી એવી ખબર પડવા માંડી હતી. આમ છેવટે બધાંની અને પ્રભુની ઇચ્છા પ્રમાણે હું રાતના ઉજાગરા કરીને વલ્લભવિદ્યાનગરમાં IED Collegeમાંથી આર્કિટેક્ટ બન્યો.

દાદાજીએ પ્રોફેશનલ પ્રેક્ટિસ (વકીલાત) કરેલી એટલે એમને ખબર હતી કેટલી મુશ્કેલીથી પ્રેક્ટિસ થાય છે. હું દાદાજીની વાર્તાઓ સાંભળીને કલ્પનાશીલ આર્કિટેક્ટ બન્યો.

આજે પણ હું એમની ખૂબ ખોટ અનુભવું છું.

એમની વકીલાતની પ્રેક્ટિસ વખતે પૈસા બનાવવાની પ્રાયોરિટીના બદલે બે અસીલ સમજૂતી કરી લડ્યા વગર કેસ પાછો ખેંચી લે એવી એમની ટકોર રહેતી. સમાજમાં કેવી રીતે રહેવું એ મને બરાબર શીખવતા. હું જ્યારે પડોશીથી બહુ હેરાન થાઉં ત્યારે ઉશ્કેરાયા વગર સૂઝબૂજથી મને પ્રેમપૂર્વક સમજાવતા.

પ્રાયઃ યુવાવયે મારાં દાદીના અવસાનથી ખાલીપો જીરવીને એકલે હાથે છોકરાઓ મોટા કરીને એ ઘડાઈ ગયેલા. જાતે જમવાનું બનાવી અમને ખવડાવતા. અમારી બધી ઇચ્છાઓ પૂરી કરવામાં પ્રસન્નતા અનુભવતા.

દાદાજીની ઇચ્છા અંતિમ વર્ષોમાં એમની મારી સાથે રહેવાની હતી. મૅરેજ પછી

મને પૂનામાં આર્કિટેક્ટ Christopher Benninger Associatesમાં job માટે offer આવી હતી. દાદાજીની ઇચ્છા પ્રમાણે એ Job જતી કરીને અમદાવાદમાં Ar. Hasmukh C. Patelના ત્યાં Job સ્વીકારી. દાદાજીના અંતિમ સમયમાં દીપ્તિનો પણ સારો સાથ મળેલો. દાદાજીના પાઠામાં દીપ્તિ અને પપ્પાએ dressing કરેલું. મને New yorkમાં Architectની Job મળી ત્યારે દાદાજીને ગમેલું નહીં. હું ઘરથી એમના આશીર્વાદ લઈ New york જવા નીકળ્યો ત્યારે દાદાજીએ મોં ફેરવી દીધું. હું New york પહોંચ્યો ને અહીં દાદાજીનું અવસાન થઈ ગયું. મને અને દીપ્તિને ત્યાં વિનોદભાઈનાં પત્ની મંદિરે દર્શન કરવા લઈ ગયેલાં. અંતિમક્રિયા અને બેસણાં વખતે હાજર નહીં રહેવાનો અફસોસ આખી જિંદગી રહેશે અને છેલ્લાં છ વર્ષ સાથે રહેવાનો સંતોષ પણ આખી જિંદગી રહેશે. હજુ પણ આજે સંસ્થા SVKMમાં આર્કિટેક્ટ તરીકે કામ કરતાં-કરતાં એમનું અને સંસ્થાનું ઋણ પૂરું કરવાની કોશિશ કરું છું. અત્યારે પપ્પાને સ્વાદુપિંડનું Cancer Detect થયું છે અને હું પપ્પા-મમ્મી સાથે રહું છું અને દાદાની સેવા વખતે જે મુશ્કેલી પડેલી એ પપ્પા વખતે ન પડે તે માટે ધ્યાન રાખીને સાથે રહું છું. દાદા અને પપ્પા-મમ્મી સાથે રહેવાથી જિંદગીના ઘણાબધા પ્રશ્નો ઊકલી જાય છે એ જાત અનુભવ છે.


મૌલિક કનુભાઈ પટેલ<br>
૧૭/એ, વસંતવિહાર સોસાયટી, વિભાગ-૨<br>
સેન્ટ ઝેવિયર્સ કૉર્નર પાસે, નવરંગપુરા,<br>
અમદાવાદ - ૩૮૦ ૦૦૯<br>
મો. ૮૭૮૦૮૯૨૭૯૪


❑

*ज्येष्ठो भ्राता पिता वापि यश्च विद्यां प्रयच्छति ।*
*त्रयस्ते पितरो ज्ञेया धर्मे च पथि वर्तिनः ।।*

*મોટાભાઈ, પિતા તથા વિદ્યા આપનાર - તે ત્રણ ગુરુ છે. આ ત્રણ ધર્મ-માર્ગ પર રહેવાવાળા પુરુષ માટે પિતાની સમાન માનનીય છે.*

*- વાલ્મીકિ રામાયણ : કિષ્કિન્ધાકાંડ : 18/13*

# Source of Value

■ Gaurav G. Patel

To many he was known as Dhanji Vakil and Bapuji, but to me he was Dadaji. A source of value that were installed in us from young age that we maintain to this day; and now try to pass those values to next generation that is growing up in foreign lands. Majority of my experiences with Dadaji are of fun and growth on my part. It was a privilege to be in the same room as him and his friend and colleagues having philosophical discussions particularly his dear friend Mangudada and our neighbor Doshidada. At a conscious level I don't think I have absorbed any knowledge that was available at that young age but I do believe as subconsciously; like Abhimanyu, I have learned thing or two from those discussions.

Some of my fondest memories of Dadaji are when he would sit us down around him and tell us fantasy stories. Best part of these stories was that it would contain characters with our names. Those stories were source of entertainment for us back then. But now when I ponder back to those stories I realize that they weren't just the source of entertainment but words of encouragement to all of us. Giving us the examples of expecting higher values and responsibilities from oneself and working hard to achieve those standards no matter how tough the situations get. His stories encouraged us to set higher goals for ourselves and work hard towards them.

Unlike my elder brother Maulikbhai I was little mischievous kid growing up. Like to cause little troubles here and there. I must have been eight years old during our summer vacation I thought to have little fun with Dadaji. Dadaji was not familiar with setting of Television set and me being me decided to bring the contrast and color down so when you turned the Television on you wouldn't see the picture but you could hear it. Now here comes Dadaji to tune in to Doordarshan to see afternoon news event segment. He turns the television set on

but no picture an only sound his multiple attempts to turn it on and off didn't change the out come. He only could hear the voice. He calls my mother to come and see what's going on. She couldn't figure things out either. Which in turn made both of them frustrated; which was turning out to be a very entertaining afternoon for me. Little while later my father comes home for lunch and Dadaji explains his frustration with television. After few minutes my father figures out that the setting have been tampered with and knew only person that would do it was me. Now he is furious that I was playing practical joke on Dadaji. Knowing this that I was behind this Dadaji just starts laughing at the situation. He enjoyed the fact that I was having fun even though it was at a cost of his frustration.

Dadaji loved gardening. To grow different fruits, vegetables and flowers in our own garden was his hobby. He would get us involved with watering each plants, airing the soil and other aspect of gardening. He took great care and pride in his garden. So this is another example of me being me at the expense of Dadaji. Late 1980s we have Ramanand Sagar's Ramayan coming on every Sunday. Our family would gather around Television to watch this series. So we come to the point in the series when Hunmanji destroys *Ashokvatika.* Now the character of Hanumanji is being portrayed by Dara Singh; and it's showed that he is uprooting trees about his size and throwing them on Danavs. So seeing *parakrams* of Hanumanji and hearing all the fantasy stories with us being heroes gave me a confidence of *Chote* Hanuman. So I am playing around alone out side and I come across few papaya plants that dadaji had planted last year and now they are little taller that me. Me thinking about Hanumanji and wanted to see if I could do what he did. I hug papaya plant give all my might to see if I can uproot the plant or not. To my surprise the plant gets uprooted. My strength was reassured, I was happy as I could be; just like Humanji while he was distorting *Ashokvatika.* So I jump to the next plant and do the same; plant get uprooted. But this time I wasn't that happy because I just realized the severity of this situation. I have just uprooted two plants that my Dadaji was caring for more than a year or so and waiting for them to give fruit. So now I am scared to death what would Dadaji think and react; what would my father do once he find out. So to hide my mistake I just take the plant and throw them in a corner

of garden where no one goes to. Next day Dadaji is walking around realize that there is something odd about the garden. He knew that we had five papaya plants but now there are only three. He calls all of us to see what had happened. I act as if I didn't know anything and go about my way and so does everyone else because no one else knows what had happened. Dadaji knew something was off but doesn't press the issue. About a year later while garden was being cleaned Dadaji discovered the dried out papaya plants in the corner. He knew who could have done this *Karast*an as he would put it. He sits me down the side and ask me what happened and what caused me to do such things. I explained the whole story regarding my actions. He stared to laugh and explained that it's great to have Hanumanji as example but as an example of his will power and his *Bhakti* towards Ramji and not destroy our garden to follow him.

Dadaji was respected by our community very much. We all knew that but to me the scope wasn't realized till I pondered back to an incident of my childhood. I must have been in third or fourth grade and our school was taking a trip to Gandhinagar for state capital visit. We were to visit the state capital stay the night there and return back to Ahmedabad next day. The stay was set up at Sarva Vidyalay Campus in Gandhinagar. When we got to campus after our day trip school's principal came to check on me and to see if everything was ok with me. Not because I was an extraordinary child but I was an ordinary grandchild of an extraordinary person. There are so many things that set me apart from others not because of anything that I have done but the values that Dadaji held and enlisted in us from young age.

We would consider our self righteous if we are able to generate half of his goodwill and respect that he has earned in his lifetime.

Gaurav G. Patel
USA

❑

# Wonderful Storyteller

**■ Deval Saurin Patel**

If someone says who is Dhanabhai Vakil? A picture comes to mind a simple but strong will, disciplined with strong moral and ethical human being. You will always find my grandfather in white *khadi* with *topi.* What would tell you about my grandfather Dhanabhai Vakil. He was one of freedom fighters, Who took part in Indian freedom fight. His was hard working goal realistic, humble, passionate to make society better by making education available to young generation without any discrimination. He was such a wonderful storyteller. I learned so much from my grandfather. Like how to nurture family by providing unconditioal love, support, and wisdom. I acquired love of gradening from my grandfather. I am very proud to be known by my grandfather.

Deval Saurin Patel
(Daughter of Taraben Patel)
USA

❑

*जनिता चोपनेता च, यस्तु विद्यां प्रयच्छति ।*
*अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृताः ।।*

*જન્મદાતા, ઉપનયન (યજ્ઞોપવીત) ધારણ કરાવનાર, વિદ્યા આપનાર,*
*અન્નદાતા અને ભયથી રક્ષણ આપનાર - આ પાંચને પિતા કહેવાય છે.*

*- ચાણક્યનીતિ*

૪.૧

# ધનાભાઈ : સંસ્થાના ઇતિહાસનું ઉજ્જ્વળ પ્રકરણ

■ **મોહનલાલ પટેલ**

સ્વ. ધનાભાઈની માતૃસંસ્થા પ્રત્યેની દીર્ઘકાલીન સેવાઓ કદી ન વિસરાય એવી મૂલ્યવાન છે. એમણે વિદ્યાર્થી-આશ્રમ (છાત્રાલય)માં રહીને સર્વ વિદ્યાલયમાં માધ્યમિક શાળા માટેનો અભ્યાસક્રમ-મૅટ્રિક્લુયેશન સુધીનો પૂરો કર્યો, એટલે સ્વાભાવિક રીતે જ ઋણમુક્ત થવાની ભાવના અને સંસ્થા પ્રત્યેનો પ્રેમ એ સેવાઓમાં ગૂંથાયેલાં છે. એમણે છેલ્લા શ્વાસ સુધી સંસ્થાની સેવા કરી એ એમના જીવનનો એક ઉજ્જ્વળ વિશેષ છે. એમણે 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના મંત્રી તરીકે ઈ. સ. ૧૯૫૮-૫૯માં કાર્યભાર સંભાળ્યો અને એ પછી એ જ મંડળમાં ઉપપ્રમુખ તરીકેની જવાબદારી ઈ.સ. ૧૯૮૦-૮૧માં સ્વીકારી. સર્વ વિદ્યાલય કેળવણી મડળના મંત્રી તરીકે એમણે ઈ.સ. ૧૯૫૬-૫૭માં પદભાર સંભાળ્યો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ઈ.સ. ૧૯૮૪-૮૫માં ચૅરમૅન બન્યા. જે-જે પદ પર રહીને એમણે કામ સંભાળ્યું તેમાં એમણે જીવ રેડીને કામ કર્યું. જરૂર પડી ત્યારે પ્રસંગોચિત પળે એક ક્ષણનો પણ વિલંબ દાખવ્યા વિના કામને હલ કર્યું. સંસ્થા માટેની એમની રોજબરોજની સેવાકીય નિસબત માટે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંક્ષિપ્ત ઇતિહાસ'માં આ પ્રમાણેની નોંધ છે. જે ઘણું કહી જાય છે.

છગનભાઈ રા. પટેલ (જે ઘણુંખરું છ. રા. વકીલ તરીકે ખ્યાત હતા) અને ધનાભાઈ હ. પટેલ બંને કડીના જાણીતા વકીલ. બંને સંસ્થાના મંત્રી. કૉર્ટનો સમય પૂરો થયા પછી ઘણી વાર સાંજના ફરવાના સમયે બંને સંસ્થામાં સાથે આવે. મંડળ કાર્યાલયમાં બેસે. સંસ્થાની ઝીણવટભરી માહિતીથી વાકેફ રહે. બંને સંસ્થાના અદના સેવકો.

કેળવણીની વિકાસોન્મુખ સંસ્થાઓ સામાન્ય રીતે આર્થિક રીતે ખોટમાં અને તેના કારણે દેવામાં ચાલતી હોય છે. કેળવણીની સંસ્થાની સ્થાપના કેળવણીનું સેવાકાર્ય છે, પણ ખોટમાં ચાલતી કેળવણીની સંસ્થાને નિભાવવાનું કાર્ય કરનારની સેવા અદકેરી છે. ધનાભાઈએ ખોટમાં ચાલતી કેળવણીની સંસ્થાઓને નિભાવવા માટે અદકેરી સેવાનું કાર્ય જીવનભર કર્યું હતું. ઈ.સ. ૧૯૧૯માં સ્થપાયેલી 'કડવા પાટીદાર ઉત્તેજક મંડળ' સંસ્થા તેમજ એ પછીનાં વર્ષોમાં સ્થપાયેલી અન્ય કેળવણીની સંસ્થાઓ : 'સર્વ વિદ્યાલય

કેળવણી મંડળ...' વગેરે કેળવણીનું ઉત્તમ કામ કરવાની સાથે હંમેશાં વિકાસોન્મુખ રહી છે અને તેથી એ ખોટમાં અને દેવામાં ચાલતી રહી હતી. આ સંસ્થાઓ ટકી રહે એ માટે ફંડ-ફાળો ઉઘરાવવાનું કામ કરનાર ધનાભાઈ દ્વારા સતત ચાલ્યા કરતું હતું. સંસ્થાના અન્ય કાર્યકર્તાઓને સાથમાં રાખીને એ જુદાં-જુદાં નગરો અને શહેરોમાં જતા. કલોલમાં આ કાર્ય માટે એમની સાથે ડૉ. રામભાઈ અને હું જતા. સુરત અને નવસારીમાં એમની સાથે કલોલના વકીલ છગનભાઈ કા. અને હું હતા. તથા સ્થાનિક શુભેચ્છકો મુખ્ય નરોત્તમભાઈ (એન.આઈ. તરીકે ખ્યાત) પટેલ હતા. મુંબઈમાં એમની સાથે હું હતો અને ત્યાં એબોટ લેબોરેટરીના પ્રોડક્શન મૅનેજર શ્રી રામભાઈ પટેલ (કરજીસણના વતની અને આપણી સંસ્થાના ભૂ.પૂ. વિદ્યાર્થી) હતા.

અમેરિકામાં સ્થાયી થયેલા આપણી સંસ્થાના કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓના આગ્રહથી ધનાભાઈની સાથે હું ગયો હતો. અમેરિકામાં ફંડ-ફાળા માટે મદદમાં સરસાવના રમણભાઈ કે. (આર. કે. તરીકે ખ્યાત) અને એ જ ગામના કાળીદાસ મંગળદાસ પટેલ તેમજ કેટલાક અન્ય મિત્રોએ ખૂબ ખંતપૂર્વક અમારા વતીથી કામ ઉપાડી લીધું હતું.

અમેરિકામાં અમારું રોકાણ ઈ.સ. ૧૯૮૨ના જૂન-જુલાઈ-ઑગસ્ટ પૂરતું હતું. એ વર્ષોમાં ઍક્સચેન્જમાં એક ડૉલરના સાડા નવરૂપિયા ભાવ હતો. ભારતીય નાણાં પ્રમાણે રૂપિયા ત્રણ લાખ મેળવવાનો અંદાજ હતો, પણ કાર્ય એટલા ઉત્સાહ અને ખંતથી થયું કે ખૂબ સરળતાપૂર્વક ૧૧ લાખ રૂપિયાના દાનનું ભંડોળ એકઠું થઈ ગયું. વધારે થઈ શકત, પણ અમારા વિઝા ઑગસ્ટ સુધીના જ હતા અને હવે વધારે મુદ્દત માગવાની જરૂર જણાતી નહોતી.

સંસ્થાઓ માટે ફંડ તો થતાં હોય છે અને એ કેવી રીતે થાય છે એ વાત મહત્ત્વની છે. આંકડા માટે રકઝક. મોટી રકમ માટે તકાજા જેવું દબાણ, દાતાની ઇચ્છા વિરુદ્ધ રકમ લખી લેવી. આવું ઘણુંબધું ફંડ-ફાળાની પ્રવૃત્તિમાં જોવા મળે છે, પણ ધનાભાઈની રીત સાવ અનોખી. નહીં કશી રકઝક, નહીં કશું દબાણ... સંસ્થાના કાર્યને કુનેહપૂર્વક રજૂ કરવું અને દાતા પ્રસન્નતાપૂર્વક જે આપવા ઇચ્છે તે પ્રસન્નતાપૂર્વક સ્વીકારવું.

ધનાભાઈની રજૂઆત અને વાત કરવાની રીત એવી મીઠાશભરી કે એક આનંદભરી ઘટનાનો ઉકેલ થતો હોય એવું લાગે. ધનભાઈએ જ્યાં દાન સ્વીકારવા જેવું ન લાગે ત્યાં દાન લેવાની સ્પષ્ટ ના કહી દીધી હતી. કોઈ ખાસ ફંડપ્રવૃત્તિ વખતે કોઈ ગૂંચ ઊભી થયેલી જણાય અને સાથી કાર્યકરોમાં આ અંગે ઉમળકાનો અભાવ જણાય તોપણ ધનાભાઈ પોતાની મૂળ નિષ્ઠા જાળવીને એકલે હાથે કામ કરવાની તૈયારી રાખતા. બન્યું હતું એવું કે સંસ્થાએ એક વાર્ષિક સામાન્ય સભામાં શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)ને સન્માન અર્થે થેલી અર્પણ કરવાનો ઠરાવ કર્યો. દાસકાકાએ પ્રતિભાવમાં આભાર વ્યક્ત કરતી વખતે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું કે થેલીમાં મળનાર નાણાં પોતે ગાંધીનગરમાં વિકાસ પામી રહેલી સંસ્થા માટે ખર્ચશે.

સંસ્થાના મોટા ભાગના કાર્યકરો સંસ્થાનાં નાણાં ગાંધીનગરમાં વપરાય એવું ઇચ્છતા નહોતા. એક ખ્યાલ એવો પ્રચલિત થવા માંડ્યો હતો કે દાસકાકા ગાંધીનગરમાં જે શિક્ષણસંસ્થાઓ સ્થાપી રહ્યા છે, એ માત્ર ગાંધીનગરના સરકારી કર્મચારીઓના લાભાર્થે જ છે. આમ છતાં આ કાર્યને ધનાભાઈએ અંગત રસ લઈને પૂરું કર્યું હતું.

દાસકાકાને થેલી અર્પણ કરવાનો ઠરાવ વાર્ષિક સાધારણ સભામાં થયો હતો એટલે મંડળના પદાધિકારીઓ ઠરાવની વિરુદ્ધ જઈ શકે નહીં, પણ એનો અમલ કરવામાં જરૂરી ઉત્સાહ કે ઉમળકો દાખવી શકે નહીં. એટલે દાસકાકાના નામ માત્રથી થેલી છલકાઈ જવી જોઈએ એટલી છલકાઈ ન ગઈ.

સંસ્થા પ્રત્યે ધનાભાઈનો મૂલ્યવાન સેવાઓનું બીજું ક્ષેત્ર ગૌશાળા હતું. ઈ.સ. ૧૯૨૮માં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના એક અંગ તરીકે ગુજરાત ગૌશાળાની સ્થાપના થઈ અને ઈ.સ. ૧૯૭૬ના મે મહિનાની ૧૬મી તારીખની વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે એક ઠરાવ દ્વારા ગુજરાત ગૌશાળા ક.પા.કે.ઉ. મંડળથી અલગ થઈને એક સ્વતંત્ર ટ્રસ્ટનું સંચાલન બની. ધનાભાઈ આ નવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પૈકીના એક ટ્રસ્ટી બન્યા અને એક વિશેષ રસ અને અધિકારપણાની રૂએ ગૌશાળા એમની સેવાનું કેન્દ્ર બની ત્યાંના તંત્રને સતત નજરમાં રાખીને એ ત્યાં કામ કરતા મૅનેજરને જરૂરી સૂચનો આપતા રહ્યા. ગાયોને નાનાં-નાનાં જીવજંતુઓથી બરાબર રક્ષણ મળી રહે તેવા શેડ અને ગાયોને લીલા-સૂકા તથા સાયલોપીટના ઘાસનું બરાબર નીરણ મળી રહે એ અંગે પોતે અંગત ધ્યાન રાખીને મૅનેજર તથા રખેવાળ પગારદારોને ચોકસાઈપૂર્વકની સલાહ આપતા રહ્યા અને જરૂરી સૂચનો કરતા રહ્યા.

ગૌશાળામાં આ બધાં સેવાકાર્યો ઉપરાંત સહુથી વધારે ધ્યાનાર્હ કાર્ય તિથિદાનની પ્રવૃત્તિ હતી. આ માટે ધનાભાઈની અંગત પ્રતિષ્ઠા અને એક પ્રામાણિક લોકસેવકની એમની ખ્યાતિ વધારે સહાયરૂપ બનતી હતી.

ઉપરોક્ત સેવાકાર્યોથી ધનાભાઈ સંસ્થાના ઇતિહાસનું એક ઉજ્જ્વળ પ્રકરણ બની રહ્યા છે.

મોહનલાલ પટેલ
પૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી
પ્રમુખશ્રી,
શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

(સંપર્ક : ડૉ. મયંક પટેલ, ૫૦૧/૨૧ સત્યાગ્રહ છાવણી, ભાવનિર્ઝર પાસે,
સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫, મો. ૯૮૯૮૨૨૦૦૩૬

❑

# સંવાદ, સમર્પણ અને લોકશિક્ષણના સાચા શિલ્પી

■ મનુભાઈ જે. પટેલ

ઉત્તર ગુજરાતનું કાશી એટલે 'સર્વ વિદ્યાલય', કડી. કાશી જ્ઞાનની નગરી તરીકે વિખ્યાત તેમ ઉત્તર ગુજરાતમાં કડી પણ જ્ઞાન-શિક્ષણના કેન્દ્ર તરીકે જાણીતું. 'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ'માં ભણેલા વિદ્યાર્થીઓ યુવાન થતાં તેના કાર્યકરો બનતા સંસ્થાના અનેકવિધ વિકાસમાં આ કામદારોએ પાયાનું કાર્ય કરેલ છે. આ સંસ્થાના સ્થાપક-પ્રણેતા પૂજ્ય છગનભા કૃષિઋષિ હતા. આ વિસ્તારનાં બાળકોનો સર્વાંગી વિકાસ સાધીને સમાજપરિવર્તનનું ભગીરથ કાર્ય પૂજ્ય છગનભાએ કર્યું હતું.

આ યુગ એટલે આઝાદી મળી તેના પહેલાંનો સમય. ઓગણીસમી સદીના બે દશકા પછીનો. ત્યારે રાષ્ટ્રપિતા ગાંધીજી દેશની આઝાદી મેળવવા માટેના અનેકવિધ ઉપાયો શોધતા હતા. શિક્ષણ દ્વારા જ વ્યક્તિ અને દેશનું પરિવર્તન થઈ શકશે એવા વિચારથી તેમણે બુનિયાદી શિક્ષણ માટે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં કરી. વિદ્યાપીઠમાં ભણતા વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્ત અને આદર્શ વિદ્યાર્થીઓ હતા. તેમની સામે દેશની આઝાદી માટે કામ કરતા અનેક નેતાઓ રોલ મૉડલ તરીકે તેમની દૃષ્ટિમાં હતા. જેથી સાર્વત્રિક રીતે નૈતિક મૂલ્યો જાળવીને સમાજસેવા અને દેશભક્તિની આબોહવા સર્વત્ર પ્રસરી હતી.

'સર્વ વિદ્યાલય', કડીમાં અભ્યાસ માટે આવતા યુવાનો આ સંસ્થાના કાર્યકરો અને અધ્યાપકવર્ગ પાસેથી સમાજસેવા અને દેશભક્તિના પાઠ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભણતા હતા. આ સંસ્થાના પાયાના કાર્યકરોમાં સ્વ. પુરુષોત્તમદાસ (દાસકાકા) સ્વ, રામચંદ્ર અમીન, સ્વ. પોપટભાઈ પટેલ, સ્વ. બાપુભાઈ ગામી, સ્વ. છગનભાઈ કાળીદાસ પટેલ, સ્વ. ધનાભાઈ હ. વકીલ, સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ જેવા અનેકવિધ કાર્યકરો સંસ્થાની સેવા માટે આજીવન તૈયાર હતા. આ સંસ્થાનો આદર્શ વ્યક્તિઘડતર સાથે સમાજ અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ કરવાનો હતો.

'સર્વ વિદ્યાલય', કડી પાસે સંસ્થાનું પ્રેસ હતું. પરિણામે સમગ્ર જિલ્લાની શાળાઓ માટેનાં તમામ પ્રશ્નપત્રો તૈયાર કરવાં અને પ્રત્યેક શાળામાં મોકલાતાં હતાં. આજથી લગભગ પાંચેક દાયકાઓ પહેલાં શાળા સંઘના પ્રમુખ તરીકે કેમ્પસમાં જવાનું થતાં તેના સંચાલકો, ટ્રસ્ટીઓ અને આચાર્યોની ઉમદા અને સમર્પિત ભાવના જોતાં અમને ભાવુકતા અનુભવવા મળતી હતી. પ્રભુકૃપાએ ૧૯૮૫થી આ શાળાના પ્રાચાર્ય તરીકે

કામ કરવાની તક મળી. જેથી સૌના વિશેષ પરિચયમાં આવવાનું થયું.

ધનાભાઈ વકીલસાહેબ સંસ્થામાં પધારે ત્યારે ચાર-પાંચ દિવસ અચૂક રોકાતા. છાત્રાલયમાં થતી સાયંપ્રાર્થનામાં તેઓશ્રી અચૂક આવતા અને બાળકો સમક્ષ જીવનઘડતરની પ્રેરક વાતો કરતા. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' તેમના જીવનનો મંત્ર હતો. તેઓશ્રી છાત્રાલયના સમૂહના રસોડામાં તૈયાર કરેલ ભોજન જ લેતા. જેથી બાળકોને કેવું પૌષ્ટિક ભોજન મળે છે તેની સીધી જાણકારી મળી શકે. કરવા જેવાં સૂચનો ગૃહપતિઓને અને કોઠારીને કરતા. ધનાભાઈ વકીલનો સંસ્થાપ્રેમ અનોખો અને ઉમદા હતો. જેથી સંસ્થા હિત માટે સદાયે ચિંતા અને ચિંતન કરતા દેખાતા હતા. શાળા સમય પછી આશ્રમના ગૃહપતિઓ અને મુખ્ય ગૃહપતિ (સર્વ વિદ્યાલયના આચાર્ય) સાથે બેઠક રાખતા. આશ્રમનાં બાળકોને કોઈ પણ જાતની કઠણાઈ ન અનુભવવી પડે તેનું વિસ્તૃત માર્ગદર્શન આપતા હતા. આશ્રમની સફાઈ, સ્વચ્છતા યોગ્ય જળવાય તેની પણ કાળજી રાખતા. આશ્રમના મુખ્ય રસોડાની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તેઓ રૂબરૂ રસોડામાં જોવા જતા અને કરવાપાત્ર સૂચનો પણ કરતા. શિક્ષણની ગુણવત્તા સુધરે અને બોર્ડની પરીક્ષાઓનાં પરિણામો ઉત્તમ આવે તે માટે પણ આચાર્યોને પ્રેરણા આપતા હતા. સંસ્થાના વિકાસ અને હિતની ચિંતા ઉપરાંત આચાર્યો અને અધ્યાપકો સાથે જીવનઘડતરની અનેકવિધ વાતો અને અનુભવો કહીને સહુને સંસ્થા સાથે સમર્પિત થવા પ્રેરણા આપતા હતા.

ધનાભાઈ વકીલ કડી કૉર્ટમાં વકીલાત કરતા. ખેડૂતો અને ગ્રામજનોના પ્રશ્નોમાં વિશેષ રસ ધરાવતા. પાક ભેલાણ અને સીમચોરીના પ્રશ્નો ખેડૂતોને સતત ચિંતા કરાવતા. વકીલ ધનાભાઈ આવા કેસોમાં ખેડૂતોને સતત મદદરૂપ બનતા અને ખેડૂતોને વિજય અપાવતા. ધનાભાઈ ગ્રામવિકાસના પ્રશ્નોમાં સવિશેષ રસ લેતા. કડી તાલુકાનાં ગામોના સરપંચ અને અન્ય કાર્યકરોને માર્ગદર્શન આપીને ગ્રામવિકાસના પ્રશ્નોમાં વહીવટી કુનેહથી ઉકેલવા અને જરૂર પડે તો સરકારશ્રીમાં પણ રજૂઆત કરતા હતા. ધનાભાઈનું રાજકારણ સત્ત્વશીલ હતું. ખોટા વિવાદો કે વિરોધાભાસી વલણોમાં સૌને સ્પષ્ટ વિચારો જણાવતા. સાથે રચનાત્મક અભિગમ અપનાવવા નાના-મોટા સૌને અનુરોધ કરતા. જેથી વકીલ તરીકે ધનાભાઈ લોકપ્રિય બની શક્યા હતા.

વકીલ ધનાભાઈનું વ્યક્તિત્વ નિર્મળ હતું. ખાદીનો પરિવેશ. વળી ગાંધીટોપી પણ ખરી. સસ્મિત ચહેરો. નયનોમાં સૌ માટેનો પ્રેમ અને હૃદયમાં અનુકંપા તો ખરી જ. તેઓ કોઈની સાથે કટુ શબ્દો બોલ્યાનું સાંભળ્યું નથી. વિવાદ નહીં, પણ સંવાદ એમનો જીવનમંત્ર હતો. પરિણામે તેઓશ્રી સૌના પ્રીતિપાત્ર બની શક્યા હતા. સંયુક્ત કુટુંબની ભાવના રાખીને સૌને સાથે રાખી શક્યા હતા, એટલું જ નહીં પણ માદરે વતન ગણેશપુરામાં માધ્યમિક શિક્ષણ આપતી શાળા બને તે માટે ગ્રામજનોના સહકારથી સારી શાળા બનાવી શક્યા હતા. યોગ્ય અને પ્રામાણિક કાર્યકરોને શોધીને તેમને આવી જવાબદારી આપતા હતા. જેથી ગામમાં અને સમાજમાં સૌના આદરપાત્ર

બની શક્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બધી જ શાળા-કૉલેજો અને સંસ્થાઓનું સંચાલન સારું થાય અને ઉત્તમ પરિણામો મેળવે તે માટે આચાર્યો અને અધ્યાપકોની સંયુક્ત બેઠક રાખીને ટકોર અને પ્રોત્સાહન બંને આપતા હતા. વહીવટ વધારે સારો થાય અને વાર્ષિક અહેવાલમાં યોગ્ય નિદર્શન થાય તે માટે મંડળની કારોબારી સભામાં શાળાઓનો અહેવાલ આચાર્યોએ વિસ્તૃત રીતે રજૂ કરવો પડતો. તેઓ કાળજીપૂર્વક સાંભળતા અને હકીકતને યોગ્ય રીતે રજૂ કરવા માટે માર્ગદર્શન પણ આપતા હતા. તેઓ સસ્થાનાં બાળકો, અધ્યાપકો, ગૃહપતિઓ અને તમામ કર્મચારીઓને વ્યક્તિગત રીતે મંડળ કાર્યાલયમાં મળતા હતા અને રચનાત્મક સૂચનો દ્વારા સૌને સલાહસૂચનો આપતા હતા. પરિણામે સંસ્થાની પ્રગતિ અને ગૌરવમાં સૌનો સહકાર સહજ રીતે મળી શકતો. સર્વ વિદ્યાલય કડી માત્ર મહેસાણા જિલ્લાની અગ્રણી સંસ્થા ન રહેતાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પણ તેની પ્રતિષ્ઠા વધવા પામી હતી. શાળા સમય પહેલાં અને પછીના સમયમાં પ્રત્યેક પ્રાચાર્યોને અંગત રીતે મળતા. તેમના પ્રશ્નો અને મૂંઝવણો જાણતા અને જરૂરી સલાહ માર્ગદર્શન પણ આપતા હતા. સૌ કાર્યકરો એકસંપ, નિષ્ઠા,. વફાદારી અને પ્રામાણિકતાથી જીવનને ઉદાત્ત બનાવી શકે તે માટે વ્યવહારિક અને કૌટુંબિક પરિસ્થિતિમાં પણ રસ લઈને સૌને હૂંફ અને પ્રેમ આપતા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખા ગાંધીનગરમાં શરૂ કરાવીને સર્વ વિદ્યાલયનો વિકાસ અને વ્યાપ વધવા પામ્યો હતો. નવા પડકારો અને આર્થિક સાધનો એકત્રિત કરવામાં પણ તેઓએ હંમેશાં ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબને સહયોગ અને હૂંફ આપ્યાં હતાં. સ્વ. પુરુષોત્તમદાસકાકાના સહયોગમાં સ્વ. વકીલસાહેબ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના મંત્રી અને ગાંધીનગર શાખાના પ્રમુખ સુધીની સઘળી જવાબદારીઓ સુપેરે સંભાળી છે. અમેરિકા જઈને સંસ્થાઓના વિકાસ માટેનાં આર્થિક સાધનો ઊભાં કરવામાં તેઓશ્રીનો યક્ષ ફાળો રહેવા પામ્યો છે. સ્થિતિપાત્ર સંબંધીઓ પાસેથી મોટાં દાન મેળવીને ગાંધીનગર સંસ્થાની હરણફાળ વિકાસયાત્રાના તેઓશ્રી પાયાના કાર્યકર હતા. મોટા ભાગે તેઓશ્રીના પ્રમુખપદે કારોબારી સભાઓ યોજાતી હતી ત્યારે એજન્ડા પ્રમાણેનાં તમામ કાર્યો સ્પષ્ટ રીતે અને હેતુપૂર્ણ રીતે કરાતાં હતાં. સૌ સભ્યો પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે રજૂ કરી શકતા હતા અને જરૂર જણાય ત્યાં રજૂ થયેલા વિચારોને આવકારીને સૌના સહયોગ અને સદ્‌ભાવ મેળવી શકતા હતા.

વકીલ ધનાભાઈ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી હતા, પણ આજીવન સંસ્થાના કાર્યકર રહ્યા હતા. માંદગીના પ્રસંગે અમદાવાદમાં રહેતા હોવા છતાં સંસ્થાની પ્રત્યેક પ્રવૃત્તિ અને ગતિવિધિની જાણકારી મેળવવા હંમેશાં આતુર રહેતા. તેઓશ્રીની તબિયતની ખબરઅંતર પૂછવા જઈએ ત્યારે પહેલાં સંસ્થાની માહિતી આપો પછી તબિયતની વાત કરીએ.

ગુજરાત ગૌશાળા સંસ્થાનું આગવું ગૌરવ છે. ગાયોના સંવર્ધન અને વિકાસ માટે

સતત ચિંતન કરતા. તેના નિભાવમાં આવતી ખોટ કેમે કરી ઓછી કરી શકાય તેવા ઉપાયો પણ બતાવતા હતા. ગૌશાળામાં તિથિદાનની યોજના, ગાય દત્તક લેવાની યોજના તથા ગાયોના સંરક્ષણ પોષણ માટે કડીની ઑઇલ મિલોના માલિકો પાસેથી ખાણદાણ મેળવવા હંમેશાં પ્રયત્નો કરતા હતા. ગૌશાળાના સ્થળ ઉપર જઈને ઝીણવટપૂર્વક તેના પ્રશ્નો જાણીને ગૌશાળાના સેવકોને માર્ગદર્શન અને હૂંફ આપતા હતા. જેથી ગાયોનું શુદ્ધ અને ગુણવત્તાવાળું દૂધ છાત્રોને નિયમિત મળી રહેતું હતું.. ગૌશાળાની આજની પ્રગતિ અને વિકાસમાં વકીલ ધનાભાઈ પણ પાયાના અગ્રણી કાર્યકર હતા.

વડોદરા રાજ્યના સર્વતોમુખી વિકાસમાં મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા મુખ્ય હતા. તેમના માટે કહેવાતું 'જિન ઘર જિન તખ્ત' રાજ્યની પ્રજાના સર્વાંગી વિકાસમાં મહારાજા સતત મથતા હતા. તેવી જ રીતે સર્વ વિદ્યાલય કડી – ગાંધીનગરના વિકાસમાં વકીલસાહેબ સતત ચિંતનશીલ રહેતા હતા. તેઓશ્રીએ પાડેલી ઉમદા પ્રણાલિકાઓનું પાલન તેમના પુત્ર ડૉ. કનુભાઈ આજે અક્ષરશઃ કરી રહ્યા છે. હૉસ્પિટલ અને ઘર ગૌણ પણ સંસ્થા પહેલી એ તેમનો જીવનમંત્ર છે. સંસ્થાના યુવા ચૅરમૅન સરદારસાહેબ અને અન્ય પદાધિકારીશ્રીઓ પણ આજ માર્ગે નિરંતર પ્રસ્થાન કરીને સંસ્થાનું ગૌરવ અને પ્રતિષ્ઠા દેશ અને દુનિયામાં પ્રસરાવી રહ્યા છે. 'કર ભલા હોગા ભલા' છગનભાનો મંત્ર હતો અને એ જ રીતે સારા વિચારો કરો અને સંવાદ સાધીને પારદર્શક વહીવટ સાથે આપણે સૌ આજે પણ ગૌરવ અનુભવી શકીએ છીએ. કડી વિશ્વવિદ્યાલય માત્ર દેશમાં જ નહિ, પણ સમગ્ર વિશ્વમાં ગુણવત્તા, સેવા અને સમર્પણ કરનારા જ્ઞાનર્ષિઓ-વિદ્યાર્થીઓ, પ્રાચાર્યો અને પ્રાધ્યાપકોથી સૌરભ પ્રસરાવી શકશે એવી શ્રદ્ધા છે.

**મનુભાઈ જે. પટેલ**
પ્રમુખ (વર્ષ ૨૦૨૦થી)
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
પૂર્વ આચાર્યશ્રી,
સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી

**નિવાસ** : રૂપાણીનો માઢ, ખાડિયા ચોક પાસે,
ચાણસ્મા, જિ. પાટણ
મો. ૭૮૭૪૭૬૧૯૨૯

❑

# પૂજ્ય ધનાફુઆ

**વલ્લભભાઈ એમ. પટેલ**

ગામ પેટે સામાજિક સંબંધોની દૃષ્ટિએ પૂ. વકીલ ધનાભાઈ પટેલ સાહેબ મારા ફુઆ થાય. મારાં ફોઈ પૂ. મંગળાબહેનનું ૧૯૬૭માં અવસાન થતાં તેઓશ્રી પ્રાયઃ ૪૫ વર્ષની ભરયુવાનીમાં વિધુર થયા હતા. આ સમયે મારો જન્મ પણ થયો ન હતો, પરંતુ સમયાન્તરે મારાં માતા-પિતા, ડૉ. કનુભાઈ સાહેબ, પ્રભાવતીબહેન, તારાબહેન વગેરે પાસેથી તેમના આચાર-વિચાર અને રહેણી-કરણી વિશે ઘણું જાણવા મળ્યું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીમાં મંત્રી તરીકે જોડાવાનું થતાં તથા 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા વર્ષ ૨૦૦૩માં તેમનો સન્માન સમારોહ ગુજરાત રાજ્યનાં તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને અન્ય મહાનુભાવોના સાંનિધ્યમાં યોજવામાં આવતાં તેમની કાર્યપ્રણાલી અને સંસ્થાભક્તિ વિશે સાંભળવા મળતાં તેમનાથી વિશેષ પ્રભાવિત થયો છું. મંત્રી તરીકે જોડાયા બાદ પ્રસંગોપાત્ત તેમની તબિયતના સામાચાર લેવા તેમના નિવાસસ્થાને જવાનું થતું રહ્યું હતું. આ પ્રસંગોએ મને પૂ. છગનભા, પૂ. દાસકાકા, મારા પિતાશ્રીની કાર્યક્ષમતાઓ તથા સર્વ વિદ્યાલય વિશે ઘણી જાણી-અજાણી વાતો કરતા ત્યારે તેમને સાંભળ્યા જ કરવાની અને તેમની પાસે સતત બેસી રહેવાની લાલસા થતી હતી. તેમની આ વાતો મારું જીવનપાથેય બની રહેતાં ક્વચિત્ ઉદ્‌ભવતી સમસ્યાઓના ઉકેલમાં ચાવીરૂપ બની રહે છે.

મારાં માતુશ્રી અમને ભાઈ-બહેનોને પ્રસંગોપાત્તની વાતોમાં કહેતાં કે તમારા પિતાએ કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તથા બાદમાં નગરપાલિકાના પ્રમુખ તરીકે ઘણી મોટી શાખ મેળવી છે. તેમની સેવાભાવના અને વહીવટ પણ એટલો જ સારો, પરિણામે તેમને કોઈ કશું કહેવાની હિંમત પણ ન કરી શકતું. જોકે તમારા ધનાફુઆ પરિવારના વડીલ તરીકે તેમને માર્ગદર્શન કે કોઈ સૂચન કરવું હોય તો તે કરી શકતા. તેમની વાત તેઓ સાંભળે પણ ખરા. ધનાફુઆનો એક શબ્દ પણ ન ઓળંગે. તેમની વાતો સદાય હૈયે ધરતા અને તેમ કરતા પણ ખરા. આ બંને વચ્ચે ભારે લાગણીપૂર્વકના સંબંધો રહ્યા હતા. આપણા પરિવાર સાથે સદાય તેઓ ઊભા રહેતા આવ્યા છે. કડીમાં રહેવા આવવાનું થયું ત્યારથી જ પરિવારનો આધારસ્તંભ બની રહ્યા હતા. મારા પિતાશ્રી પણ કહેતા કે મને કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે જોડાવાનાં પ્રેરણા અને પ્રોત્સાહન તેમના તરફથી મળ્યાં હતાં. આ પદ ઉપર

જોડાયા પછી તેમની મને ભારે હૂંફ મળતી રહી હતી. તે વખતે વકીલ તરીકે તેમની સારી પ્રતિષ્ઠા હતી. કડી નગર ઉપરાંત તાલુકામાં સેવાભાવી વકીલ તરીકે લોકહૃદયમાં વસી ગયા હતા. વકીલ તો વકીલ જ હતા. ત્રિભોવનદાસ પટેલની જેમ તેઓ પણ ખેડૂતોના હિતો માટે જ કામ કરતા રહ્યા હતા. પક્ષીય રીતિનીતિઓની ચિંતા કર્યા સિવાય ખેડૂતોના પક્ષે જ ઊભા રહેતા હતા.

પૂજ્ય મંગળાફોઈના અવસાનનાં પાંચેક વર્ષ બાદ પોતાના પરિવાર કાજે – બાળકોના ઉછેર હેતુ અને આ સાથે જ સમાજસેવાના ભાવ સાથે વકીલાત તરીકેના વ્યવસાયમાંથી મુક્ત થઈ પોતાના મોટા પુત્ર ડૉ. કનુભાઈ સાથે તેમણે અમદાવાદમાં રહેવાનું રાખ્યું હતું. તેમણે પોતાના **'આત્મવૃત્ત'**માં પણ નોંધ કરી છે કે 'મનુસ્મૃતિ' વગેરે ધર્મગ્રંથોના વાચનના કારણે ૫૦ વર્ષ પછી વ્યવસાયમાંથી મુક્તિ મેળવી બાકીનો સમય સેવાપ્રવૃત્તિમાં ગાળવાનો વિચાર મારા મનમાં રમતો હતો અને આ આકસ્મિક પરિસ્થિતિ પેદા થતાં ૫૨ વર્ષની ઉંમરે મેં નિવૃત્તિ સ્વીકારી લીધી. હાથ ઉપરના કેસો ચલાવવા માટે મુદત સમયે કડી આવતા જતા રહ્યા હતા. જોકે તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી, ગાંધીનગર શાખાના ચૅરમૅનશ્રી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ઉપપ્રમુખ તરીકેની જવાબદારીઓ પોતાની ફરજના ભાગ તરીકે અંતિમશ્વાસ સુધી નિભાવી હતી. મંડળના કામકાજ હેતુ કડી આવે ત્યારે વિદ્યાર્થીઓની સાથે જ મંડળના રસોડે જમવાનું રાખતા કે જેથી વિદ્યાર્થીઓને પીરસવામાં આવતું ભોજન સાત્ત્વિક છે કે કેમ તેની કાળજી રાખી શકતા. પોતે રામાયણ, મહાભારત, ગીતા વગેરે ગ્રંથોના અભ્યાસી રહ્યા હોવાથી વિદ્યાર્થીઓને સાંધ્યપ્રાર્થના ટાણે આ બધા ગ્રંથોના આધારે ઉમદા જીવન જીવવાની શીખ પણ આપતા. પૂજ્ય મનુભાઈ સાહેબ કે જેઓ તેમના પ્રવચનોના સાક્ષી રહ્યા છે તેઓ પણ પ્રસંગોપાત્તની વાતોમાં પૂ. ધનાફુઆનાં પ્રવચનોની ગરિમાપૂર્ણ વાતોની પ્રશંસા કરતા રહે છે.

આપણે સૌ જાણીએ છીએ કે સર્વ વિદ્યાલયની સ્થાપનાના પાયામાં જ સમાજસેવાની ભાવના રહી છે. પૂજ્ય છગનભા પ્રદત્ત ધ્યેયમંત્ર **'કર ભલા હોગા ભલા'**ના હાર્દનું આજે પણ સાંગોપાંગ પાલન કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓએ સરકારી અનુદાન ઉપરાંત પણ ઘણા ખર્ચા વહન કરવા પડે છે, પરિણામે સેવાભાવી સંસ્થાઓ દિનપ્રતિદિન વધુ ખોટ કરતી રહે છે. સ્થાનિક દાતાશ્રીઓ તરફથી દાન મળવા છતાં પણ આર્થિક ખોટ રહેતી. આ વિકટ સ્થિતિમાંથી બહાર નીકળવા પૂ. ધનાફુઆએ અમેરિકાની દાનયાત્રાનું વિચાર્યું. તેમની સાથે વિદ્યાર્થીપ્રિય આચાર્યશ્રી મોહનભાઈ પટેલ-સાહેબને લઈને વર્ષ ૧૯૮૨માં અમેરિકાની દાનયાત્રા કરી હતી. પોતાના સમાજનાં અમેરિકા વસતાં સ્વજનો તેમજ પૂ. મોહનભાઈ સાહેબના વિદ્યાર્થીઓ અમેરિકામાં સાધન-સંપન્ન થયા હોઈ તેમનો સંપર્ક કરતાં તેઓશ્રી પૂર્વ-નિર્ધારિત રૂપિયા ૩ લાખનું દાન મેળવવાના આંક સામે રૂ. ૧૨ લાખનું દાન મેળવી લાવ્યા હતા. વતન પરત થતાં મંડળે આ બંનેનો ભારે ઉષ્માપૂર્ણ સન્માન-સમારોહ યોજ્યો હતો. તેમણે ચીંધેલા

માર્ગે ડૉ. કનુભાઈ, મારા પિતાશ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ અને મોહનભાઈ સાહેબે અને ત્યાર બાદ ડૉ. કનુભાઈની સાથે મેં પણ અમેરિકાની દાનયાત્રા કરી કરોડો રૂપિયામાં દાન મેળવ્યાં છે. પૂ. ધનાફુઆની દાન મેળવવામાં પણ અનોખી રીત રહી હતી. જે કોઈ દાતા સ્વેચ્છાએ આપે તે પ્રેમથી સ્વીકારી લેતા. કોઈ આગ્રહ ન રાખતા. પરિણામે દાતાઓનો ભરપૂર પ્રેમ અને સન્માન પામ્યા હતા. તેમની આ દુરંદેશિતાશીલ દૃષ્ટિ અને સર્વ વિદ્યાલય માટેની પૂર્ણતઃ સમર્પિત શ્રદ્ધા-ભક્તિ સદાકાળ આપણો માર્ગ કલ્યાણપથ તરફ પ્રેરતી રહેશે. પોતાના પિતાશ્રીના પગલે-પગલે આજે આ કામ ડૉ. કનુભાઈ સાહેબ કરી રહ્યા છે. તેમની આ ઉમદા સેવાભાવના માટે તેમના પ્રતિ વંદન સહ આભારની લાગણી વ્યકત કરું છું.

સર્વ વિદ્યાલયની સાથે જ તેનું અભિન્ન અંગ 'ગૌશાળા' છે. સર્વ વિદ્યાલયના વહીવટની સાથે જ ગૌશાળામાં ગાયોના ઉછેર, ખાણ-દાણ અને તેના સંચાલનમાં પણ તેઓ રસ લેતા રહ્યા હતા. તેમની લાગણીને હૈયે ધરીને કડીમાંથી ઘણા ઉદ્યોગપતિઓ અને વહેપારીઓ ગાયો માટે ખોળ મોકલી આપતા અને આજે પણ મોકલી આપે છે. ગૌશાળાને આત્મનિર્ભર બનાવવા માટે તેમણે જ તિથિદાનની યોજના અમલમાં મૂકી હતી. આ યોજનાના કારણે ગૌશાળાને સારું એવું દાન મળવું શરૂ થયું હતું. ખાસ તો તેમની જ પ્રેરણાથી અમદાવાદમાં નિવાસ કરતા તેમના પાડોશી શ્રી મનુભાઈ પટેલે ગૌશાળાની જવાબદારી સંભાળી લીધી હતી. તેમણે અંગત રસ લઈને ગૌશાળાના માટે જીવનપર્યંત કામ કર્યું હતું. આજે આ ગૌશાળાને લગભગ ૯૫ વર્ષ થવા આવ્યાં છે, તેના વિકાસમાં પૂ. ધનાફુઆ અને શ્રી મનુભાઈનું મુખ્ય યોગદાન રહ્યું છે, જેની નોંધ લેતાં તેમના પ્રતિ નતમસ્તક થઈ જવાય છે.

સર્વ વિદ્યાલય માટે તેમણે અને તેમના વકીલ મિત્ર છગનલાલે સાથે મળીને એક નોંધપાત્ર કામ એ કરેલું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી મકાન યોજના ફંડ પેટે રૂ. ૧૧૧નું દાન મેળવવાનું શરૂ કરતાં આશરે રૂ. ૧૫૦૦૦ જેટલી રકમ એકઠી કરી હતી. જેમાંથી મંડળે સર્વ વિદ્યાલયની પાછળના ભાગે બીજા મકાનના ભોંયતળિયાનું બાંધકામ કર્યું હતું અને **'મને સાંભરે રે'** એ શીર્ષક હેઠળ સદર યોજના હેઠળ જેમનું દાન અને ફોટા મળ્યા હતા તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આલબમ તા. ૨૯-૪-૧૯૭૦ના રોજ પ્રસિદ્ધ કર્યું હતું. આ સાથે જ નોંધ લેવી રહી કે પૂ. દાસકાકાનો સન્માન સમારોહ યોજવામાં, તેમજ 'શ્રી પુરુષોત્તમ પટેલ (દાસકાકા) સન્માન ગ્રંથ' (૧૯૭૮)ના પ્રકાશન ઉપરાંત તેમનું જીવનચરિત્ર અને પૂ. છગનભાનું જીવનચરિત્ર તૈયાર કરાવવામાં તેમની પ્રેરણા રહી હતી. આ ઉપરાંત વિદેશ ભણવા માટે જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી સહાય યોજના પણ તેમણે શરૂ કરી હતી.

સર્વ વિદ્યાલય અને ગૌશાળાની સેવાકીય પ્રવૃત્તિઓની સાથે રાજકારણમાં પણ તેટલા જ સક્રિય રહ્યા હતા. વકીલાતની કારકિર્દીના પ્રારંભ પૂર્વે શાળા-કૉલેજના અભ્યાસ દરમિયાન સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ તેમની સામેલગીરી રહી હતી, જે સંબંધી તેમણે

'આત્મવૃત્ત'માં વિગતે નોંધ કરી છે. રાજકીય કારકિર્દીનો પ્રારંભ કૉંગ્રેસ પક્ષમાં જોડાઈને કર્યો. રાજકીય ક્ષેત્રે પૂ. દાસકાકા તેમના ગુરુ હતા. પૂ. દાસકાકાની સાથે તેમણે પણ કૉંગ્રેસ પક્ષ છોડ્યો હતો. સ્વતંત્ર પક્ષના ઉમેદવાર તરીકે કડી વિધાનસભાની ટિકિટ ઉપર ચૂંટણી પણ લડ્યા હતા. આ બંને પક્ષોમાં તેમણે ભારે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી હોવા છતાં કોઈની સાથે મનભેદ રાખતા ન હતા. સૌ સાથે હળીમળીને રહેતા. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું તેમના હૈયામાં ખળખળ વહેતું રહ્યું હતું. રાજકીય રીતે તેમનું આગવું પ્રદાન એ કે મિત્રો સામે ચૂંટણી લડવા છતાં મિત્રતામાં કોઈ જ ફેર નહીં. ઊલટાનું ગાઢ મિત્રતામાં સંબંધ કેળવતા. આ સંબંધી વાતો ડૉ. કનુભાઈ પાસેથી જાણવા મળી ત્યારે તેમની ઉદારતા અને ભાઈચારાની ભાવનાનો મને પરિચય થયેલો, પરિણામે સમાજમાં તેમના બોલનો વિશ્વાસ પડતો. લોકો તેમની વાત સ્વીકારી લેતા. વકીલ તરીકે પણ ધનવાન થવાની ભાવનાનો સદંતર ત્યાગ કરીને પોતાના અસીલ અને પ્રતિવાદીને કેસની વિગતો અને સંભવિત પરિણામ જણાવીને સમાધાન કરાવી લેવા સમજાવતા રહ્યા હતા. તેમની આવી ઉમદા કાર્યપ્રણાલીના કારણે લોકજીવનમાં તેમનું વિશેષ માન-સન્માન રહ્યું હતું.

પૂ. મોહનભાઈ સાહેબ લિખિત 'પ્રજ્ઞાદીપ છગનભા' અને આપણી સંસ્થાનો ઇતિહાસ વાંચતાં અને તેનાં પરિશિષ્ટો ઉપર દૃષ્ટિપાત કરતાં આપણે જોઈ શકીએ છીએ કે પૂ. ધનાફુઆએ આ સંસ્થાના સ્થાપનાકાળથી આજદિન સુધીના વખતોવખતના સેવકો પૈકી તેમણે મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅનશ્રી તરીકે કુલ ૫૧ વર્ષ સુધી સૌથી લાંબા સમય સુધી સેવાઓ આપી છે. તેમની સેવાભાવનાની વંદના કરતાં વિનમ્રભાવે નોંધું છું કે તેમનું સૌમ્ય અને ઉમદા વ્યક્તિત્વ, તેમજ તેમની પ્રેરણાદાયી વાતો અને કામગીરી જીવનમાં ઘણુંબધું કરવાની પ્રેરણા પૂરી પાડી રહેલ છે. આજે આપણી વચ્ચે તેઓશ્રી સદેહે નથી, પરંતુ તેમનાં કાર્યો સ્વરૂપે આપણી વચ્ચે અને આપણી સાથે જ છે.

સમાપન કરતાં નોંધવું રહ્યું કે પૂજ્ય ધનાભાઈસાહેબ એક વકીલ તરીકે અને સાચા લોકસેવક તરીકે જનજનનાં હૈયામાં વસી ગયા હતા. સર્વ વિદ્યાલય પ્રત્યેની તેમની આસ્થા અને કર્તવ્યભાવના અસાધારણ રહી હતી. સંસ્થા સંચાલન માટે અપેક્ષિત નાણાભંડોળ સમાજમાંથી સરળતાથી મેળવી આપીને સંસ્થાને આર્થિક રીતે પગભર કરવામાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. અને આ સાથે જ છાત્રાલયનાં વિદ્યાર્થીઓને સાંધ્યપ્રાર્થના ટાણે પ્રસંગોપાત્ત રામાયણ, મહાભારત અને ગીતાનું રસપાન કરાવતા રહી તેમનાં સંસ્કાર ઘડતરમાં પણ ફાળો આપતા રહ્યા હતા.

**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૮૨૫૦૩૬૨૩૬

❑

# કર્મનિષ્ઠ સમાજસેવક : કેળવણીના ભેખધારી

■ ડૉ. મણિભાઈ એસ. પટેલ

કડી તાલુકાના ગણેશપુરા ગામના વતની ધનાભાઈ હરગોવિંદદાસ પટેલનો જન્મ ૨૮-૧૦-૧૯૨૧ના રોજ થયો હતો. તેમના ભાઈઓમાં શિવાભાઈ, વિઠ્ઠલભાઈ અને રમણભાઈ. ધનાભાઈ પટેલને ત્રણ પુત્રો : ડૉ. કનુભાઈ, વિજયભાઈ અને ઘનશ્યામભાઈ. તેમની ત્રણ દીકરીઓમાં લીલાબેન, પ્રભાબેન અને તારાબેન. ડૉ. કનુભાઈનાં માતુશ્રી મંગળાબેનની તબિયત બરાબર નહોતી રહેતી, જેથી સાંજના સમયે હવાફેર માટે એસ. વી. કૅમ્પસમાં જવાનું રાખતાં. ડૉ. કનુભાઈનાં લગ્ન તા. ૨૪-૪-૧૯૬૬ના રોજ થયાં હતાં. મંગળાબેન નાદુરસ્ત તબિયતને કારણે તા. ૩-૨-૧૯૬૭ના રોજ દેવલોક પામ્યાં હતાં. આ સંજોગોમાં સવિતાબેનની વ્યવસાયિક તેમજ સામાજિક જવાબદારીઓ ખૂબ જ વધી ગઈ હતી. તેમની જવાબદારીઓમાં એ સમયે લીલાબેન તેમજ પ્રભાબેનનો સહયોગ ઉપયોગી થયો હતો.

ધનાભાઈએ પ્રાથમિક શિક્ષણ કૈયલમાં લીધું હતું. ત્યાર બાદ ધો. ૧૧ સુધીનું માધ્યમિક શિક્ષણ કડીની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અને તેના છાત્રાલયમાં રહીને લીધું હતું. પછી કાયદાનો અભ્યાસ કરી વકીલાતની લાયકાત મેળવી. ૧૯૪૭થી કડીની કૉર્ટમાં વકીલાત શરૂ કરી હતી. અદના અને સફળ વકીલ. વકીલવર્તુળમાં સૌના પ્રિય. શક્ય હોય ત્યાં સુધી કૉર્ટની બહાર જ સમાધાન કરાવતા. જેથી બંને પક્ષમાં પ્રિય થતા. કડી કૉર્ટમાં અને તેમના વર્તુળમાં અને પછીથી કડીના સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં તેઓ ધનાભાઈ વકીલ તરીકે ઓળખાયા. તેમના વર્તુળમાં જશભાઈ વકીલ, કાંતિભાઈ પરીખ, છગનભાઈ રામલાલ પટેલ (છ. રા. પટેલ) અને છગનભાઈ કાળીદાસ પટેલ કલોલવાળા (છ. કા. પટેલ) વગેરે. ધનાભાઈ વકીલ અને છ. રા. પટેલ સાંજના સમયે કૉર્ટના સમય બાદ એસ. વી. કૅમ્પસમાં ફરતાં-ફરતાં દાસકાકાને મળવા માટે જતા. દાસકાકા કિશોરકુંજમાં સાંજના હાજર જ હોય. દાસકાકા સાથે સંસ્થાના વિકાસની તેમજ અન્ય ચર્ચાઓ કરતા. આ વખતે કલોલના વકીલ છ. કા. પટેલ હાજર હોય જ... ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. ખેડૂત આંદોલન, કપાસ બિયારણની લડત, ગૌશાળા પ્રવૃત્તિ, કડીના પટેલભુવનના નિર્માણની પ્રવૃત્તિ વગેરેમાં અગ્રેસર. રાજકીય વ્યક્તિ ખરા, પણ સિદ્ધાંતો સાથે ક્યારેય બાંધછોડ નહીં. સમાજસુધારક તરીકેની ભૂમિકા નોંધપાત્ર રહી છે. બાળલગ્નો ના થવાં

જોઈએ. કન્યાઓ શિક્ષણ મેળવે તેના હિમાયતી. સમાજ સામે પોતાના આ વિચારો પ્રસંગોપાત્ત રજૂ કરતા.

મહાગુજરાત ચળવળ વખતે તેમણે સમગ્ર કડી તાલુકાને જાગ્રત કરવાનું કાર્ય કર્યું હતું. જાહેરજીવનમાં પણ સક્રિય. ૧૯૪૮માં કડી તાલુકા કૉંગ્રેસના મંત્રી તરીકે ચૂંટાયા. કડી નગરપાલિકામાં પણ સરકાર નિયુક્ત સભ્ય થયા. મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડના સરકારી સભ્ય તરીકે પ્રશસ્ય કામગીરી કરી હતી.

વ્યવસાયે વકીલ હોવા છતાં મહાત્મા ગાંધીની જેમ સત્યના ઉપાસક. કામમાં ચીવટ તથા પ્રત્યેક કાર્યમાં ઝીણવટપૂર્વકની ચકાસણી જેવા અનન્ય ગુણો હતા. ધનાભાઈના વિચારો સદાય સમાજસેવા અને શિક્ષણના પરિણામે જે છાત્રાલયમાં રહી અભ્યાસ કરેલ તે સર્વ વિદ્યાલય સંસ્થાના અદના કાર્યકર બની રહ્યા હતા. સંસ્થાના આધારસ્તંભસમાન પૂજ્ય દાસકાકા, પૂજ્ય રામચંદ્રભાઈ, પૂજ્ય અમૃતભાઈ, રતિલાલ મગનભાઈ પટેલ, નટવરલાલ એ. પટેલ, ડૉ. રામભાઈ એમ. પટેલ, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, ભાઈલાલભાઈ જી. પટેલ, માણેકલાલ માધવલાલ પટેલ તથા અન્ય કાર્યકરો સાથે રહી સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપતા રહ્યા હતા.

કડી મુખ્ય મથક જેથી આજુબાજુના ગ્રામવિસ્તારના લોકોને કડીમાં રાત્રિ-રોકાણની જરૂર પડતી. તેમની આ મુશ્કેલીનો ઉકેલ એટલે 'પટેલભુવન.' જ્યાં લોકો વાજબી ચાર્જથી રાત્રિ-રોકાણ કરી શકે છે. પટેલભુવનના વિકાસમાં ધનાભાઈ વકીલને શંકરદાસ, જોઈતારામ, બાપુદાસ, મગનલાલ, અંબાલાલ, અર્જુનસિંહ અને ખોડાભાઈ વગેરેનો સહકાર મળતો. આજે પટેલભુવન અનેક સુવિધાઓથી ભરપૂર છે.

મંડળ દ્વારા ગુજરાત ગૌશાળાનું સંચાલન યોગ્ય રીતે કરવામાં આવે છે. જ્યાં પશુપાલન અને ખેતી કરવામાં આવે છે. ખેતીમાં સવિશેષ પશુપાલન-ગાય માટે ઘાસચારો ઉગાડવામાં આવે છે. જે આદુંદરા ગામની પાસે રોડની પડખે ઘટાદાર આમ્રવૃક્ષોથી ગૌશાળા રળિયામણી લાગે છે. અહીં ગાયોનું જતન અને સંવર્ધન કરવામાં આવે છે. સંસ્થાની ગૌશાળા આર્થિક રીતે સંકડામણમાં હોય ત્યારે લોકફાળો તેમજ ખોળ મેળવી ગાયોનું જતન થાય છે. ધનાભાઈ પોતે ગૌશાળાની મુલાકાત લઈ કાર્યકરોને યોગ્ય માર્ગદર્શન આપતા. દૂધ અને ખેતપેદાશોનું ઉત્પાદન વધે એ માટે સૂચનો પણ કરતા. તેમણે ગૌશાળા માટે તિથિદાનની યોજના શરૂ કરી ગૌશાળાની મૂલ્યવાન સેવા કરી છે. આજે આ ગૌશાળાનું સંચાલન ધનાભાઈની પ્રેરણાથી પ્રારંભમાં કાંઝના વતની અને અમદાવાદમાં રહેતા શ્રી મનુભાઈ એ. પટેલે અને તેમના સ્વર્ગવાસ બાદ શ્રી જગદીશભાઈ ઉત્તમ રીતે કરી રહ્યા છે.

ધનાભાઈ, વકીલ તો હતા જ પણ સાથોસાથ સરદાર પટેલની જેમ ઈશ્વર અને ગીતામાં પૂર્ણ વિશ્વાસ ધરાવનાર અદના વ્યક્તિ હતા. સંસ્થામાં તેમના કાર્યકાળ દરમિયાન 'પૂજ્ય છગનભા' અને 'દાસકાકા'નું જીવનચરિત્ર પ્રગટ કરવાનો યશ તેમના ફાળે જાય છે. જે વિદ્યાર્થીઓ આ સંસ્થામાં શિક્ષણ મેળવી વધુ અભ્યાસ અર્થે ઉચ્ચ

શિક્ષણ માટે પરદેશ જવા ઇચ્છતા હતા તેવા આર્થિક જરૂરિયાતવાળાઓ માટે 'વિદ્યાર્થી સહાયક મંડળી' સ્થાપવામાં તેઓ અગ્રેસર હતા. 'છગનભા સ્મારકનિધિ'ની સ્થાપના માટે પણ તેઓ પ્રેરણાદાયી બન્યા હતા.

ધનાભાઈ વકીલ જ્યારે સંસ્થાના મંત્રી હતા તે સમયે તા. ૧-૨-૩ મે, ૧૯૭૦ના દિવસોમાં કડી સર્વ વિદ્યાલય કૅમ્પસમાં વિવિધ કાર્યક્રમો સાથે અભૂતપૂર્વ રીતે સુવર્ણજયંતી અને પરિવાર સંમેલન યોજાયેલ. સંસ્થાના કાર્યકરો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની વિશાળ હાજરીમાં સંસ્થાના વિકાસ માટે આ પર્વ મહત્ત્વનું બની રહ્યું હતું. સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૪ના બે દિવસો દરમિયાન દબદબાભેર અમૃત મહોત્સવ ઊજવાયો. અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષસ્થાને ધનાભાઈ પટેલ હતા. આ પ્રસંગે તેમણે સંસ્થાવિકાસનાં લક્ષ્યો, અમૃત મહોત્સવ ફાળો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ તરફથી મળેલા અભૂતપૂર્વ સહકાર વગેરેની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે યુવાન ઉદ્યોગપતિઓ, રાજકીય વ્યક્તિઓ, દાતાઓ, સંસ્થાના સૌ કાર્યકરો, પદાધિકારીઓ અને આજુબાજુનાં ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો આવ્યા હતા. સ્વભાવે શાંત, મૃદુ, સરળ અને નિખાલસ એવા તેમના વ્યક્તિત્વથી સૌ પ્રભાવિત હતાં. સંસ્થામાં ઊજવાતા મહોત્સવોમાં તેમનાં ચીવટ અને વ્યવસ્થાસભર આયોજન મહત્ત્વનાં બની રહેતાં.

તેઓ ગાંધીનગરની સંસ્થા માટે સતત દોડધામ કરી રહ્યા હતા અને બીજાઓને કહેતા : તમે કડીની સંસ્થાઓની જવાબદારી સંભાળો. આમ તેમના માર્ગદર્શન, પ્રેરણા અને હૂંફથી મને સંસ્થામાં કામ કરવા ઉત્સાહિત કર્યો હતો. ધનાભાઈ અમદાવાદ રહીને ગાંધીનગર અને કડી બંને તરફના વિકાસ તરફ સતત થાક્યા વગર કાર્ય કરતા રહ્યા હતા.

સર્વ વિદ્યાલયનો માત્ર કડી અને આજુબાજુના વિદ્યાર્થીઓને જ લાભ મળે, પણ દીર્ઘદૃષ્ટિ ધરાવતા દાસકાકાની તો ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ સર્વ વિદ્યાલયની શૈક્ષણિક સેવાઓ મળે તેવી નેમ. ૭૪ વર્ષની વયે પણ દોડાદોડ. સંસ્થા માટે જમીન મેળવવી, મકાનો બનાવવાં, શરીર અશક્ત... ત્યારે દાસકાકાએ આ ધ્યેયને પૂરું કરવાની જવાબદારી ધનાભાઈ વકીલ અને માણેકલાલ મા. પટેલને સોંપી. સર્વ વિદ્યાલય કડીના કાર્યકર્તાઓએ ગાંધીનગરની શાખાના સંચાલનનો સઘળો ભાર તત્કાલીન ક. પા. કે. ઉત્તેજક મંડળના ઉપપ્રમુખ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી ધનાભાઈ હ. પટેલને ગાંધીનગર શાખાનું ચૅરમૅનપદ આપીને સોંપ્યો. તેમના સહકારમાં સર્વ વિદ્યાલય, કડીના મંત્રીઓ માણેકલાલ મા. પટેલ, કાલિદાસ ઝીણાભાઈ પટેલ (વામજ) અને છગનલાલ કા. પટેલ (કલોલ)ને મૂક્યા.

સર્વ વિદ્યાલયના વિકાસ માટે નાણાભંડોળની ખૂબ જ આવશ્યકતા, તેથી ૧૯૮૨માં ધનાભાઈ વકીલ અને મોહનલાલ પટેલ અમેરિકા ગયા. જ્યાં તેમના ભાણા જયંતીભાઈ પટેલને ત્યાં અને તેમની દીકરી પ્રભાબેનને ત્યાં રોકાણ કરી સંસ્થા માટે ફાળો

મેળવવામાં ખૂબ જ મદદરૂપ બન્યા. ધનાભાઈ વકીલની પણ દાન મેળવવાની કુશળતા તો ખરી જ. તેમની અપીલને ધ્યાને લઈ ભૂ. પૂ. છાત્રો અને સમાજની પરિચિત વ્યક્તિઓએ ઉદારતાથી દાન આપ્યું. પોતે પણ ગાંધીનગરમાં એમ.એડ્. કૉલેજ માટે દાન આપ્યું અને કડી કૅમ્પસમાં માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા માટે તેમનાં દીકરી પ્રભાવતીબેન તરફથી પણ 'પ્રભાવતી ભરતકુમાર પટેલ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા' માટે ઉદારતાથી દાન મળેલ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીમાં ૫૧ વર્ષ સુધી તન, મન, ધનથી સેવાઓ કરી હતી. સંસ્થાએ ધનાભાઈ હ. પટેલનું ગાંધીનગર ખાતે તા. ૬-૪-૨૦૦૩ના રોજ તેમની સંસ્થાભક્તિ અને સંસ્થાવિકાસની પ્રવૃત્તિઓમાં મહત્ત્વના યોગદાન માટે મોટો સન્માન સમારંભ યોજી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે દાતાઓ, કાર્યકરો, ભૂ.પૂ. છાત્રો અને ગણેશપુરા ગામના ગ્રામજનોની વિશાળ હાજરી રહી હતી. તેમનો વતનપ્રેમ, ગ્રામવિકાસનો દૃષ્ટિકોણ, આરોગ્ય અને કેળવણી માટે જરૂર પડ્યે આર્થિક સહયોગના કારણે ગ્રામજનોમાં પ્રિય રહ્યા હતા. તેમના પુત્ર ડૉ. કનુભાઈ આજે પણ પિતાના પગલે, સર્વ વિદ્યાલય સંસ્થા ઉપરાંત, વતનના વિકાસ માટે સેવાઓ આપે છે. ધનાભાઈના સન્માન પ્રસંગે મારી હાજરી હતી. મને પણ પ્રવચનની તક મળી હતી. તેમની સેવાઓનું બહુમાન યોગ્ય સમયે થયું હતું. આ સન્માન માત્ર ધનાભાઈનું નહીં, પરંતુ ગણેશપુરા ગામનું પણ સન્માન છે.

કડીમાં મારું દવાખાનું અને ધનાભાઈનું નિવાસસ્થાન નજીકમાં જ. અમે એક જ શાળા 'સર્વ વિદ્યાલય કડી'માં શિક્ષણ મેળવનાર. અમને પણ સંસ્થાના વિકાસ માટેની હૃદયભાવના. તેમના પુત્ર ડૉ. કનુભાઈ વ્યવસાયે તબીબ. હું પણ તબીબ. સરખા વ્યવસાયને લઈને (ડૉ. કનુભાઈએ ૧૯૭૦માં એમ.બી.બી.એસ. પૂર્ણ કરીને ૧૯૭૧માં અમદાવાદમાં પોતાનું સ્વતંત્ર દવાખાનું શરૂ કર્યું હતું.) તેઓ જ્યારે કડીમાં પિતાજીને મળવા આવતા ત્યારે સાંજના સમયે ડૉ. કનુભાઈ અને ડૉ. રમણભાઈ, મારા દવાખાને મળવા આવતા ત્યારે અમે મેડિકલ સાયન્સ, શિક્ષણ અને સમાજસેવાની ચર્ચાઓ કરતા.

ધનાભાઈ વકીલાત છોડી અમદાવાદ રહેવા ગયા. મારે ધનાભાઈ સાથે નિસબત. તેઓની નાદુરસ્ત તબિયત સમયે હું અને મારા નાના ભાઈ ડૉ. બાબુભાઈ, અમદાવાદ તેમના નિવાસસ્થાને ખબરઅંતર પૂછવા ગયેલા ત્યારે તેમણે મને કહ્યું હતું કે, "મણિભાઈ, હવે માણેકલાલની ઉંમર થઈ છે. તેઓ ગાંધીનગરની સંસ્થા માટે સતત દોડધામ કરી રહ્યા છે. તમે કડીની સંસ્થાની જવાબદારી સંભાળો." આમ તેમનાં માર્ગદર્શન, પ્રેરણા અને હૂંફથી મને સંસ્થામાં કામ કરવા ઉત્સાહિત કરેલ. ધનાભાઈ અમદાવાદ રહીને ગાંધીનગર અને કડી બંને તરફના વિકાસ પર સતત થાક્યા વગર કાર્ય કરતા રહ્યા હતા.

ધનાભાઈએ માણેકલાલની શક્તિઓને જાણી હતી. બી.એ., એલએલ.બી.ની લાયકાત

ધરાવતા આ યુવાનમાં કાર્ય કરવાનો અદમ્ય ઉત્સાહ જોયો હતો. ડૉ. કનુભાઈનું મોસાળ ઊંટવા ગામમાં થાય. તેમના મોટા મામા સ્વ. નારણમામા માણેકલાલને લઈને ધનાભાઈ વકીલના નિવાસસ્થાને કડી નગરપાલિકામાં ચીફ ઑફિસરની જગ્યા માટે ભલામણ કરવા ગયા હતા. ધનાભાઈને જણાયું કે આ યુવાન યોગ્ય લાયકાત અને કાર્ય કરવાની ધગશ ધરાવે છે. શક્તિથી ભરપૂર છે. જ્યાં પણ સેવા આપશે ત્યાં સફળતા પ્રાપ્ત કરશે અને નામ રોશન કરશે. ધનાભાઈ વકીલની હૂંફથી તા. ૧૫-૯-૧૯૫૮ના રોજ ડૉ. માણેકલાલ સી. પટેલની સહીથી કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે તેઓ નિમાયા હતા. ધનાભાઈએ પારખેલ માણેકલાલની શક્તિઓથી કડી અને ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓ સારો વિકાસ પામી છે. જેમાં માણેકલાલનું યોગદાન જોવા મળે છે.

સમગ્ર રીતે જોઈએ તો તેમણે ગણેશપુરાથી ગાંધીનગરની શૈક્ષણિક યાત્રા કરી ગણાય. તા. ૨૮-૧૦-૧૯૨૧થી તા. ૨૨-૧૦-૨૦૦૬ સુધી જીવનભર પારદર્શક રીતે સેવાકાર્યમાં જ જીવન પસાર કર્યું. માણેકલાલની શક્તિઓને બિરદાવી. સંસ્થા સાથે સહકાર્યકર તરીકે કામ કર્યું. ડૉ. કનુભાઈ પટેલનો પરિવાર પિતાના પગલે સંસ્થાની સેવા કરી રહ્યો છે. પૂર્વ ચૅરમૅન માણેકલાલ એમ. પટેલ 'શિક્ષણ એ જ સાચી સેવા' જીવનમંત્ર સાર્થક કરી ગયા છે. તેમના પુત્ર વલ્લભભાઈ માણેકલાલ પટેલે યુવાવયે મંડળની કડી અને ગાંધીનગરની સંસ્થાઓના અવિરત વિકાસ માટે પોતાની શક્તિઓ સંસ્થાના અન્ય પદાધિકારીશ્રીઓ સાથે વિચારવિમર્શ કરીને કામે લગાડી છે. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, વિદ્યાર્થીઓ સુવિધાસભર શૈક્ષણિક કાર્ય કરે તે માટે સગવડોથી ભરપૂર મકાનો, છાત્રાલયો, પુસ્તકાલયો, આધુનિક સાધનોથી સજ્જ કમ્પ્યૂટર પ્રયોગશાળાઓ વગેરે તથા નવી-નવી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી, વિકસાવી રહ્યા છે.

આ સંસ્થાનો – સર્વ વિદ્યાલયનો – વિદ્યાર્થી રહ્યો હોવાથી અને સાથે-સાથે મંત્રીશ્રી તરીકે વર્ષોથી સેવા આપવાના અનુભવને કારણે મને નોંધતાં ગર્વ થાય છે કે આ સંસ્થાને તેના સ્થાપનાકાળથી નિઃસ્વાર્થ સેવાપરાયણ સેવકો મળતા રહ્યા છે, જેને આ સંસ્થાનું સદ્ભાગ્ય લેખું છું. પૂ. છગનભાથી શરૂ કરી આજદિન સુધીના સેવકો સર્વ વિદ્યાલય માટે દિલથી સમર્પિત રહ્યા છે. પૂ. ધનાભાઈનો એક વકીલ તરીકેનો માનવીય અભિગમ, રાજકારણનો જીવ, છતાં રાજકીય કાવાદાવાથી પર વ્યક્તિત્વ, ભક્તિપરાયણ જીવન અને સર્વ વિદ્યાલય તેમજ ગૌશાળા માટેની સમર્પિતતા સદાકાળ સ્મરણીય બની રહેવાની સાથે આપણને સર્વ વિદ્યાલય માટે સમર્પિત બની રહેવા પ્રેરતુ રહેશે તેવી શ્રદ્ધા ધરાવું છું.

ડૉ. મણિભાઈ એસ. પટેલ
મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
ચાર્ટર્ડ મેમ્બર, લાયન્સ ક્લબ ઑફ કડી
મો. ૯૪૨૭૫ ૪૩૬૨૭

❑

# સજ્જનતાની મૂર્તિ અને કર્મયોગી શ્રી ધનાભાઈ સાહેબ

**ડૉ. રમણભાઈ પટેલ**

સમયના પ્રવાહની સાથે વર્ષો વીતતાં ખબર પણ પડતી નથી. ચાણક્ય કહે છે તેમ 'कालो हि दुरतिक्रमः' એટલે કે કાળનું કોઈ અતિક્રમણ કરી શકતું નથી. સર્વ વિદ્યાલયમાં મારી વિદ્યાર્થી અવસ્થામાં જોયેલા યુવાન શ્રી ધનાભાઈ સાહેબની જન્મશતાબ્દી પણ જોતજોતામાં પસાર થઈ ગઈ. તેમને ધોતી, ઝભ્ભો, બંડી અને ટોપીમાં જોયેલા તે પ્રભાવશાળી વ્યક્તિત્વ આજે નજર સમક્ષ સુરેખ પ્રગટ થાય છે. અમે જ્યારે પણ જોતા ત્યારે તેમના પ્રત્યે અહોભાવ પ્રગટ થતો અને આજે તેમનાં લોકસેવાનાં કાર્યોનો વિચાર કરું છું ત્યારે તેમના પ્રતિ આપોઆપ નતમસ્તક થઈ જવાય છે.

તેઓશ્રીનો જન્મ કડી તાલુકાના ગણેશપુરા ગામમાં ધર્મપરાયણ, સંસ્કાર-સંપન્ન ખેડૂત પરિવારમાં થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ કૈયલ ગામમાં લીધું અને ત્યાર બાદ સર્વ વિદ્યાલયમાં અને વિદ્યાર્થી આશ્રમમાં રહીને મૅટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો. કૉલેજનું શિક્ષણ તેઓશ્રીએ કડવા પાટીદાર બૉર્ડિંગ (કેપીભવન)માં રહીને એચ.એલ. કૉમર્સ કૉલેજમાંથી અને ત્યાર બાદ લૉ કૉલેજમાંથી એલએલ.બી. થયા હતા. કૉલેજ શિક્ષણ દરમિયાન સ્વાતંત્ર્યની ચળવળ પુરજોશમાં ચાલતી હતી તેથી ક્વિટ ઇન્ડિયા મૂવમેન્ટમાં લગભગ દોઢેક વર્ષ અભ્યાસ છોડીને ખૂબ જ સક્રિય ભાગ લીધો હતો. સર્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન પણ આઝાદીની ચળવળમાં ભાગ લેતા રહ્યા હતા.

તેમના પરિવારમાં તેમનાં પત્ની પૂજ્ય મંગળાબા તથા સંતાનોમાં ડૉ. કનુભાઈ, વિજયભાઈ તથા ઘનશ્યામભાઈ એમ ત્રણ પુત્રો તથા લીલાબેન, પ્રભાબેન અને તારાબેન એમ ત્રણ પુત્રીઓ હતી. તેમના પુત્ર કનુભાઈ અને અમે સર્વ વિદ્યાલયમાં અને બી. જે. મેડિકલ કૉલેજમાં સહપાઠી હોવાથી ખૂબ સારા મિત્રો હતા અને અત્યારે પણ છીએ. શ્રી ધનાભાઈના બે ભાઈઓ શિવાભાઈ તથા વિઠ્ઠલભાઈની સાથે પણ મારા સારા સંબંધો રહ્યા હતા. તેઓશ્રી અવારનવાર કડીમાં મારા દવાખાને આવતા તેથી તેમને મળવાનું થતું. પૂજ્ય મંગળાબાની તબિયત સારી રહેતી ન હતી. તેમને શ્વાસની બીમારી હતી. હું અવારનવાર કનુભાઈને મળવા જતો ત્યારે શ્રી ધનાભાઈને ખૂબ જ ચીવટ તથા લાગણીથી પૂ. મંગળાબાની સેવા કરતાં મેં જોયા હતા એનું સ્મરણ મારા માનસપટલ ઉપર તાજું જ છે.

પૂજ્ય મંગળાબા બીમારીના લીધે ખૂબ નાની ઉંમરમાં ત્રણ પુત્રો તથા ત્રણ પુત્રીઓનો પરિવાર મૂકીને સને ૧૯૬૭માં અવસાન પામ્યાં હતાં. પૂજ્ય ધનાભાઈએ પોતાના પરિવારનું ખૂબ જ સારી રીતે ધ્યાન રાખીને વકીલાત કરતાં-કરતાં સૌને મોટાં કર્યાં. ડૉ. કનુભાઈ તથા હું લગભગ ૧૯૭૧માં એમ.બી.બી.એસ. થયા. ડૉ. કનુભાઈએ અમદાવાદમાં મીઠાખળીમાં તેમના મામા ડૉ. ચતુરભાઈના દવાખાનામાં પ્રેક્ટિસ ચાલુ કરી હતી અને અમદાવાદમાં વસંતવિહાર સોસાયટીમાં નિવાસ કરવાનું રાખ્યું હતું, જ્યારે મેં ૧૯૭૧માં કડીમાં પ્રેક્ટિસ ચાલુ કરી. મારું દવાખાનું પણ શ્રી ધનાભાઈના નિવાસસ્થાનથી નજીકમાં હોવાથી તેમનાં સૌ પરિવારજનો સાથે મારે ગાઢ સંબંધો રહ્યા છે. ડૉ. કનુભાઈ સાથેની મિત્રતાના હિસાબે સર્વ વિદ્યાલયમાં થોડોઘણો રસ લેતો થયો હતો. તેથી અવારનવાર વસંતવિહાર સોસાયટીમાં તેમની મુલાકાતે જતો. તે સમયે પૂ. ધનાભાઈ સાહેબ તેમની વાતોમાં અથવા સલાહમાં ખૂબ ચીવટપૂર્વક અને સારી રીતે સર્વ વિદ્યાલયનો વિકાસ કેમ થાય તે અંગે માર્ગદર્શન આપતા. સર્વ વિદ્યાલય પ્રતિ તેમનું મમત્વ મને સ્પર્શી ગયું છે.

શ્રી ધનાભાઈ સાહેબ કડીમાં વકીલાત કરતા હતા ત્યારે તેમની સાથે શ્રી પુરુષોત્તમ દાસકાકા, છગનભાઈ રા. પટેલ પણ વકીલાત કરતા હતા. શ્રી ધનાભાઈ દાસકાકાની કાર્યપદ્ધતિ તથા વિચારો સાથે સામ્ય ધરાવતા હતા. શ્રી દાસકાકા પૂજ્ય છગનભાના સમયથી સર્વ વિદ્યાલય સાથે જોડાયેલા હતા. શ્રી ધનાભાઈ પણ તેમની સાથે સર્વ વિદ્યાલયના વહીવટમાં લગભગ ૧૯૫૬થી જોડાયા અને સર્વ વિદ્યાલયના વહીવટમાં મંત્રી, ઉપપ્રમુખ તરીકે અને છેલ્લે સર્વ વિદ્યાલયની ગાંધીનગર શાખાના ચૅરમૅન તરીકે આયખાના અંત સુધી સેવાઓ આપતા રહ્યા હતા. સર્વ વિદ્યાલયના તત્કાલીન સૂત્રધારોમાં શ્રી દાસકાકા, શ્રી છગનભાઈ રા. પટેલ, શ્રી છગનભાઈ કાળીદાસ પટેલ (કલોલવાળા) તથા શ્રી ધનાભાઈ હતા. આ સૌ વ્યવસાયે વકીલ હતા તથા તેઓનો પહેરવેશ ધોતી, ઝભ્ભો, બંડી અને ટોપી હતો તેવું મારા સ્મરણમાં છે. પૂ. છગનભાએ સર્વ વિદ્યાલયરૂપી બીજ વાવીને તેને પલ્લવિત-પુષ્પિત કર્યું, જેને ઘટાદાર વટવૃક્ષ કરવામાં દાસકાકા, ધનાભાઈ, રામચંદ્ર અમીન, પ્રો. સ્વામિનારાયણ, રતિભાઈ, નટુભાઈ ભાણાભાઈ, માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ સાહેબ વગેરેનો અડીખમ પુરુષાર્થ અભિવંદનીય બની રહે છે.

શ્રી દાસકાકાના વિચારોથી પ્રેરિત થઈને ધનાભાઈ સાહેબ કૉંગ્રેસમાં જોડાયા હતા અને કૉંગ્રેસના પ્રદેશ કક્ષાના હોદ્દા સુધી સક્રિય રહ્યા હતા. મને યાદ છે ત્યાં સુધી શ્રી છોટાલાલને કૉંગ્રેસની કડી વિધાનસભાની સીટ જિતાડવામાં શ્રી ધનાભાઈનો ખૂબ મોટો ભાગ હતો. અને તે પણ એવી સ્થિતિમાં કે એ સીટ માટે પોતે હકદાર હોવા છતાં તેમને અવગણીને આ સીટ ફાળવવામાં આવી હતી. એ પછી વિચારોના મતભેદ થવાથી દાસકાકા સાથે કૉંગ્રેસ છોડીને સ્વતંત્ર પક્ષમાં જોડાયા હતા. અને કૉંગ્રેસના શ્રી નટુભાઈ ભાણાભાઈ સામે સ્વતંત્ર પક્ષમાંથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા.

મને એ પણ યાદ છે કે તેઓ છેક સુધી શ્રી નટુભાઈથી આગળ હતા, પરંતુ છેલ્લે તેમનો આશરે ૪૦૦ મતથી પરાજય થયો હતો. ભલે રાજકીય રીતે શ્રી નટુભાઈ ભાણાભાઈની સામે ચૂંટણી લડ્યા હતા, પરંતુ સર્વ વિદ્યાલયના વહીવટમાં આ સૌ ખભેખભો મિલાવીને કામ કરતા રહ્યા હતા. કોઈ જ મનભેદ નહીં, પરસ્પર આદર રાખતા હતા. ૧૯૬૭ની ચૂંટણીમાં કડીની બેઠક અનામત થતાં, આ બેઠક ઉપર સ્વતંત્ર પક્ષ દ્વારા શ્રી પાલાભાઈ પરમારને ઊભા રાખવામાં આવ્યા અને વકીલ ધનાભાઈને તેનું નેતૃત્વ સોંપવામાં આવતાં તેમણે કર્મઠ પુરુષાર્થ થકી પાલાભાઈને ૧૦,૦૦૦ મતોથી જીત અપાવી, આ જીત ધનાભાઈની હતી. ધનાભાઈ સાહેબની આ નિઃસ્વાર્થ સેવા તેમના ઉમદા ચારિત્ર્યની દ્યોતક બની રહે છે. વધુમાં તેમણે ખેડૂત મંડળના પ્રમુખ તરીકે પણ ખેડૂતોના પ્રશ્નોમાં રસ લઈને તેના ઉકેલ માટે ધ્યેયનિષ્ઠ પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત કડી તાલુકા પટેલભુવનના વહીવટમાં પણ સારી સેવાઓ આપી હતી.

શ્રી ધનાભાઈ સાહેબ ૧૯૮૨માં અમેરિકામાં વસતા તેમના સંબંધીઓ તથા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આગ્રહને લઈને આચાર્યશ્રી પૂ. મોહનભાઈ સાહેબ સાથે અમેરિકાના પ્રવાસે સર્વ વિદ્યાલય માટે દાન મેળવવા ગયા હતા. તે સમયે ૩ લાખનું દાન એકત્રિત કરવાનો તેમનો અંદાજ હતો. પરંતુ તેમના સંબંધીઓ તથા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અદમ્ય પ્રતિસાદ મળતાં આશરે રૂ. ૧૨ લાખનું દાન મેળવી લાવ્યા હતા. અમેરિકાથી પરત થયા ત્યારે તેમના સન્માનમાં સર્વ વિદ્યાલયના સંસ્કારભવનમાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે શ્રી ધનાભાઈ સાહેબ પોતાના સન્માનનો પ્રતિભાવ વ્યક્ત કરતી વખતે અમેરિકામાં વસતાં તેમનાં સંબંધીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સર્વ વિદ્યાલય પ્રત્યેનો પ્રેમભાવ તથા આદરભાવ યાદ કરતાં એકદમ ભાવુક થઈ ગયા હતા. હું એ સમારંભમાં હાજર હતો તે ઘટના મને બરાબર યાદ છે.

તેઓશ્રી ખેડૂત પરિવારમાંથી આવતા હોઈ તથા વિદ્યાર્થી આશ્રમમાં રહીને અભ્યાસ કર્યો હોવાથી ગૌશાળા પ્રત્યે ખૂબ જ લાગણીથી જોડાયેલા હતા. કારણ કે ગૌશાળામાંથી વિદ્યાર્થી આશ્રમમાં દૂધ પૂરું પાડવામાં આવતું હતું. તેમણે ગૌશાળાનો વહીવટ હાથમાં લીધો ત્યારે ગૌશાળા ખોટમાં ચાલતી હતી. તેમણે તિથિદાનની યોજના શરૂ કરી. આ અન્વયે જે વ્યક્તિ રૂ. ૧૦૦૦ આપે તેમના નામે અથવા તેમના પરિવારજનોના નામે ગાયોને એક દિવસનું ઘાસ પૂરું પાડવામાં આવતું. અત્યારે પણ આ યોજના ચાલુ છે. ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓને પરદેશ ભણવા જવા માટે તેઓશ્રીએ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીની રચના કરી હતી અને તેમાંથી સહાય મેળવીને ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરીને ખૂબ સારી રીતે સેટ થયા છે. આ સંબંધી ખાસ ગૌરવપ્રદ બાબત એ છે કે જ્યારે જ્યારે સર્વ વિદ્યાલયનું પ્રતિનિધિ મંડળ દાન માટે અમેરિકાની યાત્રાએ જાય છે ત્યારે છૂટાહાથે કરોડો રૂપિયાનાં દાન આપે છે. આપણા સર્વ વિદ્યાલયની આ એક ઉમદા શાખ છે. સર્વ વિદ્યાલયના અમૃત

મહોત્સવની સમિતિના ચૅરમૅન તરીકે તેમણે ખૂબ ચીવટથી સુચારું સંચાલન કરીને એક યાદગાર સ્મૃતિ-પર્વ સર્વ વિદ્યાલયના ઇતિહાસમાં છોડી ગયા છે.

કુટુંબ માટે પોતાની જરૂરિયાતને ધ્યાને લઈ વકીલાતમાંથી નિવૃત્તિ લઈ તેઓશ્રી ડૉ. કનુભાઈ સાથે અમદાવાદ રહેવા ગયા હોવા છતાં ગૌશાળા તથા સર્વ વિદ્યાલયના વહીવટ માટે દર અઠવાડિયે એક દિવસ કડી આવતા. તે સમયે તેઓ એસ.ટી.બસમાં પોતાનું ટિફિન સાથે લઈને આવતા. આ બાબત આપણા સર્વ વિદ્યાલયના સૂત્રધારોના ચારિત્ર્યનું દર્શન કરાવે છે. શ્રી ધનાભાઈએ ઉમદા વકીલ ઉપરાંત સર્વ વિદ્યાલયના કર્ણધાર તરીકે ખૂબ સારી સેવાઓ આપી. તેમણે પ્રારંભમાં શ્રી દાસકાકા સાથે અને ત્યાર બાદ આપણા પૂર્વ ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબ સાથે પણ ખભેખભો મિલાવીને સેવા આપી હતી. આપણા હાલના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પણ અવારનવાર શ્રી ધનાભાઈની સર્વ વિદ્યાલયને આપેલી સેવાઓને સાદર યાદ કરે છે.

શ્રી ધનાભાઈએ પોતાનો સેવા તથા કાર્યપરાયણતાનો વારસો ડૉ. કનુભાઈને આપ્યો છે. ડૉ. કનુભાઈ પણ પિતાથી સવાયા થઈ સર્વ વિદ્યાલયના વહીવટમાં સેવા આપે છે. તથા સર્વ વિદ્યાલયને આર્થિક રીતે સક્ષમ રાખવામાં મોટું યોગદાન આપી રહ્યા છે. સર્વ વિદ્યાલય માટેની તેમની નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા અનન્ય રહી છે. તેમની આ સેવાભાવનાની અભિવંદના કરતાં ગૌરવની લાગણી અનુભવું છું.

શ્રી ધનાભાઈ સાચા અર્થમાં સેવાપરાયણ, સજ્જનતાની મૂર્તિ તથા ગીતાના કર્મયોગને પોતાના જીવનમાં ઉતારીને સર્વ વિદ્યાલયના વ્યાપક સમાજના અને સવિશેષતઃ ખેડૂતોની સેવા માટે પોતાની જાતને ઓગાળીને ખૂબ મોટું યોગદાન આપીને સને ૨૦૦૬માં આ દુનિયામાંથી વિદાય થયા હતા.

તેઓશ્રીને હૃદયપૂર્વક યાદ કરીને નતમસ્તક હૈયે સાદર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**ડૉ. રમણભાઈ જી. પટેલ**
કડી
મો. ૯૮૨૪૭૫૧૦૯૯

❑

# સમાજસેવાના ભેખધારી

**■ ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

મારે અવારનવાર મારા મોટાભાઈ ડૉ. રામભાઈ સાથે સર્વ વિદ્યાલયમાં મિટિંગમાં જવાનું થતું હતું. આ સમયે ધનાભાઈ વકીલની કાર્યપદ્ધતિ, દિલસ્પર્શી વાતો અને તેમના સરળ સ્વભાવનો પ્રત્યક્ષ અનુભવ મને થયો છે. તેમને મેં ક્યારેય ઉગ્ર થતા જોયા નથી. પૂ. દાસકાકાને તેઓશ્રી નિયમિત મળતા રહેતા. દાસકાકા સાથે ખભેખભો મિલાવીને સંસ્થા વિકાસમાં તેમણે ઘણો મોટો ફાળો આપ્યો છે. મારે અહીં ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે તેમણે અંગત રસ લઈને પૂ. દાસકાકાનો સન્માન સમારોહ યોજીને દાસકાકા સન્માન નિધિ પેટે રૂ. ૧૧૧૦૦૦ની રકમ એકઠી કરી હતી. આ રકમમાંથી સન્માન સમારોહ સ્મરણિકાનું ખર્ચ બાદ કરતાં બાકીની રકમ દાસકાકાને અર્પણ કરવામાં આવી હતી. પૂ. દાસકાકાએ આ નિધિ ગાંધીનગર સંસ્થાના વિકાસ માટે સંસ્થાને અર્પણ કરી હતી. તે સમયગાળામાં રામચંદ્ર અમીન, છગનભાઈ રા. પટેલ, છગનભાઈ કાળીદાસ પટેલ, પૂ. મોહનભાઈ સાહેબ, પૂ. મનુભાઈ સાહેબ, માણેકલાલ એમ. પટેલસાહેબ, મારા મોટાભાઈ ડૉ. રામભાઈ પટેલ વગેરેએ સંસ્થા માટે અવિરત પુરુષાર્થ કરીને આજની ગૌરવપ્રદ સ્થિતિએ સંસ્થાને પ્રસ્થાપિત કરી છે.

ગાંધીનગરમાં આપણી સંસ્થાની સ્થાપના તેમજ તેના વિકાસમાં મુખ્ય યોગદાન દાસકાકાને ફાળે જાય છે. તેઓ મહેસાણાથી બસમાં અને ધનાભાઈ વકીલ પણ બસમાં ગાંધીનગર જતા, દાસકાકાના અવસાન બાદ માણેકલાલ સાહેબ અને ધનાભાઈ વકીલની જવાબદારીઓ વધી ગઈ હતી, જે તેમણે કર્મઠ બનીને સંપન્ન કરી છે. સંસ્થાનો વહીવટ કરકસર સાથે કરતા રહ્યા હતા. કોઈ ખોટો ખર્ચ ન થાય તેની ખાસ કાળજી રાખતા. આપણી સંસ્થાનું અહોભાગ્ય છે કે આવા સેવાભાવી વડીલો સંસ્થાનું નેતૃત્વ સંભાળીને પૂ. છગન ભાનાં સ્વપ્નો સાકાર કરી રહ્યાં છે. પૂ. ધનાભાઈ સાહેબને વિદ્યાર્થીઓને મળતા રહેવાનું ગમતું, તેથી સાંજની પ્રાર્થના સમયે વિદ્યાર્થીઓ સાથેની ગોષ્ઠિમાં ગીતા, રામાયણ વગેરે ગ્રંથોનો પરિચય કરાવી સારી શીખ આપતા હતા. તેઓશ્રી વિદ્યાર્થીઓને મળતા રહેતા હોવાથી તેમની આર્થિક મુશ્કેલીઓથી વાકેફ થતાં તેમણે વિદેશ જવા ઇચ્છુક વિદ્યાર્થીઓને મદદરૂપ નીવડવા ‘વિદ્યાર્થી સહાયક મંડળી’ની સ્થાપના કરતાં ઘણા વિદ્યાર્થીઓ આ યોજનાના લાભાર્થી બન્યા હતા. મારે કહેવું રહ્યું કે આવો સારો વિચાર સંતપ્રકૃતિના અને પરોપકારીવૃત્તિ ધરાવતા ધનાભાઈ

સાહેબને જ આવે.

ગૌશાળામાં તિથિદાનના પ્રણેતા ધનાભાઈ સાહેબ હતા. તેમની સેવાભાવી પ્રકૃતિના કારણે ઘાસ તેમજ ખોળ મળતો રહેતો હતો. તેમનો ધ્યેય આશ્રમના વિદ્યાર્થીઓને ચોખ્ખું દૂધ તેમજ સાત્ત્વિક ભોજન મળે તેવો હોઈ, તે માટે અવારનવાર છાત્રાલયમાં રૂબરૂ જઈ જરૂરી સૂચનો કરતા રહેતા. તેમની તબિયત નાદુરસ્ત રહેતાં, તેમણે કાંઝના વતની અને અમદાવાદમાં રહેતા મનુભાઈ પટેલને ગૌશાળાની કામગીરી સંભાળવા સમજાવતાં તેમણે ગૌશાળામાં આજીવન ભારે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી. આ ગૌશાળાના વિકાસમાં મનુભાઈ પટેલનું ઘણું મોટું યોગદાન રહ્યું છે.

ધનાભાઈ સાહેબ સમાજસેવાની જુદી-જુદી સંસ્થાઓમાં અગ્રેસર રહી તેના સુચારુ સંચાલન માટે દોરવણી આપવાની સાથે સેવાકીય પ્રવૃત્તિઓમાં પોતાની ફરજ સ્વીકારીને ભાગ લેતા રહ્યા હતા. ગ્રામ્યવિસ્તારોના માણસોને કડીમાં રાત્રિ રોકાણની સગવડ મળે તે માટે તાલુકાના અગ્રણી વ્યક્તિઓના સહકારથી 'પટેલભુવન' ઊભું કરવામાં તેમનો સહયોગ રહ્યો હતો. તેમણે 'પટેલભુવન'માં વર્ષ ૧૯૬૩-૧૯૬૮ સુધી મંત્રીશ્રી તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત ખેડૂતોની સેવા કરવી એ તેમનો જીવનમંત્ર બની ગયો હતો. તેમણે વકીલ તરીકે ધનિક થવાની વૃત્તિનો ત્યાગ કરીને વકીલ તરીકે બંને પક્ષોને સમજાવીને સમાધાન કરાવી લેતા, તેના પરિણામે ગામડાઓના કજિયા-કંકાસને ઉકેલીને શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ જાળવવા માટે તેઓશ્રી હરહંમેશ યાદ રહેશે. ધાર્મિક ગ્રંથોના વાંચન અને આચરણના કારણે તેમનું વ્યક્તિત્વ સંત સમાન રહ્યું હતું.

તેઓશ્રીએ રાજકારણમાં સક્રિય ભાગ લેતાં કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. કૉંગ્રેસમાંથી આસ્થા ઊઠી જતાં સ્વતંત્ર પક્ષની ટિકિટ ઉપર ચૂંટણી લડેલા. ચૂંટણીમાં કોઈ ગેરરીતિ ન થાય તેમજ કોઈ કડવાશ પેદા ન થાય તેના ખાસ હિમાયતી બની રહ્યા હતા. ગાંધીવિચારસરણીથી તેઓશ્રી પ્રભાવિત હતા. ગાંધીજીની ક્વિટ ઇંડિયા હાકલ સમયે કૉલેજ અભ્યાસનો ત્યાગ કરીને તેમાં ભાગ લેતાં દોઢેક વર્ષ સુધી કૉલેજમાં ગયા ન હતા.

સંસ્થાના અમૃત મહોત્સવની ઉજવણી તેમના અધ્યક્ષપદે ૧૯૮૪ના ફેબ્રુઆરી માસમાં કરવામાં આવી હતી. આ મહોત્સવમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી તેમજ અન્ય અગ્રણીઓને સાદર નિમંત્રિત કરીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો, દાતાશ્રીઓ વગેરેના સાંનિધ્યમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગનો હું સાક્ષી રહ્યો છું.

સંસ્થાના વિકાસ માટે આર્થિક ભંડોળની જરૂરિયાત ઊભી થઈ ત્યારે શ્રી ધનાભાઈ સાહેબ, મોહનભાઈ સાહેબને સાથે લઈને અમેરિકાના પ્રવાસે ગયા હતા. મોહનભાઈ સાહેબના ઘણા વિદ્યાર્થીઓ અમેરિકામાં ધંધાર્થે સ્થાયી થયા છે. વકીલ ધનાભાઈ સાહેબનો તેમના સમાજમાં ખૂબ જ પ્રભાવ હતો, જેના કારણે ભૂતપૂર્વ

વિદ્યાર્થીઓ તેમજ પોતાના સમાજના સ્નેહીજનો તરફથી તેઓ મોટો ફાળો મેળવી લાવ્યા હતા. ધનાભાઈ સાહેબનું આ પ્રદાન સદાય સ્મરણીય બની રહેશે. આજે આ કામ તેમના સુપુત્ર ડૉ. કનુભાઈ કરી રહ્યા છે. આ દૃષ્ટિએ સર્વ વિદ્યાલય પરિવાર આ પિતા-પુત્રની જોડીનો ઋણી છે.

એક ગર્વપૂર્ણ ઘટના એ કે વકીલ ધનાભાઈ સાહેબનું આપણી સંસ્થાના વિકાસમાં ખૂબ જ મોટું યોગદાન હોવાથી તારીખ ૬/૪/૨૦૦૩ના રોજ તેમના જાહેર સન્માન સમારંભનું આયોજન તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની નિશ્રામાં ગાંધીનગરમાં સ્થિત શેઠશ્રી ખીમજી વિશ્રામ હૉલમાં કરવામાં આવ્યું હતું. આ સમયે તેમણે કહેલું કે મેં તો ફક્ત ફરજ નિભાવી છે. મને આપ સૌનો સહકાર સતત મળતો રહ્યો એટલે કામ કરી શક્યો. મારા આ સન્માન માટે આપ સૌનો આભારી છું.

ધનાભાઈ વકીલને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ : ડૉ. કનુભાઈ, વિનુભાઈ અને ઘનશ્યામભાઈ અને લીલાબેન, પ્રભાવતીબેન અને તારાબેન. આ પરિવારમાં ડૉ. કનુભાઈનાં પત્ની શ્રીમતી સવિતાબેને પોતાના પરિવારની સામાજિક જવાબદારીઓ નિભાવવામાં ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે અને આજદિન સુધી આપતાં રહ્યાં છે. સાહેબના સુપુત્ર ડૉ. કનુભાઈ, ડૉ. રમણભાઈ અને હું સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં સહ અભ્યાસી હતા. બી. જે. મેડિકલ કૉલેજમાં પણ અમે સાથે જ અભ્યાસ પૂર્ણ કરેલો. ડૉ. કનુભાઈ સંસ્થાના વિકાસ માટે રાત-દિવસ અવિરત કામકાજ કરી રહ્યા છે. તેમના મૃદુ સ્વભાવને લીધે આર્થિક દાન સરળતાથી મેળવી શકે છે. તેમની યાદશક્તિ ગજબની છે. કોના તરફથી કેટલું દાન અને કઈ સંસ્થા પર કોનું નામકરણ તે તેમના હૈયે અને હોઠે હોય છે. તેમના વિચારો અને સૂચનો વિકાસલક્ષી હોય છે. તેમના પરિવાર તરફથી મંડળને ઉદાર હાથે આર્થિક સહયોગ મળતો રહ્યો છે.

શ્રી વલ્લભભાઈ સંસ્થા માટે સતત કામ કરી રહ્યા છે. તેમને પણ ડૉ. કનુભાઈ, શ્રી મનુભાઈ સાહેબ, પ્રો. વિઠ્ઠલભાઈ સાહેબ તેમજ અન્ય હોદ્દેદારો તરફથી સહયોગ મળતો રહે છે. પૂ. છગનભાનો જીવનમંત્ર **'કર ભલા હોગા ભલા'** અને માણેકલાલ સાહેબનો **'શિક્ષણ એ જ સાચી સેવા'** જીવનમંત્રને સાર્થક કરવા ભગવાન આપણને શક્તિ આપે અને વકીલ ધનાભાઈ સાહેબની શતાબ્દી વંદના નિમિત્તે તેમના કાર્યને હંમેશ યાદ રાખીને તેમની જીવનશૈલી આપણા આચાર-વિચારમાં ઉતારીને સંસ્થાના હિતમાં સંસ્થાની સેવા કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ.

ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
મંત્રી, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
મો. ૮૩૨૦૬૧૪૦૬૫

❑

# સાલસ અને મળતાવડા સ્વભાવના સ્વ. ધનાકાકા

■ લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ પટેલ

પૂ. ધનાકાકાનું વતન કડી તાલુકાનું ગણેશપુરા ગામ, જ્યાં તેમનો જન્મ તા. ૨૮/૧૦/૧૯૨૧ના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ હરગોવિંદદાસ પટેલ અને માતાનું નામ શ્રીમતી રામબાઈ. પોતાના વતનમાં તત્કાલીન સમયે પ્રાથમિક શાળા ન હોવાથી બાજુના ગામ કૈયલમાં કેટલાંક વર્ષ અભ્યાસ કર્યા પછી સર્વ વિદ્યાલય, કડીમાં પ્રવેશ મેળવીને મૅટ્રિક સુધીનો અભ્યાસ અહીંથી કર્યો. ત્યાર બાદ અમદાવાદની એચ. એલ કૉમર્સ કૉલેજમાં અને બાદમાં લૉ કૉલેજમાં અભ્યાસ કરીને એલએલ.બી. થયા હતા. અભ્યાસ દરમિયાન રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. વકીલાતની સનદ મેળવ્યા બાદ કડીને કર્મભૂમિ બનાવી. તેઓશ્રી કડીમાં અમારા મહોલ્લા સાબવાના માઢની પાછળના મહોલ્લામાં ઘર રાખીને રહેતા હતા. વકીલાતની વ્યવસાયિક કારકિર્દીની સાથે જ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિઓમાં વિશેષ રસ લેતા હતા. અન્ય વકીલમિત્રો સાથે સર્વ વિદ્યાલયની પ્રસંગોપાત્ત મુલાકાત પણ લેતા હતા. વિદ્યાર્થીઓના બૌદ્ધિક અને ચારિત્ર્યઘડતર માટે છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને સાંધ્ય પ્રાર્થના સમયે પ્રસંગોપાત્ત ઉદ્‌બોધનો કરતા તેમજ રાષ્ટ્રની ગતિવિધિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરતા રહેતા. તેમણે સર્વ વિદ્યાલયના સંચાલક મંડળમાં મંત્રી, ઉપપ્રમુખ તથા ચૅરમૅન તરીકે લાંબા સમય સુધી જીવંતપર્યંત સેવાઓ આપી હતી.

સ્વ. ધનાકાકા સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહેવાની સાથે રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા હતા. મારા પિતાશ્રી ડૉ. માણેકલાલ છગનલાલ પટેલે કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. આ સમયગાળામાં વકીલ ધનાકાકાએ આ સમિતિના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. આ બંને વચ્ચે ભારે ઉષ્માસભર સંબંધો જળવાઈ રહ્યા હતા. એકબીજાના ઘેર પ્રસંગોપાત્ત આવવા-જવાનું રહેતું. તેમની મુલાકાતો દરમિયાન પૂ. ધનાકાકાની સેવાભાવના અને સૌમ્ય પ્રકૃતિ મને સ્પર્શી ગઈ હતી. અમારા બંને પરિવારો વચ્ચે આજદિન સુધી ગાઢ સંબંધ જળવાઈ રહ્યો છે. મારે તેમના પુત્રો ડૉ. કનુભાઈ અને ઘનશ્યામભાઈ તથા પુત્રી પ્રભાવતીબહેન સાથે મળવાનું થતું રહેતું. આજે પણ મારે ડૉ. કનુભાઈ સાથે સ્નેહભર સંબંધ છે. ૧૯૬૨માં ચીન સામેના યુદ્ધમાં રાષ્ટ્રહિતથી પ્રેરાઈને ધનાકાકાએ અને કડીના અન્ય અગ્રણીઓએ ફંડફાળો એકઠો કરવાનું મહત્ત્વપૂર્ણ

કાર્ય કર્યું હતું. મને યાદ છે કે તે વખતે મારાં માતુશ્રી ચંચળબહેને પોતાના હાથમાં પહેરેલી સોનાની બંગડીઓ ફાળામાં આપી દીધી હતી. આ સમયે ધનાકાકાએ મારી માતુશ્રીને બંગડીઓના સ્થાને રોકડ અથવા અન્ય ચીજવસ્તુ આપવા સમજાવેલાં, છતાં મારાં માતુશ્રી રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને પોતાની બંગડીઓ જ આપવાનાં આગ્રહી બની રહેતાં, ધનાકાકાએ તે સ્વીકારવી પડી હતી.

કૉંગ્રેસ પક્ષ સાથે મતભેદ થતાં તેમણે પૂ. દાસકાકાની સાથે કૉંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપી દીધું હતું. ત્યાર બાદ તેઓશ્રીએ સ્વતંત્ર પક્ષમાં જોડાઈને સ્વતંત્ર પક્ષના મહેસાણા જિલ્લાના પ્રમુખ તરીકે પ્રશસ્ય સેવાઓ આપી હતી. કડીની વિધાનસભા બેઠક ઉપર નટુભાઈ ભાણાભાઈ કૉંગ્રેસ તરફથી અને પોતે સ્વતંત્ર પક્ષમાંથી ચૂંટણી લડ્યા હોવા છતાં બંને વચ્ચે ભાઈચારાપૂર્ણ સંબંધો રહ્યા હતા. સર્વ વિદ્યાલયના કામકાજમાં રાજકારણ કોઈ આડે લાવતું ન હતું. પૂજ્ય ધનાકાકા સાચા અર્થમાં સેવાભાવી વકીલ હતા. ખેડૂતોની સમસ્યાઓના નિવારણ અર્થે હંમેશાં તેમની પડખે ઊભા રહેતા. પરિણામે ખેડૂતોના લાડીલા નેતા તરીકે લોકહૃદયમાં સ્થાન પામ્યા હતા. આ ઉપરાંત વકીલ તરીકે તેમણે વધુ કેસો મેળવવામાં કે સંપત્તિ એકઠી કરવાના મોહથી વેંત છેટું અંતર રાખીને અસીલોને કૉર્ટ-કચેરીના ખર્ચમાંથી બચવા બંને પક્ષો વચ્ચે બંનેને સ્વીકાર્ય એવું સમાધાન કરાવતા રહ્યા હતા. તેમણે અનેક પરિવારોને કે ગામ્યપ્રજાના કલહને શાંત કરીને ભાઈચારાનું સમરસતાપૂર્ણ વાતાવરણ ઊભું કર્યું હતું. સમાજને તૂટતો રોકવાનું તેમનું આ કાર્ય સ્મરણીય બની રહ્યું છે. તેઓશ્રી સાચા અર્થમાં સમાજહિતચિંતક બની રહ્યા હતા.

વર્ષ ૧૯૬૭માં પૂજ્ય મંગળાકાકીના અવસાન બાદ થોડાંક વર્ષો પછી તેઓશ્રી કડીથી અમદાવાદ પોતાના મોટા પુત્ર ડૉ. કનુભાઈની સાથે રહેવા ગયા હતા. અમદાવાદમાં નિવાસ કરતા હોવા છતાં સર્વ વિદ્યાલય સાથે જીવનપર્યંત જોડાયેલા રહ્યા હતા. પોતાના ઘેરથી ટિફિન લઈને બસમાં મુસાફરી કરીને સર્વ વિદ્યાલયમાં આવવાનું ચાલુ રાખીને પોતાની ફરજો અદા કરતા રહ્યા હતા. આપણી ગૌશાળાના વિકાસમાં રસ લઈ તિથિદાનની યોજના અમલીકૃત કરતાં ગૌશાળાને આર્થિક રીતે પગભર કરવામાં તેમનો યશસ્વી ફાળો રહ્યો છે. તેમની જ પ્રેરણાથી ગૌશાળાનું કામ શ્રી મનુભાઈ પટેલે ખંતથી જિંદગીભર સંભાળ્યું હતું. આ ઉપરાંત સર્વ વિદ્યાલય માટે આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ સાથે અમેરિકાની દાનયાત્રા કરીને પોતાનાં સંબંધીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ઘણું દાન લઈ આવ્યા હતા.

આપણા માટે ગર્વ લેવા જેવી બાબત એ છે કે પિતાના પગલે-પગલે તેમના પુત્ર ડૉ. કનુભાઈ પટેલ પણ પોતાની ધીકતી ડૉક્ટરી પ્રેક્ટિસ છોડીને સંપૂર્ણ સંસ્થામય બનીને સ્વ. ધનાકાકાની ખોટ સાલવા દેતા નથી. ડૉ. કનુભાઈ પોતાના પિતાનો સંસ્કાર વારસો પ્રજ્વલિત કરી રહ્યા છો. ડૉ. કનુભાઈની સાથે જ તેમનાં બહેન પ્રભાબહેન અને તારાબહેન પણ આપણી સંસ્થાને મોટો આર્થિક સહયોગ પૂરો પાડતાં રહે છે.

સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે મારે એક વાત ગર્વપૂર્વક કહેવી રહી કે ભારતીય લશ્કરમાં જોડાયા બાદ વર્ષ ૧૯૭૮માં મને લેફ્ટનન્ટ કર્નલ તરીકે પ્રમોશન મળ્યું હતું, ત્યારે પૂજ્ય ધનાકાકાએ મારો જાહેર અભિવાદન સમારોહ યોજીને મને સન્માનિત કર્યો હતો. તેમની આ દૂરંદેશિતાને હું વંદન કરું છું.

સંસ્થાની પ્રગતિમાં સ્વ. પૂ. ધનાકાકા, સ્વ. પૂ. દાસકાકા, સ્વ. રામચંન્દ્ર અમીન, સ્વ. પૂ. માણેકલાલ પટેલસાહેબ, સ્વ. પૂ. નરસિંહભાઈ કે. પટેલ વગેરેનો સંસ્થા વિકાસમાં મોટો ફાળો રહ્યો છે. પૂ. ધનાકાકા સાલસ અને મળતાવડા સ્વભાવના હતા. તેમણે સંસ્થામાં આપેલ સેવાઓ અકલ્પનીય છે. સંસ્થાના સંસ્કારઘડતરમાં, સમરસતાપૂર્ણ વાતાવરણ કેળવવામાં અને જાળવવામાં તેઓશ્રી સદાય સ્મરણીય બની રહેશે. તેમનો સ્વર્ગવાસ તા. ૨૨ નવેમ્બર, ૨૦૦૬ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમની જીવનશૈલી અને વિચારધારા ‘સર્વ વિદ્યાલય’ને પ્રગતિને પંથે દોરતી રહેશે એવો આશાવાદ સેવું છું.

**લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ પટેલ**
૨૦૩/બી, સત્યમ સ્કાયલાઇન એપાર્ટમેન્ટ,
ટોરેન્ટ પાવર ઑફિસની સામે, સોલા રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
મો. ૯૭૨૭૩૭૬૦૮૨

❑

નણદી, મચ્છર શો આવડો ? પૂંઠેથી બાઈ, શું બડબડો ?
સુખી પિતા હશે જે તણો, તેની દીકરીને લાભ જ ઘણો.
કોનો પિતા લખેશરી કહાવે, તે તો મારે શો ખપ આવે ?
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર.
તમો મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો !’

- *પ્રેમાનંદ*

સૌજન્ય : રમણલાલ સોની કૃત
‘પિતા - પહેલા ગુરુ’ પૃ. 79

# સર્વ વિદ્યાલયના સંત

**કિરીટકુમાર રામભાઈ પટેલ**

મારા પિતાશ્રી ડૉ. રામભાઈ પટેલે કડીમાં ડૉક્ટરી પ્રેક્ટિસનો પ્રારંભ ૧૯૬૭-૧૯૬૮માં કર્યો હતો. મેં સર્વ વિદ્યાલયમાં ધોરણ-૫થી ૧૧ (મૅટ્રિક) સુધી અભ્યાસ કર્યો અને ત્યાર બાદ અમદાવાદની સાયન્સ કૉલેજમાં અને તે પછી નડિયાદની ડી.ડી. આઈ.ટી.માં B.E. (Chemical)માં પ્રવેશ મેળવી ૧૯૮૨માં ડિગ્રી મેળવ્યા બાદ ધંધામાં વ્યસ્ત થઈ ગયો. હૃદયની નિખાલસતા સાથે નોંધું છું કે સર્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન પૂ. ધનાભાઈ સાહેબ વિશેનું કોઈ અંગત સંસ્મરણ નથી. હા, તેટલું જરૂર કહીશ કે તેઓશ્રી પ્રસંગોપાત્ત સર્વ વિદ્યાલયમાં આવતા રહેતા હતા, કોઈ સમારોહમાં તેમને જોયા પણ હશે, પરંતુ આ પછી લાંબા સમયગાળા બાદ તેમની નાદુરસ્ત તબિયતના સમાચાર લેવા માટે મારા પિતાશ્રી સાથે પ્રસંગોપાત્ત તેમના અમદાવાદના નિવાસસ્થાને જવાનું થતું રહ્યું હતું. આ મુલાકાતો દરમિયાન ખાસ તો મારા પિતાશ્રી સાથે અને ક્યાંક-ક્યાંક મારી સાથે થતી વાતોથી તેમનાથી પરિચિત થયો છું. માત્ર પરિચિત જ નહીં, પરંતુ એક સંતપુરુષના વ્યક્તિત્વની સોડમથી પ્રભાવિત પણ થયો છું. હું 'માનવી માનવ થાઉં' એવો જ તેમનો ભાવ નીતરતો જોયો છે.

અમે તેમને મળવા જઈએ ત્યારે પ્રારંભિક વાતચીત બાદ સર્વ વિદ્યાલય સંબંધી તેમની જ પૃચ્છાઓ રહેતી. સર્વ વિદ્યાલયની રજેરજની જાણકારી મેળવવા તેઓ સદા આતુર જોવા મળ્યા છે. સર્વ વિદ્યાલયને તેઓશ્રી નિઃસ્વાર્થભાવે સમર્પિત બની રહ્યા હોવાથી આયખાના અંતિમ દિવસોમાં પણ સર્વ વિદ્યાલયની ચિંતા અને ચિંતન કરતા રહ્યા હતા. આમ છતાં તેમનામાં ક્યાંય 'હું' કે 'મેં'નો શબ્દ કે ભાવ મેં અનુભવ્યો નથી. તેઓશ્રી હંમેશાં તેના ભાવિ વિકાસ માટે આપણે આમ કરવું જોઈએ તેવું સૂચન નહીં, પરંતુ વિનમ્રતાથી સમજાવતા. તેઓશ્રી ગીતાપાઠ કરવા ટેવાયેલા રહ્યા હોઈ મને પણ 'ગીતાપાઠ' કરવાની શીખ આપતાં કહેતા કે ગીતાનો ધ્રુવમંત્ર **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन्'**ને હૈયે ધરીને પોતાનું કર્મ/ફરજ અદા કરતા રહેવું જોઈએ. માણસના ઉદ્ધારની ચાવી આ મંત્રમાં છે. મારા પિતાના કારણે અમારો પરિવાર સ્વામિનારાયણી, છતાં મને તેમની શીખના કારણે ગીતાનું વાંચન કરવું ગમતું.

સર્વ વિદ્યાલય અને તેના સ્થાપક પૂજ્ય છગનભા, સંવર્ધક પૂજ્ય માણેકલાલ સાહેબ વગેરે વિશે વાતોનો દોર નીકળે ત્યારે મારા પિતાશ્રી, પૂ. ધનાભાઈ સાહેબ વિશે ઘણી વાતો કહેતા કે તેઓ રાજકારણનો જીવ, છતાં સામેના પક્ષના વ્યક્તિ સાથે પણ પૂરો સદ્ભાવ જાળવી રાખતા. રાજકારણના કાવાદાવા તેમને પસંદ ન

પડતાં રાજકારણને સદંતર તિલાંજલિ આપી દીધી હતી. રાજકારણ છોડ્યા પછી સર્વ વિદ્યાલય અને સમાજસેવા તેમનાં પ્રવૃત્તિક્ષેત્રો રહ્યાં હતાં. સમાજમાં તેમની મોટી પ્રતિષ્ઠા-માન-સન્માનના કારણે સર્વ વિદ્યાલય માટે અમેરિકામાંથી અને આપણા સમાજમાંથી સહજતાથી દાન મેળવી લાવતા રહ્યા હતા.

પૂજ્ય ધનાભાઈ સાહેબે મને ગીતા વાંચવાની શીખ આપી ત્યારે ગીતા વાંચતાં નીચેના બે શ્લોકોમાં મને પૂ. ધનાભાઈ સાહેબ દેખાતા રહ્યા છે :

**समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकान्चनः ।**
**तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ।।**
**मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रोरिपक्षयोः ।**
**सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ।। (१४. २४-२५)**

(અર્થાત્ જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથરા તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાન ભાવ રાખે છે, જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને વેરી પક્ષમાં પણ સમ છે, તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે.)

પૂ. ધનાભાઈ સાહેબ સાચા અર્થમાં આવા ગુણોથી સંપન્ન સંત હતા. સર્વ વિદ્યાલયરૂપી સરોવરમાં તેની સ્થાપનાના આદર્શોને મૂર્તિમંત કરતા પૂર્ણરૂપેણ ખિલેલા કમળ સમાન હતા. ઈશ્વરને પ્રાર્થું કે વિદ્યાધામ સર્વ વિદ્યાલય સદાકાળ નવનવોન્મેષશાલિની પ્રતિભાઓથી હર્યુંભર્યું રહી તેની સુવાસ ચોમેર પ્રસરાવતું રહે.

પૂજ્ય ધનાભાઈ સાહેબ સંસ્થા સાથે મમત્વભાવથી જોડાયેલા રહી જીવનપર્યંત સેવાઓ આપતા રહ્યા હતા. સંસ્થામાં મંત્રીથી ચેરમૅન સુધીના કાર્યકાળ દરમિયાન તેમણે આપેલી સેવાઓ સદાકાળ સ્મરણીય બની રહેશે, પરંતુ મારી દૃષ્ટિએ તેમણે સેવાની આ જ્યોત ચાલુ રાખવા સ્વ. માણેકલાલ સાહેબ વગેરેની વિનંતીને સ્વીકારીને પોતાના પુત્ર ડૉક્ટર કનુભાઈ સાહેબને સંસ્થા માટે સમર્પિત થવાની પ્રેરણા આપી. ડૉક્ટર તરીકે દવાખાનામાં પોતાની પ્રત્યક્ષ હાજરી અનિવાર્ય હોવા છતાં પિતાની આજ્ઞાનું પાલન કરવા સંસ્થા કાજે ક્રમશઃ પોતાની પ્રેક્ટિસ ઘટાડતા ગયા અને પિતાના પગલે-પગલે તન-મન-ધનથી સંસ્થામય બની ગયા છે. સાચા અર્થમાં તેઓશ્રી સંસ્થાનો એક ચહેરો બની ગયા છે. સરદારભાઈ અને ડૉ. કનુભાઈની સંસ્થા માટેની અહર્નિશ ક્રિયાશીલતા આપણને તેમના પ્રતિ સ્વતઃ વંદન કરવા પ્રેરે છે. ડૉ. કનુભાઈની તબિયત નાદુરસ્ત રહેવા છતાં સંસ્થાના વિકાસ અને ભાવિ માટે સતત ચિંતનશીલ રહે છે. તેમની પ્રસંગોપાત્તની મુલાકાતોમાં સંસ્થા પ્રત્યેનાં ઉમદાભાવનાં મેં તેમનામાં દર્શન કર્યાં છે. ડૉ. કનુભાઈ સાહેબ સાચે જ આપણી સંસ્થાનું એક ગૌરવ શિખર છે.

કિરીટકુમાર રામભાઈ પટેલ
મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
મો. ૯૮૨૫૦૩૧૬૯૨

❑

# સર્વ વિદ્યાલયને સમર્પિત સેવક

■ ડૉ. મયંક પટેલ

બસ એમ જ ધનાભાઈ સાહેબ મને ગમતા. એમને મળવાનું, એમની સાથે વાર્તાલાપ કરવાનું તો બહુ પાછળથી બનેલું, પણ શરૂઆત – દૂરથી એમની દેહાકૃતિ જોવાથી થયેલી. સંસ્થાના કૅમ્પસમાં એ આવેલા હોય અને બે-ત્રણ સાથીદારો સાથે કશોક વિચારવિમર્શ કરતા-કરતા જતાં કે આવતા હોય ત્યારે દૂરથી એમને હું જોતો, જોઈ રહેતો. એ વખતે તો એમનો મને કોઈ પરિચય નહીં. સંસ્થાના મુખ્ય માણસોમાંના તેઓ એક છે એટલી ખબર છતાં કોણ જાણે કેમ એ સારા માણસ હોવા જોઈએ એમ મને લાગ્યા કરતું. ઉંમરમાં તો એ મારાથી ઘણા મોટા. અમારી આયુ વચ્ચે ખાસ્સો પચીસ-ત્રીસ વર્ષનો ગાળો એટલે મારા માટે તો એ વડીલ. તેઓ સર્વ વિદ્યાલય સંસ્થા સાથે સંકળાઈને કાર્યરત થયા ત્યારે તો હું શાળાના વર્ગમાં બેસીને વિદ્યા પ્રાપ્ત કરતો વિદ્યાર્થી માત્ર, પણ જ્યારે એ સંસ્થાની મુલાકાતે આવતા (મોટા ભાગે રવિવારે) ત્યારે, આગળ નિર્દેશ કર્યો તેમ, એમને નિહાળવાનું બનતું, એમની ઝાંખી થતી. અમે, કૅમ્પસનાં ક્વાટર્સમાં રહેતાં બાળકો, રજાના દિવસે જ્યારે મેદાનમાં કે આછી અવરજવરવાળા રસ્તા ઉપર રમતાં હોઈએ ત્યારે પ્રસંગોપાત્ત એમનું દર્શન થતું. ચાર-પાંચ મહાનુભાવોને સર્વ વિદ્યાલયના ચોગાનમાં કે વિદ્યાર્થી આશ્રમના પ્રાંગણમાં ઊભા-ઊભા ચર્ચા કરતા જોતા ત્યારે પાસે ઊભેલું કોઈ કહેતું : પેલા ચશ્માંવાળા, બંડી પહેરેલા સાહેબ છે ને, એ ધનાભાઈ! પ્રારંભે એમ દૂરથી હું ધનાભાઈ સાહેબને ઓળખતો થયો, પછી ક્યારેક નજીકથી પણ એમને નીરખ્યા. ગોરો વાન, સૌમ્ય ચહેરો, જરાક ઝીણી શી આંખો, કાળી કે ઘેરી બદામી રંગની ફ્રેમવાળાં ચશ્માં, ધીમી મંથર ચાલ. શ્વેત ઝભ્ભો અને શ્વેત ધોતિયું એ એમનો પોશાક. વળી, ઝભ્ભા ઉપર બદામી કે કાળી બંડી તો ખરી જ. એ સિવાય બીજા કોઈ પોશાકમાં એમને જોયાનું યાદ નથી હા, કાળક્રમે મારા પિતાશ્રી (સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી મોહનલાલ પટેલ) સાથે એમના અમેરિકાના પ્રવાસો દરમિયાન ફોટાઓમાં એમને શૂટમાં સજ્જ જોયા. કોઈ ગોષ્ઠિ, કોઈ પ્રત્યક્ષ મુલાકાત વિના પણ કોઈ વ્યક્તિ અભિભૂત કરે, પ્રભાવિત કરે એવું ઓછું બને પણ ધનાભાઈ સાહેબ બાબતે મારી સાથે એવું બન્યું હતું અને એમનું વ્યક્તિત્વ જાણે કે આકર્ષી ગયું હતું. વળી, તેમાં બીજી એક વાતે મારા મનમાં તેમના પ્રત્યે અહોભાવ પણ પ્રગટ્યો. વાત એમ હતી કે ક્યાંકથી

મેં જાણેલું કે ધનાભાઈ વ્યવસાયે વકીલ છે. મને મારી એ કિશોરવયે આશ્ચર્યયુક્ત પ્રશ્ન થયેલો કે ધોતિયું, ઝભ્ભો પહેરેલો માણસ તે વકીલ હોય? (ફિલ્મોમાં તો કૉર્ટમાં વકીલ કે જજસાહેબ કાળા ગાઉન નીચે પેન્ટ અને કોટ પહેરેલા દેખાતા!). આ વાત પણ, એમના માટે મારા મનમાં માનની લાગણી ઊપજાવી રહી. કડીમાં મારા શાળાકીય અને વિજ્ઞાનકૉલેજનાં બે વર્ષ સુધીના અભ્યાસ દરમિયાન મારો ધનાભાઈ સાહેબ સાથેનો એવો અપ્રત્યક્ષ પરિચય રહ્યો. મારા માનસ ઉપર એમની એક ઉમદા સજ્જન હોવાથી ઊંડી છાપ પડી ચૂકી હતી.

પછી તો તબીબી શિક્ષણ અર્થે મારે કડી છોડી અમદાવાદ આવવાનું થયું. બી. જે. મેડિકલ કૉલેજ (સંલગ્ન સિવિલ હૉસ્પિટલ)માંથી એમ. ડી. થયા પછી ત્યાં જ અધ્યાપન અને બાદમાં પ્રાઇવેટ પ્રેક્ટિસનાં વર્ષો શરૂ થયાં. તે દરમિયાન જ ધનાભાઈ સાહેબના સુપુત્ર ડૉ. કનુભાઈ સાથે ઓળખાણ થઈ. પરિચય અને મૈત્રી વધ્યાં. ઘરોબો થયો. એમની સાથે ઘનિષ્ઠતા વધતાં એકબીજાના ઘરે પણ આવવા-જવાનું શરૂ થયું. એવે કાળે, વર્ષો બાદ, ધનાભાઈ સાહેબ સાથે પ્રત્યક્ષ થવાનું અને મુખોમુખ વાતચીત કરવાનું બન્યું. એ સિલસિલો પછી તો કાયમ રહ્યો. હું અને મારાં પત્ની સીમા એમના ઘરમાં પ્રવેશીએ ત્યારે સાહેબ સદાય પ્રસન્નતાથી, ઉમંગથી અમને આવકારે એમની મધુર વાણીથી અમારાં ખબરઅંતર પૂછે. પિતાશ્રીની તબિયતની પણ પૃચ્છા કરે. માતુશ્રી અને બહેનોને પણ ઓળખે. સ્નેહાળ વડીલની જેમ એમનેય યાદ કરે. તબીબી ક્ષેત્ર વિશે પણ સાંપ્રત જાણકારી મેળવે, પૂછતાછ કરે. મારી પ્રેક્ટિસ સારી ચાલે છે તે જાણીને સંતોષ વ્યક્ત કરે. શિક્ષણની પણ વાતો હોય. સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમ વિશે પણ ઘણું બોલે, કહે, ભાવુક થઈ જાય. અહેસાસ થાય કે સાહેબ સંસ્થા માટે સંપૂર્ણ સમર્પિત છે. પિતાશ્રી સાથે કરેલા અમેરિકાના પ્રવાસોનાં સંસ્મરણો વાગોળે. ક્યારેક વળી મને, અને ડૉ. કનુભાઈને સલાહસૂચન પણ આપતા રહે. પોતીકા માણસ લાગે. સંસ્થાના મોટા હોદ્દેદાર છે તેવો ભાર કદીએ ન વર્તાવા દે. એમના ઘરની એ મુલાકાતો મારે માટે મીઠાં સંભારણાં બની રહી છે. તેઓ હવે તો વિદ્યમાન નથી પણ એમનું મધમીઠું મુખડું હજીયે નજર સામે તરવરે છે.

આવું લાગણીસભર, પ્રેમાળ, હેતાળ માણસ મારી પ્રિય વ્યક્તિ બની રહે એમાં નવાઈ શી?

**ડૉ. મયંક પટેલ,**
૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ રોડ, ભાવનિર્ઝર પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
મો. ૯૮૯૮૨૨૦૦૩૬

❑

# જવાંમર્દ ખેડૂતનેતા, સમાજસેવક અને જ્ઞાનયોગી

■ ડૉ. મંગુભાઈ પટેલ

મેઘો ખાંગો થયો છે. મુશળધાર વરસાદે જળબંબાકાર કરી મૂક્યું છે. રાત્રિના ૧૧ વાગે ઉમેદભાના ખોરડામાં ફાનસના ઝીણા અજવાળામાં દાદા-દાદી અને પૌત્રના ચહેરા દેખાઈ રહ્યા છે. ગણેશપુરા ગામમાં ફાનસ આ ઘરે પહેલ-વહેલું આવેલું છે. દાદી બોલ્યાં, "હવે તમે સૂઈ જાઓ. અડધી રાત થવા આવી." દાદા બોલ્યા, "મારાથી કેમ સુવાય. હું રહ્યો ગામનો પટેલ. આપણાથી ન સુવાય. આ વરસાદમાં કોઈનું ખોરડું પડી જાય. કોઈની ભેંસ દટાઈ જાય. કોઈનાં છાપરાં ઊડી જાય. કોઈ અણધારી આફત આવી જાય તો તેમનું કોણ ?" તેમને માત્ર જ્ઞાતિની નહીં, આખા ગામની ચિંતા હતી. આ શબ્દોના શ્રવણથી સાત વર્ષના પૌત્રને જાણે કે સમાજસેવાનો દીક્ષામંત્ર મળ્યો તે પૌત્ર બીજું કોઈ નહીં, પણ વકીલ શ્રી ધનાકાકાના નામે જાણીતા સમાજસેવક, શિક્ષણપ્રેમી અને જવાંમર્દ ખેડૂતનેતા.

મારી વિદ્યાર્થી અવસ્થામાં તેમને કડીની કૉર્ટમાં ધારદાર કપડાં પહેરી જતાં જોયા છે. અક્કડ અને ખુમારી ભરેલી તેમની ચાલ. શરીરસૌષ્ઠવ કોઈ કુસ્તીબાજની યાદ આપતું.

શ્રી પુરુષોત્તમ પટેલ (દાસકાકા) અને શ્રી રામચંદ્ર અમીન જેવા વકીલો સાથે બેસી કાયદામાં નિષ્ણાત બન્યા. નેતાગીરીના ગુણો ખીલ્યા. કડીની સર્વ વિદ્યાલય સંસ્થા સાથે જોડાયા. આજે પણ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંસ્થાના ઉપપ્રમુખ છે. ગૌશાળાના વિકાસમાં પણ તેમનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે.

સ્વાતંત્ર્યસંગ્રામના રંગે રંગાયેલા તેઓ કડવા પાટીદાર બૉર્ડિંગ અમદાવાદમાંથી ગુપ્ત પત્રિકાઓ પહોંચાડવાનું કામ કરતા. કૉંગ્રેસના ચુસ્ત હિમાયતી. તેમ છતાં ખેડૂતોના, બિયારણના, સંકર ચાર કપાસના વાવેતર અને મહાગુજરાતના પ્રશ્ને તેમણે સરકાર અને કૉંગ્રેસ સામે બાથ ભીડી હતી.

તેમનું વાંચન ખૂબ જ બહોળું અને વિવિધપૂર્ણ રહેલું છે. દાસકાકા દ્વારા પ્રગટ થતા 'ખેડૂત', 'રાષ્ટ્ર ધર્મ' અને 'સહકાર'માં તેમજ 'સર્વપ્રિય સુવર્ણજયંતી'ના અંકોમાં તેમના લેખો મનનીય અને ક્રાંતિકારી જોવા મળે છે.

કડી તાલુકો અને મહેસાણા જિલ્લો તેમનું કાર્યક્ષેત્ર હતું. કડી પ્રાંત ખેડૂતમંડળ, મહેસાણા જિલ્લા ખેડૂતમંડળની રચનામાં તેમજ તેનું બંધારણ ઘડવામાં તેમનો ફાળો

મહત્ત્વનો હતો. તેઓ પોતાના ગામનો વિકાસ ક્યારેય ભૂલ્યા નહોતા. આજે ગણેશપુરાનો જે વિકાસ થયો છે તે તેમના પરિવારને આભારી છે તેમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

રાજકારણમાં 'મોટાઓનાં મન' રાજી કરવા માટે ક્યારેક ઝેરના ઘૂંટડા પણ તેમને પીવા પડ્યા છે. તેઓ 'દાસકાકા'ના ભક્ત હતા. દાસકાકાએ તેમને કોઈ દિવસ રાજકીય લાભ અપાવ્યો નથી, પણ તેમની ખુમારી અને પ્રામાણિકતા પર વકીલશ્રી વારી ગયા હતા.

વકીલશ્રી ધનાકાકા પર આવેલા પત્રોનો અભ્યાસ કરીએ તો તેમના કાર્યક્ષેત્રનાં આદર્શો, મૂલ્યો અને પ્રમાણિકતાનાં દર્શન થાય છે.

સૌ પ્રથમ પ્રો. રંગા અને ગાંધીજી વચ્ચે ખેડૂતસંગઠન સ્થાપવાની બાબતે ચર્ચાઓ થયેલી. સરદાર સાથે પણ ચર્ચા થતી ત્યારે તેઓ કહેતા કે, ''કૉંગ્રેસમાં ખેડૂતો સભ્ય થઈ જાઓ એટલે કૉંગ્રેસ ખેડૂતોની સાથે જ છે. અલગ સંગઠન કરવાની જરૂર નથી.'' શ્રી ધનાકાકા એક વખતે પ્રો. રંગાને લઈ ઉત્તર ગુજરાતનાં ગામડાંઓનું દર્શન કરવા લઈ ગયા. પ્રો. રંગાએ કહ્યું, ''દરેક પાટીદારનું ઘર કંસારાની દુકાન જેવું લાગે છે.'' શ્રી રાજાજી, પ્રો. રંગા, શ્રી સુમન મહેતા, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, શ્રી મસાણી, શ્રી દાદુભાઈ અમીન, શ્રી ભાઈકાકા, શ્રી પુરુષોત્તમદાસ, શ્રી પોપટભાઈ, શ્રી સાંકળચંદકાકા, શ્રી મોરારજી દેસાઈ, શ્રી ઠાકોરભાઈ દેસાઈ વગેરેના પત્રો શ્રી ધનાકાકા પર આવતા. તેનો અભ્યાસ કરીએ તો તેમના વ્યક્તિત્વનો ખ્યાલ આવે. તેઓ સાચા અર્થમાં ખેડૂતોના હમદર્દી, સમાજસેવી હતા તેનાં દર્શન થાય છે.

પાટીદાર જ્ઞાતિમાં પણ સુધારાના ક્ષેત્રે તેમનું પ્રદાન નોંધપાત્ર છે. તેઓ ગ્રીષ્મ શિબિરો ચલાવતા અને સૌ પ્રથમ 'ધરતી' માસિક શરૂ કરવાનો વિચાર તેમને આવેલો.

કોઈ કારણસર શ્રી દાસકાકાને કડી છોડવું પડ્યું. દાસકાકાના ભક્ત ધનાભાઈ દાસકાકા સાથે ગાંધીનગરની પ્રવૃત્તિમાં જોડાયા. આજે જે સર્વ વિદ્યાલય કડી ગાંધીનગર સંકુલ વિકસ્યું તેના શ્રી પુરુષોત્તમદાસ દાસકાકા પ્રમુખ હતા અને શ્રી ધનાભાઈ મંત્રી હતા. સાથે વામજના શ્રી અંબાલાલ પણ તેમની સેવાઓ આપતા હતા. શ્રી દાસકાકાના અવસાન બાદ તેઓ ગાંધીનગર સંકુલના ચૅરમૅન થયા હતા. આજે તેમના પુત્ર ડૉ. કનુભાઈ મંત્રી તરીકેની નોંધપાત્ર સેવાઓ આપી રહ્યા છે.

શ્રી ધનાભાઈની દાન માગવાની રીતભાત લગભગ 'છગનભા'ને મળતી આવે છે. તેમનું ઘડતર કડીના આશ્રમે કર્યું. પછી આ સંસ્કાર આવે જ. સંસ્થાનો આર્થિક બોજ હળવો કરવા માટે કડીના આચાર્ય શ્રી મોહનલાલ અને શ્રી ધનાભાઈ વિદેશ પ્રવાસ કરી આવ્યા ને દાન લઈ આવ્યા. તેમના પગલે ચાલી શ્રી માણેકલાલ, શ્રી મોહનલાલ, શ્રી નરસિંહભાઈ અને ડૉ. શ્રી કનુભાઈ વિદેશ પ્રવાસે ગયા, ત્યાંથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ માતૃઋણ ચૂકવવા માટે સાડા પાંચ કરોડનું ભંડોળ એકત્ર કરી દીધું.

શ્રી ધનાભાઈની હડફેટે ચડ્યા તો ગૌશાળા તિથિદાન કે તક્તીદાન કે બીજું દાણ તમારે આપે જ છૂટકો! આ છે તેમનો માતૃસંસ્થા તરફનો પ્રેમ.

ધર્મપત્નીના અવસાન બાદ તેમણે તેમની પ્રવૃત્તિઓમાં ઓટ આવવા દીધી નથી. પરિવારને તેમણે માતૃવાત્સલ્ય અને પિતૃવાત્સલ્યનો પ્રેમ આપ્યો.

મનુસ્મૃતિ-ગીતાના વાંચનને આત્મસાત કર્યું છે. આખા ભારતમાં એક જ ધર્મ સ્થપાય. મનુસ્મૃતિ અને ગીતાબોધ નવી રીતે સમાજને પ્રાપ્ત થાય તે માટે તેઓ ઝંખી રહ્યા છે. ૮૧ વર્ષે આજે પણ મક્કમ મને ચીવટ સાથે પોતાના કાર્યમાં રચ્યાપચ્યા રહે છે. તેમનો આખો પરિવાર સમાજસેવાની વૃત્તિ ધરાવે છે.

ડૉ. મંગુભાઈ પટેલ

❑

*'હું મારા પિતા પાસેથી જે શીખ્યો છું તે તમને કહું છું. હું અમેરિકાથી ભણીને આવ્યો ત્યારે પિતાએ મને ધંધામાં પલોટતી વખતે ચાર બોલ કહ્યા હતા :*

૧. *નિષ્ફળતાની વાત કરનારને દાદ દેવી નહિ, એનું સાંભળવું જ નહિ.*

૨. *દૃઢ નિશ્ચય અને શ્રદ્ધાથી કામ કરવું, એમાં અવઢવને સ્થાન આપવું નહિ.*

૩. *જાતને કોઈ કાળે તુચ્છ ગણવી નહિ, આ હું નહિ કરી શકું એવું કદી મનમાં આણવું નહિ.*

૪. *એક વાર કર્તવ્યકર્મ નક્કી થયું, પછી તે ગમે એટલું અઘરું કે અશક્ય લાગતું હોય તો પણ તેમાંથી પીછેહઠ કરવી નહિ, એને વળગી જ રહેવું. પછી જોજો, તમારા હાથે અશક્ય પણ શક્ય બની જશે.*

*આટલું કહી શ્રી મુકેશે કહ્યું : 'મારા પિતાએ મને આ ભાથું બંધાવ્યું હતું – તેણે મારું જીવન ઝળાંહળાં કરી નાખ્યું. તમારું પણ તેમ થાઓ !'*

- મુકેશ અંબાણી

સૌજન્ય : રમણલાલ સોની કૃત
'પિતા - પહેલા ગુરુ' પૃ. 162

# કર્મયોગી સ્વ. ધનાભાઈ વકીલ

■ કાન્તિભાઈ ના. પટેલ

"।। कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।।"

સન ૧૯૪૮ના જૂનની ૧૦મી તારીખે શાળાનું વૅકેશન પૂરું થતાં અમારા ગામના અમે ત્રણ મિત્રોએ પગપાળા માથે પેટીઓ લઈ એ પુણ્યભૂમિ પર પ્રથમ પગલાં પાડ્યાં. એ નવીન વાતાવરણમાં અમોને નવીન મિત્રોનો પરિચય થયો. આખરે અમને સ્ટેજ પાસેની રૂમ નંબર-૩ ફાળવવામાં આવી. હૈયામાં હરખ અને નવીન જાણવાની તલપમાં અમારો પ્રથમ દિવસ આનંદથી પસાર થયો.

સાંજે પ્રાર્થના બાદ કલ્યાણભાઈ તથા અંબાલાલ સાહેબે આશ્રમમાં આચરણ અંગેની તમામેતમામ સૂચનાઓ આપી દીધી. ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓ અમારા ગૃહપતિ હતા. બીજે દિવસે શાળા શરૂ થતાં મધ્યસ્થ હૉલમાં આચાર્ય નાથાભાઈ સાહેબે સર્વને અભિવાદન સહિત નૂતન સત્રના આશીર્વાદ પાઠવ્યા. તેઓ શિસ્તના અતિ આગ્રહી હતા અને તે અંગેની તમામ સૂચનાઓ પણ તેમણે આપી દીધી. અંતે વાલજીભાઈ સાહેબે શાળાનું પ્રાર્થના ગીત 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે' ગવડાવ્યું અને સભાની પૂર્ણાહુતિ થઈ. સૌ વિદ્યાર્થીઓ પોત-પોતાના વર્ગખંડમાં ગયા. અમારે સદ્‌ભાગ્યે વર્ગશિક્ષક રતિલાલ નાયક આવ્યા જે સારા એવા સાહિત્યકાર પણ હતા. આ રીતે એ નવીન ધરતી પર અમારા નૂતન સત્ર અને નવજીવનની શરૂઆત થઈ.

બીજે દિવસે શાળા છૂટ્યા બાદ સાંજના સમયે આશ્રમના મુખ્ય દરવાજા પાસે દેખાવે એક સરળ વિભૂતિનાં દર્શન થયાં. ગાંધીજીના રંગે રંગાયેલી, ખાદીના પોશાકમાં, મધ્યમ બાંધાના એ વ્યક્તિ નાથાભાઈ સાહેબ સાથે ગોષ્ઠી કરી રહ્યા હતા. બાદમાં તેઓ આશ્રમના કાર્યાલયમાં ગયા.

વળી ત્રીજે દિવસે સાંજના એ જ વિભૂતિ આશ્રમના મુખ્ય દરવાજા સામે જૂઈના મંડપ નીચે (હાલ જ્યાં છગનભાનું બાવલું છે) કલ્યાણભાઈ સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. બાદમાં ખ્યાલ આવ્યો કે એ સફેદ વસ્ત્રો સંત જેવા સેવાભાવી સજ્જન ધનાભાઈ વકીલ હતા, જેઓ એ સમયે મહાન સંસ્થાના સેક્રેટરી હતા.

વળી ક્યારેક ધનાભાઈ એમની મિત્રમંડળી સાથે આશ્રમમાં આવતા. છ. રા. વકીલ, ડૉ. માણેકલાલ વગેરે એમના મિત્રો હતા.

હા, અને કોઈ શુભ અવસરે રવિવારના દિવસે ધનાભાઈ સહપરિવાર ઘોડાગાડીમાં પધારતા અને કાર્યક્રમમાં સહભાગી થતા. એમ એ પરિવાર માટે આશ્રમની ભૂમિ કાશી, મથુરા અને દ્વારિકા સમાન જાત્રાનું ધામ બની ગઈ. એમ એ તપોભૂમિ પર એમની સાધના સતત ચાલુ હતી. સેવા એ જ મેવા એમનો જીવનમંત્ર બની ગયો. અરે સેવા તો પ્રભુને પણ વહાલી છે.

વળી દૂધમાં સાકર ભળે તેમ ધનાભાઈ સૌ કાર્યકરો સાથે ભળી પ્રેમભાવથી સંસ્થાનું સંચાલન કરતા હતા. એમ નિષ્કામભાવની સેવા અને પ્રેમભર્યા વાતાવરણમાં બાળકોના નવજીવનના ઘડતરનું સુંદર કાર્ય થઈ રહ્યું હતું, પરિણામસ્વરૂપે એ સંસ્થાએ અનેક એન્જિનિયરો અને ડૉક્ટરો સમાજ અને દેશને આપ્યા. સમયના પ્રવાહ સાથે ધનાભાઈ સંસ્થાના લાડીલા સેવક બની ગયા હતા. વળી, શાળા તથા આશ્રમનાં સૌ બાળકોના માનીતા પણ બની ગયા હતા.

હા, ધનાભાઈ વ્યવસાયે વકીલ, પણ આચરણે સફેદ વસ્ત્રે સંત જેવા હતા. સંસ્થાની સેવામાં તન, મન અને ધનથી એકરૂપ થઈ ગયા હતા. છાત્રોના શ્રેય માટે દિન-રાત પરિશ્રમ કરી સેવાની સરવાણી વહેતી રાખતા હતા. એમ સમગ્ર સંસ્થાનું હિત એમના હૈયે વસ્યું હતું. મૃદુ ભાષા, વિવેકભર્યું વર્તન અને સાદગી એમ ત્રણે ગુણોના ત્રિવેણી સંગમનાં દર્શન એમનામાં થતાં હતાં. ખાસ તો એમને નાથાભાઈ સાહેબ સાથે સારો એવો પ્રેમભાવ અને મન-મેળ હતો. જાણે ગંગા-યમુનાનો સંગમ! હા, અને દાસકાકા અને છોટુભાઈ જીનવાળા સહકાર્યકરો ખરા, પણ તેઓ વડીલ વર્ગમાં ગણાતા હતા. છતાં એમનાં સલાહસૂચનો અવશ્ય સ્વીકારતા હતા. એમ અન્યોન્ય સહકાર અને સુમેળથી સંસ્થાનું સુંદર સંચાલન થતું હતું અને સંસ્થાનો સોળે કળાયે વિકાસ થઈ રહ્યો હતો. શાળાએ રમત-ગમત ક્ષેત્રે સમગ્ર મુંબઈ સ્ટેટમાં નામ રોશન કર્યું હતું. વળી મૅટ્રિકનું પરિણામ પણ ૧૦૦% આવતું હતું.

આજે, આ લખવા બેઠો છું ત્યારે તત્કાલીન સમયનું અનોખી સ્મૃતિનું દૃશ્ય નજર સમક્ષ ખડું થયું છે. ચોમાસામાં ભાદરવો બરાબર જામેલો અને સર્વત્ર જળબંબાકાર! આશ્રમની ચારેબાજુએ પાણી ભરાયેલાં. આ માહોલમાં મેલેરિયા ફાટી નીકળ્યો. અનેક છાત્રો માંદગીમાં પટકાયા. આ પરિસ્થિતિમાં રાત્રે ૧૨.૦૦ વાગે અનોખા દશ્યનાં દર્શન થયાં. ડૉ. માણેકલાલ, નાથાભાઈ અને ધનાભાઈની ત્રિપુટી રૂમે-રૂમે ફરે. જાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ધરતી પર ઊતરી આવ્યા! ડૉ. માણેકલાલ ઇન્જેક્શન આપે, નાથાભાઈ દવા પાય અને ધનાભાઈ ડૉક્ટરની પેટી પકડી રાખે. આ કળિયુગમાં હાથમાં દીવો લઈ ખોળવા જઈએ તોપણ એવી ત્રિમૂર્તિનાં દર્શન થાય ખરાં?

આવી સેવાભાવી વિભૂતિઓના પ્રતાપે જ આ સંસ્થા આજે પણ ફળી-ફૂલી પ્રગતિના પંથે પ્રયાણ કરી રહી છે. સાચે જ 'परोपकाराय सतां विभूतयः' ''ભાગ્ય જાગ્યાં રે એમ જાણવા, થયાં કોટિ કલ્યાણ.'' ભાગ્યશાળીને જ એ તપોભૂમિના પ્રાંગણમાં વિદ્યા સંપાદન કરવાનો અવસર મળે. હજારોનાં તન, મન અને ધનથી કલ્યાણ આ ભવમાં

થઈ ગયાં. ''હે માતૃશાળા, શુભ આશિષ યાચું, જન્મોજનમ તુજ સાંનિધ્ય માંગું.''

સમય જતાં ધનાભાઈના પારિવારિક સંબંધોનો પણ ખ્યાલ આવ્યો. તેઓ કડી તાલુકાના ગામ ગણેશપુરાના વતની હતા. પિતાજીને ત્યાં જમીન, જાગીર, ખેતીવાડી અને જાહોજલાલી હતી. વળી, તે એક પ્રતિષ્ઠિત સુખી, સાધનસંપન્ન ગાયકવાડી મુખીના નબીરા હતા. કોઈ વાતે કમી ન હતી. ત્યારે જ એ જમાનામાં ભણી-ગણી ગાયકવાડ સરકારના માનીતા વકીલ બન્યા હોય!

વિશેષમાં એમની પ્રામાણિકતા અને કાબેલિયત જોઈ આઝાદી બાદ મુંબઈ સરકારે તેમને ગણોત ધારાના જમીન એકીકરણના કાર્યમાં જોતરી દીધા. માથાભારે ઠાકોરો, જમીનદારો અને રાજ-રજવાડાંનાં અનેક પ્રલોભનો ઠુકરાવી હજારો ગરીબ બિચારા ગણોતિયાઓનાં આંસુ લૂછી તેમને જમીનના માલિક બનાવ્યા. તેમણે ધાર્યું હોત તો લાખ્ખો રૂપિયા બનાવી શક્યા હોત, પરંતુ એ તમામ એમને માટે તૃણ તૂલ્ય હતું.

''HONESTY IS THE BEST POLICY'' એમનો જીવનમંત્ર હતો. એ જ સદ્‌ગુણની સરવાણી આજે પણ એમના પરિવારમાં સ્રવી રહી છે. ઉપસંહાર રૂપે કોઈ કવિએ સાચે જ કહ્યું છે :

''જનની જણ તો ભક્ત જણ, કાં દાતા, કાં શૂર,
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.''

આજે, સન્માનનીય વડીલ ધનાભાઈ આપણી વચ્ચે નથી, પરંતુ તેમનાં સેવાકાર્યોની સુવાસ સર્વ વિદ્યાલયમાં મઘમઘી રહી છે. અંતે ધન્ય છે એ સ્વ. ધનાભાઈને કે જેમણે પોતાનું સમગ્ર જીવન સેવાના પથમાં સમર્પણ કરી દીધું હતું. આમ તો ધનાભાઈના જીવન-કવન પર પૂરી પુસ્તિકા લખાય તેમ છે, છતાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે આ પુષ્પાંજલિ અર્પી વિષયની પૂર્ણાહુતિ કરું છું.

કાન્તિભાઈ ના. પટેલ
(ડાંગરવા) ભૂતપૂર્વ વિદ્યાર્થી
સને ૧૯૪૮ - ૧૯૫૨
હાલ, ન્યૂ જર્સી. (USA)

❑

# આદર્શ વહીવટકર્તા

**■ પ્રિ. ડાહ્યાભાઈ પટેલ**

સ્વ. પૂજ્ય ધનાભાઈ હરગોવિંદભાઈ પટેલનો જન્મ કડી તાલુકાના ગણેશપુરા (નંદાસણ પાસે)માં ખેડૂત પરિવારમાં થયો હતો. તેઓએ પ્રાથમિક શિક્ષણ કૈયલમાં લઈ માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી કે જેના તેઓ જીવનપર્યંત સંચાલક રહ્યા હતા તેમાં લીધું હતું. અમદાવાદની કૉલેજમાંથી એલએલ.બી. થયા હતા. તે પછી ૧૯૪૭થી કડી ખાતે વકીલાતથી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેઓની ગણના સારા વકીલોમાં થતી હતી.

આ કાર્યકાળ દરમિયાન તેઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તે સમયના વહીવટકર્તાઓ સાથે રહી આ સંસ્થાના વિકાસ માટેની પ્રવૃત્તિઓમાં પણ જોડાયેલા રહેતા હતા. તે વખતે સ્વ. પૂ. પુરુષોત્તમદાસ (દાસકાકા) મુખ્ય વહીવટકર્તા હતા. પૂજ્ય દાસકાકા શૈક્ષણિક-સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિયપણે કાર્યરત રહેતા હતા. પૂ. ધનાભાઈ, પૂ. દાસકાકાના નિષ્ઠાવાન અનુયાયી હતા. પૂ. દાસકાકાની સઘળી શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં તેઓ બરાબર સહયોગ આપતા હતા. તે વખતે પાટીદાર સમાજ શૈક્ષણિક અને સામાજિક રીતે ખૂબ પછાત હતો. સમાજમાં કુરિવાજો, અંધશ્રદ્ધાઓ અને સંકુચિતતાઓ પ્રવર્તતાં હતાં. આવી અનુચિત પરિસ્થિતિમાંથી સમાજને બહાર લાવવા તેઓ પૂ. દાસકાકા સાથે જોડાઈને નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા લાગ્યા. સમાજસેવામાં પૂરતો સમય આપવાની લાગણી પ્રબળ બનતાં બાવન વર્ષની ઉંમરે જ તેમણે વકીલાતના ધીકતા ધંધાને તિલાંજલિ આપી સર્વે વિદ્યાલય કેળવણી મંડળમાં પૂર્ણ સમય માટે જોડાઈ ગયા.

પૂ. દાસકાકાની જેમ તેઓ પણ નીડર પ્રામાણિકતા, નિઃસ્વાર્થી અને ચરિત્રશીલ વ્યક્તિ હતા. સને ૧૯૮૯માં હું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત સાયન્સ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયો હતો. તે સમયે સંસ્થા દ્વારા આ એકમાત્ર કૉલેજ ચલાવવામાં આવતી હતી અને તેની વિદ્યાર્થીસંખ્યા માત્ર ૬૩ હતી. અહીં આવ્યા પછી સંસ્થાના મુખ્ય કર્ણધારો પૂ. ધનાભાઈ, પૂ. માણેકલાલ, ડૉ. રામભાઈ વગેરે સાથે મારા સંપર્કો વધતા ગયા. મેં જોયું કે તેમના જીવનનું મુખ્ય ધ્યેય સમાજના ઉદ્ધાર માટે સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ કરવાનું હતું.

હું તેમનાથી ખૂબ પ્રભાવિત થયો. પૂ. ધનાભાઈનું જીવન મારા માટે આદર્શરૂપ બની ગયું. મારામાં સકારાત્મક પરિવર્તનો થતાં ગયાં. મેં પણ નિશ્ચય કર્યો કે મારે પણ આ મહાયજ્ઞમાં આહુતિ આપવી. મારી પ્રથમ જવાબદારી સાયન્સ કૉલેજનો વિકાસ કરવાની હતી. હું તેમાં બરાબર લાગી ગયો. કૉલેજમાં નવા-નવા અભ્યાસક્રમોનો પ્રારંભ કર્યો. આધુનિક સુવિધાઓ ઊભી કરી. વિદ્યાર્થીવિકાસની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. દિનપ્રતિદિન કૉલેજની વિદ્યાર્થી સંખ્યા વધવા લાગી. ત્રણ વર્ષ બાદ આર્ટ્સ કૉલેજ પણ ચાલુ કરી. આ વિકાસમાં પૂ. ધનાભાઈ અને અન્ય હોદ્દેદારોએ મને નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. આ સંસ્થામાંના મારા ચૌદ વર્ષના કાર્યકાળ દરમિયાન ગાંધીનગરમાં એમ.બી.એ. અને એમ.સી.એ.ના અભ્યાસક્રમો માટે પરવાનગી મેળવવા પ્રપોઝલો બનાવીને એ.આઈ.સી.ટી.ઈ. દિલ્હી મોકલવાની સંપૂર્ણ કામગીરી કરવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું.

પૂજ્ય ધનાભાઈનું જીવન સાદું અને કરકસરયુક્ત હતું. તેઓ સતત એ ધ્યાન રાખતા કે સંસ્થાનાં નાણાં વિલાસી પ્રવૃત્તિઓમાં ન વેડફાય. અમને હંમેશાં એવું કહેતા કે જ્યાં પ્યાલાની જરૂરિયાત હોય ત્યાં લોટો પાણી ન વાપરવું. તેમના આ સ્વભાવની પ્રતીતિ તેઓ મારા ત્યાં આવતા ત્યારે થતી. તેમને પીવા માટે પાણી જે પ્યાલામાં આપ્યું હોય તેમાં જો પાણી વધ્યું હોય તો એમ કહેતા કે બાકી રહેલું પાણી ચોખ્ખું છે, ફેંકી ન દેતા. તેઓ મારા ત્યાં જમવા બેસતા ત્યારે થાળીમાં જોઈતું હોય તેટલું જ પીરસાવતા અને જમ્યા પછી થાળી ધોઈને પી જતા. આ છે તેમની પ્રેરણારૂપ કરકસર. પૂજ્ય ધનાભાઈના મોટા ભાગના સંસ્કારો તેમના પુત્ર ડૉ. કનુભાઈ કે જેઓ હાલમાં આ સંસ્થાની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી છે, તેમનામાં પ્રતિબિંબિત થાય છે. તેઓ પણ પ્રામાણિકપણે અને કરકસરયુક્ત વહીવટમાં માને છે અને ક્યાંય પણ નાણાંનો વ્યય ન થાય તેનું ધ્યાન રાખતા રહે છે. કડી અને ગાંધીનગરની સંસ્થાઓનો જેમ વિકાસ થતો ગયો તેમ નાણાંની જરૂરિયાત વધતી ગઈ. તે મેળવવા માટેનું કામ તે સમયે પૂ. ધનાભાઈ કરતા હતા અને હાલ ડૉ. કનુભાઈ કરતા રહે છે. તેઓ સતત દાતાઓ શોધતા રહેતા અને જો કોઈની ભાળ મળે તો તેની પાસે દાન માગતાં અચકાતા નહીં. આથી તેમના માટે એવું કહેવાતું કે ગયા જન્મમાં તેમનો અવતાર બ્રાહ્મણનો હોવો જોઈએ કે જેથી આ અવતારમાં બ્રાહ્મણની જેમ સંસ્થા માટે પૈસા માગતાં અચકાતા નથી. જ્યારે તેમના ધ્યાન ઉપર એવું આવ્યું કે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ઘણા ભૂ. પૂ. વિદ્યાર્થીઓ અમેરિકા જઈ આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ બન્યા છે, ત્યારે તેમની પાસેથી દાન મેળવવા સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના પૂ. આચાર્યશ્રી મોહનલાલ પટેલ અને તેઓ બંને અમેરિકા ગયા હતા. ત્યાંથી રૂપિયા ત્રણ લાખ જેટલું દાન મળશે તેવી અપેક્ષા હતી, પણ આશ્ચર્યજનક રીતે તેઓ ત્યાંથી રૂપિયા બાર લાખ જેટલું દાન

લઈને આવ્યા હતા. તે વખતે બાર લાખની કિંમત અનેકગણી હતી. તેઓ દાન લેતી વખતે એ પણ ધ્યાન રાખતા કે જે વ્યક્તિ ખોટા ધંધા કરીને પૈસા કમાયો હોય તેની પાસેથી દાન લેવા ન જાય. તેઓ દરેક વ્યક્તિ સાથે માનવતાભર્યું અને વિવેકયુક્ત વર્તન કરતા હતા. કોઈ-કોઈ વખત તેઓ કેમ્પસમાં રહેતા આચાર્યો અને અન્ય કર્મચારીઓના ઘેર જઈ તેમને રહેવાની કોઈ તકલીફ હોય તો પૂછતા અને તેનું નિવારણ કરતા. સંસ્થામાં રોકાતા ત્યારે અમને – આચાર્યોને – ઑફિસમાં બોલાવતા અને જે સંસ્થાઓ ચલાવતા હતા તેમના વિકાસ માટે શું કરવું જોઈએ તેની ચર્ચા કરતા. તેમજ કોઈ જરૂરિયાત કે મુશ્કેલી હોય તો તે ઉકેલવા માટે પ્રયત્નો કરતા. આ સમયે તેઓનો અમારી સાથેનો વ્યવહાર ખૂબ વિવેકપૂર્ણ રહેતો.

હું જ્યારે કૉલેજમાં જોડાયો ત્યારે કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન ન હતું. ત્રણેક વર્ષ પછી એક મિટિંગમાં મેં એવો પ્રસ્તાવ મૂક્યો કે હવે કૉલેજનું સ્વતંત્ર મકાન બનાવવું જોઈએ. પૂજ્ય ધનાભાઈ એ વખતે મંત્રી હતા. તેમણે તથા પૂ. માણેકલાલ, ડૉ. રામભાઈ અને અન્ય કાર્યકરોએ મારો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને તે માટે ફંડ એકત્ર કરવાનું નક્કી કરી દીધું. ડૉ. રામભાઈને પૂ. પ્રમુખસ્વામી સાથે સારા સંબંધો હતા. તેમની સાથે સૌ પૂ. પ્રમુખસ્વામીને મળ્યા અને આ માટે મોટું દાન આપવાનો આગ્રહ કર્યો. પૂજ્ય સ્વામીએ રૂપિયા ૧૧ લાખ આપવાની સંમતિ આપી દીધી. બાકીનાં નાણાં મેળવવા પૂ. ધનાભાઈ, પૂ. માણેકલાલ અને અન્ય કાર્યકર્તાઓ કામે લાગી ગયા. તેઓની અથાગ મહેનતના પરિણામસ્વરૂપે કૉલેજના નવીન મકાનનું નિર્માણ થયું.

સંસ્થાની 'ગુજરાત ગૌશાળા'નો વહીવટ મુખ્યત્વે શ્રી મનુભાઈ એ. પટેલ અને પૂજ્ય ધનાભાઈ કરતા હતા. અમારે અવારનવાર ત્યાં જવાનું થતું. અમે જોતા કે ગૌશાળાના વિકાસ માટે તેઓ આયોજનબદ્ધ રીતે કામ કરતા હતા. વિદ્યાર્થી આશ્રમમાંના વિદ્યાર્થીઓને ગાયોનું દૂધ વધુમાં વધુ કેવી રીતે પૂરું પાડી શકાય તે માટે તેઓ પ્રયત્નશીલ રહેતા. આ માટે તેઓ અમારી પાસે પણ સલાહસૂચનો માગતા. પૂ. ધનાભાઈ આ ઉપરાંત કૌટુંબિક અને સામાજિક ફરજો પણ નિષ્ઠાપૂર્વક બજાવતા. તેમના જ્યેષ્ઠ પુત્ર ડૉ. કનુભાઈ (હાલ સંસ્થાની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી) મારા વેવાઈ થાય. તેમની પુત્રી ચિ. પારુલનાં લગ્ન મારા પુત્ર ચિ. સંજય સાથે થયેલાં છે. જ્યારે આ સંબંધ નક્કી કરવાનો હતો ત્યારે પૂ. ધનાભાઈએ કનુભાઈનો અભિપ્રાય મને તટસ્થ રીતે આપ્યો હતો. આમ હું પૂજ્ય ધનાકાકા સાથે સામાજિક રીતે સંકળાયો. તેઓએ અમારી સાથેના સામાજિક વ્યવહારો કાળજીપૂર્વક નિભાવ્યા હતા. મારે અવારનવાર તેમના ત્યાં જવાનું થતું. તે વખતે હું જોતો કે તેમના ત્યાં કુટુંબીજનોની અને અન્ય સ્નેહીઓની અવરજવર રહેતી હતી. તેઓ આ બધાંને સારી રીતે સત્કારતા અને તેમને કોઈ મુશ્કેલી હોય તો મદદરૂપ થતા. તેમના આવા

માનવતાયુક્ત વર્તનથી મારો તેમના પ્રત્યેનો અહોભાવ વધતો જતો હતો. આજે મારા જીવનમાં મારા પૂ. બાપુજી પછી બીજું સ્થાન પૂ. ધનાભાઈનું છે. અત્યારે તો તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ તેમનાં પાવન સંસ્મરણો અમારા હૃદયમાં સદાને માટે અંકિત થયેલાં રહેશે. સમાજને સમર્પિત આ પુરુષને હું વંદન કરું છું.


પ્રિ. ડાહ્યાભાઈ પટેલ
પૂર્વ પ્રિન્સિપાલ,
પ્રમુખસ્વામી સાયન્સ અને
એચ.ડી. પટેલ, આર્ટ્સ કૉલેજ, કડી,
મહામંત્રી, ઉત્તર ગુજરાત કુમાર-કન્યાકેળવણી મંડળ, વિસનગર

**નિવાસ** : ૨૮, તીનમૂર્તિ બંગ્લોઝ, થલતેજ, અમદાવાદ,

૧૬, અંકુર સોસાયટી, સ્પિનિંગ મિલની સામે,
વિસનગર, જિ. મહેસાણા
મો. ૯૮૭૯૭ ૫૧૧૦૫, ૯૮૨૫૦ ૪૨૪૧૨


❑

*'મને પિતા પ્રત્યે ખૂબ જ માન હતું. મને તેઓ બળ, હિંમત અને હોશિયારીની મૂર્તિ લાગતા, બીજા બધા એમની સરખામણીમાં તુચ્છ લાગતા. પણ એમનો પિત્તો ઊકળતો જોતો ત્યારે હું ભયથી ધ્રૂજી ઊઠતો. એમનો મિજાજ તોબા પોકરાવે એવો હતો, પણ સદ્‌ભાગ્યે તેમનામાં તીવ્ર વિનોદવૃત્તિ હતી અને દૃઢ સંકલ્પબળ હતું, તેથી તેઓ પોતાના ઉપર કાબૂ રાખી શકતા.'*

- જવાહરલાલ નહેરુ

સૌજન્ય : રમણલાલ સોની કૃત
'પિતા - પહેલા ગુરુ' પૃ. 103

# વડલાની મજબૂત વડવાઈ

■ ગણેશભાઈ કા. પટેલ

ઈ.સ. ૧૯૧૯માં છાત્રાલય રૂપે જેનો પ્રાદુર્ભાવ થયો એવી આ સંસ્થા ('સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી' અને 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી') નજીકના ભવિષ્યમાં એના ગૌરવવંતા અસ્તિત્વના ૧૦૦મા વર્ષમાં – શતાબ્દીમાં મંગલ પ્રવેશ કરશે.

ઉત્તર ગુજરાતની કાશી અને કડીની શાન પહેચાન એવી આ સંસ્થાઓના વિકાસના પાયામાં છગનભા જેવા કૃષિઋષિનું તપ અને સાધના પડેલાં છે. અનેક કડવી-મીઠી અને પ્રતિકૂળ ક્ષણો વચ્ચે વિકસેલી અને પાંગરેલી અને વિકસતી જતી કેળવણીના કબીરવડ જેવી આ સંસ્થાઓને વિદ્યાપ્રેમી સમગ્ર સમાજે પાળી-પોષી છે. 'માગ્યું'તું ખોબો ને દઈ દીધો દરિયો'ની જેમ ઈશ્વરે પણ એના ચહુદિશ વિકાસ માટે કૃપા વરસાવવામાં કોઈ કમી રાખી નથી. આજે ખુદ છગનભા પુનર્જીવિત થઈને આવે તો એનું મૂળ ગોતી ન શકે. માનનીય 'અનામી' સાહેબના એક કાવ્યની પંક્તિઓ યાદ આવે છે :

**વાવ્યાં બી ઊગ્યાં, ફૂલ્યાં, ફળ્યાં,**
**ઝૂલે કેવું મહાવૃક્ષ આ,**
**જુઓ ભા, એક કળી બહુરૂપે ફળી,**
**સોનામાં સુગંધ કેવી ભળી !**

કેળવણીના આ મહાવૃક્ષને પોતાના પરસેવા રૂપી પુરુષાર્થથી સિંચિત કરવામાં એના કાર્યકરો-હોદ્દેદારોએ આપેલા બહુમૂલ્ય યોગદાનને કેમ ભુલાય ? અનેક શાખા-પ્રશાખાઓ ધરાવતા આ વટવૃક્ષની મજબૂત એવી વડવાઈઓ છે. આ વડવાઈઓ એટલે એના દષ્ટિવંત હોદ્દેદારો. આવી એક મજબૂત વડવાઈ હતા આપણા સૌના, સેવા અને સાદગીને વરેલા સ્વ. ધનાકાકા. તેઓ સર્વ વિદ્યાલય પરિવાર અને સમાજમાં 'ધનાભાઈ' કરતાં 'ધનાકાકા' નામથી વિશેષ પરિચિત હતા. શુદ્ધ ખાદીધારી-માથે સફેદ ટોપી, ઝભ્ભો અને ધોતીના પરિવેશમાં શોભતા સ્વ. ધનાકાકા વ્યવસાયે વકીલ હતા. ગામ : ગણેશપુરા (તાલુકો, કડી) એમનું માદરે વતન. ગુણવત્તાવાળો કેસ જ હાથમાં લે. આના કારણે એમની વકીલાત શોભી ઊઠતી.

ખેતી, ખેતર અને ખેડૂત એમના હૈયે વસેલાં હતાં. તેઓ ખેડૂતોના આગેવાન

પણ હતા. ગુજરાત ગૌશાળાના મંત્રીપદે વર્ષો સુધી સેવા આપીને ગૌશાળાને પગભર કરવામાં એમનું મોટું યોગદાન છે. સ્વ. દાસકાકાના તેઓ વિશ્વાસુ સાથીદાર હતા.

સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થીઆશ્રમમાં એ ભણ્યા-ગણ્યા. ભણવામાં તેજસ્વી. સાથે-સાથે જબરા સ્વાવલંબી છાત્ર. દરેક કામ જાતે જ કરીને બીજા છાત્રોને માટે એ પ્રેરણારૂપ બનતા. ત્યાર બાદ તો તેઓશ્રી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર' તથા 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી'ના તમામ વિવિધ હોદ્દાઓ ઉપર રહીને કાર્યરત અને સેવાવ્રતી રહ્યા. સંસ્થાઓના વિકાસમાં અને સંસ્થાઓની આર્થિક બાજુને મજબૂત બનાવવામાં છેક અમેરિકા સુધીની ખેપ પણ તેમણે જૈફ વયે કરેલી. એ વખતે એમની સાથે આચાર્ય શ્રી મોહનભાઈ સાહેબ પણ ગયેલા. ત્યાંથી પૂર્વ છાત્ર-છાત્રાઓ પાસેથી દાનની ઝોળી ભરીને તે વખતના અધધ... ૧૨ લાખ જેટલી માતબર રકમ લાવેલા.

આ રીતે ઊજળી સંસ્થાભક્તિનું ઉદાહરણ તેમણે પૂરું પાડેલું. આ સંસ્થામાં હોદ્દાઓ માટે પડાપડી, સ્પર્ધા કે ચૂંટણી કદી થઈ નથી. સંસ્થામાં પોલિટિક્સને નો એન્ટ્રી. સ્વ. ધનાકાકા આવી આચારસંહિતા પાળવામાં અવ્વલ.

હું સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયો ત્યારથી સંસ્થાએ મને ગૃહપતિપદ સોંપેલું, જે હું નિવૃત્ત થયો ત્યાં સુધી શોભાવ્યું અને હજારો વિદ્યાર્થીઓ-છાત્રોનું જીવનઘડતર કર્યું. નિવૃત્ત થયા પછી સંસ્થાએ ગાંધીનગરમાં કૅમ્પસ ડાયરેક્ટર તરીકે મારી નિમણૂક કરી. આને કારણે મારે ધનાભાઈ સાહેબ સાથે સક્રિય અને જીવંત સંપર્કમાં રહેવાનું થયું. એમના ગતિશીલ નેતૃત્વ અને માર્ગદર્શનથી હું ઘડાયો. તેઓ સંસ્થામાં આવે ત્યારે છાત્રો-છાત્રાલય અને ગૃહપતિભાઈઓ સાથે છાત્રાલયના પ્રશ્નો અંગે ખુલ્લા દિલથી ચર્ચા કરતા. મને સાથે લઈને રૂમે-રૂમે ફરે અને વિદ્યાર્થીઓની રૂમસફાઈ પલંગ-ગાદલાંની ચાદરો અને ઓશીકાં પણ તપાસે અને છાત્રોને ઉપયોગી એવી વિવિધ સૂચનાઓ પણ પ્રેમથી આપે. આવી ઝીણવટભરી કાળજી રાખનાર હોદ્દેદારો મળવા મુશ્કેલ છે. એમના સુપુત્ર ડૉ. કનુભાઈ પિતાનો સેવાનો વારસો જાળવી રહ્યા છે અને સંસ્થાને જબરી આર્થિક ઓથ પૂરી પાડે છે.

છાત્રોનાં શૌચાલયો, સ્નાન કરવા માટેના પાણીના હોજ, પાણી સ્વચ્છતા, પાણી ટપકતા નળની મરામત કરવાનું પણ કહેતા. કૅમ્પસ ડાયરેક્ટર તરીકે એ વખતે હું સંસ્થાના મુખપત્ર 'સર્વપ્રિય'નું સંપાદન પણ કરતો. સર્વપ્રિયનો અંક મળે ત્યારે સારી બાબતોના ધન્યવાદ આપી જરૂરી સૂચનો પણ પત્ર દ્વારા સુંદર અક્ષરે લખી જણાવતા. આવી ચીવટ અને કાળજી રાખનારા કાર્યકરો મળે એ સંસ્થાનું સદ્‌ભાગ્ય ગણાય. સંસ્થામાં રોકાયા હોય ત્યારે છાત્રાલયની સાયં પ્રાર્થનામાં અવશ્ય પધારતા અને છાત્રોને જીવન ઉપયોગી વાતો અને સૂચનો કરતા. એમને આવકાર આપતું પ્રવચન કરીને હું છાત્રોને સંબોધવાની વિનંતી કરતો. એક વાર મેં મારા પ્રવચનમાં છાત્રોને કરકસરભર્યું અને સ્વાવલંબી જીવન જીવવા અનુરોધ કર્યો અને કહ્યું કે તમારાં નાનાં ભાઈબહેનના

શોખ અને જરૂરિયાતો ઉપર કાપ મૂકીને તમારા વાલીએ તમને સંસ્થામાં મૂક્યા છે. એક કહેવતને ખ્યાલમાં રાખી મેં જણાવ્યું કે સાદગી અપનાવજો અને પૈસાની બચત કરવાની સુટેવો પાડજો. મેં કહ્યું કે, 'ટીપે-ટીપે સરોવર ભરાય.'

ત્યાર બાદ માનનીય ધનાકાકાએ પોતાના પ્રેરક પ્રવચનમાં એક સુંદર વાત કરી. કહ્યું કે, 'ગણેશભાઈ! ટીપે-ટીપે સરોવર ભરાય એ કહેવત અધૂરી છે.' પછી છાત્રોને એવી મીઠી શિખામણ આપે કે, 'યાદ રાખજો કે ટીપે-ટીપે સરોવર ખાલી પણ થાય. પૈસા ઝાડ ઉપર ઊગતા નથી. એટલે ખોટી રીતે વાપરશો તો કુબેરનો ધનભંડાર પણ ખાલી થઈ જશે.' આવી અનેરી શિખામણ તેઓ આપતા. છેલ્લે સ્વ. ધનાકાકા સાથેનાં સંસ્મરણો વાગોળવાનું અને તે વ્યક્ત કરવાનું મને નિમંત્રણ મળ્યું તે બદલ સૌનો આભાર. સંસ્મરણો પણ એક આગવી સૂઝ છે. તે આપણને જીવવાનું બળ પૂરું પાડે છે. આવી મૂડી જેમની પાસે છે તે ધન્ય છે. અંતમાં સાદગી અને સેવાની મિશાલ સ્વ. ધનાકાકાની ઊંડી અને વ્યાપક સંસ્થાભક્તિને સલામ કરીને મારી કલમને વિરામ આપું છું.

ગણેશભાઈ કા. પટેલ
પૂર્વ કૅમ્પસ ડાયરેક્ટર
સર્વ વિદ્યાલય (કડી), કૅમ્પસ, સે. ૨૩, ગાંધીનગર
પૂર્વ ઉપાચાર્ય
'સર્વ વિદ્યાલય' હાઈસ્કૂલ, કડી (જિ. મહેસાણા)
સંપર્ક : ડૉ. ગીતાબહેન પટેલ,
૭૦૩, ગેલેરિયા તુલીપ, સત્યાગ્રહ છાવણી સામે,
પ્રેમચંદનગર, બોડકદેવ રોડ, અમદાવાદ-૧૫
મો. ૯૪૨૭૬ ૧૪૩૮૧

❑

# સમાજસેવી કેળવણીકાર

**■ ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ**

કડી તાલુકાનું ગણેશપુરા તેમનું વતન, જન્મ ૨૮-૧૦-૧૯૨૧. ભાઈઓમાં સૌથી મોટા. અનુજ ભાઈઓમાં શિવાભાઈ, વિઠ્ઠલભાઈ અને રમણભાઈ. શ્રી ધનાભાઈને ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ. ડૉક્ટર કનુભાઈ, વિજયભાઈ અને ઘનશ્યામભાઈ. ત્રણ દીકરીઓમાં લીલાબેન, પ્રભાવતીબેન અને તારાબેન.

તેમનાં ધર્મપત્ની શ્રી મંગળાબેનની તબિયત નાદુરસ્ત રહેતી... પુત્ર ડૉ. કનુભાઈનાં લગ્ન ૧૯૬૬માં થયાં અને બીજા જ વર્ષે તેમનાં માતુશ્રી મંગળાબેન દિવંગત થયાં. પરિણામસ્વરૂપ ડૉ. કનુભાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી સવિતાબહેન ઉપર કુટુંબની તેમજ સામાજિક જવાબદારીઓ વહન કરવાની નોબત આવી પડી. તેમાં લીલાબેન અને પ્રભાવતીબેનનો ખૂબ જ સહયોગ મળ્યો.

શ્રી ધનાભાઈના બાલ્યકાળ સમયે પ્રાથમિક શિક્ષણની સુવિધા ગણેશપુરા ગામ (વતન)માં ન હોવાથી કૈયલમાં પ્રાથમિક શિક્ષણ મેળવવું પડેલું. પૂજ્ય છગનભાના પ્રયત્નથી કડીમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ઉપક્રમે પાટીદાર વિદ્યાલય શરૂ થયેલ, જે પછીથી સર્વ વિદ્યાલયમાં રૂપાંતરિત થયેલ. આ વિદ્યાલયના પ્રથમ પંક્તિના વિદ્યાર્થીઓમાં સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ, શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, ત્રિભુવનદાસ પટેલ (લણવા) વગેરે તેમની સાથેના અગ્રગણ્ય વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઆશ્રમના સહયોગી હતા કે જેમણે ૧૦૩, વર્ષ પૂર્વે વિદ્યાર્થીઆશ્રમના નિર્માણકાર્યમાં પૂજ્ય છગનભાના સહયોગમાં પરિશ્રમ કરેલો. તેથી તેમને આ આશ્રમની ઇમારત પ્રત્યે ખૂબ જ લગાવ રહેતો. જ્યારે-જ્યારે સર્વ વિદ્યાલયમાં વકીલ શ્રી ધનાભાઈ આવતા ત્યારે-ત્યારે આ મૂળ વિદ્યાર્થીઆશ્રમના નિદર્શન માટે અવશ્ય સમય ફાળવતા અને જે-તે સમયના મુખ્ય ગૃહપતિ અને ગૃહપતિઓને તેની જાળવણી કે મરામત માટેની સૂચનાઓ અવશ્ય આપતા અને ખાસ રૂમ નંબર-૩ (ત્રણ)માં તેઓ રહેલા અને જ્યાં રહેલા તે રૂમની મુલાકાત અવશ્ય લેતા અને કહેતા, અમારા જીવનનાં સ્પંદનો અહીંયાં (ધરબાયેલાં) છુપાયેલાં છે.

સર્વ વિદ્યાલયમાં ધોરણ-૧૧ મૅટ્રિક પાસ થયા બાદ, અમદાવાદમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવાનું થયું અને ત્યાં વકીલાતનો અભ્યાસ પૂર્ણ કર્યો. સનદ, મેળવી અને કડીની કૉર્ટમાં પ્રેક્ટિસ (વ્યવસાય) ચાલુ કરી અને એક સફળ વકીલ તરીકેની ખ્યાતિ મેળવી

અને કડીમાં સિટી વિસ્તારમાં રહેણાંક ચાલુ કર્યો. વકીલાતની પ્રેક્ટિસ બાદ સાંજના સમય મળે ત્યારે સર્વ વિદ્યાલયમાં ફરવા જતા, ત્યાં દાસકાકાને કિશોરકુંજમાં મળતા અને વિદ્યાલય તેમજ વિદ્યાર્થીઆશ્રમના વિકાસ અંગેની ચર્ચામાં ભાગ લેતા. તેમના સહયોગીઓમાં જશભાઈ વકીલ, કાંતિભાઈ પરીખ, છ. રા. પટેલ અને છ. કા. પટેલ (કલોલ)ના વિચારોનું સામ્ય અને સાંનિધ્ય મળ્યું. આ સમયે રાષ્ટ્રીય ચળવળ વેગવંતી હતી. તેમાં આ મિત્રવૃંદે ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળ, ખેડૂત આંદોલન, કપાસ બિયારણની લડત, ગૌશાળાની પ્રવૃત્તિ, કડીમાં 'પટેલભુવન'ના નિર્માણકાર્યમાં સક્રિય ભાગ લઈ નેતૃત્વના ગુણો પ્રાપ્ત કર્યા...! સમાજ સુધારણામાં કન્યાકેળવણીના હિમાયતી અને બાળલગ્નોના વિરોધી તરીકે અગ્રેસર બન્યા. 'મહાગુજરાતની' ચળવળમાં પણ સમગ્ર કડી તાલુકાને જાગ્રત કરવાનું કાર્ય આ મિત્રવૃંદે ઉપાડી લીધું અને એમાં સફળ પણ થયા...!

શ્રી ધનાભાઈ વકીલ, કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. નગરપાલિકામાં સરકાર નિયુક્ત સભ્ય. મહેસાણા સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી બજાવી. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સંસ્થાના આધારસ્તંભ પૂજ્ય દાસકાકા, પૂજ્ય રામચંદ્રભાઈ અમીન, પૂજ્ય અમૃતભાઈ, શ્રી રતિલાલ મ. પટેલ, શ્રી નટવરલાલ એ. પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલ જેવા સક્રિય કાર્યકરો સાથે રહી સંસ્થાના વિકાસમાં સિંહફાળો પ્રદાન કર્યો.

કડી તાલુકાના ગ્રામજનોને કડીમાં રાત્રે રોકાણ કરવા માટે મુશ્કેલી રહેતી તેથી પાટીદારોના રાત્રી રોકાણ માટે 'પટેલભુવન'ના નિર્માણમાં વકીલ શ્રી ધનાભાઈને મિત્રોનો સહયોગ સાંપડ્યો... આજે પણ આ 'પટેલભુવન' અનેક સુવિધાઓથી ભરપૂર તેમજ 'મહિલાસેવા કેન્દ્ર'ની પ્રવૃત્તિઓથી સફળ સુચારુ સંચાલનથી ચાલે છે.

ગુજરાત ગૌશાળા સેંકડો એકર જમીન ધરાવે છે. તે આ વહીવટદારોની દૂરદર્શી નીતિ કહી શકાય. તેનું સુચારુ સંચાલન. ગૌસંવર્ધન અને ગૌશાળાનું પૌષ્ટિક દૂધ. વિદ્યાર્થીઆશ્રમના બાળકોને સવાર-સાંજ મળે તેની વ્યવસ્થા, પશુપાલન માટે ઘાસચારો અને કુદરતી ખાતરનો ખેતીવાડીમાં ઉપયોગ, તેમની દૃષ્ટિને પરિણામે આજે પણ તંદુરસ્ત રીતે સંચાલિત છે. ગૌશાળા માટે લોકફાળો, ખોળના કોથળાનું દાન એકત્ર કરવું અને ગૌ-સંવર્ધનની પ્રવૃત્તિઓ માટે કાર્ય કરવું. તેમજ ગોવાળો અને સહકાર્યકરોને માર્ગદર્શન આપવાનું કાર્ય. ખેતીકીય પ્રવૃત્તિઓનો વિકાસ, ગૌશાળાની મુલાકાત વારંવાર રહેતી, ગૌશાળાના વિકાસ માટે તેમને શરૂ કરેલ, તિથિદાનની પ્રવૃત્તિ આજે પણ અવિરત પ્રગતિમાં છે અને સારું એવું તિથિદાન એકત્ર થયેલ છે, જે ગૌશાળાના સંવર્ધન માટે ઉપયોગી બન્યું છે.

તેમના મંત્રી તરીકેના કાર્યકાળમાં મે, ૧૯૭૦માં સંસ્થાનો સુવર્ણજયંતી મહોત્સવ અને ફેબ્રુઆરી, ૧૯૮૪માં સંસ્થાનો અમૃત મહોત્સવ શાનદાર રીતે ઊજવાયો. આસપાસના

ગ્રામજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનો ઉત્સાહ અનેરો જોવા મળ્યો હતો. તેમાં વકીલ શ્રી ધનાભાઈનું આયોજન અને ચીવટથી મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા. તેથી સર્વ વિદ્યાલયની સુવાસ સમગ્ર ગુજરાત તેમજ દેશ-પરદેશમાં પ્રસરી ગઈ તેમાં તેમનો વિદ્યાર્થી તેમજ વહીવટદાર તરીકે સંસ્થાનું ઋણ અદા કરવાનો ભાવ મહત્ત્વનો ભાગ ભજવી ગયો.

વધુ અભ્યાસ માટે સંસ્થાના વિદ્યાર્થીઓ પરદેશ જવા માટે તેમને નાણાકીય સહાયની જરૂર પડે તે હેતુસર 'વિદ્યાર્થી સહાયક મંડળી'ના સ્થાપક અને પૂજ્ય છગનભાની સ્મૃતિમાં 'પૂજ્ય છગનભા સ્મારકનિધિ'ની સ્થાપના કરી. તેમજ 'દાસકાકા' અને પૂજ્ય છગનભાના જીવનચરિત્ર ગ્રંથ પ્રગટ કરવાનો યશ તેમના ફાળે જાય છે.

તેમની ઉત્તરાવસ્થામાં ઈ.સ. ૧૯૯૫માં મારી નિયુક્તિ સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે થઈ હતી. તેઓશ્રી તે વખતે કેળવણી મંડળના ઉપપ્રમુખ તરીકેની જવાબદારીઓ સંભાળતા હતા. તેમની ઉત્તરાવસ્થાના સમયે તેમજ તેમનાં ધર્મપત્નીનો સ્વર્ગવાસ થયેલો હોઈ, તેમના પુત્ર ડૉ. કનુભાઈની સાથે અમદાવાદમાં જીવનસંધ્યાનો સમયર પસાર કરતા હતા, પરંતુ ક્યારેક-ક્યારેક સંસ્થાની મુલાકાત લેતા ત્યારે તેમના માર્ગદર્શનનો લાભ મને મળેલો છે. એમાંના બે પ્રસંગોને હું દર્શાવું છું.

વિદ્યાર્થીઆશ્રમમાં રહીને તેમણે અભ્યાસ કરેલો હોઈ તેઓશ્રીનો લગાવ આશ્રમ પ્રત્યે અવશ્ય રહેતો અને આશ્રમની મુલાકાત અવશ્ય લેતા. આશ્રમના પ્રથમ માળની ગૅલરીમાં બહારની બાજુ એક પાટિયું તૂટી ગયેલ અને સિમેન્ટનો ભાગ પણ ખંડિત થયેલ. નીચે ઊભા-ઊભા તેમણે તે ખંડિત ભાગ મને બતાવીને જલદીથી રિપેરિંગ કરાવી લેવાની સૂચના આપેલી. ત્યાં રહેઠાણ અને આવવા-જવાનું હતું નહીં, મકાન ખૂબ જૂનું જર્જરિત થઈ ગયેલ હોઈ વપરાશમાં ન હતું છતાં પણ ઇમારત તો સંપૂર્ણ જ રહેવી જોઈએ, તેવો તેમને ખ્યાલ હતો અને આશ્રમ પ્રત્યેનો લગાવ હતો અને તેને તરત જ બે દિવસમાં અમલ કરી તેમની સૂચનાનું પાલન કર્યું. આવી એમની સૂક્ષ્મ દૃષ્ટિ હતી.

બીજી બાબતમાં તેમણે મને મીઠી ટકોર કરેલી કે ફુલજીભાઈ તમે જે સમાજમાંથી આવો છો તે સમાજનું આ સંસ્થામાં દાન-પ્રદાન ખૂબ જ નહિવત્ છે. છતાંય તમારી આવડતના કારણે સર્વ વિદ્યાલયમાં આચાર્યની મહત્ત્વની જગ્યા ઉપર તમારી નિયુક્તિ મંડળે કરેલી છે. તો, તમારા સમાજને વધુ નજીક લાવવાની ભૂમિકા ભજવજો. આ ટકોર મને મારી શક્તિ બહારની લાગેલી હોવા છતાં ઈ.સ. ૧૯૯૫માં સંસ્થાનો ટ્યૂબવેલ (બોર) ફેલ ગયેલો. તે સમયે વકીલસાહેબની મીઠી ટકોર સતત મને યાદ હતી. તેથી સંસ્થાની ૧૯૬૨ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી 'સહજાનંદ ટ્યૂબવેલ'ના માલિક દેવપુરા ગામના વતની ઝાલાવાડી પટેલ વાસુદેવભાઈની સંસ્થાભક્તિની સેવામાં મારા આગ્રહના કારણે ટ્યૂબવેલ કરાવી શકવા શક્તિમાન બન્યા અને વકીલસાહેબે મને ધન્યવાદ પણ પાઠવ્યા હતા. આ બે પ્રસંગો તેમની સાથેના મને સંસ્મરણરૂપે યાદ

છે. બાકી તો તેમની જીવન સંધ્યાના સમયે તેમની નાદુરસ્ત તબિયતના સમાચાર લેવા પૂજ્ય સ્વ. માણેકલાલ સાહેબ અને પૂજ્ય સ્વ. ડૉ. રામભાઈ પટેલસાહેબની સાથે અમદાવાદ વારંવાર જવાનું થતું. તેમને પણ આનંદ થતો. અને તેઓ સંસ્થા અને અંગત રીતે પરિવારના ક્ષેમકુશળ અમને પૂછતા ત્યારે પરિવારના વડીલ હોય તેવો ભાવ મનમાં પેદા થતો અને પ્રફુલ્લિત થવાતું.

ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ
પૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી
(૧૯૯૫થી ૨૦૦૮)

મંત્રીશ્રી, શ્રી ધરમપુર ગ્રૂપ કેળવણી ઉત્તેજક મંડળ,
ધરમપુર, તા. કડી.
ફોન : ૦૨૭૬૪ - ૨૭૨૪૨૨
મો. ૯૬૦૧૨ ૯૬૯૧૫

❑

*પોતાને પોતાનામાં જ તૃપ્તિ થઈ જાય, બીજા કોઈની અપેક્ષા ન રહે તેને આત્મતૃપ્તિ કહેવાય. મને જે મળ્યું છે તે ઘણુંબધું છે. મારી આવશ્યકતા કરતાં ધન વધુ મળ્યું છે. મારું શરીર અપેક્ષાકૃત વધુ આરોગ્યવાળું અને સુંદર છે. મારે પહેલવાન નથી થવું કે રૂપરૂપનો અંબાર પણ નથી થવું, જે છે તે જ બરાબર છે. આવી જ રીતે મારી જરૂર કરતાં મને મોટું ઘર મળ્યું છે. મારે વિશાળ બંગલો નથી જોઈતો. આમ જે કાંઈ પ્રાપ્ત થયું છે તે બધું પર્યાપ્ત છે. કશી જ કમી નથી. આવી તૃપ્તિ એ આત્મતૃપ્તિ કહેવાય, જે સમજણથી આવે. સમજણ એટલે સમ્યગ્ જ્ઞાન. આ તૃપ્તિ પણ સ્થાયી હોઈ શકે છે.*

*– ભાગવતનું ચિંતન,*
*સ્વામી સચ્ચિદાનંદ, પેજ-8*

# પૂજ્ય ધનાકાકા

**■ ઈશ્વરભાઈ સોમનાથ પટેલ**

તેઓશ્રી 'ધનાકાકા'ના હુલામણા નામથી જાણીતા હતા. સ્વભાવે શાંત, સરળ અને નિખાલસ એવું તેઓશ્રી વહીવટકુશળ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમની સાથે અનુભવની કેટલીક વાતો રજૂ કરતાં ગર્વની લાગણી અનુભવું છું.

આમ તો તેમનો પરિચય મારા વિદ્યાર્થીકાળથી જ હતો. જ્યારે હું ધોરણ ૬મા અભ્યાસ કરતો હતો ત્યારે તેઓ ચૂંટણી પ્રચાર અર્થે ગામમાં આવ્યા ત્યારે તેમના લીડર તરીકેના ગુણોનો અનુભવ થયો હતો. તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા ગામના પ્રશ્નોના સચોટ ઉકેલો તેમણે સમજાવ્યા હતા.

તેઓ વિદ્યાર્થીઓ સાથે ખૂબ જ સહજતાથી હળીમળી જતા હતા. જ્યારે હું વર્ષ ૧૯70મા એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેઓ એજ્યુકેશન સોસાયટીમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર સેવાઓ આપતા હતા. કૉલેજના જી.એસ.ની જવાબદારીના કારણે મારે તેમને વિદ્યાર્થીઓના પ્રશ્નોની રજૂઆત કરવા માટે અવારનવાર મળવાનું થતું હતું ત્યારે તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નોના પરિણામલક્ષી ઉકેલો લાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતા જણાયા હતા.

ત્યાર બાદ જ્યારે મારી નિમણૂક 'સર્વ વિદ્યાલય'ની હાલની જનતકુમાર....શાળામાં આચાર્ય તરીકે અને હૉસ્ટેલ વિભાગમાં ગૃહપતિ તરીકે ઈ.સ. ૧૯૮૦માં થઈ ત્યારે સંસ્થાની મુલાકાતે શ્રી ધનાકાકા અને ડૉ. મફતભાઈ પટેલ આવ્યા હતા. ત્યારે તેમના દ્વારા કરવામાં આવેલાં સૂચનો જીવનમાં દરેક તબક્કે આચરણમાં ઉતારવા જેવાં લાગ્યાં હતાં.

તેઓશ્રી સાદગી અને ગાંધીવિચારધારાને વરેલા એક ઉચ્ચ કક્ષાના સમાજસુધારક અને શિક્ષણવિદ હતા. તેમના વિચારો અને વ્યવહારથી પ્રભાવિત થઈ તેમાંથી પ્રેરણા લઈ મને સંસ્થા માટે કાયમી માનની લાગણી થયેલી અને મારા મનમાં સંસ્થા પ્રત્યેની લાગણીને કાયમી સ્થાન મળ્યું અને આજે પણ હું સંસ્થા સાથે એ જ લાગણીથી જોડાયેલો રહ્યો છું. તેઓશ્રીનું જીવન ખૂબ જ પ્રેરણાદાયી અને દિશા ચીંધનારું હતું. તેમના સ્વર્ગવાસથી સંસ્થાએ એક ઉચ્ચ કક્ષાના વહીવટકર્તા ગુમાવ્યા છે.

ઈશ્વરભાઈ સોમનાથ પટેલ
**પૂર્વ આચાર્ય,** શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય
કડી કૅમ્પસ, સેક્ટર ૨૩, ગાંધીનગર
**સલાહકાર,** દામોદર કન્યા વિદ્યાલય, નાની કડી

❑

# ‘સેવાની મૂર્તિ’ – ‘સમાજ ઘડવૈયા’

■ જયંતીભાઈ માધવલાલ પટેલ

જ્ઞાનની ગંગાનો અવિરત પ્રવાહ જ્યાં વહેતો હોય, પક્ષીઓનો કલરવ સદાયે ગુંજતો હોય, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો દરરોજ કુંભમેળો ભરાતો હોય એવું પવિત્ર સ્થાન એટલે આપણાં સૌનું ‘સર્વ વિદ્યાલય.’

આ સંસ્થાને વટવૃક્ષ બનાવવા માટે અસંખ્ય તારલાઓનો ફાળો રહ્યો છે. એમાંનો એક તારો એટલે પૂજ્ય ધનામામા. (પૂજ્ય ધનાભાઈ વકીલ). મારો એમની સાથેનો નાતો મામાની સાથે સર્વ વિદ્યાલયના એક આગવી સૂઝ ધરાવતા સંચાલકનો રહ્યો છે. ‘પાયોજી મૈંને રામ રતન ધન પાયો.’ ભજનના સ્વરો ઢળતી સંધ્યાએ આશ્રમના પ્રાંગણમાં (પટાંગણમાં) ગુંજતા હોય ત્યારે સફેદ ઝભ્ભો, ટોપી અને ધોતીમાં શાંતચિત્તે ભજનનો આસ્વાદ માણતા એ ધનાભાઈ વકીલને મેં જોયા છે. નિયમિત સાંજે આશ્રમમાં આવી ગીતાના બોધક શબ્દોથી વિદ્યાર્થીઓના ઘડતરનો પાયો મજબૂત બનાવવા માટે તેમની વાણી અદ્ભુત હતી. વકીલાતનો વ્યવસાય હોય કે ઘરમાં જરૂર કડક હતા, પણ સર્વ વિદ્યાલયના પ્રાંગણામાં એક કોમળ હૃદયવાળા અને આગવી સૂઝના શિલ્પી હતા. વિદ્યાર્થીઓ આશ્રમ ખાલી કરીને વહેલી સવારે કોઈને ગંધ પણ ન આવે એવી રીતે બહુચરાજી – મોઢેરા જતા રહ્યા હોય અને તેઓને પાછા લાવવા માટે ગ. કા. પટેલની સાથે શાંતચિત્તે સમજાવવાની ગજબની શક્તિ ધરાવતા ધનાભાઈ વકીલની જ પસંદગી થાય. મોઢેરા આવીને વિદ્યાર્થીઓને ‘‘તમોએ કંઈ ખાધું કે નહીં ?’’ એવો સવાલ બાળકોના દિલને એક ગજબનો પ્રેમ આપી જાય અને વિદ્યાર્થીઓ કોઈ પણ દલીલ કર્યા વગર પાછા આશ્રમમાં આવી જાય એવી આગવી કોઠાસૂઝના કલાકાર હતા.

સવારમાં સૂર્યની પહેલી કિરણના સથવારે એક-એક વૃક્ષને પાણી સિંચતા હોય અને સાથે-સાથે પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરતા ધનામામાનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ આજે પણ વસંતવિહારના બંગલામાં તેનાં દર્શન થાય છે.

જીવનને લગતી હોય કે સ્વાસ્થ્યને લગતી કહેવતોનો ભંડાર જ્યારે પણ મામાને મળવાનું થાય ત્યારે મેં સાંભળ્યો છે જે તેમનો વાંચન પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. તેઓ સાથેની મારી ચારધામની યાત્રામાં મંદિરમાં ભગવાનનાં દર્શન અધૂરાં રહે જ્યાં સુધી શિખરનાં દર્શન ન થાય એવો બોધપાઠ આજે પણ મેં સાચવી રાખ્યો છે.

ધનામામાના શબ્દોમાં તેઓના જીવનનો સારાંશ એટલે મને રણમાં ઝરણું થવું

ગમે, ઉનાળાના ધોમધખતા તાપમાં ઝાડનો છાંયો થવું ગમે, ભૂખ્યા પેટની જઠરાગ્નિને શાંત કરવા રોટલાનો ટુકડો થવું ગમે, ગરીબના ઘરના અંધકારને દૂર કરવા દીવો થવું ગમે, ખેડૂતના ખેતરમાં ઊગેલાં ધાન્યને બચાવવા વરસાદનું બુંદ થવું ગમે, ઘરડા માનવીની હૈયાની વાતો સાંભળવા નાનું બાળક થવું ગમે, ઝઘડતા માનવીને શાંત કરવા શીતળ ચાંદની થવું ગમે, અપંગના સહારા માટે લાકડી થવું ગમે, ડૂબતા માનવીને બચાવવા તરાપો થવું ગમે, નિરાશ આદમી માટે શરણાઈના સૂર થવું ગમે, સાસરે આવેલ વહુ માટે મા થવું ગમે.

જયંતીભાઈ માધવલાલ પટેલ
ભૂતપૂર્વ વિદ્યાર્થી - ૧૯૭૨

❑

### *વિપત્તિમાં કરો રક્ષા — ન એવી પ્રાર્થના મારી !*

*રવીન્દ્રનાથ ટાગોર*

*વિપત્તિમાં કરો રક્ષા — ન એવી પ્રાર્થના મારી,*
*વિપત્તિથી ડરું ના હું — પ્રભુ, એ પ્રાર્થના મારી !*
*ભલે દુઃખમાં તમે ના દો દિલાસો કંઈ મને ચિત્તે,*
*તથાપિ એટલું કરજો — જીતું હું દુઃખને પ્રીતે !*
*ન પામું સા'ય ક્યાંયેથી કદાપિ કોઈ પાસેથી,*
*તથાપિ એટલું કરજો — ન મારું બળ તૂટે તેથી !*
*કદી સંસારમાં પામું ક્ષતિ કે વંચના માત્ર,*
*ક્ષતિ માની ક્ષતિને ના બનું મનથી દયાપાત્ર !*
*બચાવો બૂડતો હું ને — ન એવી પ્રાર્થના સારી,*
*તરું હું, બાવડાંમાં એટલી શક્તિ રહો મારી !*
*ભલે ના દો દિલાસો કે ઘટે બોજો જરી મારો,*
*કરો પણ એટલું કે હું બધો બોજો વહું મારો !*
*સદા મસ્તક રહો નમ્ર, ન હોજો ગર્વ કંઈ સુખમાં,*
*સદા રહેજો તમારી મુખછબી મારાં આ નયનમાં !*
*ભલે દુઃખરાત્રિએ પૃથ્વી બધી મુજ વંચના કરજો,*
*પરંતુ તુજ વિશે મુજ અંતરે સંશય ન ઉદ્ભવજો !*

**અનુવાદક** : રમણલાલ સોની

- રવીન્દ્રનાથ ટાગોર

સૌજન્ય : રમણલાલ સોની કૃત
'પિતા - પહેલા ગુરુ' પૃ. 15

# પ્રેરણામૂર્તિ

**■ ગં. સ્વ. કૌશલ્યાબહેન પટેલ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અભૂતપૂર્વ માનનીય ચૅરમૅન શ્રી ધનાભાઈ સાહેબની સ્વચ્છ જીવંત છબિ મારા હૃદયમાં વર્ષોથી સ્થાપિત થયેલ છે. વર્ષ ૧૯૭૯-૮૦માં શરૂ થયેલ એકમાત્ર શેઠ સી. એમ. હાઈસ્કૂલ ગાંધીનગરમાં સર્વ વિદ્યાલયના પુષ્પ સમી પાંગરી રહી હતી. સંસ્થાના પરિસરમાં શ્રી ધનાભાઈ સાહેબ પ્રવેશે ત્યારે હાજરી માત્ર વડલાના છાંયા સમી અનુભવાતી.

શિક્ષકો અને બાળકોની સતત ચિંતા અને કાળજી રાખે. વ્યવસાયે વકીલ હોવા છતાં હૃદય, મનથી પૂર્ણ કેળવણીકાર. ગાંધી બાપુના આદર્શો તેમના જીવનમાં વણાયેલા. સંપૂર્ણ સાદગીપૂર્ણ પોશાક, ઘેરો ભાવવાહી અવાજ તેમની આગવી છાપ ઊભી કરે. મુખ્ય ઑફિસમાં બેસી પૂ. દાસકાકા, અંબાલાલકાકા સાથે સંસ્થાના વિકાસની સતત ચર્ચા કરે. એસ.એસ.સી.ના પરિણામોની જાણ હું તેમને હંમેશાં કરતી. પરિણામ જાણ્યા બાદ અંગત કાળજી લઈ સ્વહસ્તાક્ષરે કાગળ લખે અને અમૂલ્ય પિતૃતુલ્ય વાત્સલ્યથી સૂચનો કરે, એટલું જ નહીં, મારા કાર્યની સતત પ્રશંસા કરી માર્ગદર્શન પણ આપે.

તેઓ વ્યક્તિ પારખવામાં નિપુણ હતા. કર્મચારીમાં રહેલી આંતરિક શક્તિને માપી લેતા અને સંસ્થાના વિકાસમાં તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું પથદર્શન કરતા.

મને આજે પણ બરાબર યાદ છે કે શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પ્રવેશી ત્યારે સરકારશ્રીના નિયમાનુસાર આચાર્યશ્રીની નિમણૂક કરવી પડે. તેઓશ્રીએ મને બોલાવી અને વાત્સલ્યપૂર્ણ મૃદુતાથી પૂછ્યું. ''કૌશલ્યાબહેન, આચાર્ય થવાની તમારી તૈયારી છે? જો તમે હા પાડો તો અમારે બીજા આચાર્ય લેવા નથી'', પણ તે વખતના મારા ઘરના સંજોગોને કારણે મેં ના પાડી હતી, પણ મારામાં તેઓશ્રીએ મૂકેલા 'વિશ્વાસ'ને હું આજપર્યંત ભૂલી નથી. કહોને કે, તેમણે તે જ સમયે મારામાં 'હું આચાર્યા થઈ શકું છું.' તેવા વિચારબીજનું વાવેતર કરી દીધું હતું અને આ વિચારબીજનું ફળ મને ૧૯૯૨માં મળ્યું. હું 'શ્રીમતી આર. જી. કન્યા માધ્યમિક શાળામાં આચાર્યા બની.'

હું એટલું તો જરૂરથી કહીશ કે આજે મેં કર્મશીલતાની જે ઊંચાઈ પ્રાપ્ત કરી છે તે પૂજ્ય ધનાભાઈ સાહેબના આશીર્વાદ અને પૂજ્ય માણેકલાલ સાહેબની શુભેચ્છાનું પરિણામ છે.

છેલ્લે જ્યારે તેઓ પથારીવશ હતા ત્યારે હું મારા પતિ સાથે અમદાવાદના તેમના

ઘરે મળવા ગઈ હતી. તેઓ શ્વેત વસ્ત્રોમાં સૂતા હતા અને મને ભીષ્મપિતામહની યાદ આવી ગઈ. અનેક શારીરિક વેદનાઓ સહન કરતાં-કરતાં પણ ''કૌશલ્યાબેન, શાળા કેવી ચાલે છે? બધા બરાબર કામ કરે છે ને? સંખ્યા કેવી છે? પરિણામ માટે ખૂબ જ મહેનત કરજો.'' વગેરે.... પ્રશ્નોમાં દરેક શબ્દે તેમના ચહેરા પરથી સંસ્થાની ચિંતા વરતાતી હતી. તેઓ નામ પ્રમાણે ખૂબ જ ધન્યભાગી હતા કે જીવનની અંતિમ ક્ષણો સુધી પુત્ર ડૉ. કનુભાઈ સાહેબ અને પુત્રવધૂ સુજ્ઞ શ્રી સવિતાબહેનની સેવા પામ્યા. આવી ચિંતનીય વિભૂતિને મારા શત શત પ્રણામ!

'યાદ સદાયે, સર્વ વિદ્યાલયની હૃદયે વસી.'

કૌશલ્યાબહેન પટેલ
પૂર્વ આચાર્યા, શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક
અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા,
કડી કૅમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર

❑

*હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે; આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે. અત્યાર સુધી એ પોતાનો રાજા હતો, આજુબાજુનાં આંગણાંનો સરદાર હતો; વળી એની ઇચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો. પણ... હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે. આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દોરજે અને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.*

*એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા, ભલે તેમાં વાર લાગે. એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.*

*પુસ્તકોની અદ્ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે. આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે. એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે. ભલે બીજા બધા એને ખોટો કહે તોપણ એને પોતાના વિચારો પર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સાથે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં એને આવડવું જોઈએ.*

*બીજાઓ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે. દુઃખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું ને કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજે. ટોળાંની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવસટોસટની લડાઈ આપતાં એ આચકાય નહીં એમ એને શીખવજે.*

*હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે. મારી લાગણી કદાચ તને વધુ પડતી લાગે, મારી માગણી મોટી લાગે તોપણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે એ મારો નાનકડો બહુ મજાનો દીકરો છે.*

*- અબ્રાહ્મ લિંકન*

# કન્યાકેળવણીના પ્રખર હિમાયતી

■ ડૉ. સોમભાઈ સી. પટેલ

ગુજરાતની સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા 'સર્વ વિદ્યાલય કડી'એ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં બહેનો માટેની એક કૉલેજ શરૂ કરવાનો નિર્ણય ઈ.સ. ૧૯૯૦માં કરેલો. આ નિર્ણયમાં સંસ્થાના તત્કાલીન ચૅરમૅન શ્રી ધનાભાઈ હરગોવનદાસ પટેલ 'ધનાકાકા'નો બહુ મોટો ભાવાત્મક અને સક્રિય ફાળો હતો.

ઈ.સ. ૧૯૯૧ના જૂન માસમાં સેક્ટર-૨૩માં આ કૉલેજ શરૂ કરવાની હતી અને તેના પ્રથમ પ્રિન્સિપાલ તરીકે મારી પસંદગી થઈ અને મેં જવાબદારી સંભાળી લીધી. આ સંસ્થા સહુને સાથે રાખીને વિચારવિમર્શ કરી-કરાવીને પ્રગતિનાં પગલાં માંડનારી સંસ્થા છે એવી છાપ મારા મન પર શરૂઆતથી જ પડી.

સંસ્થાવિકાસ માટે અને થયેલાં કામોની સમીક્ષા માટે વરસમાં ત્રણ-ચાર વખત સંસ્થાના કેળવણીપ્રેમી હોદ્દેદારોની કારોબારી સભા કડીમાં મળતી. તેમાં શાળા-કૉલેજોના આચાર્યોએ પણ જવાનું થતું.

પહેલી મિટિંગમાં મેં ધનાકાકાને જોયા. વયોવૃદ્ધ, ઉંમરમાં સૌથી મોટા, માન અને મોભાભર્યું સ્થાન ધરાવતા, સહુનો આદર મેળવતા ધનાકાકા 'ચૅરમૅન' તરીકેની જવાબદારીઓ સંભાળતા હતા.

ગાંધીનગરમાં બહેનો માટેની એક કૉલેજ શરૂ થઈ ગઈ છે તેનો આનંદ સહુના મોઢા પર છવાયેલો મેં જોયો. અહીં એક અલગ વાત મારા ધ્યાનમાં આવી. આ અગાઉ મારી કર્મભૂમિ પાટણ અને તે પૂર્વે વિસનગર હતી. આ બંને સ્થળોએ શાળા-કૉલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓ માટે 'છોકરીઓ' શબ્દ વપરાતો હતો. અહીં મેં 'દીકરી' શબ્દ વપરાતો પહેલી વાર સાંભળ્યો અને તેથી અહીંના સહુ કેળવણીપ્રેમી અને સમાજસુધારક આગેવાનો માટે મારા મનમાં માન પેદા થયું. ધનાકાકા આ શબ્દ બોલતા ત્યારે તેની કંઈક અલગ અસર મારા મનમાં ભાવ-આંદોલનો જગાડતી હતી. કન્યાકેળવણીની એક જ્યોત તેમના મનમાં જલી રહેલી જણાતી.

કૉલેજનો પ્રારંભ તો થઈ ગયો હતો અને 'ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ' એવું નામાભિધાન તે પામી હતી. મિટિંગમાં મળવાનું થાય ત્યારે ધનાકાકા કૉલેજની દીકરીઓના અભ્યાસ અને સંસ્કારલક્ષી ઘડતર વિશે પૂછતા અને મારા જવાબથી તેમના સંતોષ અને આનંદમાં વધારો થતો. કૉલેજમાં થતી પ્રવૃત્તિઓ વિશે હું ધનાકાકાને જણાવતો રહેતો અને તેમનો પ્રત્યુત્તર પોસ્ટકાર્ડ રૂપે મને મળતો. પોસ્ટકાર્ડના અક્ષરો

ઉંમરની અસર બતાવતા હતા અને આ લખનારને લખતાં તકલીફ તો પડતી જ હશે એવો મને ભાસ થયા કરતો. આવા ઘણા પત્રો મારા પર આવ્યા છે.

તે દરેકમાં કન્યાકેળવણીની ધગશ, સંસ્કારઘડતર અને મને પ્રોત્સાહન આપતા શબ્દો અચૂક આવતા. મારા પર આવેલા ઘણા પત્રોમાંથી ચાર પત્રો આ પુસ્તકમાં અન્યત્ર મૂક્યા છે. બીજા ઘણા લોકો પર તેમણે પત્રો લખ્યા હશે અને તેમના પર પણ ઘણા પત્રો આવ્યા હશે. એ બધા મેળવવાનો પ્રયત્ન કર્યો નથી. નહીંતર માળાના મણકાઓમાંથી પસાર થતા દોરાની જેમ કન્યાકેળવણી અને સંસ્કારઘડતરનો એ દોરો સહુ મણકાઓમાં વ્યાપીને રહેલો જોવા મળે.

કડીમાં મળતી કારોબારીની દરેક બેઠકમાં મેં ધનાકાકાને આમ બોલતાં સાંભળ્યા છે : ‘‘મારી હવે ઉંમર થઈ. હરવા-ફરવામાં મુશ્કેલી પડે છે. લખવામાં અને વાંચવામાં પણ તકલીફ પડે. કોક બીજાને આ ભાર હવે સોંપો.’ પરંતુ બધા જ સભ્યો માનભરી ‘ના-ના’ કહેતા અને કહેતા કે, ‘તમારે ચાલુ જ રહેવાનું છે, ભલે તમે કશું ન કરો. બધું અમે કરીશું. તમારે ચાલુ જ રહેવાનું છે.’ આ સાંભળી ધનાકાકા બોલતા : ‘હોદ્દેદાર તરીકે મારું નામ હોય અને હું કામ ન કરું એ સારું ન દેખાય.’ આમ બોલતાં તેમના મન પર શાંતિ અને અશાંતિના મિશ્રભાવો હું જોતો.

આખરે અશાંતિ આગળ થઈ. આવી કેટલીક મિટિંગો પછીની એક મિટિંગમાં ધનાકાકાની શારીરિક-માનસિક વિહ્‌વળતાઓને ધ્યાનમાં લઈ, તેમને મુક્ત કરવા એક શરત મૂકવામાં આવી. ‘આપના પુત્ર ડૉ. કનુભાઈની સેવાઓ સંસ્થાને આપો.’

આ શરત માન્ય રાખવામાં આવી અને ધનાકાકાને સક્રિય જવાબદારીઓમાંથી મુક્ત કર્યા અને ચૅરમૅન તરીકેનો ભાર સાહસી અને કર્મયોગી એવા માણેકલાલ કે જેઓ મંત્રી તરીકે સમગ્ર તંત્રમાં વ્યાપીને રહેલા હતા તેમણે ઉપાડી લીધો અને સંસ્થા વિકાસના અનુસંધાનોને તીવ્ર વેગ આપવા માંડ્યો. ડૉ. કનુભાઈને મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી. આ જવાબદારી તેમણે ઉત્તોમત્તમ રીતે સંભાળી. સંસ્થાના ભૂ. પૂ. વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી લાખો-કરોડોનાં દાનો મેળવી સંસ્થાના આર્થિક પાયા ઘણા જ મજબૂત બનાવ્યા.

ત્યાર પછીની કારોબારી મિટિંગમાં અનેક કાર્યક્રમોમાં ધનાકાકાની હાજરી તો રહેતી જ હતી. શ્રી ધનાકાકાની મૂલ્યવાન સંસ્થાસેવાઓને બિરદાવવા વર્ષ ૨૦૦૩માં ગાંધીનગરમાં સંસ્થાના ‘ખીમજી વિસરામ’ હૉલમાં એક ભવ્ય સન્માનસમારંભનું આયોજન કરવામાં આવ્યું અને તેમાં તેમની સેવાઓની ભરપૂર કદર કરવામાં આવી.

ડૉ. સોમભાઈ પટેલ
પૂર્વ પ્રિન્સિપાલ
ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગર
કૅમ્પસ ડાયરેક્ટર
સર્વ વિદ્યાલય, (કડી) કૅમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર મો. ૯૪૨૭૩૩૧૦૧૨

❑

# સર્વ વિદ્યાલય અને જનસમાજના ગૌરવપુરુષ

■ મણિભાઈ પ્રજાપતિ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરમાં એકાદ દશક પૂર્વે જોડાવાનું થતાં અને ખાસ તો સાહિત્યકાર અને સર્વ વિદ્યાલયના સારસ્વત પ્રાચાર્ય સ્વ. મોહનલાલ પટેલસાહેબ (૧૯૨૭-૨૦૨૦)ના સાંનિધ્યમાં કામ કરવાનો સુયોગ પ્રાપ્ત થતાં સર્વ વિદ્યાલયના કલ્ચર અને સવિશેષતઃ તેના પ્રાદુર્ભાવ અને સાર્થક અસ્તિત્વ પાછળ જેમનાં શિક્ષણ થકી સમાજોદ્ધારની ભાવના, પ્રેરણા, અને ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ રહ્યાં છે તેવા શ્રદ્ધેય પૂજ્ય છગનભા તેમજ આજદિન સુધીના તેમના ઉત્તરાધિકારી સેવકો/ કર્ણધારોની પ્રપત્તિભાવપૂર્વકની સમર્પિતતા, સેવાપરાયણતા અને પ્રતિબદ્ધત્તા સાથેની સંસ્થાભક્તિ અને આ સાથે જ આ કૃતસંકલ્પ સેવકોની દૂરંદેશિતાને પામી જઈને તેમનાં સ્વપ્નોને સાકાર કરનારા અર્થાત્ આ સંસ્થાને પોતાનાં અધીત થકી કીર્તિશિખરે લઈ જવામાં જેમની અહમ્ ભૂમિકા રહી છે તેવા ઋષિકુળ પરંપરાને દીપાવનારા શ્રી પોપટલાલ પટેલ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ અને શ્રી મનુભાઈ પટેલ સુધીના પ્રારંભના પાંચ પ્રાચાર્યશ્રીઓ અને આજપર્યંતના આચાર્યો/ શિક્ષકો/અધ્યાપકો, અધિકારીઓ, સેવકો વગેરેના પ્રદાનથી પ્રભાવિત થતાં કંઈક પામ્યાની સંતુષ્ટિ અનુભવું છું. આ સંસ્થાએ તેની સ્થાપનાનાં (૧૯૧૯) ૧૦૪ વર્ષ પૂર્ણ કર્યાં છે, જેના ઘડતર અને ચણતરમાં તેના સ્થાપનાકાળથી આજપર્યંત સમાજ અને શાસન ભારે મોટું પીઠબળ આપી રહ્યાં છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓની સંસ્થાભક્તિ તો સતત નવપલ્લવિત – પુષ્પિત બની રહી છે. આ સંસ્થા સાથે જોડાયાની સૌ કોઈ ધન્યતા અનુભવી રહ્યું છે.

આ સંસ્થાના સેવકો પૈકી સૌથી લાંબાકાળ સુધી અર્થાત્ વર્ષ ૧૯૫૬થી ૨૦૦૬ સુધી સતત ૫૧ વર્ષ સુધી સમયાન્તરે મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅન તરીકે સેવાઓ આપનારા સ્વ. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (૧૯૨૧-૨૦૨૧)ના જન્મશતાબ્દી વર્ષે તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સંસ્થા પરિવાર ઋણસ્વીકારની ભાવના સાથે ધન્યતા અનુભવે છે.

સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ શ્રી ધનાભાઈ પટેલનો જન્મ તેમના વતનના ગામ ગણેશપુરા, તા. કડીમાં ધર્મ અને સેવાપરાયણ તથા સંસ્કારસંપન્ન તેમજ આર્થિક

રીતે સમૃદ્ધ ખેડૂત પરિવારમાં તા. ૨૮ ઑક્ટોબર, ૧૯૨૧ના રોજ થયો હતો. માતા શ્રીમતી રામબાઈ અને પિતા શ્રી હરગોવિંદદાસ ઉમેદદાસ પટેલ. તેમનાં પત્નીનું નામ શ્રીમતી મંગળાબહેન પટેલ. તેમના પરિવારમાં પુત્ર-પુત્રીઓમાં શ્રી કનુભાઈ, જશુમતીબહેન (લીલાબહેન), પ્રભાવતીબહેન, વિજયકુમાર, તારાબહેન અને ઘનશ્યામભાઈ છે. શ્રી ધનાભાઈએ તેમના પોતાના ગામમાં પ્રાથમિક શાળા ન હોવાથી પાસેના કૈયલ ગામમાંથી ધોરણ-૪ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સર્વ વિદ્યાલય, કડીમાં ૧૯૩૨-૩૩ દરમિયાન જોડાઈને અહીંથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો, જેની વિગતે નોંધ તેમણે આ સંસ્થા સાથેના ‘સંભારણાં’ લેખમાં કરી છે. મૅટ્રિક થયા બાદ કૉમર્સ શિક્ષણ માટે ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં પ્રવેશ મેળવ્યો. અને છાત્રાવાસ ‘કે. પી. વિદ્યાર્થીભવન’માં રાખ્યો, પરંતુ આ અભ્યાસ દરમિયાન ૧૯૪૨ની ‘અંગ્રેજો ભારત છોડો’ ક્રાંતિની આગ પ્રસરી જતાં તેમાં ઝંપલાવ્યું. આ વિશે તેમણે પોતાના ‘સંક્ષિપ્ત આત્મકથન’ (અપ્રગટ)માં નોંધ કરી છે તે તેમના શબ્દોમાં જ જોઈએ :

“સને ૧૯૪૨ના ઑગસ્ટની આઠમી તારીખે પૂ. મહાત્મા ગાંધીજીએ ‘ક્વિટ ઇંડિયા’ની હાકલ કરી અંગ્રેજીશાસન સામે લડત ઉપાડી અને સરદાર વલ્લભભાઈએ આ લડતને ટેકો આપવા તે પહેલાં હાકલ કરેલી એટલે અમે કૉલેજ છોડી દીધેલી અને થોડો વખત છાત્રાલયમાં રહી તે વખતના કૉંગ્રેસના આગેવાનો ગુલામ રસુલ કુરેશી, પુરાતન બૂચ, બાબુભાઈ વગેરેની દોરવણી નીચે પત્રિકાઓ વગેરે વહેંચવાનું કામ કરતા હતા, પરંતુ છાત્રાલયને હરકત ન થાય તે કારણે છાત્રાલય બંધ થવાથી અમે પોતપોતાના ગામ ગયેલા અને ત્યાંથી શક્ય તેવો આઝાદીની લડતનો પ્રચાર ગામડે કરતા હતા. કડી તાલુકાના ડાંગરવા ગામે અંગ્રેજી રાજ્ય અને વડોદરા રાજ્યને વફાદાર રહેવા માટેની સભા પોલીસપટેલો, મતાદારો અને ગામ આગેવાનોની તે વખતના કડી તાલુકાના વહીવટદારે બોલાવેલી. આવી વફાદારી સામે વિરોધ કરતું અને ભારતમાતાને વફાદાર રહેવાનું પહેલવહેલું જાહેરપ્રવચન મેં કરેલું. મને પકડવામાં આવશે તેવી દહેશત મારા પિતાશ્રી અને અન્યને હતી, પરંતુ તે વખતના વડોદરા રાજ્યની નીતિના કારણે મને લાગે છે કે મારી ધરપકડ કરાઈ નહીં હોય. અમદાવાદના વિદ્યાર્થીભવનમાં રહેતા મારા સાથીદારો સાથે રેલવે ગાડી થોભાવવા (ફીશ પ્લેટ કાઢીને) પ્રયત્ન કરવા ગયેલા, પરંતુ રેલવેના ચોકીદારોને ખ્યાલ આવવાથી અમારી પાછળ પડેલા. અમે નાસીને ખેતરોમાં થઈ દોડતા છાત્રાલય તરફનો રસ્તો પૂછતા. પાછળના ચોકીદારો ચોર છે, ચોર છે, એવી બૂમો પાડતા, દોડતા અમારી પાછળ લાકડી, ધારિયું લઈને પડેલા. ખેતરોમાંથી ખેડૂતો અમારાં ખાદીનાં કપડાં જોઈ ગાંધીવાળા છો? એવું પૂછતા, અમે હા કહેતા જેથી અમને છીંડાં બતાવી દોડી જવાની સગવડ આપતા અને પાછળ પડેલાઓને બીજે રસ્તે ચડાવી દીધેલા અને

એમ અમે પાંજરાપોળને લક્ષમાં રાખી ત્યાંથી વિદ્યાર્થી ભવન પહોંચી ગયેલા. આ રીતે દોઢેક વર્ષ કૉલેજનો અભ્યાસ છોડી ગામડે રહી શક્ય પ્રચાર કરતા હતા." ઇન્ટર થયા બાદ તત્કાલીન નિયમ અનુસાર અમદાવાદની લૉ-કૉલેજમાં પ્રવેશ મેળવીને એલએલ.બી.ની ડિગ્રી મેળવી. આ દરમિયાન રાષ્ટ્રીયતાના રંગે રંગાતાં તેમણે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની 'કોવિદ'ની પરીક્ષા પણ પાસ કરી લીધી હતી.

એલએલ.બી. થયા બાદ વકીલ તરીકેની સનદ મેળવીને પ્રાયઃ ૧૯૪૭ આસપાસના સમયગાળામાં કડીમાં જ વકીલાતની શરૂઆત કરી અને કડીમાં જ સ્થાયી થયા હતા. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રારંભથી જ ધર્મશાસ્ત્રોના વાંચનમાં પ્રીતિ રહી હોવાથી તેના પ્રભાવ હેઠળ ૫૦ વર્ષની વય પછી વ્યવસાયિક નિવૃત્તિ લેવાનો મનોમન નિર્ણય કરી બેઠા હતા. અને યોગાનુયોગ પરભવનો ઋણાનુબંધ પૂરો થતાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી મંગળાબહેને તા. ૩ ફેબ્રુઆરી, ૧૯૬૭ના રોજ આ લોકમાંથી વિદાય લીધી. તેઓશ્રી ૪૫ વર્ષની ભરયુવાનીમાં વિધુર થતાં ઘરમાં પોતાની ઉપસ્થિતિની આવશ્યકતા અનુભવતાં તેમણે ૫૨ વર્ષની વયે વકીલાતના વ્યવસાયમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પોતાના પુત્ર ડૉ. કનુભાઈની સાથે અમદાવાદમાં રહેવાનું શરૂ કર્યું અને આયખાના અંતિમ દિન સુધી તેમની સાથે જ રહ્યા હતા. અલબત્ત, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને અન્ય સમાજસેવી સંસ્થાઓ વગેરેમાં પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા. આ સંદર્ભે તેમના અનોખા વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ છે કે ભરયુવાની અને ૬ બાળકોનાં પાલન-પોષણની જવાબદારી તેમના શિરે આવી પડી હોઈ પુનર્લગ્ન કરવા માટે વડીલોનો આગ્રહ હોવા છતાં તે ન સ્વીકારવામાં વિવેકપૂર્વક મક્કમ બની રહ્યા હતા. આટલું જ નહીં આ બાળકોનાં વહાલસોયાં મા અને બાપની જવાબદારી ભારે કાળજીથી નિભાવતા રહ્યા હતા. પોતાની વ્યવસાયિક કારકિર્દી અને કીર્તિની લાલસાનો ત્યાગ કરીને કૌટુંબિક જવાબદારીઓના ઉત્તરદાયિત્વની સભાનતા સાથે 'મૂછાળી મા' બનીને નિર્વાહ કર્યો હતો તેનું સ્મરણ આજે પણ તેમનાં બાળકો અને પરિવારજનો અશ્રુમિશ્રિત વદને કરે છે. આવા મૂઠી ઊંચેરા પિતા/ભાઈ/દાદા મેળવીને કોણ ધન્યતા ન અનુભવે? અને તેથી જ તેમનાં સ્વજનો આજે પણ તેમનો સતત સહવાસ અનુભવતાં કવિ હરીન્દ્ર દવેના શબ્દોમાં સ્મરી રહ્યાં છે -

**"નથી એવી એકે ક્ષણ પણ પિતા યાદ મુજને**
**તમારો હૂંફાળો પરસ નવ જ્યારે અનુભવ્યો."**

આઝાદી બાદ દેશના સુસ્થિર શાસન અને વિકાસ માટે અનેક પ્રશ્નો અને પડકારો હતા. વકીલાતની સાથે દાસકાકાના પગલે-પગલે કૉંગ્રેસમાં જોડાયા તેમજ ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ માટે તેમના સાથીદાર બની રહ્યા. કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી તરીકે તેમજ મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં કડી તાલુકાના ડેલિગેટ તરીકે પણ સેવાઓ આપી હતી. નાસિક કૉંગ્રેસ અધિવેશનમાં પણ ડેલિગેટ

તરીકે હાજરી આપી હતી. આ સાથે જ કડી તાલુકા ખેડૂતમંડળના પ્રમુખ તરીકે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં તેમજ ખેડૂત વિરોધી નીતિઓનો વિરોધ કરવામાં તેઓશ્રી અગ્રેસર રહ્યા હતા. આ સંદર્ભે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે કોઈ કારણોસર ગુજરાત સરકારે ૧૯૬૫માં વાગડ કપાસના વાવેતર ઉપર પ્રતિબંધ મૂકતાં કડી તાલુકા તરફથી કલ્યાણ કપાસની સાથે વાગડ કપાસના વાવેતરની છૂટ આપવા માટે ભારે સંઘર્ષ કરવામાં આવ્યો હતો, જેની આગેવાની કડી તાલુકાના ખેડૂતમંડળના પ્રમુખ તરીકે તેમણે લીધી હતી. આ સંબંધી થયેલો પત્રવ્યવહાર, પ્રકાશિત ચોપાનિયાં વગેરે આજે પણ ડૉ. કનુભાઈ પાસે ઉપલબ્ધ છે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ ખેડૂતસંગઠનોની રચનાના વિરોધમાં રહેતાં દાસકાકા, ધનાભાઈ વગેરેને કૉંગ્રેસ પક્ષે શિસ્તભંગનાં પગલાં ભરવાની નોટિસ આપી હતી ત્યારે આ સૌએ કૉંગ્રેસમાંથી રાજીનામાં આપી દીધાં હતાં. જોકે સમયાન્તરે કૉંગ્રેસ સમિતિ દ્વારા શિસ્તભંગ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. કડી મતદાર ક્ષેત્રની ધારાસભાની બેઠક માટે કડી તાલુકો (તાલુકાના આગેવાનો) શ્રી ધનાભાઈ માટે આગ્રહી બની રહ્યો હોવા છતાં દાસકાકાએ શ્રી છોટાલાલ મગનલાલ પટેલ ઉપર પસંદગી ઉતારી હતી, તે તેમણે ખેલદિલીપૂર્વક સ્વીકારીને ચૂંટણી સંચાલનની જવાબદારી સ્વહસ્તક રાખીને શ્રી છોટાલાલને જીત પણ અપાવી હતી.

મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ કરવા માટેના આંદોલનમાં પણ કડી તાલુકાને ભારે સરાહનીય નેતૃત્વ પૂરું પાડતાં અને ખેડૂતોના પક્ષે ઊભા રહેતાં કડી તાલુકાના લોકપ્રિય નેતા અને વકીલ તરીકેની ખ્યાતિ પામ્યા હતા. વકીલ તરીકેની કારકિર્દીમાં હાથ ઉપર લીધેલા તમામ કેસોમાં વિજયી નીવડ્યા હતા. આ સંદર્ભે કડીની ઝવેરી હાઈસ્કૂલમાં પ્રવચન આપતાં તેમણે કહ્યું હતું કે ‘‘હું કદીએ ખોટા કેસ લડ્યો નથી. કૉર્ટમાં હારથી અભડાયો નથી.’’ કેસ સ્વીકારતાં પહેલાં તેની સચ્ચાઈની ખાતરી કરીને જ સ્વીકારવાનું તેમનું વલણ રહ્યું હતું. શક્ય બને ત્યાં સુધી બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાનું તેમનું વલણ રહેતું. વકીલ તરીકે ગાંધી આદર્શ તેમનો મૂલમંત્ર બની રહ્યો હતો, પરિણામે તેઓશ્રી અસીલોનો ભારે મોટો વિશ્વાસ સંપાદન કરી શક્યા હતા.

કૉંગ્રેસના ખેડૂત વિરોધી વલણ અને રીતિનીતિઓથી ત્રસ્ત થઈ ગયા હતા, તેવા સમયે આ સમયગાળામાં ચક્રવર્તી રાજગોપાલાચારીના નેતૃત્વમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના થતાં તેમાં જોડાઈ જતાં ‘સ્વતંત્ર પક્ષ’ના મહેસાણા જિલ્લાના પ્રમુખની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી. ૧૯૬૨ની ચૂંટણીમાં તેમને સ્વતંત્ર પક્ષ દ્વારા કડી બેઠક ઉપર ઊભા રાખવામાં આવ્યા હતા, જોકે ફક્ત ૪૨૨ મતોથી કૉંગ્રેસના ઉમેદવાર શ્રી નટુભાઈ (ભાણાભાઈ) સામે હારી ગયા હતા. આમ છતાં બંને વચ્ચેના સંબંધોની મીઠાશમાં આંચ આવવા દીધી ન હતી. સર્વ વિદ્યાલયનું સંચાલન હોય કે સમાજજીવનનાં અન્ય કોઈ કાર્યો હેતભાવથી સંપન્ન કરતા રહ્યા હતા. ૧૯૬૭ની ચૂંટણીમાં આ બેઠક અનામત જાહેર કરવામાં આવતાં સ્વતંત્ર પક્ષના ઉમેદવાર શ્રી પાલાભાઈ પરમારનું

ચૂંટણી વ્યવસ્થાતંત્ર સંભાળીને તેમને ૧૦,૦૦૦થી અધિક મતોથી વિજય અપાવવાના શ્રેયના અધિકારી બની રહ્યા હતા. આ કાર્ય તેમણે એવા સમયે સંભાળ્યું હતું કે જ્યારે તેમનાં ધર્મપત્ની ગંભીર બીમારીનો સામનો કરી રહ્યાં હતાં. જેની પ્રતીતિ આ સંદર્ભે સ્વયં શ્રી પાલાભાઈએ શ્રી ધનાભાઈનો ગદ્‌ગદિત કંઠે ઋણસ્વીકાર કરતાં પાઠવેલ-પત્ર દ્વારા થાય છે. આમ કૌટુંબિક પ્રશ્નો કે અંગત મહત્ત્વાકાંક્ષાઓને આડે લાવ્યા સિવાય સિદ્ધાંત અને પરહિત કાજે સમર્પિત બની રહેવું એ તેમની પ્રકૃતિ બની રહી હતી. પોતાના દાદા અને પિતા પાસેથી પ્રાપ્ત સેવાપરાયણતાના સાંસ્કૃતિક વારસાનો નિર્વાહ સ્વધર્મ તરીકે સંપન્ન કરતા રહ્યા હતા. સમયનાં વહેણો સાથે રાજકારણમાં નૈતિકમૂલ્યોનું ધોવાણ થતું જોઈને વ્યથિત થતાં સક્રિય રાજકારણમાંથી અલવિદા લઈ લીધી.

કડીમાં વકીલાત અને રહેઠાણ શરૂ કરવાની સાથે જ માતૃસંસ્થા – સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિઓમાં શ્રી દાસકાકા, શ્રી રામચંદ્ર અમીનસાહેબ વગેરેની સાથે સક્રિયપણે રસ લેવાનું ચાલુ રાખતાં ક્રમશઃ મંત્રી, ઉપપ્રમુખ અને ચેરમૅનની જવાબદારીઓ પૂર્ણતઃ સમર્પિત બની રહીને આયખાના અંતિમ દિન સુધી નિભાવતા રહ્યા હતા. તેમણે હોદ્દાગત રીતે સ.વિ.કે.મં., કડી - મંત્રી : ૧૯૫૬-૫૭થી ૫૮-૫૯; ૭૧-૭૨થી ૯૬-૯૭; ચૅરમૅન (ગાંધીનગર શાખા) : ૧૯૮૪-૮૫થી ૧૯૯૭-૯૮; ક.પા.કે.ઉ.મં., કડી - મંત્રી : ૧૯૫૮-૫૯થી ૬૦-૬૧, ૬૨-૬૩થી ૬૫-૬૬; ૬૭-૬૮થી ૭૦-૭૧; ઉપપ્રમુખ : ૧૯૮૦-૮૧થી ૨૦૦૬-૦૭ (તા. ૨૨-૧૧-૨૦૦૬ સુધી) સેવાઓ આપી હતી. આ કાર્યકાળ દરમિયાન સૌના સ્નેહપૂર્ણ સાથ-સહકારથી મંડળની પરંપરાગત ઉદાત્ત પ્રણાલીઓનો નિર્વાહ કરતા રહેવાની સાથે દિશાસૂચક કેટલીક પ્રવૃત્તિઓ પણ હાથ ધરી હતી, જેની નોંધ તેમણે આત્મકથા (અપ્રગટ)માં કરી છે. તેમણે નોંધ્યું છે કે 'મેં અને મારા મિત્ર વકીલ છગનલાલે સાથે મળીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી મકાન યોજના ફંડ કરવું એવું નક્કી કર્યું હતું.' ખાસ, તો પોતે ખેડૂત પરિવારનું સંતાન હોઈ ગાયો પ્રત્યે મમત્વ રહે તે સ્વાભાવિક છે અને તેથી જ દાસકાકાના અવસાન પછી 'ગૌશાળા'ના સંચાલનની જવાબદારી તેમને સંભાળવાની આવી ત્યારે ખોટમાં ચાલતી 'ગૌશાળા'ને પગભર કરવાના હેતુસર કાયમી તિથિદાન યોજના શરૂ કરાવી તેમજ પોતાના મિત્ર/પડોશી શ્રી મનુભાઈ પટેલને આગ્રહપૂર્વક 'ગૌશાળા'ની જવાબદારી સોંપીને તેને આર્થિક રીતે આત્મનિર્ભર કરવામાં સફળ રહ્યા હતા. શ્રી મનુભાઈ પટેલે આ જવાબદારી જિંદગીપર્યંત ભારે નિષ્ઠા સાથે અદા કરીને ગૌશાળાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત ધનાભાઈએ દેશ/વિદેશમાં ભણવા જવાની ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદ કરવાના હેતુસર 'શ્રી વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ લિ.'ની સ્થાપના અને તેને ક્રિયાન્વિત કરવામાં તેમની ભૂમિકા સરાહનીય રહી હતી.

મંડળ સંચાલિત શાળા/કૉલેજોના વિકાસ માટે આવશ્યક નાણાંભંડોળ ઊભું કરવા

હેતુ તેમણે અમેરિકા પ્રવાસ માટે મંડળની સંમતિથી પ્રાચાર્ય શ્રી મોહનલાલ પટેલ સાથે અમેરિકાયાત્રાનું આયોજન કરીને રૂપિયા ૩ લાખના ટાર્ગેટ સામે રૂપિયા ૧૨ લાખનું દાન મેળવી આપ્યું હતું. આ પ્રવાસની સફળતાને અભિનંદતાં શ્રી દાસકાકાએ તેમના તા. ૧૦ ઑગસ્ટ, ૧૯૮૨ના પત્રમાં શ્રી ધનાભાઈને લખ્યું હતું કે 'અમેરિકાનો મહોત્સવ ફંડનો પ્રવાસ કરી સફળતા મેળવી તે માટે આપને તથા શ્રી મોહનલાલને ધન્યવાદ. સંસ્થાની સારી સેવા કરી અને બાર લાખ ઉપરાંત અમૃત મહોત્સવનું ફંડ મેળવ્યું જાણીને આનંદ થયો... અમેરિકા અને અન્ય દેશોમાં આપણા વિદ્યાર્થી ઘણા છે. તેમને સંસ્થા માટે પ્રેમ છે. એમને ભેગા કરવાની જરૂર છે તેવી આપની લાગણી સાથે સંમત થાઉં છું.'

આ મંડળમાં અને રાજકીય ક્ષેત્રે એકસમાન નીતિ અને વિચારસરણીના કારણે શ્રી ધનાભાઈનો શ્રી દાસકાકા સાથે અંતરંગ ઘરોબો રહ્યો હતો. જેની પુષ્ટિ દાસકાકાના પુત્ર શ્રી તનસુખભાઈ પટેલના તા. ૭ મે, ૧૯૯૦ના પત્રથી થાય છે : ''જીવનમાં મૂલ્યો ખૂબ બદલાઈ ગયાં છે. આપણે બદલાયા નથી. આપણા સંબંધો બદલાયા નથી. તમે ઘણું કામ કર્યું છે. દાસકાકાનાં બધાં કામ તમે પૂરાં કર્યાં છે... તમે મહેસાણા રહેવા આવો. મજા આવશે...'' દાસકાકાએ મહેસાણા તેમજ પોતાના સંસદસભ્યકાળ દરમિયાન દિલ્હીથી શ્રી ધનાભાઈને મંડળના વિકાસ, રાજકીય પ્રશ્નો અને અન્ય આનુષંગિક બાબતો વિશે ઘણા પત્રો લખ્યા હતા. આ બધા પત્રો આજે પણ તેમના પુત્ર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વર્તમાન પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પાસે સંગૃહીત છે. આ પૈકી કેટલાક પત્રો ડૉ. મંગુભાઈ પટેલે દાસકાકાના ચરિત્ર ગ્રંથ 'કર્મયોગી દાસકાકા' (૧૯૯૦)માં મુદ્રિત કર્યા છે. દાસકાકા સાથેના સંબંધો સંદર્ભે પોતાની ભાવના તેમજ મિત્રવર્તુળમાં કેવી લાગણી પ્રવર્તી હતી તે વિશે ધનાભાઈએ સ્વયં નોંધ્યું છે કે ''સંસ્થાઓના સૂત્રધાર અને ઉ. ગુજરાતના ખેડૂતોના પ્રખર નેતા શ્રી દાસકાકા સાથે હું સક્રિયપણે કેળવણી ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે કામ કરતો હતો. મહેસાણા મુકામે એક મિત્રના ત્યાં લગ્નપ્રસંગે બધા કાર્યકરો એકત્ર મળેલા અને અમે બધા વાતો કરતાં બેઠા હતા તેવામાં દાસકાકા આવ્યા એટલે શ્રી હરગોવિંદભાઈ ધનાભાઈએ કહ્યું, કે 'ધનાભાઈના આ ગુરુ આવ્યા' તે તકનો લાભ લઈ મેં કહ્યું કે મારા ગામ ગણેશપુરા ગુરુને ચાદર ઓઢાડવાનો કાર્યક્રમ રાખું અને તમે બધાં ત્યાં આવો, એટલે સંસ્થામાં મંત્રી તરીકે ફરજ બજાવતા મારા મુરબ્બી વકીલ શ્રી છગનભાઈ રા. પટેલે કહ્યું કે આપણે બધાં સંસ્થામાં જ દાસભાઈને ચાદર ઓઢાડીએ. [આ પૂર્વે] શ્રી રામચંદ્ર જ. અમીનનું સન્માન થઈ ગયેલું. અને શ્રી પૂ. ર. પટેલ (દાસકાકા)નું બાકીમાં હતું. તે પ્રસંગ માટે તેમનું સન્માન કરવાનો ઠરાવ કડીની સંસ્થામાં મિટિંગ બોલાવી કર્યો. સન્માન ફંડ એકત્ર કરવા સમિતિની રચના કરી શરૂ કર્યું... લગભગ ૧ લાખ ૧૧ હજાર જેવી રકમ સન્માનફંડની એકત્ર થઈ તેમાંથી

ખર્ચ જતાં ૧ લાખ અને ૩૫૦૦ની રકમ સન્માન થેલી તરીકે તા. ૧૬-૪-૭૮ના રોજ દાસકાકાને અર્પણ કરી. અને તેમનો સન્માનગ્રંથ સંસ્થાએ પ્રસિદ્ધ કર્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના કૅમ્પસ નિર્માણ થવામાં આ સન્માન ફંડથી સક્રિય સહયોગ પ્રાપ્ત થયો તો હતો. હું અને મોહનભાઈ અમેરિકાનો સફળ પ્રવાસ કરી આવવાથી શ્રી જી. જી. પટેલ વગેરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં અમારા સન્માનનો કાર્યક્રમ ઉપસ્થિત કર્યો તેમાં મારું પ્રવચન સાંભળી દાસકાકાનું જીવનચરિત્ર લખાય તો પ્રેરણારૂપ બને તેવું મંતવ્ય વ્યક્ત કરતાં તે ઉપરથી પૂ. છગનભા અને દાસકાકાનાં જીવનચરિત્રો લખાવવાનો ઠરાવ કડીની સંસ્થાઓ પાસે કરાવ્યો. અને તે માટેની સમિતિ રચવામાં આવી અને મુખ્યત્વે ડૉ. શ્રી મંગુભાઈએ દાસકાકાનું જીવનચરિત તૈયાર કર્યું અને શ્રી મોહનભાઈએ છગનભાનું જીવનચરિત્ર તૈયાર કર્યું. સર્વ વિદ્યાલયની અહર્નિશ ચિંતા સેવતા દાસકાકાએ ધનાભાઈની કાર્યશક્તિ અને ઉપસ્થિતિની આવશ્યકતા પિછાણીને મંડળની બેઠકોમાં અચૂક હાજર રહેવાનું જણાવતાં નોંધ્યું હતું કે 'મને સિતોત્તેર વર્ષ થયાં. હું ક્યાં સુધી ખેંચી શકીશ? બે ચાર માણસો સંસ્થાનો વિચાર કરતા નહીં થાય તો સંસ્થા તો ટકશે પણ તેનો પ્રાણ નહીં રહે. પ્રગતિ સાધી શકાશે નહીં...' આ શબ્દો દાસકાકાની દૂરંદેશિતાના પ્રતીતિકારક બની રહે છે.

'સર્વ વિદ્યાલય'ને સમર્પિત બની રહેવાની સાથે તેઓશ્રી સમાજજીવનની બહુવિધ સમાજસેવી સંસ્થાઓના વિકાસમાં પણ પ્રસંગોપાત્ત યોગદાન આપતા રહ્યા હતા. આ પૈકી કડી સુધરાઈના સભ્ય તરીકે સરકાર દ્વારા નિયુક્ત થતાં કડીના વિકાસમાં તેમજ મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટાઈ આવતાં શિક્ષણક્ષેત્રે જિલ્લાની કાયાપલટ કરવામાં ભાગીદાર બન્યા હતા. કડીના 'પટેલભુવન'ના મંત્રી તરીકેનો તેમનો સેવાકાળ પણ યશોદાયી રહ્યો હતો. આટલી વ્યસ્તતા વચ્ચે પણ પોતાના વતન ગણેશપુરાનું હિત સદાય તેમના હૈયે રહ્યું હતું. તેમની આ જન્મભૂમિ **'જનની जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी'** સમાન બની રહેતાં પોતાના ગામમાં પ્રાથમિક શાળા અને સમયાન્તરે માધ્યમિક શાળા શરૂ કરવામાં, અન્ય આવશ્યક જરૂરિયાતોની પૂર્તિ કરવી વગેરે કાર્યોમાં તેઓશ્રી પોતાના પરિવારના આર્થિક સહયોગ સાથે સૌ ગ્રામજનોનો સહકાર મેળવી સૌને સાથે રાખીને વિવિધ કાર્યો સંપન્ન કરીને 'નમૂનેદાર ગ્રામરચના' કરવામાં સફળ રહ્યા હતા. ગ્રામવિકાસ સંબંધી તેમના પ્રયાસોની જાણકારી તેમના દ્વારા તત્કાલીન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રિખવદાસ શાહ, ઈફકોના ચૅરમૅન બ્રહ્મકુમાર ભટ્ટ, કડીની આર્ટ્સ કૉમર્સ કૉલેજના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર વગેરેને લખેલા પત્રો દ્વારા થાય છે.

ડૉ. કનુભાઈ પાસેથી પ્રાપ્ત સાહિત્ય = archivesના આધારે પ્રતીત થાય છે કે તેઓશ્રી એક સારા પત્રલેખક અને પત્રસંગ્રાહક પણ હતા. તેમના સંગ્રહમાં

૧૯૫૦થી ૨૦૦૬ સુધીના ઠીક-ઠીક સંખ્યામાં પત્રો સંગૃહીત છે, જેમાં તત્કાલીન સમયના રાજકારણ, સમાજજીવન અને સર્વ વિદ્યાલય સંબંધી માહિતી મળી રહે છે. સ્વ. ધનાભાઈ સાહેબે લખેલા પત્રો તો આજે ઉપલબ્ધ નથી, પરંતુ તેમણે તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ, નાણામંત્રી શ્રી એચ.એમ. પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી રામચંદ્ર અમીન, શ્રી દાસકાકા, શ્રી સાંકળચંદ પટેલ, શ્રી પોપટભાઈ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી દ્વારકાદાસ જોશી, શ્રી વાડીલાલ લલ્લુભાઈ વગેરેને લખેલા પત્રોના અનુસન્ધાનમાં આ સૌ તરફથી તેમને પ્રાપ્ત થયેલા પત્રો સુલભ છે. આ પત્રો પૈકી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે તેમના તા. ૧૭ જુલાઈ, ૧૯૯૨ના પત્રમાં ડૉ. મંગુભાઈ પટેલકૃત 'કર્મયોગી દાસકાકા' વિશે વિગતે પોતાનો પ્રતિભાવ ૪ પૃષ્ઠોમાં આપીને પત્રના સમાપનમાં નોંધ્યું છે કે ''આ કેટલાક મુદ્દાઓ ધ્યાન દોરવા જેવા લાગ્યા એટલે એનો ઉલ્લેખ કર્યો છે. પણ એકંદરે મારી દૃષ્ટિએ દાસકાકાને સમજવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે.'' આ સાથે જ શ્રી મોહનલાલ પટેલકૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' પુસ્તક સંદર્ભે શ્રી મોહનભાઈ સાહેબને લખેલ પત્રમાં કરેલ નોંધ સર્વ વિદ્યાલયીઓ માટે ધ્યાનાર્હ બની રહે છે : ''આ પુસ્તકમાં એક અત્યંત પ્રેરક જીવનની ભવ્ય સિદ્ધિઓનો સરસ ઉલ્લેખ છે, એક વ્યક્તિ નિશ્ચય કરે તો, શૂન્યમાંથી કેવું સર્જન કરી શકે તેનો આ પુસ્તકમાં ઘણો જ ઉત્સાહપ્રેરક ખ્યાલ અપાયો છે. જે સંસ્થાના જનક શ્રી છગનભા છે, તે સંસ્થાના વિવિધ અંગોમાં પરોવાયેલા, સૌ આ જીવનમાંથી પ્રેરણા મેળવે અને ચિંતનપૂર્વક પોતાના જીવનનું ઘડતર કરીને એમની જેમ સમર્પણની ભાવના કેળવે અને ગમે તેવી કઠણાઈઓ હોય તોપણ પાછા ન પડે અને સુખી જીવનની વાંછના જતી કરીને, અત્યંત કઠિન, કરકસરભર્યું સમર્પિત જીવન જીવે તો, આપણા ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી જાય. આ કાર્ય કરવાની અંદર સૌને પ્રેરણા મળે એવી આશા છે. આ સર્જન માટે આપને હાર્દિક અભિનંદન. નકલ આપવા માટે આભારી છું.'' રાજકારણની વ્યસ્તતા વચ્ચે શ્રી બાબુભાઈ પટેલના આ પત્રો તેમની અધ્યયનશીલતાના દ્યોતક બની રહે છે. સમગ્રતયા સ્વ. ધનાભાઈ સાહેબનો આ પત્રખજાનો અભ્યાસુઓ માટે માહિતીની ખાણ બની રહેશે.

સ્વ. ધનાભાઈ સાહેબનું અપ્રગટ સંક્ષિપ્ત આત્મકથન અને ડાયરીમાંથી પસાર થતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓશ્રી ધાર્મિક અને સદ્‌બોધપ્રેરક સાહિત્યના સારા વાચક રહ્યા હતા. તેઓશ્રી 'મનુસ્મૃતિ', 'ભગવદ્‌ગીતા', 'ભાગવતપુરાણ', ઉપનિષદો 'ગાંધીસાહિત્ય', 'ગંગેશ્વરાનંદજીના ગ્રંથો', ડાંગરેજી મહારાજનું ભાગવત, સદ્‌વિચાર પરિવારની પુસ્તિકાઓ, પ્રજાપિતા બ્રહ્માકુમારીની 'મોરલી', ભજનો વગેરેના વાંચનમાં વિશેષ દિલચસ્પી ધરાવતા રહ્યા હતા. પ્રસંગોપાત્ત કોઈ કૃતિના સ્પર્શી ગયેલા અંશોનું અને તે વિશેના પ્રતિભાવો પણ પોતાની રોજનીશીમાં નોંધતા રહ્યા હતા. આ ઉપરાંત સ્પર્શી ગયેલાં કેટલાંક સૂક્તિવચનો, મંત્રો, ભજનો વગેરે પણ તેમણે નોટબુક/છૂટા

કાગળોમાં ઉતારી લીધાં છે. વિદ્યાર્થીઆશ્રમમાં સાંધ્ય પ્રાર્થના ટાણે પ્રસંગોપાત્ત ઉપસ્થિત રહીને સત્સાહિત્યના વાંચન વિશે વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન પણ કરતા હતા. તેમની ડાયરીમાં તા. ૨૩-૯-૨૦૦૦ના રોજ નોંધ કરી કે આ ૧૦ સૂક્તિઓનું છાત્રાલયમાં પ્રાર્થના સમયે વાંચન કરવું. આમ તેઓશ્રી કોરા સંચાલક ન બની રહેતાં શિક્ષકની ભૂમિકા પણ અદા કરતા રહ્યા હતા.

ઉપલબ્ધ પત્રાદિસાહિત્ય, સન્માન સમારોહ પ્રસંગનો પ્રતિભાવ વગેરેના આધારે કહેવું રહ્યું કે તેમણે જીવનવ્યવહારમાં 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'ને સાચા અર્થમાં પચાવી હતી. વ્યવસાયે વકીલ હોવા છતાં મતાગ્રહી ન બનતાં જૈન ધર્મના અનેકાન્તવાદને આત્મસાત કરીને સમાધાનકારી વલણના પક્ષધર બની રહ્યા હતા. તેઓશ્રીનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'કાન ઉઘાડા રાખવા, આંખ ઉઘાડી રાખવી, અને મોઢું બંધ રાખવું – તો પ્રેમથી બધાંને જીતી શકાય. કોઈની ભૂલ હોય તો સમજીને કામ લેવું. માણસપાત્ર ભૂલને પાત્ર છે.' તેમની જીવનશૈલી-આચાર-વિચારમાં ધર્મગ્રંથોનો ભારે મોટો પ્રભાવ રહ્યો હતો. અણીશુદ્ધ પારદર્શી વ્યવહાર અને સેવાપરાયણતા તેમના જીવન સાથે વણાઈ ગયાં હતાં. તેમના વ્યક્તિત્વની એક અન્ય વિશેષતા એ રહી છે કે કડીથી અમદાવાદ સ્થાનાન્તરિત થયા ત્યારે જ્યારે-જ્યારે સંસ્થાની મુલાકાતે કડી આવે ત્યારે ઘેરથી પોતાનું ટિફિન લઈને જ આવવાનું રાખતા. તે દિવસોમાં પોતાની પાસે કાર કે અન્ય કોઈ સાધન ન હોવાથી એસ.ટી.બસમાં જ મુસાફરી કરીને કડી આવવાનું રાખતા. પૂ. દાસકાકાએ પણ તેમનાં સંભારણાંમાં ઘેરથી ટિફિન લઈને મહેસાણાથી ગાંધીનગર/કડી બસ દ્વારા મુસાફરી કરવા વિશે જણાવ્યું છે. પ્રથમ દૃષ્ટિએ નાની સરખી જણાતી આ વાત સંસ્થાના સેવકોની સંસ્થાભક્તિ અને તેના કલ્ચરને ઉજાગર કરનાર બની રહે છે. સર્વ વિદ્યાલય એટલે શું? તેનો ઉત્તર અહીં મળી રહે છે.

વર્ષ ૨૦૦૨થી તેમના કથળેલા સ્વાસ્થ્ય વચ્ચે પણ ડાયરી લખવાનું ચાલુ રાખ્યું હતું, જેમાં જે-તે દિવસે વાંચેલ પુસ્તક, લેખ, વર્તમાનપત્ર વગેરેમાંથી નોંધવા જેવી વિગતોની નોંધ, દેશના પ્રવાહો, પોતાની શારીરિક સ્થિતિ, કોણ-કોણ મળવા આવ્યું વગેરે વિગતો નોંધતા રહ્યા હતા.

ડાયરીમાં નોંધેલાં કેટલાંક મંતવ્યો સુચિંતનીય બની રહે છે :

- માણસે સારા થવું જોઈએ. જો માણસ સારો થાય તો કોઈને દુઃખ ના પડે અને પોતે સુખી થવા માટે બીજાને દુઃખી ના કરવું જોઈએ. (૨૮/૬/૨૦૦૨)
- "ધર્મશાસ્ત્ર તરીકે મનુસ્મૃતિ અજોડ છે. હિંદુ ધર્મ અજોડ છે. પણ ખોટા વ્યવહારથી જ્ઞાતિઓ ઊભી થઈ." (૭/૭/૨૦૦૨)
- "ઇસ્લામ ધર્મમાં સુન્નતની વાત પણ વૈજ્ઞાનિક છે. વિચારમાં લેવા જેવી છે." (૭/૭/૨૦૦૨)
- "આઝાદીની પ્રાપ્તિનો દિવસ. અન્ય તહેવારોમાં પ્રજામાં જે ઉમંગ જણાય છે તેવો

આજના દિવસનો આનંદ કેમ જણાતો નથી. સરકારી તહેવાર જાણે કે થઈ ગયો હોય તેવું લાગે છે.'' (૧૫/૮/૨૦૦૨)

આવા મૂલ્યનિષ્ઠ શ્રી ધનાભાઈ પટેલસાહેબનું અવસાન અમદાવાદ મુકામે તેમના પુત્ર ડૉ. કનુભાઈ પટેલના નિવાસસ્થાને તા. ૨૨ નવેમ્બર, ૨૦૦૬ના રોજ થયું હતું. તેમણે આ મંડળને અને સમાજને માનવીય ફરજ ગણીને નિ:સ્વાર્થ ભાવે આપેલ સદાચારયુક્ત સેવાઓ સદૈવ સ્મરણીય બની રહેશે. જન્મશતાબ્દીના પર્વે તેમને શત્ શત અભિવંદના.

(આ લેખ સ્વ. ધનાભાઈ સાહેબની અપ્રગટ આત્મકથા, ડાયરી, પત્રસાહિત્ય અને પ્રાપ્ત આનુષંગિક સાહિત્યના આધારે તૈયાર કર્યો છે, જેનો ઋણસ્વીકાર કરું છું.)

મણિભાઈ પ્રજાપતિ
ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
કડી સર્વ વિશ્વ વિદ્યાલય,
સેક્ટર-૧૫, ગાંધીનગર - ૩૮૨૦૧૬
મો. ૯૮૦૧૨૭૩૮૩૬

❑

*બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે*
*ઘરથી બતાવી જેણે શેરી જી;*
*બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે,*
*ડુંગરે દેખાડી ઊંચે દેરી જી.*
*- રા. વિ. પાઠક*

*

*નથી એવી એકે ક્ષણ પણ પિતા યાદ મુજને*
*તમારો હૂંફાળો પરસ નવ જ્યારે અનુભવ્યો.*
*- હરીન્દ્ર દવે*

*

*जनिता चोपनेता च, यस्तु विद्यां प्रयच्छति ।*
*अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृताः ।।*

*જન્મદાતા, ઉપનયન (યજ્ઞોપવીત) ધારણ કરાવનાર, વિદ્યા આપનાર,*
*અન્નદાતા અને ભયથી રક્ષણ આપનાર - આ પાંચને પિતા કહેવાય છે.*
*- ચાણક્યનીતિ*

# प्रजापिता ब्रह्माकुमारी केन्द्र की संचालिका दीदी की स्वानुभूति

ओम् शांति

आज भोग लेके जब बाबा के पास गई तो बाबा के साथ दादाजी की आत्मा भी वहाँ इमर्ज थी जैसे मैंने बाबा के सामने देखा तो दादाजी मुझे देख रहे थे तो फिर मैंने दादाजी के सामने देखा तो बहोत खुश दिखाई दे रहे थे तो हमने कहा दादाजी आपतो बाबा के पास पहुँच गए तो आप को कैसा लगता है तो दादाजी ने कहाँ की मैं बहुत खुश हूं। मेरी आत्मा भी बहोत सुखी है अभी मुझे कोई ईच्छा नही है बहुत संतुष्ट हूँ तो मैंने पूछा दादाजी आपको अपना परिवार याद नहीं आ रहा है के तो आपको बहुत याद कर रहे हैं तो कहा सभी से बहोत प्यार है, सभी बच्चों ने मेरी दिल से सेवा की है। अब तो मेरा पार्ट पूरा हुआ, जो हिसाब-किताब था वो मुक्त हो गया इसलिए एक एक बच्चे को कहना अभी मैं मेरे परिवार से बहुत सन्तुष्ट हूँ। मेरी सब आशाए पूरी की हैं। अभी कोई तमन्ना नही है। और अभी मैं जहाँ हूँ वहाँ बहुत अच्छा परिवार है। भक्ति भावनावाला है। मुझे बहुत प्यार करते हैं तो मेरे सभी घरवाले बच्चों को एक एक को नाम सहीत बहोत प्यार देना। फिर दादाजी बाबा से शक्ति लेते मर्ज हो गए।

ओम् शांति

વિભાગ-૬

# શ્રદ્ધાંજલિ-પત્રો

## ૧. શ્રી માણેકલાલ એમ. પટેલ

સ્નેહીશ્રી ડૉ. કનુભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી ઘનશ્યામભાઈ,
ચિ. મૌલિકભાઈ તથા પરિવારજનો,
અમદાવાદ.

સાદર વંદન,

આપના પૂજ્ય પિતાશ્રી વકીલ ધનાભાઈના તા. ૨૨-૧૧-૦૬ના રોજ સ્વર્ગવાસના સમાચાર જાણી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તથા ગાંધીનગર અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સૌ સભ્યોએ દુઃખની ઘેરી લાગણી અનુભવી છે. તેઓશ્રીએ લગભગ પચાસ વર્ષ સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં મંત્રી તરીકે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીમાં ઉપપ્રમુખ તરીકે તથા ગાંધીનગર શાખામાં ચૅરમૅન તરીકે રહી શૈક્ષણિક પ્રવૃત્તિઓને સઘન અને નક્કર સ્વરૂપ આપી સર્વ વિદ્યાલયની શૈક્ષણિક સંસ્થાઓની વિશિષ્ટ પ્રતિષ્ઠા ઊભી કરવામાં અગ્રિમ ફાળો આપ્યો છે.

પૂ. છગનભાના સેવા સંસ્કાર સંસ્થાના કર્ણધારો પૂ. દાસકાકા અને પૂ. રામચંદ્ર અમીન તથા અન્ય કાર્યકરો સાથે ખભેખભા મિલાવી સંસ્થાનાં વિકાસકાર્યોમાં પૂ. ધનાભાઈએ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેઓશ્રી કન્યાકેળવણીના હિમાયતી હતા. ગાંધીનગર કૅમ્પસના સર્જનકાર્યમાં તેઓશ્રીનું યોગદાન અનન્ય છે.

તેઓ વ્યવસાયે વકીલ હોવા છતાં મહાત્મા ગાંધીની જેમ સત્યના ઉપાસક હતા. તેઓમાં કામ કરવાની ચીવટ તથા દરેક કાર્યની ઝીણવટપૂર્વકની ચકાસણીના અનન્ય ગુણો હતા. કડવા પાટીદાર સમાજની ઉન્નતિ માટે તેઓશ્રી સરાહનીય કાર્ય કરીને પ્રેરણારૂપ બન્યા છે. તેઓશ્રીએ ખેડૂતવર્ગના વિકાસ કાર્યમાં પણ અગ્રણી બની તેમના હિતરક્ષક સમા બન્યા હતા. સૌને ઉપયોગી થવાની વૃત્તિને પરિણામે તેમનો પ્રશંસક તથા ચાહક વર્ગ ઘણો મોટો છે. તેઓશ્રી સ્વભાવે સૌમ્ય, મૃદુ તથા કુશળ વહીવટકર્તા પણ હતા. ૧૯૮૨-૮૩નાં વર્ષમાં તેઓએ અમેરિકામાં સવા બે માસ જેટલો સમય રોકાઈ લાંબા પ્રવાસો ખેડીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સંસ્થાનાં શુભેચ્છકો પાસેથી સિંહફાળો એકત્ર કરેલ હતો. જે સંસ્થાના વિકાસમાં મહત્ત્વનો બની રહ્યો છે અને અન્યને પણ પ્રેરણારૂપ બન્યો છે.

ગુજરાત ગૌશાળા ટ્રસ્ટ, કડીમાં તેઓશ્રીના પ્રમુખપદેથી ગાયોનાં ખાણદાણ ફંડ માટે તિથિદાન જેવી અનન્ય ફંડ યોજના અમલમાં લાવી ગૌશાળાને પગભર કરવામાં તેઓશ્રીનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેઓ સાચા ગૌપૂજક તથા ગૌરક્ષક પણ હતા.

પરમકૃપાળુ પરમેશ્વર આપને તથા આપના કુટુંબીજનોને ઘેરા દુઃખની લાગણી સહન કરવાની શક્તિ આપે, આપને પણ હિંમત અને ધૈર્યથી સૌને આશ્વસ્ત કરવાનું બળ આપે એવી અમારી પ્રભુને નમ્ર પ્રાર્થના છે. આપના દુઃખમાં સંવેદના અનુભવી અમે પણ સહભાગી બનીએ છીએ. આપશ્રી પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર શાખાના મંત્રીપદે તેમજ મહત્ત્વનાં વ્યવસાયલક્ષી એમ.બી.એ, એમ.સીએ.ના ચૅરમૅનપદે રહી આપશ્રીના પિતાજીના સદ્‌ગુણોને ચરિતાર્થ કરી રહ્યા છો તેનું અમને ગૌરવ છે. પરમકૃપાળુ પરમેશ્વર આપને આ ઉદ્દાત્ત ગુણોના વિકાસમાં મદદરૂપ બને અને બળવત્તર શક્તિ આપે એવી શુભકામના ઇચ્છું છું.

સદ્‌ગતના પુનિત આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ આપે એવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તથા ગાંધીનગર અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંચાલિત દરેક સંસ્થા પરિવાર વતી પ્રભુને નમ્ર પ્રાર્થના.

તા. ૨૪-૧૧-૦૬ કડી પુનઃ સદ્‌ગત આત્માની ચિર શાંતિ માટે મૌન પ્રાર્થના કરીએ છીએ.

માણેકલાલ એમ. પટેલ
ચૅરમૅન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર,

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
સૌ હોદ્દેદારો, સમગ્ર કૅમ્પસ પરિવાર

❑

## ૨. શ્રી તનસુખભાઈ પટેલ

શ્રી ધનાભાઈની સેવાઓ અને પૂ. કાકા સાથેના ઘનિષ્ઠ સંબંધો વગેરે તો અમે ભૂલી નહિ શકીએ. કુદરતના ક્રમને કોઈ રોકી શકેલું નથી. તેમના આત્માને શાંતિ મળે તે માટે આપણે સૌ પ્રાર્થના કરીએ.

ગાંધીનગર — તનસુખભાઈ પટેલ
તા. ૨૮-૧૧-૦૬

❑

## ૩. શ્રી ગોપાળદાસ શીવલાલ પટેલ

તા. 25-11-2006

પ્રતિ,

શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ

આપના પૂ. પિતાશ્રી ધનાભાઈના દુઃખદ અવસાન થયાના સમાચાર જાણી અત્યંત દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવું છું. તેઓના દુઃખદ અવસાનથી આપને તથા આપના કુટુંબીજનોને ખૂબ જ ખોટ સાલશે. આપને તથા આપના કુટુંબીજનોને પ્રભુ આ દુઃખ તથા વ્યથા સહન કરવાની શક્તિ આપે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના પુનિત આત્માને તેમના ચરણોમાં સુખ અને શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના.

ઈશ્વર રાખે તેમ રહેવું.

ગોપાળદાસ શીવલાલ
Resi. B, Friends Colony,
Naranpura, Ahmedabad - 380013.
Tele. 27494150, 27494125

❑

## ૪. ડૉ. મંગુભાઈ પટેલ

તા. ૨૨-૧૧-૯૬ના રોજ પૌત્ર અને પૌત્રવધૂએ અમેરિકાની ભૂમિ પર પગ મૂક્યો અને આ બાજુ વકીલશ્રી માટે વૈકુંઠમાંથી વિમાન આવ્યું. સરદાર પટેલની જેમ તેમને ઈશ્વર અને ગીતામાં પૂર્ણ વિશ્વાસ હતો. ચિ. મૌલિક અને ચિ. દીપ્તિ તેમનાં સેવકો હતાં. કાકા ઘણી વખત મને કહેતા : "પૌત્રવધૂ અ. સૌ. દીપ્તિ તો મારો દીવો છે." ત્યારે હું કહેતો : "દીવો નહિ, પણ ટ્યૂબલાઇટ છે." ને સૌ હાસ્યને માણી પણ શકતા.

તેમની અસહ્ય માંદગીએ ઘણી વખત મૃત્યુને પણ પાછું ઠેલ્યું. તેમનો કમરનો દુઃખાવો સર્વ વિદ્યાલયની ટાંકીમાં પાણી ઊભરાતું બંધ કરવાના કષ્ટ અને જર્કને લીધે આવ્યો અને તે કાયમી દર્દ બની ગયો.

તા. ૧૯/૧૧ની મારી આખરી મુલાકાત. તેઓ સભાન નહોતા. અમેરિકાસ્થિત આખો પરિવાર તેમને મળી ગયો તેનો તેમને આનંદ હતો.

તેમના વ્યક્તિત્વમાં નિયમિતતા, ચીવટ, કડકાઈ અને કેટલાક આગ્રહો. એવા ગુણોનું શબ્દશઃ પાલન કરી તેમની સેવા કરવામાં આ પરિવારે મણા રાખી નથી. માતા-પિતાની સેવા કરવી તે ફરજ છે, પણ સેવા આનંદથી કરવી તે કંઈક જુદી વાત છે. ડૉ. કનુભાઈએ શ્રવણ બની થોડાંક વર્ષ પહેલાં તેમની ઇચ્છાને માન આપી હરિદ્વાર વગેરેની જાત્રા કરાવેલી. શ્રી કનુભાઈ અને શ્રીમતી સવિતાબહેને આખા

પરિવારને ઊંચો લાવવામાં જાત ઘસી નાખી. દાન મેળવવાની કલા શ્રી ધનાકાકામાં અલગ હતી. સૌ પ્રથમ વિદેશ જઈ દાનપ્રવાહ શરૂ કરાવ્યો. તે તેમના પુત્ર ડૉ. કનુભાઈમાં પણ જોવા મળે છે.

હું મળ્યો ત્યારે થોડુંક ભાન આવતાં એ મંગુભાઈ! પાવતી. છેલ્લી ઘડી સુધી તેમનું લક્ષ ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓના ઉઘરાણામાં હતું. તેની પ્રગતિ વિશે મને અવારનવાર પૂછતા.

તેમનું વાંચન વિશાળ હોવા ઉપરાંત વકીલ હોવાને કારણે ચર્ચામાં તેમને કોઈ માત કરી શકતું નહિ. પુત્રીઓને, પૌત્રોપૌત્રીને સારા કાગળો લખતા. સારું વાંચન લાગે તેમાંથી લખી મોકલતા. થોડાંક વર્ષ પહેલાં શ્રી ઘનશ્યામભાઈના દીકરાને અમેરિકન ક્રાંતિ વિશે જાણવું હતું. તો તેમને તે લખાણ મોકલી આપ્યું. કોમી એકતા, સનાતન ધર્મ, ખેડૂત ઉદ્ધારના ભારે હિમાયતી હતા.

સ્વાસ્થ્યે દાદ આપી ત્યાં સુધી ખૂબ વાંચ્યું, વિચાર્યું, મનન કર્યું અને જીવનમાં ઉતાર્યું.

આમ તો મારા વિદ્યાર્થીકાળ દરમિયાન મેં તેમને કડીની કૉર્ટમાં જતા જોયા છે. તેમનો રુઆબ કંઈ ઓર લાગતો. વકીલ શ્રી કાન્તિભાઈ ઉસ્તાદ, શ્રી જશભાઈ, શ્રી છ. રા. પટેલ કરતાં જુદા પડતા. અસીલને રોટલા પણ પોતાને ઘરે ખવડાવે અને બને ત્યાં સુધી સમાધાન કરાવે. વકીલાતમાં ઝાઝું કમાયા નથી; દાસકાકાના શિષ્ય હોવાનું ગૌરવ લેતા. દાસકાકાના રંગે રંગાઈ કડી સંસ્થામાં જોડાયા. ખેડૂતઆંદોલન, મહાગુજરાત ચળવળ, કપાસ બિયારણની લડત, ગૌશાળાની પ્રવૃત્તિ, પટેલભવનનું નિર્માણ વગેરે પ્રવૃત્તિના એ અગ્રેસર બન્યા. છગનભાનું જીવનચરિત્ર અને દાસકાકાનું જીવનચરિત્ર છપાવવાનો યશ તેમને ફાળે જાય છે.

રાજકારણમાં પડ્યા પણ પોતાના સિદ્ધાંતોમાં ક્યારેય બાંધછોડ કરી નહીં. ગાંધીનગરની સંસ્થાનો વિકાસ અને જન્મ દાસકાકા અને ધનાકાકાને કારણે જ શક્ય બન્યો. ધનાકાકાને કડી સંસ્થાના ખાટામીઠા અનુભવો થયા છે, પણ પોપડા ઉખેડવાનો અર્થ નથી.

સેવાકાર્ય એમનો જીવનમંત્ર હતો. તે તેમને દાદા તરફથી વારસામાં મળેલો. ગણેશપુરા ગામને આદર્શ ગામ બનાવવામાં તેમનું યોગદાન ઘણું મોટું છે.

ઉમિયામાતા સંસ્થા ૧૮મી શતાબ્દી મહોત્સવ બાદ ધનાકાકાની નજીક આવવાનો પ્રસંગ બન્યો. દાસકાકા અને બીજા સમાજસુધારકો સાથે અમે ઊંઝા ગયા. માતાજીના ચાંદીના દરવાજા બનાવવા અને સમૂહલગ્ન બાદ ઘરે જઈને પાછા જમણવાર કરવા એ પ્રશ્નો મહાનુભાવોની ચર્ચાના મુદ્દામાં હતા. બીજા કેટલાક નિર્ણયો લેવાયા. શ્રી પ્રભાતકુમાર અને તેમનાં પત્ની લીલાબહેન અને મારાં પત્ની પાર્વતીબહેન (પૂર્વમંત્રી, ધરતી વિકાસ મહિલા મંડળ) સાથે હતાં.

ઊંઝાથી પાછા ફરતાં ગણેશપુરાના કાર્યકરને ખબર આપી. નિશાળમાં સભા કરી. સમાજસુધારા માટે થયેલા ઠરાવોની તેમણે ગામલોકોને સમજ આપી. તેમની

આ પદ્ધતિ મને ગમી અને મને પણ તેમના કામમાં જોતર્યો.

એક ખેડૂત સંમેલનમાં પ્રો. રંગા આવેલા. તેમને ધનાકાકા ગામડાં જોવા લઈ ગયા ત્યારે પ્રો. રંગાએ કહ્યું : ''હર એક પાટીદાર કા ઘર મુઝે કંસારા કી બરતન કી દુકાન લગતી હૈ.'' તેમણે ખેડૂતસંગઠનોનાં બંધારણ પણ ઘડેલાં. ઇન્દુલાલ યાજ્ઞિક, દાદુભાઈ અમીન, ભાઈકાકા, રામચંદ્ર અમીન, સાંકળચંદકાકા, દાસકાકા વગેરેના પ્રીતિપાત્ર હતા.

મહાગુજરાતની ચળવળ વખતે સમગ્ર કડી તાલુકાને તેમણે જાગ્રત કરવાનું કામ કરેલું. કડી ગૌશાળાનો વિકાસ તેમને આભારી છે. ખેતી વિશે નવું જાણવાનું અને ખેડૂતોને મદદરૂપ થવાનું તેમના સ્વભાવમાં હતું. તેઓ સાચા અર્થમાં ખેડૂતોના હામી અને મશાલચી હતા. તેઓ તેમના મિત્રોને જશ આપવાનું અને યાદ કરવાનું ક્યારેય ચૂક્યા નથી. શ્રી શંકરદાસ, શ્રી જોઈતારામ, શ્રી બાપુદાસ, શ્રી મગનલાલ, શ્રી અંબાલાલ, શ્રી અર્જુનસિંહ, શ્રી ખોડાભાઈ વગેરે. અવારનવાર આ બધાય કેટલા મજબૂત કાર્યકરો હતા તેની વાતો આનંદથી કરતા. તેમના જીવન વિશે કંઈ લખાય તેવું પણ તેઓ ઇચ્છતા.

સમાજમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોય છે. જે વ્યક્તિ સમાજ પાસેથી જેટલું લે, એટલું જ જો સમાજને પાછું આપે તો તે એક સાધારણ માણસ છે. સમાજ પાસેથી જેટલું લે તેના કરતાં કંઈક વધારે એને પાછું આપે તો તે વિશિષ્ટ સારો માણસ છે અને જે વ્યક્તિ પોતાનું સમસ્ત જીવન સમાજસેવામાં અર્પણ કરે અને બદલામાં કશું ન મેળવવાની ઇચ્છા રાખે, તો એને સર્વશ્રેષ્ઠ વ્યક્તિ કહી શકાય.

વકીલ શ્રી ધનાકાકા ત્રીજા પ્રકારના માણસ હતા. ધૂપસળીની જેમ જીવ્યા અને સમાજને કોઈ પણ અપેક્ષા વિના સુવાસ આપતા રહ્યા.

અમદાવાદ
તા. ૩૦-૧૧-૦૬

ડૉ. મંગુભાઈ પટેલ
મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર.
તંત્રી, 'ઉમિયાદર્શન'

❑

## ૫. 'ધરતી' : તંત્રી પરિવાર

સદ્‌ગત ધનાભાઈ વકીલ મૂળ અમદાવાદ-મહેસાણા હાઈવે પર નંદાસણ પાસે આવેલા ગણેશપુરા (તા. કડી) ગામમાં નાના-મોટા થઈને ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય, કડીમાં ભણ્યા અને સાથે ગણ્યા અને ઘડાયા પણ ખરા. સર્વ વિદ્યાલય સંસ્થાના સ્થાપક પૂ. છગનભાના સૂત્ર 'કર ભલા, હોગા ભલા'ની ભાવના તેમના જીવનમાં ઝિલાઈ, જે તેમની સેવા દ્વારા વિવિધ સંસ્થાઓના વિકાસમાં જોઈ શકાય છે. એ સંસ્થાઓના દીર્ઘકાલીન મંત્રી અને ચૅરમૅન તરીકે તેમણે આપેલી સેવાઓ ચિરસ્મરણીય રહેશે.

આ સંસ્થાઓના કૅમ્પસમાં ઊભી થયેલી વિદ્યાકીય સુવિધાઓ અને ભવન નિર્માણમાં

તેમનો ઉલ્લેખનીય ફાળો છે. સંસ્થાની ભૌતિક સુખસુવિધાઓ, વિદ્યાભવનો, છાત્રાલયો વગેરેના નિર્માણ માટે જોઈતી ધનરાશિ માટે બે-બે વાર તો તેમણે અમેરિકાનો પ્રવાસ ખેડ્યો અને મોટી ધનરાશિ ત્યાંના પૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહીજનો તથા શુભેચ્છકો પાસેથી મેળવી સંસ્થામાતાના ચરણે તે રકમ સમર્પિત કરી. આવા સત્કાર્ય માટે તેમણે પોતાની નાદુરસ્ત તબિયતને પણ વચ્ચે આવવા દીધી નથી. 'ધરતી' માસિક સાથે પણ તેઓ ગાઢ રીતે સંકળાયેલા હતા.

ગુજરાત ગૌશાળા કે છાત્રાલયોની વાત કરો તેઓ હંમેશાં આ પાયાની પ્રવૃત્તિઓની સતત ચિંતા અને માવજત કરતા. વર્ષ દરમિયાન અનેક વાર છાત્રાલયમાં આવે, રૂમે-રૂમે ફરે, છાત્રોને મળે અને ખબર-અંતર પૂછે. ભોજનાલયની અને સ્નાનાગારની પણ અવશ્ય મુલાકાત લે. પછી સાંજની પ્રાર્થનામાં અચૂક આવે અને સારી બાબતોની પ્રશંસા કરે અને હજુ પણ કઈ-કઈ બાબતે છાત્રો અને ગૃહપતિભાઈઓએ કાળજી રાખવાની છે તેની વાત પણ કરે. ચોકસાઈ, ચીવટ અને કરકસર એ એમના દાદ માગી લે તેવા ગુણો હતા. સ્વચ્છ ખાદીનો પોશાક અને ઊંચું ચારિત્ર્ય એ એમની મૂડી હતી. અનેક લોકો સાથે એમનો પત્રસેતુ (વ્યવહાર) ચાલતો. પત્રનો તુર્ત જ પ્રત્યુત્તર આપે. માર્ગદર્શન-ધન્યવાદ પણ આપે.

એમનું જાહેરજીવન શુદ્ધ હતું. ક્યાંય ડાઘ લાગે એવી કોઈ પ્રવૃત્તિ એમના હાથે થઈ નથી. એ રીતે નિષ્કલંક જાહેરજીવન તેમણે જીવી બતાવ્યું અને સૌના પ્રેરક બન્યા. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં સક્રિય ભાગ લીધો. ૧૯૪૭માં કડીમાં વકીલાત શરૂ કરી. એ સાથે જ જાહેરજીવનમાં પણ સક્રિય બન્યા. ૧૯૪૮ કડી તાલુકા કૉંગ્રેસના મંત્રી તરીકે ચૂંટાયા. કડી મ્યુનિસિપાલિટીમાં પણ સરકાર નિયુક્ત સભ્ય થયા. ૧૯૪૯-૫૦માં ખેડૂતમંડળના પ્રમુખ તરીકે ચૂંટાઈને ખેડૂતોના સંગઠનને મજબૂત બનાવ્યું. મહેસાણા જિલ્લા સ્કૂલબોર્ડના સરકારી સભ્ય તરીકે પણ પ્રશસ્ય કામગીરી કરી.

મહાગુજરાત માટેની ચળવળમાં કડી તાલુકા જનતા પરિષદનું નેતૃત્વ લીધેલું. ચાણક્યપુરુષ રાજાજીના સ્વતંત્ર પક્ષના જિલ્લા પ્રમુખ તરીકે સબળ કામગીરી કરીને મહેસાણા જિલ્લામાં સ્વતંત્ર પક્ષનો પાયો મજબૂત બનાવેલો. કડીના પટેલ ભવનના નિર્માણ કાર્યમાં તેમનો મહત્ત્વનો ફાળો છે. વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે પૂ. છગનભા સ્મારકનિધિ અને વિદ્યાર્થી સહાયક મંડળીના તેઓ જનક છે. સંસ્થાની સુવર્ણજયંતી મહોત્સવ ઉજવણીને અન્ય કાર્યકરોના સાથ-સહકારથી તેમણે સફળ બનાવેલી. સંસ્થાના અમૃત મહોત્સવ સમિતિના તેઓ અધ્યક્ષ હતા. પૂ. દાસકાકા સાથે રહીને તેઓ રાજકારણના અને કેળવણીના માધ્યમ દ્વારા સમાજસેવાના પાઠ શીખેલા. વતન ગણેશપુરાનાં વિકાસ કાર્યોમાં પણ તેમણે મોટું યોગદાન આપ્યું છે. તેમના સુપુત્ર ડૉ. કનુભાઈએ એમનો સેવાયજ્ઞ ચાલુ રાખ્યો છે તે આનંદની વાત છે.

આવા સમાજના મોભી અને શિક્ષણક્ષેત્ર દ્વારા સમાજમાં પ્રચ્છન્ન ક્રાંતિ લાવનાર

તેમજ સ્વચ્છ જાહેરજીવન જીવીને સૌને માટે પ્રેરણામૂર્તિ બનેલા એવા આગેવાન વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલના તા. ૨૨-૧૧-૦૬ના રોજ થયેલા દુખદ અવસાનથી સમાજને ભારે ખોટ પડી છે. સર્વ વિદ્યાલય પરિવાર માટે તો આ પળ એ વેદનાની છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

('ધરતી' ડિસે. ૨૦૦૬માંથી) ('ધરતી' : તંત્રી પરિવારવતી)

❑

## ૬. શ્રી કડી નાગરિક સહકારી બેંક લિ., કડી

શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ, વિજયભાઈ,
ઘનશ્યામભાઈ તથા પરિવારજનો,

આપના પરમપૂજ્ય પિતાશ્રી સ્વ. ધનાભાઈ હરગોવિંદદાસ પટેલના તા. ૨૨-૧૧-૦૬ને બુધવારનાં રોજ થયેલ દુખદ અવસાનથી અમારી બેંકના સમગ્ર બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ તથા કર્મચારીગણ ઘેરા શોક અને દુઃખની લાગણી અનુભવે છે.

સ્વ. શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલના અવસાનથી આપ સૌ પરિવારજનો ઉપર આવી પડેલ અણધારી આપત્તિ અને દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ અર્પે અને સ્વર્ગસ્થનાં આત્માને ચિરશાંતિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

ૐ શાંતિઃ... શાંતિઃ... શાંતિઃ...

લિ.
બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ તથા કર્મચારીગણ
શ્રી કડી નાગરિક સહકારી બેંક લિ., કડી

❑

## ૭. કડવા પાટીદાર બેતાલીસ સમાજ

સ્નેહીશ્રી,
ડૉ. કનુભાઈ ડી. પટેલ તથા
પટેલ શિવાભાઈ તથા હરગોવિંદદાસ પરિવાર

સાદર પ્રણામ,

આપના સ્વજન શ્રી વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલના દુઃખદ અવસાનના સમાચાર જાણ્યા. સ્વજન ગુમાવ્યાનું આપને દુઃખ થાય તે સ્વાભાવિક છે. શોક સંતપ્ત આપના કુટુંબને અમો આ પત્ર દ્વારા અમે આશ્વાસન પાઠવીએ છીએ.

જગતમાં કશું જ શાશ્વત નથી. મૃત્યુ એ જીવનનો અંત નહિ, પણ એક વિશ્રામ છે. મૃતક પાછળ ગમે તેટલું કલ્પાંત કરશું તે વ્યર્થ છે. સ્નેહબંધને બંધાયેલા આપણે સદ્‌ગતને ભૂલી શકીએ તેમ નથી. કુદરતના નિયમ આગળ આપણા કોઈનો ઉપાય નથી. જે દુઃખ આવ્યું તેને સહન કરવું જ રહ્યું. આપના કુટુંબ ઉપર આવી પડેલી દુઃખદ આપત્તિને પરમાત્મા સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.

સદ્‌ગતના અમર આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
કડવા પાટીદાર બેતાલીસ સમાજ
માનવ સેવા સમિતિ ટ્રસ્ટ પરિવાર

❑

## ૮. કરુણા ટ્રસ્ટ, ધરતી વિકાસ મંડળ

સ્નેહી સ્વજન,
ડૉ. કનુભાઈ ડી. પટેલ તથા
પટેલ શિવાભાઈ તથા શ્રી વિજયભાઈ,
શ્રી ઘનશ્યામભાઈ અને કુટુંબનાં નાનાં-મોટાં
સ્વજનો,

મુ. વડીલ સ્વજન શ્રી ધનાભાઈ પટેલના અવસાનના સમાચાર જાણી અત્યંત દુઃખ થયું. ભાઈ, પિતા અને ઘરના, સમાજના મોભી જાય તેની ખબર ગયા પછી જ પડે, તેઓએ કરેલાં કાર્યોની સુવાસ હતી તેના કરતાં હજુ હવે ફેલાવવાની, પણ સત્ય સ્વીકારવું જ રહ્યું, તેમાં આપણું કશું જ ચાલતું નથી. પ્રભુ ગત્ આત્માને ચિરશાંતિ અર્પે અને આપ સૌ સ્વજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી અમો સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના.

કરુણા ટ્રસ્ટ,
ધરતી વિકાસ મંડળ,
બાબુભાઈ મણિલાલ પટેલ પરિવાર

## ૯. કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આજીવન સભ્ય શ્રી પટેલ ધનાભાઈ હરગોવિંદદાસનું તા. ૨૨-૧૧-૦૬ના રોજ દુખદ અવસાન થયું છે તે બદલ સંસ્થાના તમામ હોદ્દેદારશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીગણ શોકાંજલિ અર્પે છે.

સ્વ. શ્રી ધનાભાઈનો સને ૧૯૩૫માં વિદ્યાર્થી તરીકે અને સને ૧૯૮૨થી સંસ્થાના આજીવન સભ્યપદે રહી ભવનના વિકાસમાં સારો ફાળો રહ્યો છે, તેઓએ કડી સર્વ વિદ્યાલયના મંત્રીશ્રી તથા કડી સર્વ વિદ્યાલય ગાંધીનગરના ચૅરમૅનપદે રહી વર્ષો સુધી સેવા આપેલ. તેઓ સારા કેળવણીકાર હતા અને શિક્ષણક્ષેત્રે રહીને ઊંડો રસ ધરાવીને હાલમાં પણ તેઓએ તે સંસ્થાઓને જીવંત અને મૂર્તિમંત રાખેલ છે. તેઓ સ્વભાવે શાંત, મિલનસાર, વ્યવહારુ અને માયાળુ હોઈ અંગત ધંધામાં પણ ખૂબ વિખ્યાત બનેલા. તેમના અવસાનથી તેમના કુટુંબીજનોને ભારે ખોટ પડી છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ બક્ષે. આપના કુટુંબીજનોના શિરે આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રભુ પ્રત્યે અમો પ્રાર્થના કરીએ છીએ.

એ જ અસ્તુ

શ્રી અમીન પુરુષોત્તમદાસ જમનાદાસ
કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનના
તમામ હોદ્દેદારશ્રીઓ અને વિદ્યાર્થીગણ વતી,
નટવરભાઈ પટેલ

❑

## ૧૦. Justice D. T. Soni

## (A Tribute to Dhanabhai)

Dr. Kanubhai Patel
Secretary,
Sarva Vidyalay Kelavni Mandal, and
Kadava Patidar Kelavni Uttejak Mandal, Kadi & Gandhinagar

In the sad demise of Shri Dhanabhai you have lost your father but his life with true dedication and social service with his inborn qualities will ever be fresh and remembered by the Patel Samaj. Though Dhanabhai was a Lawyer but his real mission was to serve the society in real spirit without any fame. He maintained morality and dedication with his advocacy. I remember the respect and appreciation he commanded in Sanman Samarambh held in April 2003 at Gandhinagar. Dhanabhai

was an examplary person to command such respect with a great sense of appreciation.

I can not resist my temptetion to add that Dhanabhai was a true 'Asset' to the Sarva vidyalay Kelavani Mandal with his mission to serve Education. We have heard that he had sincere Love for Gau-Shala, Public Life, Native place and service to country. Dhanabhai and indomitable will power with his inborn qualities which he used it for betterment of Education. Dhanabhai has proved his life with real *'Tyag'*, *'Seva'*, *'Samarpan'* and *'Karmayoga'*. Those qualities can be termed as his *'Jivan Mantra'* evincible from his public life. He had an inflinching faith and turst in the work. He had undertaken in your Patel Samaj. He had also done a Loadable service in the misssion of Late Daskaka. In fact Dhanabhai was a pioneer Icon in your Kelavani Mandal for which you all people will ever be getting an inspiration from his trnsparent life with dedication.

Lastly my pen does not down but reminds me that Generations to come in your Samaj will hardly believe [in future] that such a great dedicated. Social Worker like Dhanabhai was ever born in a small village of Ganeshpura. In he lost, I am confident that his soul has really rested in peace. You have also inherited the same qualities of work as a Doctor, but, I pray to God to bestow the same to you-all for service to the society at Large.

Kindly convey my heart felt condolances to the trusties, office. bearers etc. of Sarva Vidyalay Kelavani Mandal at Kadi and Gandhinagar and Kadava Patidar Kelavani Mandal also.

I stop herewith a salute to Dhanabhai.

Your Sincerely,
D. T. Soni
Additional Sessions Judge,
City Civil & Sessions Court,
Ahmedabad

Dt. 24-11-2006

❑

## ૧૧. Shri Mayur Bhupatlal Shah

To

Shri Dr. Kanubhai Patel & Family,

Learnt with great shock and deep grief of the passing away of your father. Our heart go out to you. Please convey our condolences to all members of the family. His loss is a great shock to every one who knew him. We share yours loss and griff & send you our heartfelt sympathy. We pray to god to give you all strength to bear this calmity. May god let the departed soul rest in peace.

'Jai Jinendra.'

Mayur Bhupatlal Shah

Former President : JSG Rajkot Midtwon

Trustee : Arihant Foundation Trust.

❑

## ૧૨. Bharvi

Jai Shree Krishna Mama!

Dadaji and you have done so many good deeds in your life. It is very honoarable and I am very proud to have a grandfather like dadaji and a mama like you.

Please accept this small amount from me to go into dada's and your educational fund. (Just to confirm I enclosed a check for the amount of $ 1,000 cheque and $ 1 cash.)

With lots of love,

Bharvi

❑

વિભાગ-૭

# સન્માનપત્ર અને સર્ટિફિકેટ્સ



લોકસંગ્રહાર્થે કર્મનિષ્ઠ સમાજસેવક અને કેળવણીના ભેખધારી

## વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલને

## સન્માન પત્ર

આપને વારસામાં ઉચ્ચ સંસ્કારો મળ્યા છે. બાળપણથી જ એ સંસ્કારોને પોષણ મળતાં ત્યાગ, સેવાની ભાવના અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ આપના જીવનકાર્યમાં મૂર્ત થયેલો છે. ધર્મ, ઈતિહાસ અને સંસ્કૃતિ-વિષયક ગ્રંથોનું આપનું અધ્યયન સમજાભર્યું છે. નિઃસ્વાર્થ સેવા, કાર્ય પરત્વેની નિષ્ઠા, જવાબદારીની ભાવના અને જાહેર જીવનમાં પ્રામાણિકતા આપના વ્યક્તિત્વનાં ઉજ્જવળ પાસાં છે.

**રાષ્ટ્રભાવનાનો રંગ :**

પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી આપે રાષ્ટ્રીય કેળવણી આપતી કડીની સંસ્થા સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. એ સંસ્થાના છાત્રાલયમાં આપના વ્યક્તિત્વનું ઉત્તમ પ્રકારે ઘડતર થયું. અહીં આપ ગાંધી વિચારસરણીના પ્રભાવ હેઠળ આવ્યા. અને આપનામાં રાષ્ટ્રભાવના સતેજ બની. આથી, આપે જીવનના રાહ તરીકે ગાંધીબોધ્યો માર્ગ અપનાવ્યો. ઈ.સ.૧૯૩૭ માં હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે આપની પસંદગી થઈ હતી. આમ, સર્વ વિદ્યાલય અને તેના છાત્રાલયમાં જાહેરજીવન માટે આપની યોગ્યતા સિદ્ધ થઈ ચૂકી હતી.

**જાહેર જીવન :**

આપે ઈ.સ.૧૯૪૨ ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય રહીને ભાગ લીધો હતો. ચળવળ પછીનાં વર્ષોમાં આપ રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહ્યા. ઈ.સ.૧૯૪૭ માં આપે કડીમાં વકીલાત શરૂ કરી એ સાથે જ આપ જાહેરજીવનમાં પણ સક્રિય થયા. ઈ.સ.૧૯૪૮ માં આપ કડી તાલુકા કોંગ્રેસના મંત્રી તરીકે ચુંટાયા અને તે જ સમયગાળામાં કડી મ્યુનિસિપાલિટીમાં સરકાર-નિયુક્ત સભ્ય થયા અને કડી શહેરને આપની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. કોંગ્રેસનાં અધિવેશનોમાં કડી તાલુકા કોંગ્રેસના ડેલિગેટ તરીકે હાજરી આપવા આપની પસંદગી થતી હતી. ઈ.સ.૧૯૪૯-૫૦ ના વર્ષ માટે ખેડૂત મંડળના પ્રમુખ તરીકે આપ ચુંટાયા હતા. એ પદ પર રહીને આપે ખેડૂતોનું સંઘબળ વધારવા માટે પ્રશંસાપાત્ર પુરુષાર્થ કર્યો હતો. મહેસાણા જિલ્લા સ્કૂલબોર્ડમાં પણ આપે સભ્ય તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી. સ્વતંત્ર પક્ષની સ્થાપના પછી આપે મહેસાણા જિલ્લા સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકે સફળ કામગીરી બજાવી હતી. મહાગુજરાત માટેની ચળવળમાં આપે કડી તાલુકા જનતા પરિષદનું નેતૃત્વ કર્યું હતું અને થયેલા કાર્યની સારી નોંધ લેવાઈ હતી. કડી તાલુકા પટેલ ભવનના નિર્માણ અને સંચાલનમાં આપે મંત્રી તરીકે યશસ્વી સેવાઓ આપી હતી.

**કેળવણી-સંસ્થાઓના કર્ણધાર :**

સમાજાભિમુખ રહીને આપે લોકસંગ્રહાર્થે ઘણું યશોજ્જ્વલ કાર્ય કર્યું છે. પણ આપનો અદકેરો રસ તો કેળવણીના પ્રસારનો છે. આપ ઈ.સ.૧૯૪૭ થી પુજ્ય છગનભાએ કડીમાં સ્થાપેલી અને એના વિસ્તાર રૂપે વિસનગર, પિલવાઈ, વડનગર, બલોલ વગેરે અન્ય સ્થળોએ સ્થપાયેલી કેળવણીની સંસ્થાઓમાં મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ જેવા વિવિધ હોદ્દાઓ ઉપર રહીને સક્રિયપણે સેવાઓ આપી છે. આ સંસ્થાઓ સુપેરે પોતાની પ્રવૃત્તિ કરી શકે અને એમને આર્થિક સંકડામણ અવરોધક ન બને એ હેતુથી સંસ્થાના અન્ય કાર્યકરોને સાથે રાખીને આપે સંસ્થા માટે માતબર ફંડ એકઠું કરી આપ્યું છે. આપે અમેરિકા જઈને પણ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી સંસ્થા માટે ઘણી આર્થિક સહાય મેળવી આપી હતી.

કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ કરતા જરૂરતમંદ વિદ્યાર્થીઓ તથા વધુ અભ્યાસ માટે પરદેશ જનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળી રહે એ માટે 'વિદ્યાર્થી સહાયક મંડળી' ની સ્થાપનામાં આપે અગ્રેસર રહીને ભાગ ભજવ્યો હતો.

પૂજ્ય છગનભાનાં સ્વપ્નાં સાકાર કરવાના હેતુથી 'છગનભા સ્મારકનિધિ' ની સ્થાપના માટે આપ પ્રેરણારૂપ બન્યા હતા.

ગાંધીનગરમાં સંસ્થાના આરંભકાળથી જ શ્રદ્ધેય દાસકાકા સાથે રહીને આપે સંસ્થાની સ્થાપના અને વિકાસ માટે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. દાસકાકાના અવસાન પછી ગાંધીનગરની શાખાના ચેરમેનપદે રહીને દાસકાકાનું અધૂરું કામ આપે પૂરી ધગશથી ઉપાડી લઈને દાસકાકાના નેતૃત્વની ખોટ જણાવા દીધી નહોતી. આ કાર્ય આપે શારીરિક નાદુરસ્તી પૂરેપૂરી બાધક ન નીવડી ત્યાં સુધી પૂરી નિષ્ઠા અને જવાબદારીપૂર્વક સંભાળ્યું.

સંસ્થાના સુવર્ણજયંતી મહોત્સવ વખતે આપના મૂલ્યવાન માર્ગદર્શન હેઠળ ઉત્સવ ઉજમાળો બની રહ્યો હતો. અને સંસ્થાનો અમૃત મહોત્સવ આપના અધ્યક્ષપદે ઉજવાયો હતો જે સંસ્થા, સમાજ તેમજ સંસ્થાના ભૂતપૂર્વ અને પ્રવર્તમાન વિદ્યાર્થીઓ માટે એક મધુર સંભારણું બની રહ્યો છે.

**ગુજરાત ગૌશાળા સંદર્ભે :**

આપે સંસ્થાની ગૌશાળાને આર્થિક સંકડામણમાંથી ઉગારી લેવા અથાગ પુરુષાર્થ કર્યો છે. ખાસ સમય ફાળવીને આપે વારંવાર ગૌશાળાની મુલાકાત લીધી છે. અને સ્થળ પરના જવાબદાર મેનેજર તથા અન્ય માણસોને માર્ગદર્શન આપ્યું છે અને દૂધ તથા ખેતીપેદાશોનું ઉત્પાદન વધે એ માટે સૂચનો કર્યાં છે. આપે ગૌશાળા માટે તિથિદાનની યોજના કરીને ગૌશાળાની મૂલ્યવાન સેવા કરી છે.

**વતનપ્રેમ :**

અમદાવાદ-મહેસાણાને જોડતા હાઈવેના પડખામાં આવેલું રળિયામણું ગણેશપુરા આપના કારણે અને આપના વડે ગૌરવવંતું બન્યું છે. આપ આપના પિતાશ્રીના માર્ગે ચાલીને ગામના સંપ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પુરુષાર્થ કરતા રહ્યા છો. ગામમાં આરોગ્ય, કેળવણી તેમ જ અન્ય સુવિધાઓ વધે તે માટે આપ પ્રવૃત્ત રહ્યા છો અને જરૂર પડયે આર્થિક સહયોગ પણ કર્યો છે. હવે નાદુરસ્ત તબિયતના કારણે આપ આપના જ્યેષ્ઠ પુત્ર ડૉ.કનુભાઈ મારફતે એ સેવાઓ આપી રહ્યા છો.

**અમારી શુભેચ્છાઓ :**

પ્રભુ આપને દીર્ઘ અને નિરામય આયુષ્ય બક્ષે અને આપ આપની કર્મભૂમિમાં આપની ભાવનાઓને પ્રસન્નપણે આકૃત થતી નિહાળો એવી પરમ કૃપાળુ પરમેશ્વરને અમારી પ્રાર્થના છે.

**અમે છીએ,**

આપના ગુણાનુરાગી સભ્યો,

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર**

અને

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ

**સ્થળ :** સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર શાખા)
ઘ-૬ રોડ સર્કલ, સેક્ટર ૨૩, ગાંધીનગર

**તારીખ :** ૬-૪-૨૦૦૩

# લોકસંગ્રહાર્થે કર્મનિષ્ઠ સમાજસેવક અને કેળવણીના ભેખધારી
# વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલને
# સન્માન પત્ર

આપને વારસામાં ઉચ્ચ સંસ્કારો મળ્યા છે. બાળપણથી જ એ સંસ્કારોને પોષણ મળતાં ત્યાગ, સેવાની ભાવના અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ આપના જીવનકાર્યમાં મૂર્ત થયેલો છે. ધર્મ, ઇતિહાસ અને સંસ્કૃતિ-વિષયક ગ્રંથોનું આપનું અધ્યયન સમજભર્યું છે. નિઃસ્વાર્થ સેવા, કાર્ય પરત્વેની નિષ્ઠા, જવાબદારીની ભાવના અને જાહેરજીવનમાં પ્રામાણિકતા આપના વ્યક્તિત્વનાં ઉજ્જ્વળ પાસાં છે.

**રાષ્ટ્રભાવનાનો રંગ :**

પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી આપે રાષ્ટ્રીય કેળવણી આપતી કડીની સંસ્થા સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. એ સંસ્થાના છાત્રાલયમાં આપના વ્યક્તિત્વનું ઉત્તમ પ્રકારે ઘડતર થયું. અહીં આપ ગાંધી વિચારસરણીના પ્રભાવ હેઠળ આવ્યા અને આપનામાં રાષ્ટ્રભાવના સતેજ બની. આથી, આપે જીવનના રાહ તરીકે ગાંધીબોધ્યો માર્ગ અપનાવ્યો. ઈ.સ. ૧૯૩૭માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે આપની પસંદગી થઈ હતી. આમ, સર્વ વિદ્યાલય અને તેના છાત્રાલયમાં જાહેરજીવન માટે આપની યોગ્યતા સિદ્ધ થઈ ચૂકી હતી.

**જાહેરજીવન :**

આપે ઈ.સ. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય રહીને ભાગ લીધો હતો. ચળવળ પછીનાં વર્ષોમાં આપ રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહ્યા. ઈ.સ. ૧૯૪૭માં આપે કડીમાં વકીલાત શરૂ કરી એ સાથે જ આપ જાહેરજીવનમાં પણ સક્રિય થયા. ઈ.સ. ૧૯૪૮માં આપ કડી તાલુકા કૉંગ્રેસના મંત્રી તરીકે ચૂંટાયા અને તે જ સમયગાળામાં કડી મ્યુનિસિપાલિટીમાં સરકાર-નિયુક્ત સભ્ય થયા અને કડી શહેરને આપની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. કૉંગ્રેસનાં અધિવેશનોમાં કડી તાલુકા કૉંગ્રેસના ડેલિગેટ તરીકે હાજરી આપવા આપની પસંદગી થતી હતી. ઈ.સ. ૧૯૪૯-૫૦ના વર્ષ માટે ખેડૂત મંડળના પ્રમુખ તરીકે આપ ચૂંટાયા હતા. એ પદ પર રહીને આપે ખેડૂતોનું સંઘબળ વધારવા માટે પ્રશંસાપાત્ર પુરુષાર્થ કર્યો હતો. મહેસાણા જિલ્લા સ્કૂલબૉર્ડમાં પણ આપે સભ્ય તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી. સ્વતંત્ર પક્ષની સ્થાપના પછી આપે મહેસાણા જિલ્લા સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકે સફળ કામગીરી બજાવી હતી. મહાગુજરાત માટેની ચળવળમાં આપે કડી તાલુકા જનતા પરિષદનું નેતૃત્વ કર્યું હતું અને થયેલા કાર્યની સારી નોંધ લેવાઈ હતી. કડી તાલુકા પટેલ ભવનના નિર્માણ

અને સંચાલનમાં આપે મંત્રી તરીકે યશસ્વી સેવાઓ આપી હતી.

### કેળવણી-સંસ્થાઓના કર્ણધાર :

સમાજાભિમુખ રહીને આપે લોકસંગ્રહાર્થે ઘણું યશોજ્જ્વલ કાર્ય કર્યું છે. પણ આપનો અદકેરો રસ તો કેળવણીના પ્રસારનો છે. આપે ઈ.સ.૧૯૪૭થી પૂજ્ય છગનભાએ કડીમાં સ્થાપેલી અને એના વિસ્તારરૂપે વિસનગર, પિલવાઈ, વડનગર, બલોલ વગેરે અન્ય સ્થળોએ સ્થપાયેલી કેળવણીનો સંસ્થામાં મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ જેવા વિવિધ હોદ્દાઓ ઉપર રહીને સક્રિયપણે સેવાઓ આપી છે. આ સંસ્થાઓ સુપેરે પોતાની પ્રવૃત્તિ કરી શકે અને એમને આર્થિક સંકડામણ અવરોધક ન બને એ હેતુથી સંસ્થાના અન્ય કાર્યકરોને સાથે રાખીને આપે સંસ્થા માટે માતબર ફંડ એકઠું કરી આપ્યું છે. આપે અમેરિકા જઈને પણ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી સંસ્થા માટે ઘણી આર્થિક સહાય મેળવી આપી હતી.

કૉલેજોમાં ઉચ્ચ અભ્યાસ સરતા જરૂરતમંદ વિદ્યાર્થીઓ તથા વધુ અભ્યાસ માટે પરદેશ જનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળી રહે એ માટે 'વિદ્યાર્થી સહાયક મંડળી'ની સ્થાપનામાં આપે અગ્રેસર રહીને ભાગ ભજવ્યો હતો.

પૂજ્ય છગનભાનાં સ્વપ્નાં સાકાર કરવાના હેતુથી 'છગનભા સ્મારકનિધિ'ની સ્થાપના માટે આપ પ્રેરણારૂપ બન્યા હતા.

ગાંધીનગરમાં સંસ્થાના આરંભકાળથી જ શ્રદ્ધેય દાસકાકા સાથે રહીને આપે સંસ્થાની સ્થાપના અને વિકાસ માટે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. દાસકાકાના અવસાન પછી ગાંધીનગરની શાખાના ચૅરમૅનપદે રહીને દાસકાકાનું અધૂરું કામ આપે પૂરી ધગશથી ઉપાડી લઈને દાસકાકાના નેતૃત્વની ખોટ જણાવા દીધી નહોતી. આ કાર્ય આપે શારીરિક નાદુરસ્તી પૂરેપૂરી બાધક ન નીવડી ત્યાં સુધી પૂરી નિષ્ઠા અને જવાબદારીપૂર્વક સંભાળ્યું.

સંસ્થાના સુવર્ણજયંતી મહોત્સવ વખતે આપના મૂલ્યવાન માર્ગદર્શન હેઠળ ઉત્સવ ઉજમાળો બની રહ્યો છે.

### ગુજરાત ગૌશાળા સંદર્ભે

આપે સંસ્થાની ગૌશાળાને આર્થિક સંકડામણમાંથી ઉગારી લેવા અથાગ પુરુષાર્થ કર્યો છે. ખાસ સમય ફાળવીને આપે વારંવાર ગૌશાળાની મુલાકાત લીધી છે. અને સ્થળ પરના જવાબદાર મૅનેજર તથા અન્ય માણસોને માર્ગદર્શન આપ્યું છે અને દૂધ તથા ખેતીપેદાશોનું ઉત્પાદન વધે એ માટે સૂચનો કર્યાં છે. આપે ગૌશાળા માટે તિથિદાનની યોજના કરીને ગૌશાળાની મૂલ્યવાન સેવા કરી છે.

### વતનપ્રેમ

અમદાવાદ-મહેસાણાને જોડતા હાઈવેના પડખામાં આવેલું રળિયામણું ગણેશપુરા

આપના કારણે અને આપના વડે ગૌરવવંતું બન્યું છે. આપ આપના પિતાશ્રીના માર્ગે ચાલીને ગામનાં સંપ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પુરુષાર્થ કરતા રહ્યા છો. ગામમાં આરોગ્ય, કેળવણી તેમ જ અન્ય સુવિધાઓ વધે તે માટે આપ પ્રવૃત્ત રહ્યા છો અને જરૂર પડ્યે આર્થિક સહયોગ પણ કર્યો છે. હવે નાદુરસ્ત તબિયતના કારણે આપ આપના જ્યેષ્ઠ પુત્ર ડૉ. કનુભાઈ મારફતે એ સેવાઓ આપી રહ્યા છો.

**અમારી શુભેચ્છાઓ**

પ્રભુ આપને દીર્ઘ અને નિરામય આયુષ્ય બક્ષે અને આપ આપની કર્મભૂમિમાં આપની ભાવનાઓને પ્રસન્નપણે આકૃત થતી નિહાળો એવી પરમ કૃપાળુ પરમેશ્વરને અમારી પ્રાર્થના છે.

**સ્થળ :** સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર)
ઘ-૬ રોડ સર્કલ, સેક્ટર ૨૩, ગાંધીનગર

**તારીખ :** ૬-૪-૨૦૦૩

અમે છીએ,
આપના ગુણાનુરાગી સભ્યો,
**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર**
અને
**કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી**

*

### *પિતૃવંદના–૩. પિતા હિમાચલ રૂપ*

*પિતા હિમાચલ રૂપ ને માતા હિમ સ્વરૂપ,*
*પુત્ર કહો, પુત્રી કહો, તે ગંગાજી રૂપ !*
*ગંગાએ વહેવું રહ્યું સતત દિન ને રાત,*
*ખમવો માર શિલા તણો ને ખમવા સર્વ પ્રપાત !*
*દેશે દેશે વિચરવું, નિત નવો અંજામ,*
*ઉપયોગી સૌને થવું એ જ એક છે કામ !*
*ધન ધન એ સંતાનને, ધન એનાં માબાપ,*
*ગંગા-હિમ-હિમાચલે બળી જાય સૌ પાપ !*

સૌજન્ય : રમણલાલ સોની કૃત
'પિતા - પહેલા ગુરુ' પૃ. 19

We, the Chancellor, Vice-Chancellor, and Fellows of the University of Bombay certify

Dhanabhai Haragovinddas Patel

that the withinsigned

Dhanabhai Haragovinddas Patel

of Sir Lallubhai Shah Law College, Ahmedabad

having been examined for the Degree of Bachelor of Laws and placed in the Second Class,

the Degree of

# Bachelor of Laws

has been conferred on him at Bombay, on the twenty first day of the month of August in the year one thousand nine hundred and forty-five.

In Testimony whereof are set the Seal of the said University and the Signature of the said Chancellor.

John Colville

Chancellor.

G.P.A.861-5,000-8-61
G.R.J.D., No. 4393 dated 3-7-16

[Spl. H. C. A. S. Cor. 10 a.



# In the High Court of Gujarat

Ahmedabad.

Admitted by the Bombay High Court on 28-11-1949.

20th October 1961

To


Mr. Dhanabhai Hargovinddas Patel, LL.B.

In conformity with the provisions of the Bombay Pleaders Act, 1920, you Dhanabhai Hargovinddas Patel are hereby appointed to the office of District Pleader in the District of Mehsana.

You will not be liable to be removed or suspended from practice except for reasonable cause.

By order of the High Court
of Gujarat,

Deputy Registrar
and Sealer.



The Bar Council
of the
High Court of Judicature at Bombay

We, the Chairman, Vice Chairman and members of the Bar Council of the High Court of Judicature at Bombay certify that the within signed

Dhanabhai Hargovind Patel

Mr. Dhanabhai Hargovind Patel of Kaiyal has passed the examination for being qualified to apply for admission as an Advocate of the High Court of Judicature at Bombay

In Testimony whereof this certificate is granted to him at Bombay on the Seventh day of the month of March in the year One Thousand nine hundred and forty-six under the seal of the said Council and the signature of the said Chairman.

Chairman

૮

# મંછીમા : અમારાં સ્વજન

- પ્રભાવતીબહેન પટેલ (અમેરિકા)

મંછીમા શબ્દ જાણી આપ સૌને નવાઈ લાગશે, પરંતુ અમારા માટે એક વડીલ, અમારા ઘરનાં રખેવાળ, કેર ટેકર. અમારાં માતુશ્રીની તંદુરસ્તી બરાબર ન રહેતી હોવાથી તે દરમિયાન અને તેમના સ્વર્ગવાસ પછી અમો 8 વર્ષની ઉંમરથી 19 વર્ષની ઉંમર સુધીનાં 6 ભાઈ-બહેનો અને 18 વર્ષની ઉંમરનાં સવિતાભાભી એમ સાત જણની દરેક જાતની સાર સંભાળ રાખતાં તે અમારાં મા સમાન પૂ. મંછીમા. અમારા ઘરનાં હાઉસકીપર તથા અમારી સંસ્કૃતિનાં રક્ષક તરીકે, તેમણે ફરજ નીભાવી હતી. વહેલી સવારે મ્યુનિસિપાલિટીનો નળ આવે ત્યારથી અમારા ઘરે આવી ઘરની સાફ-સફાઈ, વાસણ અને ક્યારેક રસોઈમાં પણ મદદ કરતાં. ઘરનું માત્ર કામ જ નહી, અમને મા જેવો પ્રેમ આપે. તેઓ સાંજે તેમના ઘેર જાય ત્યારે અમને તેમના વિના સૂનું-સૂનું લાગતું. અમે એકલતા અનુભવતાં. તેઓ ભણેલાં નહીં તેથી અમારાં સૌનાં નામ એમની ગ્રામ્ય ભાષામાં કનુભાઈનું નામ કનભાઈ, મારાં બહેન લીલા બહેનને લીલાબા, પ્રભાબહેનને પભલબા, વીનુભાઈને વીનભાઈ, તારાબહેનને તારાબા, ઘનશ્યામભાઈને ઘનભાઈ તથા સવિતાને સવિતા બહુનાં હુલામણાં નામે બોલાવતાં. જે અમો આજે પણ વર્ષો પછી યાદ કરીએ છીએ. ઘરકામ પતાવી અમો સૌ બહેનોને માથાં ઓળી આપી સ્કૂલે મોકલી આપીને ઘર બરાબર રીતે બંધ કરીને તેઓ એમના ઘરે જતાં.

અમે ક્યારેક ઘર ખુલ્લું મૂકીને આજુબાજુના મકાનોમાં દોડી જઈએ તો અમને ધમકાવે અને બાપુજીને ફરિયાદ કરે અને ઘરના એક વડીલની જેમ ઘરની દેખભાળ રાખતાં. આ કાળજી તેમણે અમે અમદાવાદ સિફ્ટ થયાં ત્યાં સુધી નિભાવી હતી. આ ઉપરાંત બાપુજી અમદાવાદથી કડી આવે ત્યારે તરત જ દોડતાં આવી ઘર સાફ કરી બાપુજીને મદદરૂપ થતાં. બાપુજી જ્યારે અમદાવાદ પાછા નીકળે ત્યારે ઘરને સારી રીતે ગોઠવવામાં બાપુજીને મદદ રૂપ થતાં. તે જ્યાં સુધી જીવતાં હતાં ત્યાં સુધી તેમણે ફરજ નીભાવી હતી. અમે તેમને અમદાવાદ લઈ જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અમદાવાદ તેમને ફાવતું નહીં, એટલે તેમને કડી પાછાં મૂકી આવવાં પડ્યા હતાં, પરંતુ તેમનો પગાર વગેરે છેક સુધી બાપુજીએ ચાલુ રાખેલો. અમારા પરસ્પરના પરભવના સંસ્કારોના કારણે આવો સરસ સાત્ત્વિક સંબંધ ઠેઠ સુધી જળવાઈ રહ્યો હતો. અહીં બાપુજીની નાના માણસને પણ સાચવવાની અને એમનું માન જાળવવાની ઉચ્ચભાવના જોવા મળે છે. બાપુજી હંમેશાં તેમની સાથે કામ કરતાં અથવા તો તેમના હાથ નીચે કામ કરતાં સૌ કોઈનું માન-સન્માન જાળવતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે આ ક્રમ નિભાવ્યો હતો. મંછીમાએ અમારા ઉછેરમાં અને સંસ્કારસિંચનમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. મા જેવાં મંછીમાનો સ્નેહ કેમેય ન વિસરાય તેવો રહ્યો છે.

*

# પરિશિષ્ટ-૧

## પિતાનાં ફૂલ

– ઉમાશંકર જોશી

અમે જેની ખાંધે વજન ફિકરોનું થઈ ફર્યા
બધે આયુર્માર્ગે, જગની ગલીકૂંચી વિવિધમાં,
ચડાણે, ઊંડાણે, શિરવિટમણાઓ થઈ ભમ્યા;
અમે લાવ્યા રે એ શરીર નિજ ખાંધે ઊંચકીને,
અહીં લાવ્યા એ રે શરીર નિજ ખાંધે જનકનું.

અને જેનાં હાડે પૂરવજદીધી પ્રાણસરણી
પુરાણી પોષાઈ વહી અમ મહીં કૌતુકવતી,
અમે આવ્યા એ રે નિજ જનકના હાડઢગની
પડી સાનીમાંથી અગનબચિયાં ફૂલ વીણવા.

ભરી વાળી સાની ધખ ધખ થતી ટોપલી મહીં,
અને પાસે વ્હેળો ખળળ વહતો ત્યાં જઈ જળે
ડબોળી, ટાઢોળી, જરીક હલવી, ને દૂધ સમા
પ્રવાહે સ્વર્ગંગાજલ થકી શકે તારક વીણ્યા !

વીણ્યા તારા, ફૂલો, જગનું બધુંયે સુંદર વીણ્યું,
ન લાધે સ્હેજે જે, શિવ સકલ આજે મળી ગયું;
શમ્યા મૃત્યુશોકો, અમર ફરકંતી નીરખીને
પિતાનાં ફૂલોમાં ધવલ કલગી વિશ્વક્રમની...

બામણા, એપ્રિલ ૧૯૩૪
ઉમાશંકર જોશી
'સમગ્ર કવિતા' પૃષ્ઠ ૧૭૦

સ્વ. ધનાભાઈની માતૃસંસ્થા પ્રત્યેની દીર્ઘકાલીન સેવાઓ કદી ન વિસરાય એવી મૂલ્યવાન છે. તઓશ્રી સંસ્થાના ઇતિહાસનું એક ઉજ્જ્વળ પ્રકરણ બની રહ્યા છે.

**– મોહનલાલ પટેલ**

વકીલ ધનાભાઈનું વ્યક્તિત્વ નિર્મળ હતું. ખાદીનો પરિવેશ. વળી ગાંધીટોપી પણ ખરી. સસ્મિત ચહેરો. નયનોમાં સૌ માટેનો પ્રેમ અને હૃદયમાં અનુકંપા તો ખરી જ. વિવાદ નહીં, પણ સંવાદ એમનો જીવનમંત્ર હતો. તેઓશ્રીએ પાડેલી ઉમદા પ્રણાલિકાઓનું પાલન તેમના પુત્ર ડૉ. કનુભાઈ આજે અક્ષરશઃ કરી રહ્યા છે. હૉસ્પિટલ અને ઘર ગૌણ પણ સંસ્થા પહેલી એ તેમનો જીવનમંત્ર છે. સંસ્થાના યુવા ચૅરમૅન સરદારસાહેબ અને અન્ય પદાધિકારીશ્રીઓ પણ આજ માર્ગે નિરંતર પ્રસ્થાન કરીને સંસ્થાનું ગૌરવ અને પ્રતિષ્ઠા દેશ અને દુનિયામાં પ્રસરાવી રહ્યા છે.

**– મનુભાઈ જે. પટેલ**

પૂજ્ય ધનાભાઈસાહેબ એક વકીલ તરીકે અને સાચા લોકસેવક તરીકે જનજનનાં હૈયામાં વસી ગયા હતા. સર્વ વિદ્યાલય પ્રત્યેની તેમની આસ્થા અને કર્તવ્યભાવના અસાધારણ રહી હતી. સંસ્થા સંચાલન માટે અપેક્ષિત નાણાભંડોળ સમાજમાંથી સરળતાથી મેળવી આપીને સંસ્થાને આર્થિક રીતે પગભર કરવામાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. અને આ સાથે જ છાત્રાલયનાં વિદ્યાર્થીઓને સાંધ્યપ્રાર્થના ટાણે પ્રસંગોપાત્ત રામાયણ, મહાભારત અને ગીતાનું રસપાન કરાવતા રહી તેમનાં સંસ્કાર ઘડતરમાં પણ ફાળો આપતા રહ્યા હતા.

**– વલ્લભભાઈ એમ. પટેલ**


**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**
સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશન સામે,
કડી, જિ. મહેસાણા, ગુજરાત - 382715